# ખા ર વા

( સામાજિક પછાતપણાનું એક માનવશાસ્ત્રીય અધ્યયન )

અહેવાલ લેખન :–

મુસ્તાઅલી મસવી

સંકલન :–

ડૉ. ઠાકોરભાઈ નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ–૩૮૦૦૧૪

૧૯૮૧

૬૬

# ખારવા

( સામાજિક પછાતપણાનું એક માનવવંશશાસ્ત્રીય અધ્યયન )


અહેવાલ લેખક :

મુસ્તાઅલી મસવી

સંકલન :

ડૉ. ઠાકોરભાઇ નાયક


ક્ષેત્ર સંશોધન :

(૧) શ્રી ભીખુભાઇ પટેલ
(૨) શ્રી ધનજુભાઇ પટેલ
(૩) શ્રી મહીજીભાઇ રોહિત
(૪) શ્રી મુસ્તાઅલી મસવી

કોષ્ટીકરણ :

(૧) શ્રી ભીખુભાઇ પટેલ
(૨) શ્રી વાલુભાઇ પટેલ
(૩) શ્રી અરૂણભાઇ પટેલ


આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૧૯૮૧

# ખારવા

## (સામાજિક પછાતપણાનું એક માનવશાસ્ત્રીય અધ્યયન)

અહેવાલ લેખન :—

મુસ્તાઅલી મસવી

સંકલન :-

ડૉ. ઠાકોરભાઈ નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ–૩૮૦૦૧૪

૧૯૮૧

૯૬

# ખારવા

( સામાજિક પછાતપણાનું એક માનવશાસ્ત્રીય અધ્યયન )


**અહેવાલ લેખક :**

મુસ્તાઅલી મસવી

**સંકલન :**

ડૉ. ઠાકોરભાઇ નાયક

**ક્ષેત્ર સંશોધન :**

(૧) શ્રી ભીખુભાઇ પટેલ
(૨) શ્રી બાબુભાઇ પટેલ
(૩) શ્રી મહીજીભાઇ રોહિત
(૪) શ્રી મુસ્તાઅલી મસવી

**કોષ્ટીકરણ :**

(૧) શ્રી ભીખુભાઇ પટેલ
(૨) શ્રી બાબુભાઇ પટેલ
(૩) શ્રી અરૂણભાઇ પટેલ



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૧૯૮૧

# અનુક્રમણિકા


પ્રાસ્તાવિક

કોઠાની અનુક્રમણિકા

| | | પાન નં. |
|---|---|---|
| પ્રકરણ - ૧ | હેતુ, તપાસ પધ્ધતિ અને વિસ્તાર | ૧ થી ૪ |
| પ્રકરણ - ૨ | ખારવાઓની ઐતિહાસિક માહિતી અને ઉત્પત્તિ | ૫ થી ૨૩ |
| પ્રકરણ - ૩ | ભૌતિક સંસ્કૃતિ | ૨૪ થી ૪૩ |
| પ્રકરણ - ૪ | ખારવાઓની આર્થિક સંરચના | ૪૪ થી ૧૨૨ |
| પ્રકરણ - ૫ | સામાજિક સંગઠન | ૧૨૩ થી ૧૬૧ |
| પ્રકરણ - ૬ | સામાજિક રીતરિવાજો | ૧૬૨ થી ૨૦૩ |
| પ્રકરણ - ૭ | સૌરાષ્ટ્રની ખારવા જાતિ અને દક્ષિણ ગુજરાતના માછીમારોનું ધાર્મિક જીવન | ૨૦૪ થી ૨૩૧ |
| પ્રકરણ - ૮ | ઉપસંહાર અને આયોજન | ૨૩૨ થી ૨૪૧ |

પરિશિષ્ટ - ૧: આર્થિક સામાજિક મોજણીપત્રક
૨: સાંસ્કૃતિક અભ્યાસ માટેની મુલાકાત માર્ગદર્શિકા
૩: ગુજરાતના દરિયામાં મળતી જુદી જુદી માછલીઓની જાતો.

# પ્રા સ્તા વિ ક

ગુજરાત સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણેલ ઇઠ્ઠોતેર જાતિઓમાં એક ખારવા પણ છે. એમના વિશેનો આ અહેવાલ ઘણી વ્યક્તિઓની મહેનતની ફલશ્રુતિ છે. સૌ પ્રથમ ગુજરાત પછાતવર્ગ બોર્ડ કે જેમણે આ કાર્ય અમને સોંપ્યું અને નાણાકીય સહાય આપી તે બદલ તેમનો આભારી છું. બોર્ડના અધ્યક્ષ શ્રી લાલચંદભાઇ રહેવરે એમની ચર્ચા દરમ્યાન અમને રાહબરી દેખાડી, ખૂબજ પ્રોત્સાહન આપ્યું અને પછાત વર્ગની સમાજશાસ્ત્રની સાચી સમજ પાડી. બોર્ડના સચિવશ્રી કુરવાએ અમારા અહેવાલના ઘણા મુદ્દાઓ વિશે ઉપયોગી સૂચનો કર્યાં. એમનો બહોળો વહીવટી અનુભવ અને સમાજ કાર્યની પાશ્રવભૂમિ અમને પણ માર્ગદર્શક બન્યા હતા. આ બન્ને મહાનુભાવો તથા ગુજરાત રાજ્યના આદિવાસી વિકાસ અને સમાજ કલ્યાણ ખાતાના અમે ચિરઋણી છીએ.

આ અભ્યાસનું ક્ષેત્રકાર્ય મે તેમજ મારા સાથી મિત્રો
(૧) શ્રી મહીજીભાઇ રોહિત (૨) શ્રી બાબુભાઇ પટેલ,
(૩) શ્રી ભીખુભાઇ પટેલે ખંત અને નિષ્ઠાપૂર્વક કર્યું હતું. કોષ્ટીકરણની જવાબદારી પણ શ્રી ભીખુભાઇ પટેલે ઉપાડી લીધી હતી તે બદલ તેમનો અંતકરણપૂર્વક આભાર માનું છું.

અમારા ક્ષેત્ર સંશોધન દરમ્યાન અનેક ખારવા મિત્રોએ વડીલોએ તેમજ તાલુકા કક્ષાના અધિકારીઓ અને ગામના તલાટી શિક્ષકોએ સહકાર આપ્યો હતો. તેમાંયે ખાસ કરીને પોરબંદરના ખારવા જાતિ પંચના પટેલ શ્રી પ્રધાનભાઇ એમ. ગોહેલ, વેરાવળ ખારવા જ્ઞાતિપંચના પટેલ શ્રી મોના પટેલ અને વકીલ શ્રી હરિલાલ રામજીભાઇ દરી, તેમજ શામળદાસ આર્ટ્સ કોલેજ, ભાવનગરના પ્રાધ્યાપક શ્રી કે.ડી. ભટ્ટ તેમજ ઘણા ખારવા ભાઇ બહેનોએ સહકાર આપ્યો હતો. તે સૌનો અંતકરણપૂર્વક આભાર માનવાની તક લઉં છું.

આ અભ્યાસમાં શરૂઆતથી જ સંકળાયેલા કેન્દ્રના નિયામક શ્રી ઠાકોરભાઇ નાયકે પણ ક્ષેત્રકાર્યની મુલાકાત લીધી હતી. તેમણે મારી આખી હસ્તપ્રત ઉંડાણ પૂર્વક જોઇ કાળજીથી સૂચનો કરી આ અહેવાલને સમૃધ્ધ બનાવવામાં મહત્વનો ફાળો આપ્યો છે. આમ તેમણે આ કામની જવાબદારી મને સોંપી તે બદલ હું તેમનો અત્યંત આભારી છું. આ અહેવાલને બને તેટલો સારો અને અર્થપૂર્ણ કરવાનો મે પ્રયાસ તો કર્યો છે, છતાં ઘણી ત્રૂટિઓ રહી ગઇ હશે. તેને માટે હું ક્ષમાપાત્ર છું. અંતમાં બારવાભાઇઓ કે જેમણે વિના સંકોચે ખુલ્લા મનથી દરેક પ્રકારની માહિતી આપી છે. તે બદલ તેમનો આભાર માનું છું.

તા:

મુસ્તાઅલી મસવી

આદિવાસી સંશોધન અને
તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.
અમદાવાદ. - ૩૮૦ ૦૧૪.

## કોઠાની અનુક્રમણિકા


| ક્રમ | કોઠા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|---|
| **પ્રકરણ - ૧** | | | |
| ૧ | ૧.૧ | વિસ્તારવાર અને ગામવાર પસંદ થયેલ કુટુંબોની સંખ્યા | ૪ |
| **પ્રકરણ - ૨** ખારવાઓની ઐતિહાસિક માહિતી અને ઉત્પત્તિ | | | |
| ૧ | ૨.૧ | ધંધાવાર તપાસેલ કુટુંબમાં શિક્ષણનું પ્રમાણ | ૧૮ |
| ૨ | ૨.૨ | ધંધાવાર શિક્ષિત વ્યક્તિઓનું વર્ગીકરણ | ૧૯ |
| ૩ | ૨.૩ | ધંધાવાર ચાલુ અભ્યાસ કરતાં બાળકોનું વર્ગીકરણ | ૨૦ |
| ૪ | ૨.૪ | ધંધાવાર શિક્ષણનું પ્રમાણ | ૨૨ |
| ૫ | ૨.૫ | ધંધાવાર અભ્યાસ કરતાં બાળકોનું વર્ગીકરણ | ૨૩ |
| **પ્રકારણ - ૩** ભૌતિક સંસ્કૃતિ | | | |
| ૧ | ૩.૧ | નમૂનાના કુટુંબોની દિવાલના પ્રકાર અને છાપરાના પ્રકાર પ્રમાણે ઘરની સ્થિતિ | ૩૩ |
| ૨ | ૩.૨ | નમૂનાના કુટુંબોમાં ઘરવખરીના સાધનોનું પ્રમાણ | ૩૭ |
| **પ્રકરણ - ૪** ખારવાઓની આર્થિક સંરચના | | | |
| ૧ | ૪.૧ | નમૂનાના ખારવા કુટુંબોનું ધંધા પ્રમાણે વર્ગીકરણ | ૫૦ |
| ૨ | ૪.૨ | નમૂનાના કુટુંબોનું ધંધા પ્રમાણે વર્ગીકરણ (દ.ગુ.) | ૫૧ |
| ૩ | ૪.૩ | રાજ્યમાં વર્ષવાર માછલીનું ઉત્પાદન | ૬૪ |
| ૪ | ૪.૪ | રાજ્યમાં માછલીની નિકાસ | ૬૪ |
| ૫ | ૫.૪ | ગુજરાતના બંદરો પર જુદી જુદી બોટોનું વર્ગીકરણ | ૬૮ |

| | | | |
|---|---|---|---|
| ૬ | ૪.૬ | મચ્છીની જાતવાર વજન અને ભાવ | ૭૭ |
| ૭ | ૪.૭ | તાજી માછલીના ભાવ | ૭૮ |
| ૮ | ૪.૮ | છૂટક બજારમાં તાજી માછલીનો ભાવ (કિલોમાં) | ૮૦ |
| ૯ | ૪.૯ | છૂટક બજારમાં સૂકી માછલીનો ભાવ (કિલોદીઠ) | ૮૧ |
| ૧૦ | ૪.૧૦ | ધંધાવાર નમૂનાના કુટુંબોમાં કામ કરતી વસતિ | ૮૪ |
| ૧૧ | ૪.૧૧ | ધંધાવાર નમૂનાના કુટુંબોમાં કામ કરતી વસતિ | ૮૬ |
| ૧૨ | ૪.૧૨ | ધંધાવાર માછીમારીનાં સાધનોની સંખ્યા | ૮૭ |
| ૧૩ | ૪.૧૩ | ધંધાવાર માછીમારનાં સાધનો | ૮૮ |
| ૧૪ | ૪.૧૪ | ધંધાવાર જુદા જુદા ધંધાઓમાંથી થતી કુટુંબદીઠ વાર્ષિક આવક | ૯૦ |
| ૧૫ | ૪.૧૫ | ધંધાવાર અને સાધનવાર કુટુંબદીઠ વાર્ષિક આવક. (દ.ગુ.). | ૯૨ |
| ૧૬ | ૪.૧૬ | ધંધાવાર અને આવક જૂથ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ (સૌરાષ્ટ્ર વિસ્તાર) | ૯૩ |
| ૧૭ | ૪.૧૭ | ધંધાવાર અને આવક જૂથ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ (દ.ગુ.) | ૯૪ |
| ૧૮ | ૪.૧૮ | ધંધાવાર કુટુંબદીઠ વપરાશી ખર્ચ | ૯૬ |
| ૧૯ | ૪.૧૯ | ધંધાવાર કુટુંબદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ | ૯૭ |
| ૨૦ | ૪.૧૯ | ધંધાવાર કુટુંબદીઠ અને માથાદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ | ૯૮ |
| ૨૧. | ૪.૨૦ | ધંધાવાર નમૂનાના કુટુંબોનું વાર્ષિક કુટુંબદીઠ વપરાશી ખર્ચ (દ.ગુ.) | ૯૯ |
| ૨૨ | ૪.૨૧ | ધંધાવાર નમૂનાના કુટુંબોનું વાર્ષિક કુટુંબદીઠ વપરાશી ખર્ચ | ૧૦૦ |
| ૨૩ | ૪.૨૨ | ધંધાવાર અને જૂથવાર નિર્વાહ ખર્ચ પ્રમાણે નમૂનાના કુટુંબોનું વર્ગીકરણ (સૌરાષ્ટ્ર) | ૧૦૧ |
| ૨૪ | ૪.૨૩ | જૂથવાર નિર્વાહખર્ચ પ્રમાણે નમૂનાના કુટુંબોનું વર્ગીકરણ (દ.ગુ.) | ૧૦૨ |

| | | | |
|---|---|---|---|
| ૨૫ | ૪.૨૪ | ધંધાવાર અસ્કયામતનું પ્રમાણ (સૌરાષ્ટ્ર) | ૧૦૪ |
| ૨૬ | ૪.૨૫ | ધંધાવાર કુટુંબદીઠ મિલકતનું પ્રમાણ(દ.ગુ.) | ૧૦૬ |
| ૨૭ | ૪.૨૬ | ધંધાવાર છેલ્લા વર્ષ દરમિયાન કરેલ મૂડીરોકાણ | ૧૦૮ |
| ૨૮ | ૪.૨૭ | ધંધાવાર છેલ્લા ૨૦ વર્ષ દરમ્યાન કરેલ મૂડીરોકાણ (દ.ગુ.) | ૧૦૯ |
| ૨૯ | ૪.૨૮ | ધંધાવાર છેલ્લા ૨૦ વર્ષ દરમ્યાન કરેલ કુલ મૂડીરોકાણના સાધનો | ૧૧૦ |
| ૩૦ | ૪.૨૯ | ધંધાવાર અને સાધનવાર કુટુંબદીઠ દેવું | ૧૧૨ |
| ૩૧ | ૪.૩૦ | હેતુવાર દેવાનું પ્રમાણ | ૧૧૫ |
| ૩૨ | ૪.૩૧ | સાધનવાર દેવું | ૧૧૭ |
| ૩૩ | ૪.૩૨ | દેવા જૂથ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ | ૧૧૮ |
| ૩૪ | ૪.૩૩ | ધંધાવાર અને હેતુવાર દેવાનું પ્રમાણ | ૧૧૯ |

**<u>પ્રકારણ - ૫</u>** સામાજિક સંગઠન

| | | | |
|---|---|---|---|
| ૧. | ૫.૧ | ગોત્ર પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ | ૧૩૬ |
| ૨ | ૫.૨ | તપાસેલ કુટુંબોની વસતિનું ઉમર પ્રમાણે વર્ગીકરણ | ૧૩૯ |
| ૩ | ૫.૩ | કુટુંબનું સભ્ય સંખ્યા પ્રમાણે વર્ગીકરણ | ૧૪૦ |

**<u>પ્રકરણ - ૬</u>** સામાજિક રીતરિવાજો

| | | | |
|---|---|---|---|
| ૧ | ૬.૧ | નમૂનાના કુટુંબોમાં વૈવાહિક દરજ્જો (સૌરાષ્ટ્ર) | ૧૭૮ |
| ૨ | ૬.૨ | નમૂનાના કુટુંબોમાં વૈવાહિક દરજ્જો અને લગ્ન સમયની ઉમર | ૨૦૦ |



જાતિનો પણ સમાવેશ થયો હતો. આમ કેન્દ્ર દ્વારા ખારવા જાતિના સર્વેક્ષણનું કામ હાથ ધરવામાં આવ્યું હતું.

## પ્રકરણ - ૧

ભારતની વસતિના કેટલાક જૂથો સામાજિક, આર્થિક, શૈક્ષણિક કારણોસર બાકીની પ્રજાની સરખામણીમાં ઘણા પાછળ છે. આવું સ્પષ્ટ દર્શન આઝાદી મળતા અગાઉ જ આપણને થઇ ગયું હતું. આઝાદી પ્રાપ્ત થતા સંવિધાનના ઘડવૈયાનું ધ્યાન એ તરફ દોરાયું અને એમણે આ વર્ગોના રક્ષણ માટે બંધારણમાં ખાસ જોગવાઇઓ કરી. આ પછાતવર્ગોમાં અનુસૂચિતજાતિ અને અનુસૂચિતજનજાતિનો સમાવેશ થાય છે.

અનૂસૂચિત જાતિઓ અને અનૂસૂચિત જનજાતિઓ સિવાય સામાજિક સ્તરે પછાત હોય અને પછાત ગણી શકાય એવી કેટલીક જાતિઓ કોમો હતી જે વર્ષોથી ગરીબાઇમાં સબડતી હતી અને છે. સંવિધાનમાં આવા વર્ગોનો પછાતવર્ગો તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આવા વર્ગો સામાજિક, શૈક્ષણિક અને અન્ય સમુદાયથી ઘણા પાછળ છે.

પછાત વર્ગો માટે જુદા જુદા રાજ્યમાં જુદાજુદા સમયે કમિશનો નિમવામાં આવ્યા હતા. ગુજરાત સરકારે પણ ૧૯૭૨માં નિવૃત જજ અને કાયદા કમિશનના અધ્યક્ષ શ્રી એ.આર.બક્ષીના અધ્યક્ષપદે એક કમિશનની નિમણૂંક કરી હતી. કમિશને જુદાજુદા અભિગમોનો ઉપયોગ કરી અને અભિગમોમાંથી તરી આવતી હકીકતોની તપાસ અને ચકાસણી કરી પછાત વર્ગની એક યાદી તૈયાર કરી હતી. કમિશને રાજ્યમાં ૮૨ કોમો - જાતિને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણી હતી.

બક્ષીપંચ સૂચિત આ ૮૨ કોમો વિશે વૈજ્ઞાનિક રીતે અભ્યાસ થયો નથી. આ કોમો વિશેની માહિતી, સાહિત્ય, છૂટક છૂટક સરકારી ગેઝેટિયરમાં ઉપલબ્ધ છે. કેટલીક માહિતી સૌરાષ્ટ્રની પછાત કોમો ભાગ-૧-૨ પુસ્તકમાં મળી આવે છે. આ જાતિઓમાંથી છ જાતિઓનું સર્વેક્ષણનું કામ ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, અમદાવાદને સોંપવામાં આવ્યુ હતું. આ છ જાતિઓમાં ખારવા (હિન્દુ) જાતિનો પણ સમાવેશ થયો હતો. આમ કેન્દ્ર દ્વારા ખારવા જાતિના સર્વેક્ષણનું કામ હાથ ધરવામાં આવ્યુ હતું.

તપાસનો હેતુ :

ખારવા જાતિના તપાસનો મુખ્યત્વે હેતુ તેમની આર્થિક - સામાજિક અને શૈક્ષણિક પરિસ્થિતિ જાણવાનો હતો. તેમના આર્થિક - સામાજિક પ્રશ્નો કયા છે. તેઓ આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત છે તો શા માટે ? આવા તેમના અનેક પ્રશ્નોના કારણોની વૈજ્ઞાનિક રીતે ઊંડે સુધી તપાસ કરી આ શોધના આધારે તેમની આર્થિક - સામાજિક અને શૈક્ષણિક પ્રશ્નોની છણાવટ તરીકે તેમના ઉકેલ માટેના પગલાં સૂચવવાનો હતો. તદ્ઉપરાંત તેમના સામાજિક રીત-રિવાજો, ધાર્મિક માન્યતાઓ, જ્ઞાતિ સંગઠન વગેરેની માહિતી મેળવવાનો પણ હતો.

તપાસ પધ્ધતિ :

આ તપાસ માટે ગ્રંથાલયની ~~અને~~ ઘણી મદદ મળી હતી. સાથે સાથે જુદી જુદી વૈજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ પણ કરવામાં આવ્યો હતો. તેમની આર્થિક માહિતી મેળવવા માટે એક અનુસૂચિ તૈયાર કરવામાં આવી હતી. (અનુસચિ માટે પરિશિષ્ટ - ૧ જુઓ) અનુસૂચિ મારા પસંદ કરેલા કુટુંબો પાસેથી તેમના રહેઠાણ, ધંધા, અસ્કયામતો, દેવા વગેરેની માહિતી એકત્ર કરવામાં આવી હતી. સામાજિક માહિતી એકત્ર કરવા માટે પણ મોજણીકારોને સહાયરૂપ બને એ આશયથી એક સરળ પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી. (પ્રશ્નાવલિ માટે જુઓ પરિશિષ્ટ-૨) આ પ્રશ્નાવલીની મદદથી તેમની રહેણીકરણી, પહેરવેશ, ખોરાક, રીતરિવાજો તેમજ સામાજિક-ધાર્મિક પાસાંઓ પર માહિતી એકત્ર કરવામાં આવી હતી. આ સિવાય ક્ષેત્રકાર્ય વખત મુલાકાત તેમજ એક અભ્યાસ પધ્ધતિ આ દ્વારા તેમનાં લગતાં વિવિધ પાસાઓ પર માહિતી એકત્ર કરવામાં આવી હતી. તદ્ઉપરાંત પસંદ થયેલ વિસ્તારોમાંથી જે તે વિસ્તારની આગેવાન વ્યકિતઓ તાલુકા તથા જિલ્લા કક્ષાના અધિકારીઓ, અને બીજી જ્ઞાતિઓની વ્યકિતઓ સાથે ચર્ચા-વિચારણા કરી માહિતી એકત્ર કરવામાં આવી હતી. અભ્યાસ માટે અમુક જગ્યાએ ફોટોગ્રાફીનો

ઉપયોગ પણ કરવામાં આવ્યો હતો. આમ અનેક વૈજ્ઞાનિક પધ્ધતિઓનો ઉપયોગ કરી માહિતી એકત્ર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

આ જ્ઞાતિના અભ્યાસ માટે ત્રણ મોજણીકારો સહિત લેખકે ચાર માસ સુધી પસંદ કરેલ વિસ્તારોમાં ક્ષેત્રકાર્ય કર્યું હતું. ક્ષેત્રકાર્ય પૂર્ણ થયા પછી એકત્ર કરેલ માહિતીની ચકાસણી તેમજ ખૂટતી વિગતો મેળવવા માટે લેખક તેમજ કેન્દ્રના નિયામકશ્રી ઠાકોરભાઇ નાયકે ક્ષેત્રકાર્યોના વિસ્તારની મુલાકાત લીધી હતી. આ પ્રવાસ દરમ્યાન ખારવા જ્ઞાતિના આગેવાનો તાલુકા તથા જિલ્લાના કક્ષાના અધિકારીઓ તથા ખારવા જાતિના લોકો સાથે ચર્ચા વિચારણા કરી વિગતો એકત્ર કરવામાં આવી હતી.

## તપાસનો વિસ્તાર :

ખારવા જાતિનો મુખ્ય વસવાટ ગુજરાતના દરિયા કિનારા પર આવેલા વિસ્તારોમાં છે એટલે કે તેમની મુખ્યત્વે વસતિ ગુજરાતના અગત્યના બંદરો પર છે. ખારવાઓની વસતિ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વલસાડ, સુરત, અને ભરૂચ જિલ્લાના દરિયા કાંઠાના વિસ્તારોમાં છે. સૌરાષ્ટ્રમાં ખારવાઓની મુખ્યત્વે વસતિ પોરબંદર, વેરાવળ, માંગરોળ, જામનગર, જામસલાયા, કચ્છ માંડવી, દ્વારકા માઢવાડ, કોટડા, વણાકબારા, ચોરવાડ, મુંબઇ વગેરેમાં છે. સૌરાષ્ટ્રમાં તેમની વસતિ વધુ હોવાથી કુલ ૨૦૦ કુટુંબો જુદાજુદા વિસ્તારમાંથી પસંદ કરવામાં આવ્યાં હતા, જ્યારે દક્ષિણ ગુજરાતમાંથી ૧૦૦ કુટુંબો જુદા જુદા વિસ્તારમાંથી પસંદ કરવામાં આવ્યાં હતા. આમ એકંદરે ૩૦૦ ખારવા કુટુંબોની પસંદગી કરવામાં આવી હતી અને તેમની પાસેથી આર્થિક માહિતી એકત્ર કરવામાં આવી હતી. ગામવાર પસંદ કરેલ કુટુંબોની માહિતી કોઠો ૧:૧ માં આપવામાં આવી છે.

## કોઠો ૧:૧

### વિસ્તારવાર અને ગામવાર પસંદ થયેલ કુટુંબોની સંખ્યા :

**સૌરાષ્ટ્રનો દરિયાકાંઠો :**

| ગામ શહેરનું નામ | કુટુંબ સંખ્યા |
|---|---|
| માંગરોળ | ૫૦ |
| પોરબંદર | ૨૫ |
| સુભાષનગર | ૨૫ |
| વેરાવળ | ૨૫ |
| સૂત્રાપાડા | ૨૫ |
| માઢવાડ | ૪૦ |
| કોટડા | ૧૦ |
| કુલ... | ૨૦૦ |

**દક્ષિણનો દરિયાકાંઠો :**

| | |
|---|---|
| કૃષ્ણાપૂર (નવસારી તાલુકો) | ૨૫ |
| કોસંબા (વલસાડ તાલુકો) | ૨૫ |
| કોલક (પારડી તાલુકો) | ૨૫ |
| ફણસા (ઉમરગામ તાલુકો) | ૨૫ |
| કુલ... | ૧૦૦ |
| તપાસના કુલ કુટુંબો... | ૩૦૦ |

## ખારવાઓની ઐતિહાસિક માહિતી અને ઉત્પત્તિ

ખારવાઓમાં મુખ્ય વસવાટ સૌરાષ્ટ્રના દરિયાકાંઠા ઉપર છે. તેમની જીવન પધ્ધતિને સમજતા પહેલા તે વિસ્તારની ઐતિહાસિક ભૂમિકા પણ જાણવી જરૂરી બને છે. ૧૯૪૮ના એપ્રિલ માસમાં સૌરાષ્ટ્ર રાજ્યની સ્થાપના થઇ તે પહેલા ત્યાં ૨૦૨ રાજવીઓ બ્રિટિશ સરકાર સાથે રાજકીય રીતે જોડાયેલા હતા. સૌરાષ્ટ્ર કાઠીયાવાડી નામે જાણાતુ હતુ અને તે વાઇસરોયના રાજકીય એજન્ટ ( political Agent ) હેઠળ હતુ. તે સમયે ત્યાં બે રાજકીય એજન્ટો હતા, (૧) પૂર્વ કાઠીયાવાડ કે જેનુ મુખ્ય મથક વઢવાણ (પાછળથી સુરેન્દ્નગર નામ આપવામાં આવ્યુ ) હતુ. અને બીજુ પશ્ચિમ કાઠીયાવાડ કે જેનુ મુખ્ય મથક રાજકોટ હતુ. સ્વતંત્રતા પછી આ બધા નાના નાના રજવાડાઓને જોડી દેવામાં આવ્યા અને આખુ સૌરાષ્ટ્ર બન્યુ. ૧૯૫૧ માં રાજ્ય પુનઃસંગઠન સમિતિની ભલામણથી સૌરાષ્ટ્રને બ્રહદ મુંબઇ રાજ્યમાં ભેળવી દેવામાં આવ્યુ. ફરીથી જ્યારે મે ૧૯૬૦ માં મુંબઇ રાજ્યનુ વિભાજન ગુજરાત અને મહારાષ્ટ્રમાં થયુ ત્યારથી સૌરાષ્ટ્ર ગુજરાતનો એક ભાગ છે.

સૌરાષ્ટ્રના પહેલાના રજપૂત રાજવીઓ વિસ્તારને વસતિમાં દ્રષ્ટિએ ઘણા મોટા હતા. સૌરાષ્ટ્રના બંદરો પણ જુદા જુદા રાજ્યકર્તાઓના તાબા હેઠળ હતા. ઓખા, દ્વારકા અને આરંભડા, વડોદરા રાજ્ય હેઠળ હતા. કે જે ઘણુ આગળ પડતુ રાજ્ય હતુ. વડોદરાની ગાયકવાડ સરકારે લોકો ના લાભ માટે અનેક પ્રકારના સુધારાઓ દાખલ કર્યા હતા. તેમણે ઓખા બંદરનો વધુ સારી રીતે વિકાસ કર્યો હતો. કેટલાક નિયંત્રણો પણ પ્રજાને માટે મૂક્યા હતા. પોરબંદર, જામનગર અને ભાવનગર રજપૂત રાજવીની સત્તા હેઠળ હતા. વેરાવળ, જાફરાબાદ અને માંગરોળ મુસ્લિમ સત્તા હેઠળ હતા. આ મુસ્લિમ રાજકર્તાઓએ અને તેમના અધિકારીઓ હિંદુઓને હેરાન કરતા હતા. અને એ રીતે તેમને તેમની સત્તા દરમ્યાન કોમવાદના બીજ વાવ્યા હતા.

રાજપૂત રાજવીઓની સત્તા દરમ્યાન ખારવાઓને સલામતીઓનો કોઇ ભય ન હતો. તેઓ સુખચેનથી રહેતા હતા. જ્યારે વેરાવળ માંગરોળના ખારવાઓ શાંતિ ભોગવતા જ હતા કારણ કે મુસ્લિમ અધિકારીઓ તેમને હેરાન કરતા હતા. તેમની પાસેથી વેરો લેવામાં આવતો હતો. અને તેમની તરફ ધૃણાની દૃષ્ટિથી જોવામાં આવતું હતું. આને પરિણામે ખારવા-ઓમાં નિરાશા જાગી અને તેમણે બળવો પોકાર્યો. આને પરિણામે તેઓ મુસ્લિમો પ્રત્યે નફરતથી જોવા લાગ્યા અને ભારતીય કોંગ્રેસ સાથે આઝાદીની લડતમાં ઝંપલાવ્યું. સ્વતંત્રતા પછી તેઓ મુસ્લિમ રાજ્યના ત્રાસથી મુક્ત થયા. પરંતુ તેમના હૃદયમાં હજુ પણ મુસ્લિમો પ્રત્યે ધૃણાની લાગણી જોવા મળે છે. આને લીધે અન્ય વિસ્તારના ખારવાઓ વેરાવળ, પોરબંદર અને માંગરોળના ખારવાઓ સ્વભાવે લડાયકો અને મુસ્લિમો પ્રત્યે કુદૃષ્ટિવાળા છે. આને લીધે તેમની વચ્ચે મુસ્લિમો અને ખારવાઓ વચ્ચે વારંવાર અથડામણ થાય છે. ૧૯૧૨ ની ડિસેમ્બરમાં પોર-બંદરમાં મુસ્લિમો અને ખારવાઓ વચ્ચે હુલ્લડ થયું હતું. આ હુલ્લડને ડામવા માટે જેતલસરથી પોલિસ મોકલવામાં આવી હતી અને શાંતિ સ્થપાયી હતી. હાલમાં પણ આ બે કોમ વચ્ચે ઘણી વાર અથડામણો થતી જ હોય છે.

ખારવાઓની ઉત્પત્તિ :

ખારવાઓની ઉત્પત્તિ વિષે અનેક મનમતાંતરો અને દંતકથાઓ છે.

ખારવાઓની ઉત્પત્તિ વિશે એક દંતકથા એવી છે કે એક વખત વીરમાના આદેશથી સમુદ્ર જ્યારે પોતાની મર્યાદા મૂકી સૃષ્ટિનો નાશ કરવા આગળ ધપતો હતો ચારે બાજુ જળબંબા-કાળ છવાયો હતો, મહાસાગરના અખૂટ પ્રવાહમાં પૃથ્વી પરના જડ, ચેતન, સર્વેનો નાશ થતો હતો તેવા જ સમયે ગોવાશ્વેના સૂર્યના પુત્ર (મનુ) (નૂહ) ભગવાન હિમાલય પર્વત પર પોતાના પરિવાર સહિત અને ઋષિમુનિઓ સહિત કિનમાળા નદી હતી તેનું પાણી સ્વચ્છ અને સુંદર હતું. તે નદીના તટ પર ભગવાન મનુ પાણી ભરી રહ્યા હતા, તેવામાં તેના હાથમાં એક નાના કદની

માછલી આવી. સાથોસાથ તેના બચાવ માટે એક અવાજ થયો અને માછલી જોતજોતામાં મોટા કદમાં વધી ગઇ અને માછલીના માથા પર એક વહાણ દેખાયુ. માછલીના મોઢે બચાવનો નાદ ચાલુ જ હતો. એને દૈત્ય સંકટ સમજી મનુ ભગવાન પોતાની સાથે પોતાના પરિવાર, ૠષિમુનિઓ સહિત અનેક જાતના બીયા (બી) જે પણ હતુ તે લઇને વહાણમાં બેસી ગયા. બીજી બાજુ આખી પૃથ્વી પર જળબંબાકાળ છવાય ગયો. જયાં નજર કરે ત્યાં પાણી જ પાણી ઘણો સમય મનુ ભગવાન આ પ્રમાણે વહાણમાં પોતાના પરિવાર સાથે બેસી રહયા. આખરે ધીરે ધીરે જળપ્રલયના પાણી ઓસરવા લાગ્યા. સૌ પ્રથમ ડુગળીઓ બહાર આવ્યા. ત્યાર પછી મનુ ભગવાનનો પરિવાર સુમેરૂ પર્વત પર નિવાસ કરવા લાગ્યો. પૃથ્વી પર માનવવંશ ફરથી નિર્માણ થયો.

મનુને બાર પુત્રો હતા. જેમાં ઇડથવાકુ અને કાંકુસ્થ ખૂબજ શકિતશાળી હતા. મનુના કુટુંબથી અને ૠષિઓના લીધે આખી માનવ જાત વિકાસ પામી. ઇકસાવકુ અયોધ્યામાં પોતાનુ રાજય સ્થાપ્યુ. તેનુ કુટુંબ સૂર્યવંશી અને ઘણા શકિતશાળી રાજાઓ આ લાઇનમાં થયા. રામ રાજા અને હરિશચંદ્ર આ જાતિના વંશજો છે.

પરશુરામે ૩૨ વખત કાયસ્થોને માર્યા હતા. અને એમનુ રાજય ખત્મ થયુ હતુ. તેમની રામના હાથે હાર થઇ હતી. આથી સત્તાની લગામ બ્રાહ્મણોના હાથમાં આવી હતી. પરંતુ બ્રાહ્મણોને રક્ષાજના હુમલાને ખાળવાની શકિત ન હતી. રક્ષા લોકો બ્રાહ્મણોએ કરેલી યજ્ઞ વિધિમાં મુશ્કેલી ઊભી કરતા હતા. આથી બ્રાહ્મણોએ વિશ્વમિત્ર ગુરૂને ધર્મની રક્ષા માટે રક્ષાની સામે લડવા માટે આયસ કુલને શકિત આપવાની પ્રાર્થના કરી. વિશ્વા-મિત્ર તે પછી પરમેશ્વર વિષ્ણુ પાસે ગયા અને કાયસ્થને કાયસ્થનુ સર્જન કરવાની વિનંતી કરી. વિષ્ણુ ભગવાને કાયસ્થની ઉત્પન્ન કરી અને તેઓ ક્ષત્રિયા કહેવાયા અને તેમને રાક્ષસ સાથે લડાઇ કરવા મોકલ્યા અને તેમની વચ્ચે ભયંકર લડાઇ થઇ. પછી પૃથ્વી લડાઇમાં તેના પગ ડગમગવા લાગ્યા અને ફરીથી તેને પાછા બોલાવ્યા. અને પછીથી તેનુ નામ પૂરી હરીઓ બ્રહ્માએ ઘાસની આકૃતિની પ્રતિમાની ઉત્પત્તિ કરી અને તેને યજ્ઞ વેદીમાં ફેંકી

દીધી અને પછી સજીવાની મંત્ર બોલ્યા તરત જ યજ્ઞવેદી માંથી એક માનવ આકૃતિ બહાર આવી તેના એક હાથમાં તલવાર અને બીજા હાથમાં વેદ હતુ તેનુ નામ ચોપખા સોલકી પાડવામાં આવ્યુ અને તેને રાક્ષસ સાથે લડવા મોકલ્યા પરતુ તેના જીતવાના કોઇ ચિન્હ ન દેખાતા હતા તેથી પાછા બોલાવવામાં આવ્યા. દેવો હતાષ થઇ ગયા. દેવોનો રાજા ઇન્દ્રએ એજ રીતે બીજા એક મનુષ્યની ઉત્પતિ કરી તેના હાથમાં ગદા હતી અને મારો મારો બુમો પાડવા લાગ્યા. તેનુ નામ પ્રમાર હતુ. અને તેને રાક્ષસ સાથે લડવા મોકલ્યો પરતુ તે પણ તેને હરાવી શક્યો નહિ જેથી પાછા બોલાવવામાં આવ્યા. પછી વિષ્ણુ ભગવાને પોતાની રીતે એક નવા મનુષ્યની ઉત્પત્તિ કરી. તેના ચાર હાથ હતા અને તેના હાથમાં જુદા જુદા હથિયારો હતા. અને પછી બ્રાહ્મણોએ આશીર્વાદ આપ્યા અને રાક્ષસ સાથે લડવા મોકલ્યા તે રાક્ષસની જોડે બરાબર રીતે લડ્યા અને વિજયી થયા તે ચૌહાણ કહેવાયા અને રિજયનની ગાદી આપવામાં આવી.

ધીમે ધીમે તેમાંથી અનેક વંશજો થયા જેવા કે રાઠોડ, ચાવડા, ઝાલા, મકવાણા, જેઠવા, ચુડાસમા અને વાળા તેઓ દેશના જુદા જુદા ભાગમાં રાજ્ય કરતા હતા વિક્રમ સંવત ૧૦૮૦ માં મહમદ ગજનીએ ગુજરાત અને સૌરાષ્ટ્ર પર હુમલો કર્યો તેમણે સોમનાથ મહાદેવના પંડિતનુ ખંડન કર્યુ ને ગુજરાત તરફ આગળ વધ્યો અણહીલપુર પાટણના રાજા ભીમદેવ સોલંકીએ મહમુદ ગજની સાથે લડાઇ કરી ઉપર જણાવેલ રજપુત કોમો જે ભીમ દેવને સોલંકીને મદદ કરી અને મહમદ ગજનીના સૈન્ય જોડે બહાદુરી પૂર્વક લડ્યા. મહમદ ગજનીએ દેશના દરિયા કિનારા તરફથી હુમલો કરવા માંડ્યો ત્યારે તેમણે દરિયાના વિસ્તારનુ રક્ષણ કરવાનુ સોંપવામાં આવ્યુ તેઓ દરિયા કિનારે વસ્યા અને હોડીમાં ફરીને દરિયાનુ રક્ષણ કરવા લાગ્યા. ત્યારથી તેઓ ખારવા કહેવાયા કે જે ખારા પાણીમાં રહેતા હતો. માનવ જાતિના મૂળ વિષયની આ દંતકથા અન્ય પ્રાથમિક સ્વરૂપની જાતિ અને ધર્મ સ્વરૂપમાં પણ પ્રચલિત છે. ખારવાઓ માને છે કે તેઓ સામાજિક દરજ્જામાં બ્રાહ્મણોથી બીજા નંબરે છે.

ગગા સ્વરૂપ ખારવાની ઉત્પત્તિ લખનાર બારોટ ટપુ પરષોતમનાથ કામનાથ ના મન મુજબ ખારવાની ઉત્પત્તિ નીચે મુજબ છે.

સૌરાષ્ટ્રની ભૂમિ ઉપર સમુદ્રને તીરે પુરાણી પ્રસિધ્ધ સોમનાથ નામનું શીવ મંદિરની ભવ્યતા વિશેષ હતી. ગગાજીના પવિત્ર જળથી શંકરને અભિષેક થતો લાખો રૂપિયા તેના નિભાવ માટે ખર્ચ થતો ને સમૃધ્ધિ સાંભળી તે મંદિર તોડવા મુસ્લિમ બાદશાહ મહમંદ ગજની પોતાનું સૈન્ય સજ્જ કરી આવ્યો ૩૬ છત્રીસ જાતના રજપૂત ધર્મવીરો ધર્મને માટે દેહ ને ભોગે પણ સોમનાથનું રક્ષણ કરવા આવ્યા. તેમાં અણહીલપુર પાટણની ભીમદેવ સોલંકી તથા હમીરજી ગોહેલ તથા ધોધો ચૌહાણ તથા સજન સિંહ ચૌહાણ તથા બે હજાર ભીલ સાથે વેગડો ભીલ અને ઘણા રજપૂતો પોતાને જાનના જોખમે રક્ષણ કરવા આવ્યા પણ મુસ્લિમ બાદશાહની જીત થઇને સોમનાથનું મંદિર તોડયુ તેની અમુલ્ય સમૃધ્ધિ લુટીને મુર્તિને તોડીને તેની બારી બારણા સુધાંત ઉપાડી ગયા તે હુમલામાં ઘણા કામ આવ્યા તેના પાળિયા પાટણમાં મોજૂદ છે. ઘણા રાજપૂતો સમુદ્રને તીરે વહાણવટીયો હતા તેના વહાણો લઇ સમુદ્ર પ્રયાણ કરૂ ને ખારાપાણીનો રોજગાર કરો તે રજપૂતો ખારવાજ્ઞાતિ ઓળખવા લાગ્યા આ ધર્મ યુધ્ધ સંવત ૧૦૨૪ ની સાલમાં થયુ તેમાં ઘણાના આત્મબલિદાન દેવાણા તેનો સોમનાથની સખાતે નામનો ઇતિહાસ સાક્ષી પૂરે છે. અમુક રાજપૂતોને બાદશાહે વટલાવ્યા છે તે "પટણી" કહેવાયા છે તથા "ઘાંચી" કહેવાયા છે.

ખારવાઓની ઉત્પત્તિ તેમના મન મુજબ ડીમર(dhimar માંથી થઇ છે. તેઓ માને છે કે મહાપ્રલય ને લીધે દુનિયાનો વિનાશ થયો અને સાત સંતો બચી ગયા. આખી દુનિયા દરિયા ગરક થઇ ગઇ અને સાત સંતાનો ઇશ્વરે માછલીના સ્વરૂપમાં બેસાડ્યા અને તે બધા મત્સ્ય અવતારના રૂપમાં આવ્યા. માછલી સંતોને બસાડ્યા પછી ઇશ્વર પાસે પાછી ફરવા માંગતી હતી પરંતુ માછલી ઇશ્વર પાસે પાછી ફરી નહિ. માછલીની ગેરવર્તણૂંકથી ઇશ્વર નારાજ થયા અને તેમને માછલીને અંકુશમાં રાખ માટે પાણસની ઉત્પત્તિ કરી. તે મનુષ્ય એ ડીમર( dhimar ખારવાઓ માને છે કે પોતે ડીમરના વંશજો છે.

બીજી એક દંતકથા એવી છે કે ખારવાઓ રજપૂતોના વંશજ છે. તેઓ મહમદ ગજનવીની સામે પ્રભાસ પટણમાં લડયા હતા અને હારી ગયા પછી દરિયા કિનારે ભાગ્યા. વર્ષો સુધી તેઓ ચાંચિયાગીરી કરવા લાગ્યા અને પછી તેમના જીવનનિર્વાહ માટે માછીમારીનો ધંધો સ્વીકાર્યો. ત્યાર પછી તેઓ દીવ, વેરાવળ, પોરબંદર અને કચ્છના દરિયા કિનારે આવીને વસ્યા અને વહાણવટા અને માછીમારીનો ધંધો કરવા લાગ્યા. હિન્દુ ખારવાઓ પોતાને રજપૂતોના વંશજો માને છે. ખારવાઓ રજપૂત છે. એમના માનવા મુજબ રજપૂતની શકિત તલવાર છે ને એ શકિતના પૂરાવા રૂપે જ તલવારને લઇને લગ્ન કરે છે. લગ્ન સમયે હાથમાંથી તલવાર અને ભેટનો જમૈયો એ એમણી રજપૂતાઇ બતાવે છે. એ તેમની અસલ શકિતનું માર્ગદર્શન કરાવે છે કે અમે રજપૂત છીએ. તેમની નસો નસમાં રજપૂતનું ખમીર વહે છે એમ તેઓ દૃઢતાપૂર્વક કહે છે.

દક્ષિણ ગુજરાતના માછીમારોનો અભ્યાસ કરતાં તેમની ઉત્પત્તિ વિષે તેઓ કયા વંશના છે, તેમનું મૂળ વતન કયું ? તેઓ કયાંથી આવીને વસ્યા સે તે વિશે કોઇ ચોકકસ માહિતી મળી નહોતી. પરંતુ તેઓ પણ સૌરાષ્ટ્રના ખારવાઓની જેમ પોતાને રજપૂત વંશના ઓળખાવે છે. આ કોમ રજપૂત કોમમાંથી ઉતરી આવી છે. મોગલ સામ્રાજય દરમિયાન રજપૂતોના રાજયોને હરાવીને ગુલામ બનાવી દેવાની પ્રવૃત્તિ મોગલ બાદશાહો કરતા હતાં ત્યારે આ કોમે આવી રીતે ગુલામી દશામાં જીવન જીવવાનું પસંદ ન કર્યું. ત્યારે તેમણે વતન છોડયું અને દરિયા કિનારે આવી વસ્યા. જે સ્થળે વસવાટ કર્યો તે સમયે એમની પાસે જીવનનિર્વાહ કરવા માટે કોઇ ધંધો નહતો. એટલે માછલાં પકડવાનો ધંધો સ્વીકારી લીધો. એમ માનવામાં આવે છે.

તેમની ઉત્પત્તિ વિશે એક એવી માન્યતા છે કે જયારે પરશુરામે પૃથ્વી નક્ષત્ર કરવા માંડી ત્યારે પરશુરામે ક્ષત્રિયોને વશ કરવા માંડયા, તેમાં ઘણાં ક્ષત્રિયોનો ઘાણ કાઢી નાખ્યો. પરશુરામથી બચવાની કોઇ શકયાતા ન હતી. કોઇ માર્ગ સૂઝયો નહિ. તેથી હવે શું કરવું ? એ પ્રશ્નના વિચારમાં પડયા, આ

માટે તેઓ ખાડયા નામના ૠષિ પાસે જઈ સલાહ માંગી ત્યારે ૠષિએ કાંઠા વિભાગમાં ભાગી જઈ વસવાટ કરવા કહ્યું. આ પ્રમાણે તેઓ કિનારે આવ્યા. પણ અહીં આવ્યા પછી તેમને જીવન-નિર્વાહનો પ્રશ્ન ઉપસ્થિત થયો. કાંઠા વિભાગમાં ખેડવા લાયક જમીન હતી નહિ, કે જેથી ખેતી કરી ગુજારો કરે. જીવન ટકાવી રાખવા માટે પૂરતું મળતું ન હોવાથી તેઓએ વહાવટાની પ્રવૃત્તિ શરૂ કરી જન્મથી જ સ્વભાવે શારીરિક, નિડર અને ખડતલ હતા. તેથી તેમને આ પ્રવૃત્તિ ફાવી ગઈ. પણ આ પ્રવૃત્તિમાંથી બધાને જીવ ટકાવી રાખવા જેટલું મળતું નહિ. ધીમે ધીમે એમણે મચ્છી મારવા શરૂ કર્યું અને આમાં તેઓ ક્ષત્રિય મટી માછી બન્યા.(કહેવાયા)

આ પ્રજાનો વસવાટ આજકાલનો નથી. પણ પેઢીઓથી અહીં વસે છે. શરૂઆતમાં તેઓ ચાંચિયાનો ધંધો કરતા એમ મનાય છે. પછી ધીમે ધીમે વહાણવટું અને મચ્છીમાર તરફ વળ્યા. એમ કહેવાય છે. આ પ્રમાણે માછીકોમની ઉત્પત્તિ અંગે દંતકથાઓ ચાલે છે.

એમના રિવાજો અને રાચરચિલામાં જે વસ્તુ જોવા મળી તે પરથી કહી શકાય કે, આ માછીકોમ મૂળે રજપૂત હોવી જોઈએ એમના લગ્નના રીતરિવાજોમાં કેળનો રિવાજ છે અને વરરાજાએ જેટલા દિવસ લગ્ન ચાલે એટલાં દિવસ હાથમાં તલવર રાખવી જ જોઈએ. આ ઉપરાંત કમરબંધ રાખવું જ જોઈએ. આવી વિધિઓ જોવા મળે છે. એ પરથી પણ કહી શકાય કે આ લોકો રજપૂત હોવા જોઈએ.

એમના ઘરોમાં રાચરચિલામાં પેટારો જોવા મળે છે. અને તે રજપૂતોના ઘરોમાં હોય છે. તેના જેવો જ જોવા મળે છે. રજપૂતોમાં પગે ટોળા પહેરવાનો રિવાજ છે. તેવો આ કોમમ પણ રિવાજ છે. એ પણ બતાવે છે કે આ જાતિનાં લોકો રજપૂતના વંશજ છે.

વસતિ :

ખારવા સમાજ મુખ્યત્વે સૌરાષ્ટ્રના બાર ગામના કાંઠા પર પથરાયેલો છે. આ ગામો આ પ્રમાણે છે. પોરબંદર, વેરાવળ, માંગરોળ, કચ્છ-માંડવી, જામનગર, જામસલાયા, આરંભડા, ગારીઆળી, મુદ્રા, ઓખા, બેટ, દ્વારકા, વડવાળા, મીઠાપુર, વણકબારા, માઢવાડ, ચોરવાડ, નવીબંદર, સુત્રાપાડા, સુભાષ-નગર, મુંબઇ અને આફ્રિકા આ ઉપરાંત દીવ, ઘોઘા, ઉના, દેલવાડા, કોડીનાર, જાફરાબાદ, નવાબંદર, કોટડા ગામોમાં પણ તેમની વસતિ જોવા મળે છે.

દક્ષિણ ગુજરાતમાં વસતા માછી લોકો ટંડેલ, લોકોની મુખ્ય વસતિ ભરૂચ, સુરત અને વલસાડ જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારમાં છે. તદઉપરાંત તેમની થોડી વસતિ પંચમહાલ જિલ્લામાં છે. સૌરાષ્ટ્રના ખારવાઓ અને દક્ષિણ ગુજરાતના માછી અને ટંડેલ લોકો, ભાવનગરના કોળી લોકોનો મુખ્ય ધંધો પણ વહાણવટુ અને માછીમારીનો છે. તેમ છતાં સૌરાષ્ટ્રના ખારવાઓ દક્ષિણના માછી અને ટંડેલ લોકોને xxxxxx પોતાના સમાજમાં પ્રવેશ આપતા નથી. તેમનો ખારવા સમાજ માત્ર સૌરાષ્ટ્રના બાર ગામો પૂરતો જ મર્યાદિત છે.

ખારવાઓની વસતિ કેટલી છે તે વિશે કોઇ ચોક્કસ માહિતી મળતી નથી. તેવીજ રીતે દક્ષિણ ગુજરાતમાં વસતા માછીમારોની વસતિની આંકડા મળતા નથી. ખારવા સમાજના મૂળ પત્ર વહાવહીના એપ્રિલ અને મે ૧૯૪૮ ના અંકમાં દર્શાવ્યા મુજબ ખારવાની વસતિ તેમના બાર ગામોમાં લગભગ ૨૩૦૦૦ જેટલી હતી. આ વર્ષના આધારવર્ષ ગણી વસતિ ગણત્રી કરીએ તો આ બાર ગામોમાં આજે લગભગ ખારવાઓની વસતિ ૫૫ હજાર જેટલી હશે. તે સિવાય અન્ય જગ્યાએ તેમની વસતિ આવેલી છે તેનો સમાવેશ થતો નથી. ખારવા આગેવાનોના કહેવા મુજબ હાલમાં તેમની વસતિ લગભગ ૭૦ થી ૮૦ હજારની છે.

દક્ષિણ ગુજરાતના માછી લોકોની વસતિ અંગે જાણવા મળે છે. ૧૯૧૧ માં મુંબઇ રાજ્યની વસતિ ગણતરી પ્રમાણે મુંબઇ રાજ્યના દરિયા કિનારે ૪૧૮૬૧ માછીઓની વસતિ હતી. આજે

તેમના મત મુજબ તેમની વસતિ બમણી હશે. આ બધા વસતિના આંકડાઓ આધારભૂત ગણી શકાય નહિ. પરતુ તેનાથી તેમની વસતિનો થોડે ઘણો અંશે ખ્યાલ આવી શકે છે. સૌરાષ્ટ્રના બાર ગામોમાં બારવાઓની અંદાજ વસતિ કેટલી છે તે કાઢવાનો પ્રયાસ કર્યો છે. જેના આંકડા નીચે દર્શાવવામાં આવ્યા છે. આ વસતિનો અંદાજ ચોકકસ નથી પરતુ તેનાથી વસતિના અંદાજનો થોડો ઘણો ખ્યાલ મળી શકશે.

## ખારવા જાતિની અદાજી વસતિ

| | ૧૯૪૮ | ૧૯૫૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ |
|---|---|---|---|---|---|
| પોરબંદર | ૮૦૦૦ | ૮૭૨૦ | ૧૧૩૩૬. | ૧૪૭૩૭ | ૧૯૧૫૮ |
| વેરાવળ | ૬૦૦૦ | ૬૫૪૦ | ૮૫૦૨ | ૧૧૦૫૩ | ૧૪૩૬૯ |
| માંગરોળ | ૧૫૦૦ | ૧૬૩૫ | ૨૧૨૬ | ૨૭૬૪ | ૩૫૯૩ |
| કચ્છ-માંડવી | ૧૪૫૦ | ૧૫૮૧ | ૨૦૫૫ | ૨૬૭૨ | ૩૪૭૪ |
| કચ્છ-સલાયા | ૬૦૦ | ૬૫૪ | ૮૫૦ | ૧૧૦૫ | ૧૪૩૭ |
| મુંદ્રા | ૪૦૦ | ૪૩૬ | ૫૬૭ | ૭૩૭ | ૯૫૮ |
| જામનગર | ૩૦૦ | ૩૨૭ | ૪૨૫ | ૫૫૩ | ૭૧૯ |
| જામસલાયા | ૧૫૦ | ૧૬૪ | ૨૧૩ | ૨૭૭ | ૩૬૦ |
| મુંબઈ | ૨૭૦૦ | ૨૯૪૩ | ૩૮૨૬ | ૪૯૭૪ | ૬૪૬૬ |
| દ્વારકા | ૩૦૦ | ૩૨૭ | ૪૨૫ | ૫૫૩ | ૭૧૯ |
| ગોરીવાળી | ૧૦૦ | ૧૦૯ | ૧૪૨ | ૧૮૫ | ૨૪૧ |
| પોસીત્રા | ૫૦ | ૫૫ | ૭૨ | ૯૪ | ૧૨૨ |
| મીઠાપુર | ૫૦ | ૫૫ | ૭૨ | ૯૪ | ૧૨૨ |
| સારોમડા | ૧૫૦ | ૧૬૪ | ૨૧૩ | ૨૭૭ | ૩૬૦ |
| વરંવાળા | ૭૫ | ૮૨ | ૧૦૭ | ૧૩૯ | ૧૮૧ |
| ઓખા | ૧૫૦ | ૧૬૪ | ૨૧૩ | ૨૭૭ | ૩૬૦ |
| બોચારડા | ૪૦ | ૪૪ | ૫૭ | ૭૪ | ૯૬ |
| વણકબાર | ૩૦૦ | ૩૨૭ | ૪૨૫ | ૫૫૩ | ૭૧૯ |
| દીવ/ઘોઘલા | ૫૦૦ | ૫૪૫ | ૭૦૯ | ૯૨૨ | ૧૧૯૯ |
| કુલ... | ૨૨૮૧૫ | ૨૪૮૬૮ | ૩૨૩૨૮ | ૪૨૦૨૬ | ૫૪૬૩૪ |

૦૦૦ "વહાણવટી" એપ્રિલ-મે ૧૯૪૮ વહાણવટી કાર્યાલય,

ચંદનવાડી, રૂપાલેના, મુંબઈ - ૨

ભાષા :

ખારવાઓની પોતાની કોઇ આગવી ભાષા જે બોલી નથી. તેઓ સામાન્ય રીતે ગુજરાતી ભાષામાં વાતચીત કરે છે. ઘરના નાના મોટા બધા ગુજરાતી સમજે છે અને બોલે છે. લખાણ પણ ગુજરાતી ભાષામાં લખે છે. અંદરોઅંદર પણ ગુજરાતી ભાષામાં બોલે છે. તેમની ભાષામાં જુદા જુદા વિસ્તારની ભાષાની છાંટ જોવા મળે છે. કોટડા, માઢવાડ અને દીવ-ઘોઘલા વિસ્તારના ખારવાઓ પોરબંદર અને વેરાવળના ખારવાઓ કરતાં અમુક શબ્દનો ઉચ્ચાર ભિન્ન રીતે કરે છે.

દક્ષિણ ગુજરાતમાં વસતા માછી લોકો પણ મુખ્યત્વે ગુજરાતી ભાષા જ બોલે છે. એમની ભાષામાં પણ મરાઠી, સંસ્કૃત તથા હિન્દી શબ્દો ગુજરાતી ભાષા સાથે ભળેલા જોવા મળે છે. જે નીચેના કેટલાક વાકયો પરથી જણાઇ આવે છે.

દા.ત. "આઇ કકા ચાલી" (મા કયાં ચાલી) એમાં આઇ એટલે મા અને કકા એ મૂળ મરાઠી શબ્દ "કુઠે = કયાં પરથી અપભ્રંશ થયેલો લાગે છે. તેવો જ બીજો શબ્દ પ્રયોગ "કા ગેલા ઉના" (કયાં ગયા હતાં.) એમાં ગેલા = ગયેલા તે મરાઠી શબ્દ છે તે ઉપરાંત હિન્દીની અસર પણ જોવા મળે છે. "મે જાતી ઉઠા" (મૈ જાતી થી ) એ હિન્દી ભાષાનું અપભ્રંશ લાગે છે. તેઓ વ્યવહારમાં જે કંઇ ભાષા બોલે છે તેમાં મરાઠીની છાંટ વિશેષ જોવા મળે છે. તેઓ ગુજરાતી સારી રીતે બોલે છે, વાંચે છે અને લખી જાણે છે.

## ખારવાઓમાં શિક્ષણ ::

ખારવાઓમાં કેળવણીનું પ્રમાણ ઘણું જ ઓછું છે. એમાંયે સ્ત્રીઓમાં ભણતરનું પ્રમાણ ઘણું જ ઓછું છે. છેલ્લા એક દાયકાથી તેમનામાં પણ શિક્ષણની ભૂખ જાગી છે. અને તેમના બાળકો શિક્ષણ લેતા થયા છે. ખાસ કરીને પોરબંદર અને વેરાવળમાં શિક્ષણનું પ્રમાણ ઠીક જોવા મળે છે. જ્યારે અન્ય વિસ્તારોમાં શિક્ષણનું પ્રમાણ ઘણુંજ ઓછું છે. શિક્ષણને અભાવે તેમનું શોષણ થાય છે. શોષણ થતું તેમણે જોયું છે તેથી તેમનામાં શિક્ષણની ભૂખ જાગી છે. પોરબંદર અને વેરાવળમાં ઘણા ખારવાઓ વકીલ, ડોકટર, એન્જીનીયર તેમજ પ્રોફેસર પણ જોવા મળે છે. વેરાવળમાં ૧૯૪૪ માં ખારવા જ્ઞાતિ તરફથી શાળા શરૂ કરવામાં આવી હતી. શરૂઆતમાં ૧૫ વિદ્યાર્થીઓ હતાં. કાનજીભાઇ ગોરીયા પહેલા મેટ્રિક પાસ થયેલા.૫૪-૫૫માં એક પેઢી તૈયાર થઇ. તેમને નોકરી મળી તેથી શિક્ષણ પ્રત્યેની ભૂખ જાગી. શિક્ષણને લીધે સરકારી ખાતાંઓ અને નગરપાલિકાઓમાં નાની-મોટી નોકરી પણ કરતા થયા છે. આ વધુ હોવા છતાં સમગ્ર સમાજની દ્રષ્ટિએ વિચારીએ તો અન્ય સમાજની સરખામણીએ શિક્ષણમાં ઘણા જ પછાત છે.

દક્ષિણ ગુજરાતના માછીમારોમાં પણ શિક્ષણનું પ્રમાણ ઓછું હતું. પરંતુ સૌરાષ્ટ્રની સરખામણીએ કઇક વિશેષ જોવા મળયું હતું. આનું કારણ કદાચ એ હોઇ શકે કે દક્ષિણ ગુજરાતમાં વસતિ અન્ય આગળ પડતી જ્ઞાતિઓ જેમાં ખાસ કરીને બ્રાહ્મણ, દેસાઇ લોકોનો સંપર્કને લીધે તેમનામાં શિક્ષણ પ્રત્યેની અભિરૂચિ વધી હોય.

સૌરાષ્ટ્ર વિસ્તારના ૨૦૦ ખારવા કુટુંબોમાં અને દક્ષિણ ગુજરાતના માછીમારોમાં શિક્ષણની સ્થિતિ વિશે માહિતી મેળવવામાં આવી હતી. સૌરાષ્ટ્રના ૨૦૦ ખારવાના કુટુંબની કુલ વસતિ ૧૫૦૦ ની હતી. જેમાં માત્ર ૪૦૮ (૨૭ ટકા) વ્યકિતઓ ભણેલી હતી. જ્યારે ૭૩ ટકા વસતિ અભણ હતી. કુલ પુરૂષ વ્યકિતઓમાંથી માત્ર ૪૧ ટકા ભણેલા હતા. જ્યારે ૫૯ ટકા વ્યકિત અભણ હતી. જ્યારે સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ માત્ર ૧૩ ટકા હતું. આમ સ્ત્રી કેળવણીમાં ઘણી પછાત હતી તે આ આંકડાઓ પરથી પણ સ્પષ્ટપણે જોઇ શકાય છે.

શિક્ષિત વ્યક્તિઓની વિશ્લેષણ કરતા જણાય છે કે કુલ ૪૦૮ શિક્ષિત વ્યક્તિઓમાંથી ૩૦૭ વ્યક્તિઓ પોતાનુ શિક્ષણ પૂર્ણ કરેલ. જેમાંથી ૧૧૯ વ્યક્તિઓ (૫૭.૫ ટકા) ચાર ધોરણ સુધી શિક્ષણ લીધેલ, ૪૯ વ્યક્તિઓએ ૫ ધોરણથી ૭ ધોરણ સુધી, ૨૦ ( ) વ્યક્તિઓએ આઠથી ૧૦ ધોરણ સુધી, ૧૫ વ્યક્તિઓ (૭.૨ ટકા) એસ.એસ.સી. સુધી ભણેલા હતા. અને ચાર વ્યક્તિઓ ઇન્ટરમીડીએટ સુધી શિક્ષણ લીધુ હતુ. જ્યારે ૨૦૨ વ્યક્તિઓનો અભ્યાસ ચાલુ હતો. જેમનો અભ્યાસ ચાલુ હતો તેવા બાળકોમાંથી ૧૨૬ બાળકો ૧ થી ૪ ધોરણમાં, ૫૦ બાળકો ૫ થી ૭ ધોરણમાં, ૨૧ બાળકો ૮ થી ૧૦ ધોરણમાં, ૪ બાળકો [illegible] એસ.એસ.સી.માં અને ૧ બાળક કોલેજમાં જતુ હતુ. ૭ થી ૧૪ વર્ષના બાળકોને માટે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સાર્વત્રિક બનાવવામાં આવ્યુ છે. ૭ થી ૧૪ વર્ષના કુલ ૩૭૬ બાળકોમાંથી ૨૦૧ બાળકો એટલે કે લગભગ ૫૪ ટકા ભણવા જતા હતા. એટલે કે અભ્યાસ કરતા હતા. બાકીના ૪૬ ટકા બાળકોએ નિશાળના દ્વાર જોયા નહોતા. આ આંકડાઓ પણ બતાવે છે કે તેમનામાં શિક્ષણ પ્રત્યેની અભિરૂચિ ઓછી છે.

વધારે શિક્ષણની માહિતી કોઠા- ૧, ૨ અને ૩ માં આપવામાં આવી છે.

(૭) કોઠા નં. ૧ ધંધાવાર તપાસેલ કુટુંબમાં શિક્ષણનું પ્રમાણ

| ક્રમ | ધંધો | કુલ કુટુંબો | પાંચ વર્ષથી નીચેના બાળકો પુ. | સ્ત્રી | અભણ પુ. | સ્ત્રી | ભણેલા પુ. | સ્ત્રી | કુલ પુ. | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | મચ્છીમાર | ૧૪૭ | (૧૨.૬) ૭૭ | (૧૪.૫) ૮૨ | (૪૭.૯) ૨૯૪ | (૭૪.૦) ૪૧૯ | (૩૯.૫) ૨૪૨ | (૧૧.૫) ૬૫ | (૧૦૦.૦) ૬૧૩ ૭૯.૮ | (૧૦૦.૦) ૫૬૬ ૭૭.૩ | ૧૧૭૯ |
| ૨. | છૂટકમજૂરી | ૨૦ | (૧૩.૦) ૬ | (૨૫.૦) ૧૫ | (૩૯.૨) ૧૮ | (૬૫.૦) ૩૯ | (૪૭.૮) ૨૨ | (૧૦.૦) ૬ | (૧૦૦.૦) ૪૬ ૬.૦ | (૧૦૦.૦) ૬૦ ૮.૨ | ૧૦૬ |
| ૩. | નોકરી | ૨૦ | (૧૫.૬) ૧૦ | (૧૩.૧) ૮ | (૪૬.૯) ૩૦ | (૬૭.૨) ૪૧ | (૩૭.૫) ૨૪ | ૧૯.૭ ([illegible]) ૧૨ | (૧૦૦.૦) ૬૪ ૮.૨ | (૧૦૦.૦) ૬૧ ૮.૫ | ૧૨૫ |
| ૪. | વેપાર-ધંધો | ૩ | ([illegible]) ૧ | [illegible] - | ([illegible]) ૩ | ([illegible]) ૧૦ | (૬૬.૭) ૮ | (૧૬.૭) ૨ | (૧૦૦.૦) ૧૨ ૧.૬ | (૧૦૦.૦) ૧૨ ૧.૬ | ૨૪ |
| ૫. | ખલાસી | ૧૦ | (૫.૬૯) ૨ | (૯.૪) ૩ | (૩૫.૩) ૧૨ | (૬૮.૭) ૨૨ | (૫૮.૮) ૨૦ | (૨૧.૯) ૭ | (૧૦૦.૦) ૩૪ ૪.૪ | (૧૦૦.૦) ૩૨ ૪.૪ | ૬૬ |
| | કુલ | ૨૦૦ | ૯૬ ૧૨.૬ | ૧૦૮ ૧૪.૮ | ૩૫૭ ૪૬.૪ | ૫૩૧ ૭૨.૬ | ૩૧૬ ૪૧.૦ | ૯૨ ૧૨.૬ | ૭૬૯ ૧૦૦.૦ | ૭૩૧ ૧૦૦.૬ | ૧૫૦૦ |

| ધધાનું નામ | કુલ કુટુંબો | ૧ થી ૪ |  | ૫ થી ૭ |  | ૮ થી ૧૦ |  | એસ.એસ.સી. |  | અન્ય |  | કુલ ભણેલા |  |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
|  |  | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| માછીમાર | ૧૪૭ | ૮૩ | ૬ | ૩૫ | ૪ | ૮ | ૨ | ૮ | – | ૩ | – | ૧૩૭ | ૧૨ |
| છૂટકમજૂરી | ૨૦ | ૯ | ૨ | ૪ | – | ૧ | ૧ | – | – | – | – | ૧૪ | ૩ |
| નોકરી | ૨૦ | ૮ | ૩ | ૨ | ૧ | ૪ | – | ૩ | ૩ | ૧ | – | ૧૮ | ૭ |
| વેપારધધો | ૩ | ૧ | – | –૧ | – | – | – | – | – | – | – | ૨ | – |
| ખલાસી | ૧૦ | ૬ | ૧ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | – | – | – | ૧૧ | ૩ |
| કુલ... | ૨૦૦ | ૧૦૭ | ૧૨ | ૪૩ | ૬ | ૧૬ | ૪ | ૧૨ | ૩ | ૪ | – | ૧૮૨ | ૨૫ |
|  |  | (૫૮.૮) | (૪૮.૦) | (૨૩.૬) | (૨૪.૦) | (૮.૮) | (૧૬.૦) | ( ૬.૬ ) | (૧૨.૦) | (૨.૨) |  | (૧૦૦.૦) | (૧૦૦. |

[illegible]

| ધંધો | ૧ થી ૪ પુ. | ૧ થી ૪ સ્ત્રી | ૫ થી ૭ પુ. | ૫ થી ૭ સ્ત્રી | ૮ થી ૧૦ પુ. | ૮ થી ૧૦ સ્ત્રી | એસ.એસ.સી. પુ. | એસ.એસ.સી. સ્ત્રી | અન્ય પુ. | અન્ય સ્ત્રી | કુલ પુ. | કુલ સ્ત્રી | કુલ કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| માછીમાર | ૬૪ | ૪૦ | ૨૬ | ૧૨ | ૧૩ | – | ૧ | ૧ | ૧ | – | ૧૦૫ | ૫૩ | ૧૫[illegible] |
| છૂટકમજૂરી | ૭ | ૩ | – | – | ૧ | – | – | – | – | – | ૮ | ૩ | ૧[illegible] |
| નોકરી | ૧ | ૩ | ૩ | ૧ | ૧ | ૧ | ૧ | – | – | – | ૬ | ૫ | ૧[illegible] |
| વેપારધંધો | ૨ | ૧ | ૨ | ૧ | ૨ | – | – | – | – | – | ૬ | ૨ | ૮ |
| ખલાસી | ૩ | ૧ | ૨ | ૩ | ૩ | – | ૧ | – | – | – | ૯ | ૪ | ૧૩ |
| કુલ ... | ૭૭ (૫૭.૪૬) | ૪૮ (૭૧.૬૫) | ૩૩ (૨૪.૬૩) | ૧૭ (૨૫.૩૭) | ૨૦ (૧૪.૯૨) | ૧ (૧.૪૯) | ૩ (૨.૨૪) | ૧ (૧.૪૯) | ૧ (૦.૭૫) | – | ૧૩૪ (૧૦૦.૦) | ૬૭ (૧૦૦.૦) | ૨૦[illegible] |

દક્ષિણ ગુજરાતના તપાસેલ કુટુંબોમાં શિક્ષણની પરિસ્થિતિ જોતાં જણાય છે કે કુલ ૭૬૩ વ્યકિતઓમાંથી ૫૦૭ વ્યકિતઓ એટલે કે ૬૬.૪ ટકા વ્યકિતઓ શિક્ષિત હતી. જયારે ૩૩.૬ ટકા વ્યકિતઓ અભણ હતી. જયારે કુલ પુરૂષોમાંથી ૮૧ ટકા ભણેલા હતા જયારે સ્ત્રીઓમાં ૫૦ ટકા ભણેલી હતી. આમ તેમનામાં શિક્ષણનુ પ્રમાણ સૌરાષ્ટ્ર વિસ્તારના ખારવાંઓ કરતાં સારુ હતું. કુલ ભણેલ વ્યકિતઓમાંથી ૧૦૧ વ્યકિતઓએ ચાર ધોરણ સુધીનુ, ૯૫ વ્યકિતઓએ સાત ધોરણ સુધીનુ, ૫૬ વ્યકિતઓએ દશ ધોરણ સુધીનુ, ૧૬ વ્યકિતઓએ એસ.એસ.સી. અને બે વ્યકિતઓ ઇન્ટર-મીડીયટ સુધી શિક્ષણ લીધુ હતુ. કુલ શિક્ષિત સ્ત્રીઓમાંથી મોટા-ભાગની સ્ત્રીઓએ પ્રાથમિક શિક્ષણ લીધુ હતુ. માત્ર એક છોકરી મેટ્રિક પાસ હતી.

ચાલુ શિક્ષણ લેતા બાળકોની માહિતીનુ વિશલેષણ કરતા જોવા મળે છે કે કુલ ૬ થી ૧૪ વર્ષની વયના ૨૯૫ બાળકોમાંથી ૨૩૭ (૮૦ ટકા) બાળકો શિક્ષણ લઇ રહયા હતા. આમ તેમનામાં શિક્ષણનું પ્રમાણ સારુ એવુ હતુ. એ આ આંકડાઓ પરથી પણ જોઇ શકાય છે. કુલ અભ્યાસ કરતા બાળકોમાંથી મોટાભાગના પ્રાથમિક શિક્ષણ લઇ રહયા હતા. બે છોકરાઓ એમ.એ.માં અને ચાર છોકરાઓ ટેકનીકલ શિક્ષણ લઇ રહયા હતા. એક છોકરી એસ.એસ.સી.માં ભણતી હતી. આમ એકંદરે તેમનામાં શિક્ષણ અંગેની જાગૃતિ જોવા મળી હતી. તપાસેલ કુટુંબની શિક્ષણની વિગતવાર માહિતી કોઠા ૪, ૫, માં આપવામાં આવી છે.

| ધંધાનું નામ | કુલ કુટુંબો | પાંચ વર્ષથી નીચેના | | અભણ | | ભણેલા | | શિક્ષણ પુરૂ થયુ હોય તેની વિગત | | | | | | | | | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | ૧ થી ૪ | | ૫ થી ૭ | | ૮ થી ૧૦ | | એસ.એસ.સી. | | અન્ય | | | |
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| માછીમાર | ૫૭ | ૨૬ | ૩૫ | ૨૧ | ૭૬ | ૨૦૩ | ૧૦૮ | ૪૩ | ૨૨ | ૪૪ | ૧૯ | ૩૨ | ૮ | ૧૧ | – | – | – | ૧૨૦ | ૪૯ |
| નોકરી | ૩૨ | ૧૫ | ૧૬ | ૬ | ૩૨ | ૯૦ | ૫૯ | ૧૯ | ૯ | ૧૪ | ૮ | ૧૬ | ૮ | ૪ | ૧ | ૨ | – | ૫૫ | ૨૬ |
| છૂટકમજૂરી | ૮ | ૪ | ૨ | ૩ | ૧૪ | ૩૦ | ૮ | ૫ | – | ૭ | ૧ | ૧ | ૧ | – | – | – | – | ૧૩ | ૨ |
| વેપાર | ૩ | – | – | ૧ | ૫ | ૭ | ૨ | ૩ | – | ૧ | ૧ | – | – | – | – | – | – | ૪ | ૧ |
| કુલ ... | ૧૦૦ | ૪૫ | ૫૩ | ૩૧ | ૧૨૭ | ૩૩૦ | ૧૭૭ | ૭૦ | ૩૧ | ૬૬ | ૨૯ | ૩૯ | ૧૭ | ૧૫ | ૧ | ૨ | – | ૧૯૨ | ૭ |
| | | (૧૧.૧) | (૧૪.૮) | (૭.૬) | (૩૫.૬) | (૮૧.૩) | (૪૯.૬) | (૩૬.૪) | (૩૯.૭) | (૩૪.૪) | (૩૭.૨) | (૨૦.૩) | (૨૧.૮) | (૭.૮) | (૧.૩) | (૧.૦) | – | (૧૦૦.૦) | (૧૦ |

| ધંધાનું નામ | કુલ કુટુંબો | ૧ થી ૪ પુ. | ૧ થી ૪ સ્ત્રી | ૫ થી ૭ પુ. | ૫ થી ૭ સ્ત્રી | ૮ થી ૧૦ પુ. | ૮ થી ૧૦ સ્ત્રી | એસ.એસ.સી. પુ. | એસ.એસ.સી. સ્ત્રી | એમ. એ. પુ. | એમ. એ. સ્ત્રી | આઇ.ટી.આઇ. પુ. | આઇ.ટી.આઇ. સ્ત્રી | અન્ય પુ. | અન્ય સ્ત્રી | પુ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| માછીમાર | ૫૭ | ૩૫ | ૨૯ | ૨૬ | ૨૬ | ૧૪ | ૩ | ૧ | ૧ | ૨ | – | ૩ | – | ૨ | – | ૮ |
| નોકરી | ૩૨ | ૧૭ | ૧૯ | ૯ | ૧૧ | ૭ | ૩ | – | – | – | – | ૧ | – | ૧ | – | ૩ |
| છૂટકમજૂરી | ૮ | ૧૦ | ૫ | ૪ | ૧ | ૩ | – | – | – | – | – | – | – | – | – | ૧ |
| વેપાર | ૩ | ૩ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | |
| કુલ... | ૧૦૦ | ૬૫ | ૫૩ | ૩૯ | ૩૯ | ૨૪ | ૬ | ૧ | ૧ | ૨ | – | ૪ | – | ૩ | – | ૧૩ |
| | | (૪૭.૧) | (૫૨.૬) | (૨૮.૩) | (૪૦.૨) | (૧૭.૪) | (૬.૨) | (૦.૭) | (૧.૦) | (૧.૪) | | (૨.૯) | | (૨.૨) | | (૧૦૦ |

# પ્ર ક ર ણ - ૩

## ભૌતિક સંસ્કૃતિ

### ઘર :

ખારવા લોકોનાં વસવાટ દરિયાકાંઠા પર છે. તેથી તેમનાં ઘરો દરિયા કિનારે (બંદર પર) જોવા મળે છે. તે સામાન્ય રીતે ઉંચાણવાળી જમીન ઉપર બાંધેલા હોય છે. તેઓ પોતાના જાતિ ભાઇ સાથે જ રહેવાનું વધારે પસંદ કરે છે. આથી તેમના જાતિભાઇઓ સાથે જ તેમના ઘર આવેલ હોય છે. તેમનું અલગ ગામ વસેલુ હોય છે. તેમના ફળિયામાં બીજા કોઇની વસતિ જોવા મળતી નથી.

ઘર એક બીજાથી તદ્દન નજીક હોય છે. જે પહેલાનાં બનાવેલ છે. બે ઘર વચ્ચે જવા આવવાનો રસ્તો પણ ખૂબ જ સાંકડો હોય છે. ઘર પણ સામાન્ય રીતે નાનાં એક રૂમવાળા અને ઉપર મેડાંવાળા હોય છે. હાલમાં જે નવા ઘર થાય છે તે છૂટવાળા અને આધુનિક ઢબથી હવા ઉજાસવાળા બનાવવામાં આવે છે.

એક ગોત્રના કે એક લોહીના સબંધીઓ જુદા જુદા ફળિયામાં ૨૫ વર્ષ પહેલાં રહેવાનું વધારે પસંદ કરતા અને તે જ રીતે ફળિયા પણ બનેલ. દા.ત. ગોસીયા કુટુંબો ગોસીયા-વાસમાં જ રહેતાં. ત્યાં બીજા ગોત્રના કુટુંબ ન હોય પરંતુ આજે તે ગોસીયા, મચ્છ, ચોરવાડી, સિંધવ વગેરે લોકો પણ સાથે રહેતા જોવા મળે છે. આથી ગોત્રનાં જે પહેલાં ભેદ હતા તે અત્યારે ઓછા જોવા મળે છે. ભાઇ-ભાઇઓ પણ આજે અલગ અલગ વાસમાં રહેતા જોવા મળે છે. આમ અત્યારે એકજ ગોત્ર કે ભાઇ-ભાઇઓ સાથે જ રહેવું એવું રાખતા નથી.

ઘર બનાવવા માટે પ્રથમ તો સારુ મૂહર્ત બ્રાહ્મણ પાસે જોવડાવવામાં આવે છે. ત્યાર પછી પાયો ખોદવામાં આવે છે. એમાં પ્રથમ થોડો શરૂઆતમાં પાયાનો ભાગ બાળક પાસે ખોદાવવામાં આવે છે . આને શુભ નિશાની ગણવામાં આવે છે. જેને એક પ્રકારની વિશિષ્ટતા ગણી શકાય. ત્યાર પછી અગરબત્તી, દીવો સળગાવી નાળિયેરનો પ્રસાદ ધરાવે છે. પોતાની અલગ અલગ કૂળદેવીની પૂજા કરે છે અને ફૂલહાર ચઢાવે છે. સાથે પંચનામૃત (દૂધ,ઘી,દહીંસાકર,મધ) મૂકે છે. અને જ્યારે પાયો પૂરવામાં આવે ત્યારે અબીલ, ગુલાલ, ચોખા, ઘઉં વગેરે નાખવામાં આવે છે. અને જ્યાં આ બધી વસ્તુઓ મૂકવામાં આવે છે તેને "ફૂલડી" કહેવામાં આવે છે. અને ગાયના દૂધથી પૂજા કરવામાં આવે છે. જે ફૂલડી તૈયાર કરવામાં આવે છે તેના ઉપર નાળિયેર અને પથ્થર મૂકી દાટવામાં આવે છે. આ તમામ પ્રકારની વિધિ હિન્દુ ધર્મ પ્રમાણે બ્રાહ્મણ પાસે કરાવવામાં આવે છે.

બારણું મૂકે ત્યારે ખાપર મૂકવું પડે છે આ ખાપરમાં હનુમાનની મૂર્તિ, કપડું, સોપારી, પાવલી (૨૫ પૈસા) કંકુ વગેરે મૂકવામાં આવે છે. ત્યાર પછી ઘર સંપૂર્ણ પણે તૈયાર થઇ જાય ત્યારે તેમાં રહેવાની શરૂઆત કરતા પહેલા વાસ્તુ કરવામાં આવે છે.

ઘરનુ વાસ્તુ એટલે કે ઘરની પૂજાવિધિ બ્રાહ્મણ પાસે કરાવવામાં આવે છે. એ વખતે બધા સગા સંબંધીઓને બોલાવવામાં આવે છે. બ્રાહ્મણ હોમ કરે છે. એમાં ચોખા, ઘઉં, ગોળ, ખારેક, દેશી નાળિયેર વગેરે હોય છે. બ્રાહ્મણ મંત્રોચ્ચાર સાથે આ હવનની ક્રિયા કરે છે. ત્યાર પછી શેરીના, કુટુંબીઓ તથા આમંત્રીત મહેમાનોને જમાડવામાં આવે છે. જેમાં દાળ, ભાત અને લાડુ મોટા ભાગે હોય છે. આ વિધિ પાછળ આશરે રૂપિયા ૫૦૦ થી ૭૦૦ રૂપિયા સુધીનો ખર્ચ થાય છે. આ જે વિધિ બ્રાહ્મણ પાસે કરાવવામાં આવે છે તેને દક્ષિણા પેટે રૂપિયા ૧૦૦ રોકડા અને બીજી પૂજામાં મૂકેલ કેટલીક સામગ્રી પણ સાથે લઇ જાય છે. આ રીતે ઘર વાસ્તાની વિધિ પૂર્ણ થાય છે. અને તેમાં રહેવાનું ચાલુ કરે છે. (નવો વસવાટ)

જુદા જુદા વિસ્તારમાં ઘરની સ્થિતિ જુદીજુદી જોવા મળી હતી. પોરબંદર અને વેરાવળ જેવા શહેરોમાં ખારવાઓ પોતાના અલગ લત્તામાં ખારવાવાડમાં રહે છે. તેઓ ઘણી ગીચ જગ્યામાં રહે છે. તેમના મકાનો બે ત્રણમાળના જોવા મળે છે. એક એક મકાનમાં ૫ થી ૭ કુટુંબો વસતા હોય છે. તેના આજુબાજુના વિસ્તારમાં પણ ઘણી જ ગંદકી જોવા મળે છે. તેઓ ગમે ત્યાં પેશાબ અને જાજરૂ માટે બાળકોને રસ્તામાં બેસાડી દે છે. ખારવાવાડમાં પુષ્કળ ગંદકી જોવા મળે છે. તેઓ ગીચોગીચ રહેતા હોય છે. સૂત્રાપાડા, માઢવાડ જેવા વિસ્તારમાં પણ નાના મકાનોમાં રહે છે. તેમના ઘરોમાં પાણીના નિકાલની કોઇ વ્યવસ્થા હોતી નથી. બધુ પાણી ઘરની આગળ ભેગુ થાય છે. ત્યાં કાયમ માટે દુર્ગંધ મારે છે જે આરોગ્યની રીતે પણ ઘણી જ હાનિકારક કહેવાય.

ખારવાઓ પોતાના ફળિયામાંથી બહાર રહેવા જવાનું પસંદ કરતા નથી. મકાનો નાના હોવા છતાં તેના પર મકાનો ઊભા કરતા જાય છે. અને રહે છે. આ પરિસ્થિતિ ખાસ કરીને વેરાવળ અને પોરબંદરમાં જોવા મળી હતી. વેરાવળમાં ખારવાઓએ ખારવા ગૃહમંડળી ઊભી કરી હતી. ૧૯૫૫માં રજીસ્ટર્ડ કરાવી ૧૯૫૯માં યોજના મૂકી હતી. તેમને ૧૯૭૦-૭૧માં જમીન મળી જેમાં ૧૨૭ વારના ૩૨ મકાનો બાંધવામાં આવ્યાં છે. રૂ.૧૮૦૦૦/- સભ્યોને ભરવાના હતા અને ૧૨૦૦૦/- ની લોન મંજૂર થઇ હતી. આ મંડળીમાં મોટેભાગે નોકરીઆત વર્ગ છે. જેઓ ખારવાવાડમાંથી બહાર રહેવા માટે ગયા છે.

માંગરોળમાં ખારવાઓની સાથે કેટલાક મુસ્લિમ મછીમારાના ઘરો છે. પરંતુ ખારવાઓએ તેમની જોડે સંબંધ રાખતા નથી. એજ રીતે વેરાવળમાં પણ ખારવાવાડમાં કેટલાક કાળાવાલિયાના ઘરો છે. આ કાળાવાલિયાઓ પહેલા હિન્દુ ખારવાઓ હતા. પરંતુ માંગરોળથી તેમને જ્ઞાતિ બહાર કાઢી

મૂકયા હતા. અને ત્યાર પછી તેઓએ વેરાવળમાં વસવાટ કર્યો હતો. વેરાવળના ખારવાઓએ તેમને ભળવા દીધા નહિ તેથી તેઓ લાંબે ગાળે કંટાળી મુસ્લિમ રાજ્ય દરમ્યાન મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો. ત્યારથી તેઓ વેરાવળના ખારવાવાડમાં રહેતા આવ્યા છે.

ઘર બનાવવા માટે જે માલ-સામાનની જરૂર પડે છે એ મોટા ભાગે બહારથી લાવવામાં આવે છે. સામાન્ય રીતે પથ્થર, કોલ, સીમેન્ટ, વિલાયતી નળિયા, લોખંડ, કાચ, નાના પથ્થર (ધાબુ ભરવા) લાકડું વગેરે વપરાય છે. આમાં પથ્થર આજુબાજુના વિસ્તારમાંથી સસ્તા ભાવે મળે છે. બાકી બીજો સામાન બહારથી ખરીદવો પડે જે માંગરોળ, કેશોદ, પોરબંદર, વેરાવળ વગેરે જગ્યાએથી લાવવામાં આવે છે.

અત્યારે જે નવા ઘર બનાવવામાં આવે છે તે ત્રણ ખંડવાળા અગર એથી વધારે ખંડવાળાં કે બે ખંડવાળા બનાવવામાં આવે છે. ત્રણ ખંડવાળા ઘરમાં ૧ રસોડું, ૨ બીજા રૂમ, બે રૂમવાળા ઘરમાં એક રસોડું અને એક બીજો રૂમ જ્યારે કેટલાંક બે કરતા વધારે ખંડના મકાનો જે શહેરમાં જોવા મળે છે તેવા પણ બનાવે છે. પહેલા જે મકાનો બનાવેલા તે ખૂબ જ નાનાં અને સાંકડી જગ્યામાં છે પરંતુ તેમાં સુધારા થયા છે. પરંતુ જગ્યાનો પ્રશ્ન મોટો છે. પહેલાંના જે જૂના ઘર છે તેમાં હવા ઉજાસની અને બારી-બારણાંની પૂરતી સગવડતા જોવા મળતી નથી. એવા ઘરમાં એક જ બારણાની રચના થયેલ ઘર હોવાથી હવા ઉજાસ પૂરતા પ્રમાણમાં મળી રહે એવી શકયતા ખૂબ જ ઓછી છે. પરંતુ જે છેલ્લા દસેક વર્ષથી નવા ઘર બનાવ્યા છે તેમાં બારી-બારણાં તથા હવા ઉજાસની સગવડ વધારે પ્રમાણમાં જોવા મળે છે.

ખારવા લોકોના ઘરની ઉપરનું છાજ મોટા ભાગે વિલાયતી નળિયાથી ઢંકાયેલ જોવા મળે છે. જે ૭૦ ટકા જેટલું પ્રમાણ કહી શકાય. જ્યારે અમુક ઘર દેશી નળિયાવાળાં

જોવા મળે છે. અહીંયા પતરાવાળા છાપરા (ઘર) જોવા મળતા નથી. કારણ કે દરિયા કિનારાની ખારી આબોહવાને લીધે પતરા ખવાઇ જાય છે જેથી કોઇ વસાવતા નથી. અમુક ઘર લાખાવાળા જોવા મળે છે. જેનુ પ્રમાણ માત્ર ૨ થી ૩ ટકા છે.

ઘરમાં સામાન રાખવાની વ્યવસ્થા ઘરની બાંધણી અને ઘરની છૂટછાટ (જગ્યા) ઉપર રહે છે. એક રૂમવાળુ ઘર હોય તો તેમાં બધો સામાન ગીચોગીચ મૂકેલ જોવા મળે છે. જ્યારે બે ત્રણ રૂમ હોય તો સામાન અલગ અલગ વ્યવસ્થિત મૂકેલ જોવા મળે છે. મેઢાવાળા ઘરમાં ઉપરના મેઢા પર કાયમી જરૂરિયાતની વસ્તુઓ ન હોય તેવી મૂકવામાં આવે છે. દા.ત. તૂટેલી જાળ, હોળી, મશીનને લગતા દાગીનાઓ, તૂટેલ વહાણના ભાગો, જૂના માટલા, બળતણના લાકડા વગેરે. જ્યારે રહેણાંક રૂમમાં (રસોડા સાથેના) રસોઇના સાધનો - પ્રાયમસ, તપેલા, થાળી, વાડકા, સાણસી, માટલી વગેરે. આ બધી વસ્તુઓની યોગ્ય રીતે ગોઠવણી થાય એ માટે લાકડાના પાટીયાની ગોઠવણી કરવામાં આવેલી હોય છે અને તેમા ઉપર બધા સાધનો મૂકવામાં આવે છે. ઘરમાં અંદરના રૂમમાં ભાગમાં જે રસોડાની સાથે જ ગણાય ત્યાં પાણીયારુ હોય છે અને પાણીના વાસણો પણ ત્યાં જ રાખવામાં આવે છે. જે પાકા ઘર બનાવ્યા છે એવા ઘરમાં ચોકડીની વ્યવસ્થા પણ કરવામાં આવેલી હોય છે. રસોડામાં જરૂરી મસાલા જેવી સામગ્રી રાખવામાં માટે એવા ડબ્બો કે અન્ય કોઇ સાધનનો ઉપયોગ કરતા નથી. પરંતુ મોટા શીશા હોય છે તેનો ઉપયોગ કરે છે. આ શીશાઓને જમીન પર રાખવામાં આવતા નથી પરંતુ જે ભીંત કે દિવાલ હોય તેના પર ખીલીઓ મારીને લટકાવવામાં આવે છે. આ એમની આગવી એક રીત છે જેને એક પ્રકારની વિશિષ્ટતા ગણાવી શકાય. સાથે એકાદ ખૂણામાં અનાજ ભરવા કોઠીઓ અને વાસણો હોય છે. તેમજ કાયમી જરૂરિયાતના ડબ્બા દા.ત. લોટ, તેલ, કેરોસીન,

દાળ વગેરે ભરી રાખવા માટેના હોય છે. ઘરમાં એક ખૂણામાં ગોદડાં મૂકવાનો ડોમચીયો હોય છે. જે ભાગને રસોડા તરીકે અલગ કાઢવામાં આવ્યો હોય ત્યાં જ માટીનો ચૂલો ગોઠવેલ હોય છે.

ઘરમાં વાસણો મૂકવાના ઘોડા ઉપરના ભાગમાં તેમના ઇષ્ટદેવના ફોટા ભેરવેલા જોવા મળે છે. આ લોકો પોતાના ફોટાઓ પડાવે છે અને તે ફોટા બારણા પાસે કે ભીંત અથવા દિવાલ પર લગાવે છે. સાથે સાથે એમની દેવ-દેવીઓના ફોટા જોવા મળે છે. જગ્યા ઓછી હોવાને લીધે ઘર સાંકળી જગ્યામાં બનાવવું પડે છે અને તેને લીધે ઘરની સાથે વરંડા જેવું હોતું નથી અને માંડવો પણ બનાવતા નથી. પરંતુ જે કેટલાંક ઘર નવા બનાવ્યા છે તેમાં વરંડા જેવું જોવા મળે છે. સાથે સાથે થોડી ઘણી જગ્યા હોય ત્યાં માંડવા જેવું બનાવે છે અને ત્યાં બેસી શકાય, સૂઇ શકાય કે અન્ય સાધન મૂકી શકાય એ રીતે બનાવે છે. ૧૯૪૭ પહેલાં તેમના મકાનો મોટેભાગે માટીના હતાં. ૧૯૪૭ પછી તેમની સ્થિતિ સુધરી તેથી થોડા ઘણાં પાકાં મકાનો થયાં છે.

દક્ષિણ ગુજરાતમાં વસતાં માછી લોકો તેમના ઘરો પણ સપાટ જમીન અથવા તો સહેજ ઉંચાણવાળી જમીનમાં ઘર બાંધે છે. વિસ્તારોને આધારીત તેમાં ફેરફાર જોવા મળે છે. એમાં જો દરિયાનાં પાણીની અસર થતી હોય તો ઉંચાણવાળી (ટેકરીપર) ઘર બનાવે છે અને જો દરિયાના પાણીથી કોઇ મૂશ્કેલી પડતી ન હોય એવાં વિસ્તારવાળાં સપાટ જમીન પર ઘર બનાવે છે. દરિયા કિનારે જમીનની મુશ્કેલી હોવાને લીધે એક બીજાથી નજીક નજીક ઘર બનાવે છે. અને એમાં મોટા ભાગે જાતિ પ્રમાણે અલગ-અલગ ફળિયામાં વહેંચાયેલા એ રીતે ઘરની બાંધણી કરવામાં આવી હોય છે. જેથી ફળિયામાં એક જાતિ સિવાય બીજી જાતિઓ વસવાટ કરતી નથી. એક ગોત્રનું કે એક લોહીના સબંધીઓ સાથે જ રહે છે. આજે કેટલાંક કુટુંબો અલગ થયેલા જોવા મળે છે.

ઘર બાંધતી વખતે સામાન્ય રીતે ધાર્મિકવિધિમાં ખાત મૂર્હુત કરીને બ્રાહ્મણ જોડે પૂજા-વિધિ કરાવીને પાયાનું કામ ચાલુ કરે છે. ત્યાર બાદ પાયો પૂરતી વખતે ધાર્મિક વિધિ કરે છે. ઘરનાં બારણાં બેસાડતાં પણ તેની પૂજા કરાય છે.ઘર બાંધતી વખતે માલસામાન મોટે ભાગે લાકડાનો ઉપયોગ કરે છે. અને તે બધુ જ લાકડું બહારથી વેચાતું લાવવું પડે છે. સામાન્ય રીતે જોતાં માલસામાન મોટા ભાગે બહારથી જ લાવવો પડે છે. સ્થાનિક માલનો ઉપયોગ થતો હોય એવાં માલસામાનમાં જોઇએ તો વાંસ, તાડનાં પાંદડા અને માટીનો ઉપયોગ થાય છે. જે આજુબાજુનાં ગામડાંઓમાંથી મેળવી લે છે.

ઘરને સામાન્ય રીતે બે થી ત્રણ ખંડોમાં વાંસની પટ્ટીઓની દિવાલ બનાવીને વહેંચી નાખવામાં આવે છે. એમાં કેટલાંક ઘરની અંદર સળંગ ઓસરી બનાવવામાં આવે છે. એ ઓસરી પછીનાં ભાગને વાંસની કામડી વડે દિવાલ બનાવી અલગ રૂમ બનાવવામાં આવે છે અને એ રૂમમાં રસોડાની વ્યવસ્થા ગોઠવેલ હોય છે. ઓસરીમાં મોટા ભાગે રોજનાં પહેરવેશમાં જે કપડાંનો ઉપયોગ થાય એ અને ખાટલા, લાકડાં કે ટેબલ-ખુરશી જેવા કોઇ પણ ફર્નીચર હોય તે મૂકવા [illegible] માટે ઉપયોગ કરતા હોય છે. મોટા ભાગે આ ખારવાઓનાં ઘર કાચા વધારે હોય છે અને પાકા ઓછા હોય છે. જેથી કાચા ઘરમાં એમની ઇચ્છા મુજબ ફેરફાર કરી શકે છે. અને ગોઠવણી એ રીતે કરે છે. જે પાકી દિવાલવાળાં ઘર જૂજ પ્રમાણમાં છે. પાકા ઘરની જગ્યા જે હોય છે તેમાં કરતાં કાચા ઘરની જગ્યાનું પ્રમાણ વધારે હોય છે.

ઘરની બાંધણીની સાથે સાથે જે વાંસની ભીંત બનાવવામાં આવે છે અને અલગ અલગ ખંડ બનાવવામાં આવે છે, એ ખંડમાં જે બારણા મૂકવામાં આવે છે એ ખાસ કરીને સામ-સામે હોય છે. પરંતુ બારીઓની વ્યવસ્થા જૂજ પ્રમાણમાં જોવા મળે છે. જે બારણાઓ બનાવવામાં આવે છે એ સાગના લાકડામાંથી બનાવે છે. કેટલાંક ઘરમાં પાટીયામાંથી કે વાંસમાંથી બનાવેલ બારણા જોવા મળે છે. જેણે પાકાં ઘર

બનાવ્યા એવા ઘરમાં લોખંડની બારી-બારણાં જોવા મળે છે. અને એવા ઘરમાં જ હવા ઉજાસની પૂર્તિ સગવડ છે. બાકી મોટે ભાગે ચારે બાજુથી બનાવેલ ભીંતવાળા ઘરમાં હવા ઉજાસની સગવડતા ખૂબ જ ઓછી હોય છે. એવા ઘરમાં હવા બંધીયાર અને અંધકાર જેવું છવાયેલું હોય છે. જે ઘર તૈયાર કરવામાં આવે છે તેમાં ઉપરનું છાજ મોટે ભાગે દેશી નળિયા અને વિલાયતી નળિયા વાળું હોય છે. કેટલાંક તાડના પાંદડાઓનો ઉપયોગ કરે છે. પતરાનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. આ વિસ્તારમાં વરસાદ વધુ પડતો હોવાથી તેમના ઘરો સીધા ઢાળવાળાં હોય છે. તેમના ઘરોની પશ્ચિમ તરફની દિવાલ લોખંડ કે સિમેન્ટના પતરાંની બનાવેલ હોય છે. ચોમાસામાં જોરદાર પવન સાથે વરસાદ વરસે તેનાથી સુરક્ષિત રહેવા માટે આમ કરે છે.

ઘરમાં વસ્તુઓ અલગ અલગ જગ્યાએ મૂકવામાં આવે છે તેમાં જે રસોડાની વસ્તુઓ હોય તે રસોડાની બાજુમાં મૂકે છે. ઘરમાં ચૂલો નૈઋત્ય ખૂણામાં જ રાખવામાં આવે છે. જે વિશિષ્ટતા ગણાય છે. ધાર્મિક સ્થાન ચૂલાથી દૂર બીજા ખૂણામાં રાખેલું હોય છે. પણિયારું રસોડાની બાજુમાં જ હોય છે. અને કોઠીઓ એક ખૂણામાં ગોઠવીને અલગ રાખે છે. રસોડાની બાજુમાં માટીની ઓટલી બનાવી તેના ઉપર રસોડાનાં સાધનો (વાસણો) મૂકે છે. થોડા વધારે વજનવાળા વાસણો નીચે રાખે છે અને નાના-નાના જે વાસણો હોય તેને ભીંત કે દિવાલ સાથે પાટીયાં ગોઠવી તેના પર મૂકે છે. એક-બીજા ઘરની વચ્ચે માત્ર આવ-જા કરી શકાય એટલી જ જગ્યા જે ગલીઓથી પણ સાંકડી કહી શકાય એવી સંકળાશવાળી જગ્યામાં ઘરની બાંધણી કરેલ હોવાથી વરંડા જેવું ઘરની સાથે હોતું નથી. અને મંડપ બનાવવા માટે પણ જગ્યા જોઇએ તે પણ શક્ય નથી જેથી મંડપ પણ બનાવતા નથી. પરંતુ ઘરના ઉંબરામાં સાથિયો બનાવી રોજ ઘરની પૂજા કરે છે.

સામાન્ય રીતે દરેક ઘરને અલગ રસોડું હોય છે. ઘરનો એક ખૂણો માછલાં રાખવા માટે હોય છે. બીજા ખૂણામાં માછીમારીના વ્યવસાયના સાધનો તથા વહાણોનો સામાન રાખવામાં આવે છે. ઘરને આગળનું અને પાછળનું એમ બે બારણાં હોય છે. દરેક ઘરને આગલે કે પાછલે બારણે પથ્થરનો સપાટ એક મોટી લાદી હોય છે. જેના પર બેસી તેઓ નહાય છે - કપડાં ધુએ છે તથા મચ્છી સમારે છે. મીઠું પાણી ભરી રાખવા માટે માટીનો એક મોટો ગોળો કે લાકડાની ટાંકી ભરીને રાખે છે. આ ગોળો કે ટાંકીનું સ્થાન સામાન્ય રીતે બારણાની બાજુમાં હોય છે. સામાન્ય રીતે દરેક ઘરને એક માળ હોય છે. માળપર વહાણોનો સામાન, બાળવાના લાકડાં વગેરે રાખવામાં આવે છે. ઘરની બહાર વાડામાં કે ઘરની અંદર બે વાંસ ખૂટા મારી રાખ્યા હોય છે, જેના પર મોટો જાળ સૂકવે છે.

આમ જોઇશું તો ભૌગોલિક પરિસ્થિતિ તથા પોતાના વ્યવસાયને અનુકૂળ એમના ઘરની રચના જોવા મળે છે.

તપાસ દરમ્યાન નમૂના કુટુંબોની ઘરની સ્થિતિ નીચે પ્રમાણે જોવા મળી હતી.



## કોઠો - ૩:૧

**નમૂનાના કુટુંબોની દિવાલના પ્રકાર, અને છાપરાના પ્રકાર પ્રમાણે ઘરની સ્થિતિ :**

| | સંખ્યા | ટકા |
|---|---|---|
| **૧. મકાનનો પ્રકાર :** | | |
| ૧. કાચું | ૨૪૯ | ૮૩.૦૦ |
| ૨. પાકું | ૫૧ | ૧૭.૦૦ |
| | ૩૦૦ | ૧૦૦.૦૦ |
| **૨. દિવાલનો પ્રકાર :** | | |
| ૧. માટીની પથ્થરની દિવાલ | ૧૩૧ | ૪૩.૭ |
| ૨. વાંસ પટ્ટી | ૯૫ | ૩૧.૭ |
| ૩. પાકી સિમેન્ટના પ્લાસ્ટરવાળી | ૭૪ | ૨૪.૬ |
| | ૩૦૦ | ૧૦૦.૦ |
| **૩. છાપરાનો પ્રકાર :** | | |
| ૧. દેશી નળિયા | ૭૨ | ૨૪.૦૦ |
| ૨. વિલાયતી નળિયા | ૧૯૮ | ૬૬.૦૦ |
| ૩. આર.સી.સી. | ૨૬ | ૮.૭ |
| ૪. પતરાં | ૪ | ૧.૩ |
| | ૩૦૦ | ૧૦૦.૦૦ |
| **૪. ઓરડાની સંખ્યા પ્રમાણે :** | | |
| ૧. એક ઓરડો | ૭૨ | ૨૪.૦૦ |
| ૨. બે ઓરડા | ૧૦૨ | ૩૪.૦૦ |
| ૩. ત્રણ ઓરડા | ૭૬ | ૨૫.૩ |
| ૪. ચાર ઓરડા | ૩૯ | ૧૩.૦ |
| ૫. ચારથી વધુ | ૧૧ | ૦૩.૭ |
| | ૩૦૦ | ૧૦૦.૦૦ |

કોઠા ૩:૧ પરથી જણાય છે કે તપાસેલ કુટુંબોમાંથી ૮૩ ટકા કુટુંબોના ઘરો કાચાં હતાં. તેમના ઘરોનાં છાપરાં વિલાયતી નળિયાંથી ઢાંકવામાં આવતાં હતાં. કુલ કુટુંબોમાંથી ૬૮ ટકા કુટુંબો પાસે બે ઓરડાવાળા ઘરોમાં એનાં હતાં. બે ઓરડાથી વધુ ઓરડાવાળા ઘરોની સંખ્યા જૂજ હતી.

ઘર વખરીના સાધનો :

સામાન્ય રીતે ખારવા જાતિના લોકોના ઘરની ઘરવખરીનાં સાધનો જોઇએ તો પ્રાયમસ, પેટીઓ, બેટરી, વાસણો, ખાટલા, ગાદલા, ધાબળા, દાગીના, સાયકલ, રેડિયો, ઘડિયાળ, ટોપલા-ટોપલીઓ, ટેબલ-ખુરશીઓ વગેરેનો સમાવેશ થાય છે.

વાસણોમાં ખાસ કરીને તાંબાના, પિત્તળનાં, એલ્યુમિનિયમના, સ્ટીલના, કાચના જોવા મળે છે. બધાના ઘરમાં વત્તા ઓછા પ્રમાણમાં લગભગ બધી જ ધાતુના વાસણો હોય છે. સ્ટીલના વાસણો આર્થિક રીતે સુખી ઘરોમાં જોવા મળે છે. એમાંયે સારી નોકરી કરતાં વર્ગવાળાનાં ત્યાં સ્ટીલના વાસણો જોવા મળે છે. ખાસ કરીને તેઓ ખાટલાઓનો ઉપયોગ કરે છે તે લાકડાના જોવા મળે છે અને કેટલાંક ઘરે લોખંડના પણ વાપરે છે. જે લાકડામાંથી બનાવેલ ખાટલા હોય છે તે કાથીની દોરડીથી ભરેલા હોય છે અને જે લોખંડમાંથી બનાવેલ ખાટલા સુત્તરની, નાયલોનની કે પટ્ટી દ્વારા ભરવામાં આવેલ હોય છે. આમ ખાટલા ભરવા માટે ચોક્કસ એક જ દોરીનો ઉપયોગ થતો નથી. પરંતુ જુદી જુદી જાતની દોરીઓનો પણ ઉપયોગ કરે છે. લોખંડના ખાટલા સારી સ્થિતિવાળા વાપરે છે. દક્ષિણ ગુજરાતમાં લોખંડના પલંગ ઓછા ઘરોમાં જોવા મળે છે. આધુનિક સુખ સગવડના સાધનોમાં કેટલાંકના ઘરમાં લાકડાના કબાટ જોવા મળે છે. જેનો ઉપયોગ ખાસ કરીને કપડાં મૂકવામાં થાય છે. તેમજ અમુક ઘરે સોફા, ખુરશીઓ, ટેબલ, તિજોરી, લોખંડનું કબાટ જોવા મળે છે. અને અમુક ઘરે બાંકડાઓ જોવા મળે છે.

ગાદલા સામાન્ય રીતે જૂના કપડાંમાંથી બનાવેલ વધારે જોવા મળે છે. એકાદ બે રૂમાંથી બનાવેલ ગાદલા-ગોદડા રાખતા હોય છે. ખારવા લોકોનો ગરમ ખોરાક હોવાથી તેમજ દરિયા કિનારે રહેતા હોવાથી વધારે ઠંડી પણ પડતી નથી. આના લીધે અહીંના લોકો પાસે ગરમ કાપડ ખૂબ જ ઓછુ જોવા મળે છે. ઓઢવા માટે સામાન્ય સુતરાઉ ધુસા જોવા મળે છે. ગરમ ધાબડાનો ઉપયોગ ઓછો જણાય છે. સૂવા માટે જે ગોદડીઓ બનાવે છે તે જૂના કપડાંમાંથી તૈયાર કરવામાં આવે છે. કેટલાંક રજાઇનો ઉપયોગ કરે છે. ખાસ કરીને પુરૂષો જે માછલાં પકડવાનો ધંધો કરે છે તેઓ રાત્રીના સમય દરમ્યાન પણ કામ કરતાં હોય છે. જેથી એવો રાત્રે બંદર પર ગોદડીઓ પાથરી ત્યાં જ સૂઇ રહે છે. સ્ત્રીઓ તથા બાળકો ઘરમાં સૂવે છે. પોતાના વહાણ પાસે કેટલાંક પુરૂષો સૂવે છે. ત્યાં ગાદલા-ગોદડી તથા ધૂવા જોવા મળે છે. આમ કેટલાંક દરિયા કિનારે જમીન પર સૂવે છે. ઘરે વડીલ લોકો ખાટલા પર સૂવે છે. અને જેમને ઘરે પૂરતા પ્રમાણની ખાટલાની સગવડ ન હોય એવો જમીન પર સૂવે છે. ખાસ કરીને કુટુંબના બધાં જ સભ્યો ખાટલા ઉપર સૂવી શકે એટલા ખાટલાની સગવડ એમની પાસે જોવા મળતી નથી. એટલે લગભગ ૫૦ ટકાથી વધારે સભ્યોને જમીન પર સૂવુ પડે છે. એમનાં ઘરમાં ખૂબ જ સંકળાશ હોવાથી ખાટલા રાખવાની પણ જગ્યા ઓછી પડે છે. જેથી જમીન પર સૂતા હોય છે. લગભગ બન્ને વિસ્તારના ખારવા-ઓમાં ઉપરોક્ત પરિસ્થિતિ જોવા મળી હતી.

દક્ષિણ ગુજરાતમાં વસતાં ટંડેલ અને માછીXXXX લોકોને ત્યાં ઘેર ખુરશીઓ મોટેભાગે વધુ જોવા મળે છે. દરેકનાં ઘરમાં એકાદ લાકડાની ખુરશી અથવા રાચેલ ખુરશી જરૂર હોય છે જ. ખારવા જાતિમાં પૂવિ પ્રસંગે જે વિધિ કરવામાં આવે છે તેમાં ખુરશીની જરૂર પડે છે. જો પોતાને ત્યાં ન હોય તો બીજાની પાસે માંગીને લાવવી પડે છે. આથી દરેકને ઘેર ખુરશી હોય છે જ. આ ઉપરાંત બેસવા માટે ઘણાના ઘરોમાં લાકડાની બેઠકો જોવા મળે છે જે ગામનો કે આજુબાજુના ગામનો સુથાર બનાવે

છે. આવા બાંકડા આકારના પાટિયાં ગોઠવીને બેસવાની વ્યવસ્થા કરે છે.

તપાસ દરમ્યાન બન્ને વિસ્તારમાં તપાસેલ નમૂનાના કુટુંબો પાસે ઘરવખરીના સાધનો નીચે પ્રમાણે હતાં જેની માહિતી અનુક્રમે કોઠા-૩:૨ માં આપવામાં આવી છે.



## કોઠો – ૩:૨

**નમૂનાના કુટુંબોમાં ઘરવખરીના સાધનોનું પ્રમાણ :**

| ઘરવખરીના સાધનો | (દક્ષિણ ગુજરાત) કુલ સંખ્યા | કુટુંબ દીઠ સંખ્યા | (સૌરાષ્ટ્ર) કુલ સંખ્યા | કુટુંબ દીઠ સંખ્યા |
|---|---|---|---|---|
| કુટુંબ સંખ્યા | ૧૦૦ | | ૨૦૦ | |
| તાંબાના | ૪૬૮ | ૪.૬૮ | ૯૩૦ | ૪.૬૫ |
| એલ્યુમિનિયમ | ૮૭૫ | ૮.૭૫ | ૧૯૯૨ | ૯.૯૬ |
| પિત્તળના | ૧૧૦૩ | ૧૧.૦૩ | ૨૨૭૭ | ૧૧.૩૯ |
| સ્ટીલના | ૬૪૦ | ૬.૪૦ | ૧૩૭૧ | ૬.૮૬ |
| માટીના | ૫૪૦ | ૫.૪૦ | ૭૬૫ | ૩.૯૩ |
| કાંસાના | ૨૦૫ | ૨.૦૫ | ૨૪૮ | ૧.૨૪ |
| અન્ય પ્રકારનાં વાસણો | ૨૫૪ | ૨.૫૪ | - | - |
| ખાટલા | ૨૬૬ | ૨.૬૬ | ૩૮૦ | ૧.૯૦ |
| ટેબલ-ખુરશી | ૧૬૯ | ૧.૬૯ | ૫૨ | ૦.૨૬ |
| સાયકલ | ૧૮ | ૦.૧૮ | ૩૮ | ૦.૧૯ |
| ઘડિયાળ | ૧૦૬ | ૧.૦૬ | ૧૬૦ | ૦.૮૦ |
| રેડિયો | ૪૮ | ૦.૪૮ | ૧૦૦ | ૦.૫૦ |
| સીવવાનો સંચો | ૧ | ૦.૦૧ | ૨ | ૦.૦૧ |
| ફાનસ | ૧૯૫ | ૧.૯૫ | ૩૦૩ | ૧.૫૨ |
| પેટ્રોમેક્ષ | - | - | [illegible] | ૦.૦૩ |
| ટોપલા-ટોપલી | ૪૩૧ | ૪.૩૧ | ૬૫૩ | ૩.૨૭ |
| દળવાની ઘંટી | - | - | ૧૧૯[illegible] | ૦.૬૦ |
| પ્રાયમસ | ૯૦ | ૦.૯૦ | ૨૨૯ | ૧.૧૫ |
| પેટી | ૧૯૭ | ૧.૯૭ | ૩૯૭ | ૧.૯૯ |
| બેટરી | ૮૩ | ૦.૮૩ | ૨૦૦ | ૧.૦૦ |
| અન્ય | ૧૮ | ૦.૧૮ | ૬૦ | ૦.૩૦ |
| કુલ | | | | |

કોઠા - ૩:૨ પરથી જણાય છે કે મોટાભાગનાં કુટુંબો એલ્યુમિનિયમ પિત્તળના વાસણો ધરાવતાં હતાં. સ્ટીલના વાસણો પણ સારા એવા કુટુંબો પાસે હતાં. મોજશોખની ચીજ-વસ્તુઓ જેવી રેડિયો, ઘડિયાળ, લાકડાનું ફર્નિચર પણ સારી એવી સંખ્યામાં તેમની પાસે હતું. સીવવાનો સંચો માત્ર ૩ કુટુંબો પાસે હતો. આમ તેમના ઘરોમાં રાચરચીલું પણ ઠીક ઠીક પ્રમાણમાં હતું જે સ્પષ્ટપણે આંકડાઓ પરથી જણાય આવે છે.

પહેરવેશ :

પુરૂષો :- આ ખારવા જાતિમાં પુરૂષોનો જૂનો પોશાક જોઈએ તો માથે મોટું ફાળિયું, શરીરે અંગરખો, સૂરવાળ અને ચોરણી તથા કમરે ભેટ એ એમનો પોષાક હતાં. જે રજપૂત વંશનો સૂચક હતો. સમાજમાં આવેલ પરિવર્તનની સાથે સાથે તેમના પોષાકમાં પણ પરિવર્તન આવવા લાગ્યું છે. અને આજે તેમાં પરિવર્તન આવેલ જોવા મળે છે. અત્યારે ચાલુ જમાના પ્રમાણે લેંઘા બુશર્ટ, પાટલૂન, કોટ વગેરે સૌએ અપનાવ્યા છે. દરિયાઈ સફર વખતે જૂના કપડાં પહેરે છે કેટલોક હાફ પેન્ટ (ચડ્ડી) પહેરે છે. જેથી કામમાં સરળતા રહે અને કપડાંનો બગાડ થાય તો પણ ચાલે. આ ખારવા જાતિનાં પુરૂષો માથે રૂમાલ બાંધે છે. ટોપી પહેરતા નથી અને કેટલાંક ખુલ્લા માથા રાખે છે. મોટી ઉંમરના લોકો માથે ટોપી પહેરે છે. યુવાનો ઉઘાડા માથા રાખે છે.

તેમની વસતિ શહેરોમાં હોવાથી શહેરીકરણ અને આધુનિકરણની અસર તેમના પહેરવેશમાં જોવા મળે છે. અન્ય સમાજના લોકોની જેમ તેઓ પણ આધુનિક ફેશનના કપડાં પહેરે છે તેઓ દરિયામાં સફર કરતાં હોવાથી પરદેશી કપડાંનો પણ સારો એવો ઉપયોગ કરે છે. પુરૂષો બુટ અને ચંપલ પહેરે છે. પુરૂષો હાથમાં ઘડિયાળ અને કેટલાંક ગળામાં સોનાની ચેઇન પહેરે છે.

દક્ષિણમાં વસતા માછીમારોનો પહેરવેશ પણ લગભગ સરખો જોવા મળે છે. ખાસ કરીને અહીંના લોકો ધોતી, ખમીસ અને માથે ટોપી પહેરે છે. જે પુરુષો ધોતી પહેરે છે તેને પોતડી આકાર બનાવી પહેરે છે, જેથી કામ કરતી વખતે અનુકૂળતા રહે છે. આ સિવાય તેમના પહેરવેશમાં ખાસ તફાવત જોવા મળતો નથી. અહીંના યુવાનો પણ આધુનિક ઢબના વસ્ત્રો પહેરે છે.

સ્ત્રીઓનો પહેરવેશ :

ખારવા જાતિઓમાં પણ સ્ત્રીઓના પોષાકમાં ભિન્નતા જોવા મળે છે. જે કોળી ખારવા જાતિની સ્ત્રીઓ છે તેમનો અને ખારવા જાતિની સ્ત્રીઓનો પહેરવેશમાં તફાવત પડે છે.

ખારવા જાતિની સ્ત્રીઓનો મુખ્ય પહેરવેશ ચોળી, સાડલા, ચણીયા અને ઉઘણા જોવા મળે છે. જ્યારે કોળી ખારવા જાતિની સ્ત્રીઓ કાળો કછોટો, ચોળી, ઉઘણા, સાડલા પહેરતી હોય છે. આમ ખારવા જાતિની સ્ત્રીઓ અને કોળી ખારવા જાતિની સ્ત્રીઓનો પહેરવેશ અલગ હોવાથી પહેરવેશ જોઇને પણ કઇ જાતિની ખારવા સ્ત્રીઓ છે તે જાણી શકાય છે. જે સૌરાષ્ટ્રમાં માઢવાડ અને કોટડા સિવાયના ગામોમાં ખારવા અને કોળી ખારવાઓનો પહેરવેશ અલગ તરી આવે છે. અને તેમાં ખાસ સ્ત્રીઓનો પોષાક અલગ જોવા મળે છે. આ સ્ત્રીઓ ચોળી અને કઢશે મારે છે જ્યારે બીજી જગ્યાએ ગુજરાતી સ્ત્રીઓને મળતો જ પોશાક પહેરતી જોવા મળે છે. કેટલીક સ્ત્રીઓ માથે ઓવણા ઓઢતી હોય છે. વેરાછળ, પોરબંદરની ખારવા સ્ત્રીઓ અન્ય ગુજરાતી સમાજની સ્ત્રીઓ જેવા જ કપડાં અપનાવ્યા છે. સ્ત્રીઓ પણ ચંપલ પહેરતી હોય છે.

દક્ષિણ ગુજરાતની ખારવા જાતિની સ્ત્રીઓનો પહેરવેશ જોઈએ તો એવો કછોટો મારે છે. ઘૂંટણ નીચેનો ભાગ ખુલ્લો રહે તેમ લુગડાનો અડધો ભાગ કછોટો વાળવામાં ઉપયોગ કરે છે અને અડધો ભાગ માથા પર નાખે છે. આ વસ્ત્રો રંગ બેરંગી જોવા મળે છે. તેમાં મોટા ભાગે કાળી પટ્ટીના અને પીળી લાઇનવાળા કપડાં વધારે પસંદ કરતા હોય એવું એમના પોશાક ઉપરથી કહી શકાય છે.

જે મોટી ઉંમરની સ્ત્રીઓ છે એતો સાડલો અને કપડું પહેરતી જોવા મળે છે. જ્યારે પંદરથી ૩૫ વર્ષની ઉંમરની સ્ત્રીઓ ચણીયો, સાડલુ અને કાપડનો ઉપયોગ કરે છે. કેટલીક સ્ત્રીઓ પર બીજી જાતિની અસરને લીધે આધુનિક જમાના પ્રમાણે સાડીનો ઉપયોગ કરે છે. કેટલીક યુવતી છોકરીઓ ટૂંકા સ્કર્ટ અને શર્ટ અથવા તો ચોરી પહેરે છે.

બાળકોનો પહેરવેશ :

ખારવા જાતિનાં બાળકોનો પહેરવેશ બીજી જાતિનાં બાળકો કરતાં અલગ ખાસ જોવા મળતો નથી. બાળકોનાં પહેરવેશમાં જે છોકરાઓ શર્ટ, ચડ્ડી અને લેંઘાનો ઉપયોગ કરે છે. જ્યારે નાની છોકરીઓ પોલકું, ફ્રોક, ચોરી વાપરે છે. દસ વર્ષની ઉપરની છોકરીઓ ઘાઘરી-પોલકુંનો ઉપયોગ કરે છે. કેટલીક છોકરીઓ જેમના લગ્ન ન થયા હોય એવી ઓઢણાનો ઉપયોગ કરતી હોય છે. આજે તેમના પહેરવેશમાં ખૂબ જ પરિવર્તન આવતું જાય છે. બાળકો ઉઘાડા પગે ફરતાં જોવા મળે છે.

ઘરેણાં :

આ સૌરાષ્ટ્ર વિસ્તારની ખારવા જાતિઓની સ્ત્રીઓ જે ઘરેણાં રાખે છે તે ખાસ કરીને સોના, ચાંદી જેવી કિંમતી ધાતુનાં વધારે જોવા મળે છે. જ્યારે રૂપા કે બીજી અન્ય ધાતુના ઓછા જોવા મળે છે.

ગળામાં :- મગળસૂત્ર, ચેઇન, દોરો (હાર)

કાનમાં :- કાપ, કડીઓ, વાઠીઓ, બુટ્ટીઓ
ઝૂલણીયા.

હાથમાં :- બગડીઓ (કાંચની, હાથી દાંતની) કડુ,
ચાપકો અને આંગળીમાં વીંટી પહેરે છે.
દક્ષિણની ખારવા સ્ત્રીઓ હાથમાં હાથી
દાંતની ચૂડીઓ આખો હાથ ભરીને પહેરે
છે.

પગમાં :- ઝાંઝર, કઠલા સાથે પગની આંગળીમાં વેઢ
પહેરે છે.
દક્ષિણમાં ખાસ કરીને સ્ત્રીઓ પગમાં ચાંદીના
ભારે ડોલ્લા પહેરે છે.

નાકમાં :- ચૂક, ચડી, નથની (સોના-ચાદીની) વાળી,

નાની વયની છોકરીઓ આજે જે બનાવટી ઘરેણાં નીકળેલાં તેનો ઉપયોગ વધારે કરે છે. જેમની આર્થિક પરિસ્થિતિ નબળી છે એવો આવા બનાવટી ઘરેણાંનો ઉપયોગ વધારે કરે છે. હાથમાં કાંચની બગડીઓ પણ પહેરે છે. દક્ષિણના ખારવાઓ પહેલા કાનમાં ઢોલીયા તથા કમરે કંદોરા પહેરતાં પરંતુ હાલમાં તેનું પ્રમાણ નહિવત છે. પુરૂષો આંગળીમાં વીંટી પહેરે છે.

<u>આનંદ પ્રમોદ :</u>

ખારવા સમાજ રાસ-ગરબા અને નૃ[illegible] પ્રસંગે એટલે કે નવરાત્રીના દિવસોએ ખૂબ [illegible] સાથે સાથે પુરૂષો ભજન-મંડળમાં બહુ[illegible] એવા પ્રકારનો હોવાથી વધુ સમ[illegible] પ્રવૃત્તિ વધારે ભાગ લઇ શક[illegible] પ્રવૃત્તિનો ખાસ વિકાસ થયેલો [illegible] જે સમય સાંજે પરવારી બહેનો રસ [illegible]

પુરુષો ભજન કીર્તન કરે. તેમાં ઢોલક, મંજીરા અને તંબુરો તે વાજીંત્રોનો ઉપયોગ કરે છે. ક્યારેક કથા વાર્તાઓ પણ ગોઠવે છે. વિદ્યાર્થી વર્ગ ક્રિકેટ જેવી રમતો રમી આનંદ માણે છે.

ખોરાક પીણાં :

ખારવાઓનો મુખ્ય ખોરાક માછલાં છે. તેમના દર-રોજના ખોરાકમાં માછલાંનો ઉપયોગ હોય છે જ. પહેલાં તેઓ ખોરાકમાં બાજરીના રોટલા માછલી, અડદની દાળ અને લાપસી વધુ ખાતાં. પહેલાં સારા પદ્ધતિથી માછલાં આપી અન્ય ચીજ વસ્તુઓ ખરીદ કરતાં રોકડ સ્વરૂપમાં ઓછી ખરીદી થતી હતી. તેઓ ભાત સાથે અને રોટલાં સાથે ખાય છે. તેઓ માછલાંને વિશિષ્ટ રીતે બનાવતાં હોય છે. તેઓ રસાવાળી માછલીનું શાક બનાવે છે અને રોટલા કે ભાત સાથે ખાય છે. બપોરના ભોજનમાં માછલાંને રોટલાં ખાય છે. માછલાં તળીને પણ ખાય છે. સુકી માછલી અને ડુંગરીનું શાક બનાવે છે. ખારવાઓ "માઇકુલાબ" બનાવે છે. જેવી રીતે મુસ્લિમ લોકો ભાતની સાથે મટન અથવા માછલી નાખીને મટન બિરયાની અને મચ્છી બિરયાની બનાવે છે તેવી જ રીતે ભાતમાં માછલાં સાથે મસાલા વગેરે ભેળવીને ખાય છે. માછી-મારો હોડીમાં માછલાં પકડવા જાય છે ત્યારે "બાકણાં" બનાવીને લઇ જાય છે. બાકણામાં માંછલાંના બાફીને તેમાં થોડો મસાલો નાખીને ભાત કે રોટલા સાથે ખાય છે. તેઓ મટન ભાગ્યે જ ખાય છે. શાક ભાજીનો વપરાશ પણ તેમના આહારમાં નહિવત છે.

દક્ષિણ ગુજરાતના માછીમારો પણ જુવારના રોટલા અને માછલાં ખાય છે. તેઓ પણ માછલાં અને ભાત ખાય છે. તેમના ખોરાકમાં પણ શાકભાજી અને માંસનું પ્રમાણ ઓછુ જોવા મળે છે.

શ્રાવણ માસમાં માછલાં ખાતાં નથી. કેટલાક ધાર્મિક વૃત્તિવાળા સોકવારે તેમજ અગિયારસના દિવસે પણ માછલાં ખાતાં નથી. માછલીઓ અનેક પ્રકારની આવતી હોય છે તેમાંથી અમુક પ્રકારની માછલીઓ જ ખાવામાં લે છે. કેટલીક માછલીઓ ઝેરી હોય છે તેનો વપરાશ કરતાં નથી.

તેઓ સવારમાં ચા તેમજ બપોરે પણ ચા પીએ છે. તેઓ દારૂના શોખીન છે. દારૂ ખૂબ જ પીએ છે. તેમનો ધંધો અને કામગીરી એવા પ્રકારની હોવાથી મદ્યપાન તેમને માટે જરૂરી છે. એવું તેઓ માને છે. પહેલાં પણ દારૂ ઘણાં જ પીતા હતા અને હાલમાં પણ યુવાનો તેમજ મોટાઓ દારૂ પીએ છે. સ્ત્રીઓ દારૂ પીતી નથી. તેમના વિસ્તારમાં કેટલાંક ખારવાઓ દારૂ ગાળવાનો ધંધો પણ કરે છે અને તેથી દારૂ ઘણાં જ પીએ છે. તાજેતરમાં માંગરોળ, પોરબંદર અને વેરાવળના યુવાનોએ આનો વિરોધ કર્યો છે અને તેમના જાતિ પંચ દ્વારા પણ મનાઇ કરમાવવામાં આવી છે. આથી નવી પેઢીના યુવાનો દારૂથી કંઇક અંશે દૂર રહ્યાં છે. પણ તેનું પ્રમાણ ઓછું જોવા મળે છે. દારૂની બૂરી આદતને કારણે ઘણાં ખારવાઓ આર્થિક રીતે પણ પાયમાલ થઇ ગયાં છે. કમાણીનો મોટોભાગ દારૂ પાછળ ખર્ચી નાખતાં હોય છે. આમ દારૂની બદી તેમનામાં વર્ષોની ઘર કરી ગઇ છે. તે સામાજિક શિક્ષણ દ્વારા જ દૂર કરી શકાય.[1]

XXXXXX
XXXX
XX
X

# પ્રકરણ – ૪

## ખારવાઓની આર્થિક સંરચના

સૌરાષ્ટ્રના દરિયાકાંઠા પર વસતાં ખારવાઓનું આર્થિકજીવન જુદા જુદા ધંધાઓ પર આધારિત છે. આજે તેમનો મુખ્ય ધંધો મચ્છીમારીનો (ફીશીંગ) છે. અન્ય ગૌણ ધંધાઓમાં મજૂરી, વેપાર, ખલાસી તરીકે નોકરી, ખેતી તેમજ કારખાનાઓમાં નોકરી વગેરે છે. નવરાશના સમયમાં જાળ બનાવવી, જાળનું રીપેરીંગ કામ કરવું, વહાણોનું સમારકામ વગેરે પણ તેમની પ્રવૃત્તિ છે. તેઓ મોટેભાગે દરિયાખેડૂ છે, મરજીવા છે, માછલાં પકડે છે, સ્વય વપરાશ પણ કરે છે અને બજારમાં વેચી તેમાંથી જીવનનિર્વાહ કરે છે.

પહેલાં ખારવાઓનો મુખ્ય ધંધો વહાણવટુનો હતો. તેઓમાંથી લગભગ બધા દરિયાખેડૂ હતાં. ખાસ કરીને તેઓ હિંદુસ્તાનના બંદરોની સફર કરતા હતાં. એ લોકો કવચિત આફ્રિકા તરફ પણ જતા. બ્રિટીશ રાજ્યના સમયમાં તેઓ હિંદુસ્તાનના બંદર પર સફર કરતાં હતાં. દૂરના સંસ્થાનોમાં જતાં નહોતાં. દીવમાં રહેતાં ખારવાઓ મોમ્બાસા, ઝાંઝીબાર પણ જતાં. તેમાંનો કેટલોક વર્ગ વહાણો બનાવવામાં પણ નિપૂણ અને કાબેલિયત ધરાવતો હતો. આથી કેટલાંક વહાણો બનાવવા માટે આફ્રિકામાં જઈને વસતાં હતાં. અને ત્યાં જ ધંધો કરતા હતાં. સંજોગોવશાત દેશમાં પાછા આવતા અને ફરી આફ્રિકા ચાલ્યા જતા હતાં. તેઓ પરપૂર્વથી વહાણો બાંધવામાં નિપૂણ હતાં. તેની નોંધ ઇતિહાસકારો પણ લઇ ચૂકયાં છે. ખાસ કરીને કચ્છ–માંડવીના ખારવાઓ વહાણવટામાં ઘણાં કાબેલ હતાં. ઇતિહાસકારો પણ તેમના મુકતકંઠે વખાણ કરે છે. કચ્છ–માંડવીનો ખારવો દેશ પરદેશમાં "માલમ" તરીકે ઓળખાતો હતો. તેઓ આફ્રિકા સુધી કાયમ વહાણો ખેડતાં હતાં. તેમાનાં કેટલાંક કોલંબો અને માલદીપબેટ સુધી પણ જતો હતો. માત્ર જૂજ લોકો હિંદના બંદરોની સફર કરતાં. જયારે જગતનું

વહાણવટું ઓળખાતું હતું ત્યારે પણ તેની અગાઉ ખારવા સમાજના પૂર્વજો આફ્રિકા અને એવા કંઈક અંધારાને અગોચર પ્રદેશોને ખુંદી વળી આપણા દેશની શાન વધારી હતી. વીર ખલાસી કાનજી માલમ જેણે વાસ્કોડીગામાને હિંદની ધરતી પર નોતર્યો હતો અને જળમાર્ગનો ભોમિયો બનાવ્યો હતો અને પ્રથમવાર પરદેશીઓને હિંદના કિનારે લાવ્યો હતો તે પણ કચ્છ માંડવીનો જ ખારવો હતો. તેમજ પરદેશથી કાચનો ઉદ્યોગ શીખી હિંદુસ્તાનમાં તેનો ફેલાવો કરનાર રામસિંહ માલમ પણ કચ્છ માંડવીનો હતો. આમ જળમાર્ગ ખેડવામાં કચ્છ-માંડવીના ખારવાઓ ઘણાં કાબેલ હતા અને અન્ય વિસ્તારમાં વસતાં ખારવાઓને વહાણની વિધિ શીખવાડવાનું માન પણ અહીંના ખારવાઓને જાય છે.

ગુજરાતના દરિયાકાંઠાનો વિસ્તાર ૧૬૬૩ કિલો-મીટર જેટલો છે. ભારતના પ્રાચીન ઇતિહાસમાં ગુજરાતના અનેક બંદરોના યશગાન વાંચવામાં આવ્યાં છે. તેમાં પણ સ્તંભતીર્થ નામથી ઓળખાતું ખંભાત, સુવાલિયા નામે ઉલ્લેખાયેલું સૂરત, ભૃગુકચ્છના નામનો નિર્દેશ પામતું ભરૂચ, ઘોઘા, માંગરોળ દ્વારકા, પોરબંદર, વેરાવળ, જોડિયા ઇત્યાદિ ગુજરાતનાં બંદરોનો ઉલ્લેખ પ્રાચીન ઇતિહાસમાં જોવા મળે છે: લોથલ આગળ ખોદકામ કરતાં મળી આવેલાં હડપ્પા સંસ્કૃતિના અવશેષોમાં ખાસ ધ્યાન ખેંચે તેવી તેની ગોદી પ્રાચીન ગુજરાતની દરિયાઈ પ્રવૃત્તિની યાદ આપે છે. આમ પરાપૂર્વથી ગુજરાતના દરિયાકાંઠાનાં લોકો સાગર ખેડતા આવ્યા છે. ગુજરાતી સાહિત્યમાં પણ દેવા ધાંધળ, દરિયાલાલ વગેરે પુસ્તકો સાગર ખેડૂની જિંદગીનું ચિત્ર રજૂ કરે છે. આજેય ગુજરાતના કેટલાયે મરજીવા ખલાસીઓ માછલી પકડવા દરિયામાં દૂર દૂર સુધી જાય છે. આ દૂર દૂર સુધી દરિયામાં માછલી પકડનારાઓ ખારવાઓ છે.

ગુજરાતના દરિયાકાંઠા મત્સ્યઉદ્યોગની પ્રવૃત્તિથી ધમધમી ઊઠયો છે. કોટ મત્સ્ય ઉદ્યોગ કેન્દ્રથી શરૂ કરીને છેક જૂનાગઢ જિલ્લાના પોરબંદર તાલુકાના મિયાણા મત્સ્ય-

કેન્દ્રનો વિસ્તાર એ મચ્છીમારીના લોકોનો વસવાટનો વિસ્તાર છે. અહીં વસતાં મુખ્યત્વે ખારવા, કોળી ખારવા, ધોધલીયા ખારવા અને મછીમારીનો મુખ્ય ધંધો મચ્છીમારીનો છે. આમ આ વિસ્તારમાં વસતા ખારવાઓનો મુખ્ય ધંધો મચ્છીમારીનો છે.

ખારવા સમાજ બાર ગામોમાં વસે છે. આ બારેય ગામોમાં તેઓ જુદી જુદી આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલા જોવા મળે છે. મોટાભાગના ખારવાઓનો મુખ્ય ધંધો મચ્છીમારીનો છે. કેટલાંક વહાણવટુનો ધંધો કરે છે. તેઓ વહાણો દ્વારા માલસામાન પરદેશ લઇ જાય છે અને પરદેશથી માલ-સામાન ભરી દેશમાં લાવે છે. તેઓ ખાસ કરીને આપણા દેશોમાં માલ પહોંચાડવાનું કામ કરે છે. પોરબંદર અને વેરાવળમાં વસતા ખારવાઓ મચ્છીમારી ઉપરાંત વેપાર ધંધામાં રોકા-યેલા જોવા મળે છે. વેરાવળમાં શિક્ષણનું પ્રમાણ વિશેષ હોવાથી ત્યાંના ઘણા લોકો સરકારી નોકરીઓમાં પણ જોવા મળે છે. પોરબંદરના સુભાષનગરમાં વસતા ખારવાઓ વેપાર-ધંધામાં હોશિયાર છે. તેથી તેઓ સારી એવી સંખ્યામાં હોટલો અને પાનના ધંધામાં રોકાયેલા છે. કેટલાંક ફેકટરી અને કારખાના-ઓમાં મજૂરી કરે છે. માઢવાડ અને સૂત્રાપાડામાં વસતા ખારવાઓ દીવ અને વણાકવારાથી હિજરત કરીને આવ્યા છે. તેમનો મુખ્ય ધંધો મચ્છીમારી છે. આ સિવાય તેમાના કેટલાકની પાસે ખેતીની જમીન છે તેથી ખેતી કરે છે. પરંતુ ખેતી કરનારાઓની સંખ્યા નજીવી છે. આ સિવાય ઓખામંડળના કેટલાંક ગામોમાં વસતા ખારવાઓ પણ ખેતીની જમીન ધરાવે છે અને તેમની ખેતી સારી છે. તેમની પાસે કૂવાની સગવડ હોવાથી મચ્છી વગરે પકડે છે. આ સિવાય ઓખામંડળમાં વસતા કેટલાંક ખારવાઓ એ.સી.સી. સિમેન્ટ ફેકટરી તેમજ મીઠાપુરના તાતા કેમીકલ્સના કારખાનામાં નોકરી કરે છે. જામનગરમાં વસતા ખારવાઓ માછીમારીના ધંધામાં રોકાયેલા નથી. અહીં વસતા ખારવાઓ પહેલા વહાણવટુ પણ ખેડતા નહોતા. અહીંનો સમાજ મજૂરી કરી પોતાનું જીવન વ્યતિત

કરે છે. માંગરોળમાં વસતા ખારવાઓનો પણ મુખ્ય ધંધો મચ્છીમારીનો છે. મુંબઇમાં વસતા ખારવાઓ મૂળ xxxx માંગરોળના નિવાસી છે. માંગરોળથી કેટલાક ખારવાઓ ધંધાર્થે મુંબઇ ગયા અને ત્યાં ફાવી જવાથી મુંબઇને પોતાનું કાયમનું કર્યું. કામ પ્રસંગે તેઓ માંગ/રોળ અવારનવાર આવે જાય છે. પરંતુ તેમનો ધંધો વેપાર મુંબઇમાં જ ચાલે છે. પાછળથી વેરાવળના કેટલાક ખારવાઓએ પણ મુંબઇમાં વસવા માંડયું હતું જયાં તેઓ ધંધા-ઉદ્યોગમાં જોડાયા હતાં. મુંબઇ બંદર હોવા છતાં અહીં વસતાં સ્થાનિક ખારવાઓ વહાણવટામાં કે માછીમારીના ધંધામાં પડેલા નથી. મુંબઇમાં વસતા મોટાભાગના ખારવાઓ ગોદીમાં કામકાજ કરે છે. કેટલાક ગોદીમાં મુકાદમોની પદવી ઉપર છે. આ સિવાય કેટલાક ફૂલના ધંધામાં છે. ગોદીની જેમ અહીં વસતા ખારવાઓનો મોટો વર્ગ સેનીનના કામમાં પરોવાયેલા છે. સોફાસેટ, આરામ ખુરશી વગેરેનું સેનીન કામ કરવામાં ઘણાં કુશળ છે. તેઓ આ ધંધામાં અહીં ઘણા આગળ વધેલા છે.

દક્ષિણ ગુજરાતમાં વસતા xxxxxx ખારવાઓ (ટંડેલ) લોકોનો મુખ્ય ધંધો મચ્છીમારીનો છે. આ સિવાય તેઓ માછલીના વેપારમાં, દરજીકામ, મોટર ડ્રાઇવીંગ તેમજ છૂટક મજૂરીના કામમાં રોકાયેલાં છે. પહેલાં જેમ તેમનો માત્ર એક જ ધંધો વહાણવટુનો હતો તેવું રહ્યું નથી. તેઓ મચ્છીમારીની સાથે જુદાજુદા ધંધાના ક્ષેત્રમાં આગળ વધતાં જાય છે. આમ તેમનો જીવન નિર્વાહનો આધાર અનેક આર્થિક પ્રવૃત્તિ પર અવલંબે છે. દક્ષિણ ગુજરાતમાં વસતા માછીમારો સૌરાષ્ટ્ર ની સરખામણીએ દરિયા કિનારો લાંબો નહિ હોવાને કારણે મોટાભાગના માછીમારો પોરબંદર, વેરાવળ, પોરતાડ, સૂત્રાપાડા, દ્વારકા વગેરે માછીમારી માટે આવે છે; તેઓ મોટેભાગે સૌરાષ્ટ્ર કાંઠાના દરિયા કિનારા પર જ માછીમારી કરવા આવતા હોય છે.

ખારવા જ્ઞાતિ યુગયુગની સાગરને દરિયાલાલના પ્યારા નામ તરીકે પૂજે છે. પૂજતા આવ્યા છે. દાયકાઓથી ખારવાઓ દરિયો ખેડે છે, ડુબે છે - મરે છે, જીવે છે છતાં પણ દરિયાનું ઘેન એનો વલોપાત કરતો અવાજ ઘેનો નશો ખારવા કે તેમના વારસોને છોડતો નથી અને છોડવાનો પણ નથી ખારવા જાતિના અભ્યાસ માટે હું સંશોધક તરીકે તેમના જીવનના સામાજિક-આર્થિક પાસાંઓને ઉલેચવા ગયો હતો ત્યારે આ દરિયાખેડૂ પ્રજાને ગુજરાતના જુદા જુદા બંદરો પર જે આર્થિક પ્રવૃત્તિમાં ઓતપ્રોત જોઇ હતી અને તેમની પ્રવૃત્તિઓ ધબધબતું સમગ્ર બંદરનું ચિત્ર મારી નજરે નિહાળવું ત્યારે ખરેખરહું આભો જ બની ગયો હતો બંદરનું દૃશ્ય ખરેખર અદ્ભૂત હતું. મેં સંશોધન તરીકે અનેક બંદરોની મુલાકાત લીધી હતી. બંદર પર અનેક નાની મોટી હોડીઓ પડેલી જોવા મળી હતી અને હોડી પર રંગબેરંગી ધજા ફરકતી હતી. કોઇની પર લાલ, લીલી, કેસરી, વાદળી કે કોઇની પર રાષ્ટ્રધ્વજ ફરકતો હતો. કેટલીક હોડી સઢવાળી તો કેટલીક એંજીનવાળી ટ્રોલર બોટ નજરે પડતી હતી. હોડીઓની પાસે અનેક દરિયાખેડૂ ખારવાઓ ઉભાં હતાં. કેટલાંક હોડીઓ સાફ સૂફ કરતાં નજરે પડતાં હતાં. કેટલાંક હોડી હોડકાઓના પાટિયાં પર ખીલા મારતાં નજરે પડતાં હતાં. પાંચ દસ કિલોમીટર દૂર દૂરથી માછલીઓની છલોછલ ભરાઇ આવતાં કંઇક હોડકાં, હોડકી દરિયાકિનારે નાંગરતાં જોવા મળયાં. આ જોઇ એમ લાગતું હતું કે માછલીઓનો આટ[...] વિપુલ જથ્થો જમીન પર લાવવામાં ન આવે તો લાંબે ગાળ[...] માછલીઓથી છલકાઇ જાય અને સમુદ્ર માછલીઓથી ઉભ[...] કેટલાંક લોકો નવી જાળ ગૂંથતા કેટલાંક જાળનું સ[...] હતાં. નાનાં છોકરાઓ પણ જાળ ગૂંથવામાં પ[...] સ્ત્રીઓ માછલાંથી છલોછલ ભરાઇ ગયેલ હો[...] [...]માં ખાલી કરીને ટોપલાં ભરીને લઇ જતી [...] માથે પીવાના પાણીના બેડાઓ લ[...] કેટલાંક માણસો હોડીમાં જુદી [...] જાય પાડતાં અને ખાનગી દાલમની ર[...] [...]ની જ્યારે કેટલાંક માછલીઓ વેચાણ મ[...] [...] કપાઇ મંડળીની રાપટી પર લઇ જતાં હતાં. [...] ગેરી

તેમના નિવાસ આગળ વડી પાપડની જેમ માછલીઓની સૂકવણી, ધોળી દોરી પર કપડાં સૂકવતાં તેમ માછલાંઓના તોરણો ટંગાતા જોયા, જ્યાં ત્યાં માછલીઓના અંગ-ઉપાંગો, ગંદવાડ, કોઇ સ્થળે માછલીઓ ચિરાતી, તો કોઇ સ્થળે માછલી રંધાતી નિહાળવા મળી. વેપારીઓના દલાલોની રાપટીઓની મુલાકાત લેતા ખાગડો, ગોલ, ગેદડો, અડદિયો, XXX કાંટી, કડર, ચાકસી, છાપરી, ટીમડી, પાપલેટ, પાલવને, પાલવી, બુડ, સંગ, સોળ વગેરે અનેક પ્રકારની માછલીઓ બરફના ટુકડાઓ વચ્ચે સંગ્રહાયેલો જોવા મળે છે. ઉપર જણાવેલ આબેહૂબ દ્રશ્ય આપણે ગમે તે બંદરે પછી તે પોરબંદર, દ્વારકા, સૂત્રાપાડા, હીરાકોટ, ~~કે~~ વેરાવળ, સલાયા કે બેડીનું હોય ત્યાં નિહાળી શકીએ છીએ.

ખારવાઓનો વસવાટ સૌરાષ્ટ્ર કાંઠાના દરિયા કિનારે પર વધુ હોય અને દક્ષિણ ગુજરાતના ખારવાઓ કે જેઓ માછીમાર (ટંડેલ) તરીકે ઓળખાય છે તેમનો વસવાટ ભરૂચ, વલસાડ અને સૂરત જિલ્લામાં આવેલાં બંદરો પર છે. આ અભ્યાસમાં સૌરાષ્ટ્રમાં વસતાં ખારવાઓમાંથી ૨૦૦ કુટુંબો અને દક્ષિણ ગુજરાતમાંથી ૧૦૦ કુટુંબોની પસંદગી કરી માહિતી એકત્ર કરવામાં આવી હતી. પસંદ કરેલ વિસ્તારમાંથી નમૂના કુટુંબોનું વ્યવસાયિક, વર્ગીકરણ કોઠા - ૪:૧ અને ૪:૨ માં આપવામાં આવ્યુ છે.

## કોઠો – ૪:૧

નમૂનાના મારવા કુટુંબોનું ધંધા પ્રમાણે વર્ગીકરણ : (કૌંસમાં જણાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવે છે.)

| ક્રમ નં. | બંદરનું નામ | મચ્છીમાર | છૂટક મજૂરી | નોકરી | વેપાર-ધંધો | ખલાસી | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | માંગરોળ | ૪૭ (૩૧.૯૭) | ૧ (૫.૦૦) | -- | ૧ (૩૩.૩૩) | ૧ (૧૦.૦૦) | ૫૦ (૨૫.૦) |
| ૨. | પોરબંદર | ૩ (૨.૦૪) | ૧૦ (૫૦.૦૦) | ૭ (૩૫.૦૦) | ૧ (૩૩.૩૩) | ૪ (૪૦.૦૦) | ૨૫ (૧૨.૫) |
| ૩. | સુભાષનગર | ૧૭ (૧૧.૫૬) | ૫ (૨૫.૦૦) | ૩ (૧૫.૦૦) | -- | -- | ૨૫ (૧૨.૫) |
| ૪. | વેરાવળ | ૮ (૫.૪૪) | ૪ (૨૦.૦૦) | ૮ (૪૦.૦૦) | ૧ (૩૩.૩૪) | ૪ (૪૦.૦૦) | ૨૫ (૧૨.૫) |
| ૫. | સૂત્રાપાડા | ૨૩ (૧૫.૬૫) | -- | ૨ (૧૦.૦૦) | -- | -- | ૨૫ (૧૨.૫) |
| ૬. | માઢવાડ | ૩૯ (૨૬.૫૩) | -- | -- | -- | ૧ (૧૦.૦૦) | ૪૦ (૨૦.૦) |
| ૭. | કોટડા | ૧૦ (૬.૮૧) | -- | -- | -- | -- | ૧૦ (૫.૦) |

## કોઠો - ૪:૨

નમૂનાના કુટુંબોનું ધંધા પ્રમાણે વર્ગીકરણ: (દ.ગુ.)

| ક્રમ | ગામનું નામ | માછીમાર | નોકરી | છૂટક મજૂરી | વેપાર | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | કૃષ્ણપુર (કકરાં) | ૧૦ (૪૦.૦) | ૧૧ (૪૪.૦) | ૧ (૪.૦) | ૩ (૧૨.૦) | ૨૫(૨ (૧૦૦.૦) |
| ૨. | કોસંબા | ૧૭ (૬૮.૦) | ૫ (૨૦.૦) | ૩ (૧૨.૦) | – | ૨૫(૨ (૧૦૦.૦) |
| ૩. | કોલક | ૧૦ (૪૦.૦) | ૧૨ (૪૮.૦) | ૪ (૧૬.૦) | – | ૨૫(૨ (૧૦૦.૦ |
| ૪. | કલસા | ૨૦ (૮૦.૦) | ૫ (૨૦.૦) | – | – | ૨૫(૨ (૧૦૦.૦ |
| | કુલ... | ૫૭ (૫૭.૦) | ૩૨ (૩૨.૦) | ૮ (૮.૦) | ૩ (૩.૦) | ૧૦૦ (૧૦૦.૦ |

નોંધ:- કૌંસમાં દર્શાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.

<u>વહાણવટું :</u>

ખારવાઓનો પહેલાં મુખ્ય ધંધો વહાણવટુનો હતો. આજે પણ જૂજ સંખ્યામાં વહાણવટુનો ધંધો કરે છે. ૧૯૫૬ સુધી વહાણવટુનો ધંધો ટકતો ચાલતો હતો. ૧૯૫૬ પછી વહાણવટું ઓછું થઇ ગયું. વાવાઝોડામાં પણાં વહાણો ડૂબી ગયા જેથી ઘણું મોટું નુકસાન થયું અને વહાણવટાનો ધંધો પડી ભાંગ્યો. આજે જૂજ જ ખારવાઓ વહાણો ધરાવે છે અને વહાણવટુનો ધંધો કરે છે. જેમની પાસે વહાણો છે તેઓની પાસે ૧૦૦ થી ૩૦૦ ટનના વહાણો છે. આથી વધુ .. મોટા વજનવાળા વહાણો કોઇની પાસે નથી.

વહાણવટુનો ધંધો કરનાર અહીંથી કાલીકટ, મુંબઇ, દુબઇ, બહેરીન, મસકત અને અન્ય ગલ્ફના દેશોમાં માલ-સામાન લઇને જાય છે. ખાસ કરીને દેશના વેપારીઓને માલ-સામાન પરદેશમાં લઇ જાય છે અને ત્યાંથી પણ માલસામાન લાવે છે. માલસામાન લઇ જવા માટે ટનદીઠ ભાડું નક્કી કરવામાં આવે છે. જે બંદર પર સહેલાઇથી માલ ઉતરી શકતો હોય ત્યાં ભાડું ઓછું લેવામાં આવે છે. આમ અનુકુળ બંદરનો ભાવ ઓછો હોય છે. સાથોસાથ માલ લઇ જતી વખતે વેપારીનો ગરજ પણ મહત્વનો ભાગ ભજવે છે. વહાણવટુનો ધંધો સપ્ટેમ્બરથી મે મહિના સુધી ચાલે છે. સામાન્યરીતે વહાણમાં નીચે જણાવેલ વ્યકિતઓનો સમાવેશ થાય છે.

| | | |
|---|---|---|
| ૧. | માલમ - ૧ | રૂા.૪૦૦૦/- |
| ૨. | ટંડેલ - ૧ | રૂા.૩૦૦૦/- |
| ૩. | સુકાની- ૨ | રૂા.૨૨૦૦/થી ૨૫૦૦/- |
| ૪. | ખલાસી/ ૪ વેકાળુ | રૂા.૨૦૦૦/- સુધી |
| ૫. | ભંડારી- ૧ | રૂા.૨૨૦૦/- સુધી |
| ૬. | ઓઇલમેન - ૧ | રૂા.૧૫૦૦/- |
| ૭. | ડ્રાઇવર - ૧ | રૂા.૧૫૦૦/- |

ઉપર જણાવેલ વ્યક્તિઓને ૯ મહિનાનો પગાર આપવામાં આવે છે. ટંડેલ અને માલમનો પગાર સૌથી વધુ હોય છે. માલમ દરિયાનો ભોમિયો કહેવાય જે દિશાસૂચન કરે છે. સુકાની ટંડેલ અને માલમથી ઉતરતી કક્ષામાં આવે બેકાળુ પલાસી એનાથી ઉતરતી કક્ષામાં ગણાય. ભંડારીને પગાર સુકાની જેટલો જ આપવામાં આવે છે. વહાણના એક વર્ષમાં ઓછામાં ઓછા ત્રણ ફેરા થાય છે. સામાન્ય રીતે વહાણનો માલિક સાથે જતો નથી. કોઇક વખતે જ સાથે જાય છે. વહાણો રોકેલ માણસોના વિશ્વાસ પર જ જાય છે. આયાત-નિકાસના માલ માટે દલાલોની સેવા લેવામાં આવે છે. અને તેમને ૨ ટકા દલાલી ચૂકવવામાં આવે છે. પરદેશમાં દલાલોનો દર વધુ હોય છે. વહાણવટાનો ધંધો ઘણા જ ઓછા માણસો કરે છે. નાણાભીડને કારણે વહાણવટુનો ધંધો કરવાનું પાલવતું નથી. વહાણવટુને લીધે પહેલા માછીમારી વેપારી ધોરણે કરતા નહોતા પરંતુ વહાણવટુ ઓછું થયા પછી માછીમારીનો ધંધો વેપારી ધોરણે કરવા લાગ્યાં. આજે તો ખારવો મુખ્યત્વે માછીમારીના ધંધા પર જ પોતાનું જીવન ગુજારે છે.

## માછીમારી :

ભારતના દરિયાકાંઠાના રાજ્યોમાં ગુજરાત કચ્છ-જિલ્લાના લખપતથી માંડીને વલસાડ જિલ્લાના ઉમરગાંવ સુધીનો ૧,૬૬૩ કિલોમીટરનો વિસ્તાર સૌથી લાંબો દરિયા-કાંઠો ધરાવે છે. ભારતના લગભગ XXXX ૪૮૦૦ કિલોમીટરના દરિયાકાંઠાનો આ લગભગ ૧/૩ ભાગ છે. આમ ગુજરાતનો દરિયાકાંઠો મચ્છીમારીના ઉદ્યોગ માટે વધુ વિસ્તાર પૂરો પાડે છે. એમાંયે સૌરાષ્ટ્રનો દરિયાકિનારો ભારતના પશ્ચિમના દરિયાકાંઠા પર માછીમારીનો સૌથી વધુ સમૃધ્ધ વિસ્તાર પૂરો પાડે છે.

આપણા દરિયામાં પોમ્ફ્રેટ, બોમ્બેડક, ભારતીય સાલ્મન, હિલ્સા ગોલદરા જેવી માછલીઓની સૌથી અગત્યની જાતો અને પ્રોન, શ્રીમ્પ, લોબસ્ટર જેવાં કાચબા ઉપલબ્ધ છે. આપણા દરિયામાં અનેક પ્રકારની માછલીઓ મળે છે. જે

વાણિજ્ય રીતે ઘણું મહત્વ છે.

ખારવાઓનો મુખ્ય ધંધો માછીમારીનો છે. તેઓ દરીયામાં ઊંડાણમાં માછલા પકડવા જાય છે. માછલા પકડવાની ઋતુ લગભગ ઓકટોબર માસમાં શરૂ થાય છે. અને એપ્રિલ માસમાં પૂરી થાય છે. કેટલાક માછીમારો યાંત્રિક હોડીઓનો અને કેટલાક બીનયાંત્રીક હોડીનો ઉપયોગ કરે છે. માછલા પકડવાનો આધાર ( ) એ ઋતુ પર, હવામાન, પાણીના પ્રવાહ અને માછલાની જાત પર પણ રહે છે. અમૂક પ્રકારની માછલીઓ ઋતુ પ્રમાણે પાણીની જુદી જુદી ઊંડાઇમાં મળી આવે છે. તેઓ કિનારેથી પાંચ-છ માઇલના અંતરે જઇ દરિયામાંથી માછલા પકડે છે. દરિયામાં માછીમારી સામાન્ય રીતે માત્ર ૨૫ ફેધમ અને કેટલાંક વિસ્તારમાં ૪૦ ફેધમ સુધીના દરિયા કિનારા સુધી સીમિત હોય છે.

જુદા જુદા પ્રકારની હોડીઓમાં, ઋતુ પ્રમાણે માછલા પકડવાની જુદી જુદી જાળો વપરાય છે. માછલાની હીલચાલ પાણીના પ્રવાહ ને અને પાણીના રંગને બદલે છે, ત્યારે માછીમારો પાણીના રંગ પરથી કયા પ્રકારની માછલી કયાં હશે તેનુ અનુમાન કરીને માછલા પકડે છે. પાણીનો રંગ લીલો, કાળો, લાલ અને ભૂરા જેવો થાય છે. શિયાળાની ઋતુમાં પોમ્ફ્રેટ્સ અને બીજી મુખ્ય જાતની માછલીઓ સપાટીનુ ઉષ્ણતામાન નીચુ હોવાને લીધે, નીચા ભાગમાં રહે છે. સપ્ટેમ્બરથી નવેમ્બર અને એપ્રિલ થી જૂનમાં પાણીની સપાટીનુ ઉષ્ણતામાન ઊંચુ હોવાને લીધે, કાળી પોમ્ફ્રેટસ, યાલા અને ચકસી માછલીઓ સપાટી પર આવે છે. શિયાળામાં તળીયે માછલા પકડવા માટે ચતુષ્કોણ ખૂણાવાળી ( ) ગીલ જાળીનો ઉપયોગ કરે છે. જ્યારે ઉનાળાની અંદર સપાટ જાળોનો ઉપયોગ કરે છે.

મોટે ભાગે માછીમારો એક [illegible] લકડી હોડીનો ઉપયોગ કરે છે. હોડીમાં ત્રણથી ચાર માણસો જાય છે.




માછલી પકડવા જતા

.પડે છે. કારણકે માછલીની ઘણી જાતોને લીધે આંગળી કપાઇ
XX જવાનો ભય રહે છે. અને કેટલીક વખતે આવોઘા ઝેરી

તેઓ મોટે ભાગે અર્ધ રાત્રિએ માછલા પકડવા માટે જાય છે. તેઓ તેમની સાથે ૨૫ થી ૩૦ જાળો, ત્રણ ચાર કેરોસીનના દીવા પેટ્રોમેકસ, પીવાના પાણીનો ઘડો અને ટીફીન લઇ જાય છે. તેમની સાથે તેઓ કેરોસીનનો સ્ટવ અને ડીઝલ ઓઇલ પણ રાખે છે. યાંત્રિક હોડીમાં ૪ થી ૫ હોર્સપાવરનું એન્જીન ગોઠવેલું હોય છે. યાંત્રિક હોડીમાં મુશ્કેલીમાં કામમાં લાગે તે માટે તેઓ વહાણનો ડોલ અને હલેસાં પણ સાથે રાખે છે. જ્યારે શિયાળામાં પશ્ચિમના પવનો ફૂંકાય છે ત્યારે માછીમારો સીલ્વર પોમ્ફ્રેટસ વધુ પ્રમાણમાં આવશે તેવી આશા સેવે છે. બિન યાંત્રિક હોડીઓવાળા ૪ થી ૭ દરિયાઇ માઇલ અને યાંત્રિક હોડીઓ ૧૦ થી ૧૫ દરિયાઇ માઇલ પૂર માછી મારવા જાય છે. તેઓ પહેલા પ્રવાહનો વેગ પોતાની હોડીને પ્રવાહમાં તણાવા દઇ તપાસે છે. અને પછી બેટરીની મદદથી પાણીના રંગને તપાસે છે, અને તેમને જ્યારે લાગે છે કે રંગ બરાબર છે ત્યારે તેઓ હોડીને રોકીને જાળ ફેંકે છે. ભરતીના સમયે પ્રવાહની વિરુધ્ધ દિશામાં તેઓ જાળ ફેંકે છે. તળીયેથી માછલાં પકડવા માટે તેઓ નાયલોન ગીલ જાળીનો ઉપયોગ કરે છે. એક પછી એક જાળો નાખતા જાય છે. પહેલી જાળ પર લાકડાની પટ્ટી પર કેરોસીનનો દિવો ભરાવે છે. જેથી કરીને બીજી હોડીવાળા જાણી શકે કે અહીં માછલા પકડાઇ રહયાં છે. સીધી લાઇનમાં અનેક દોરડાઓ બાંધી દેવામાં આવે છે. સવાર પડતાં માછીમાર દીવો બંધ કરી દે છે. જાળીઓ સમય અનુસાર તપાસવામાં આવે છે. કે એ યોગ્ય સ્થળે છે કે નહીં. સવારે ૧૧ વાગે તેઓ પોતાનું ભોજન લઇ એક પછી એક જાળો બહાર કાઢે છે. દરેક જાળ ભારે હોવાને લીધે એકથી વધુ માણસો જોઇએ છે. જાળમાંથી માછલીઓ હોડીમાં ઠાલવવામાં આવે છે. મોટાભાગની માછલીઓ જાળીમાં જ મરી ગઇ હોય છે અને કેટલીક હોડીમાં કાઢયા બાદ મરી જાય છે. હોડીને કિનારે લાવીને મૂકી દેવામાં આવે છે. ત્યાર બાદ માછીમારો પોતાના ઘેર જાય છે. જાળમાંથી માછલા કાઢતી વખતે ઘણી કાળજી રાખવી પડે છે. કારણકે માછલીની ઘણી જાતોને લીધે આંગળી કપાઇ જવાનો ભય રહે છે. અને કેટલીક વખતે આવોધા ઝેરી

પૂરવાર થાય છે. બપોરના ૧૨ થી ૧ વાગ્યાના સુમારે માછીમાર કિનારે પહોંચે છે અને જે માછલીઓ પકડી હોય છે, તે બધી માછલીઓને વેપારીના દલાલની રાપટી પર વેચી દે છે. સ્ત્રીઓ અને બાળકો હોડી દરિયા કિનારા પર આવતી દેખાય છે ત્યારે બૂમો પાડે છે. અને આવકારે છે. કેટલાંક લોકો સહકારી મંડળીને માછલા વેચી દે છે. કંપનીનો ટેલી કલાર્ક માછલા લઈ અને એની લોગબુકમાં માછીમારનું નામ નોંધી લે છે. પછી જાળ હોડીમાંથી કાઢી લેવામાં આવે છે અને ચોકખા પાણીમાં ધોઈ નાખવામાં આવે છે.

કેટલાક એજન્ટો મુખ્ય જાતની માછલીઓ ટ્રક દ્વારા બોમ્બે મોકલી આપે છે. અને હારી જાતની માછલીઓ જેવી કે ગવરા, ટીમરી, ભગરા, કાંઘર અને મઘરાને ટૂકડા કરીને મીઠામાં સૂકવવામાં આવે છે. મોટા ભાગની માછલીઓને લાકડાં પર દોરડા બાંધીને સૂર્યના તાપમાં સૂકવવામાં આવે છે. બે એક દિવસ પછી આ બધી માછલીઓ લઈ લેવામાં આવે છે. અને પેક કરીને બજારમાં મોકલવામાં આવે છે.

મોટાભાગના માછીમારો પોતાના કુટુંબના સભ્યોને જ લઈ જતા હોય છે. જેમની પાસે હોડી નથી હોતી તેઓ ખલાસીની નોકરી કરે છે. ખલાસી તરીકે નોકરી કરનારને વાર્ષિક ૨૦૦ થી ૩૦૦ રૂપિયા આપવામાં આવે છે.(પા.નં ૧૭ પર દર આપેલા છે તે જુદા છે.) ખલાસીઓ પોતાની જાળો પણ પોતાની સાથે લાવે છે. દિવસ દરમ્યાન જે કંઈ માછલી પકડવામાં આવે છે તેમાંથી અર્ધો ભાગ હોડીના માલિકને આપવામાં આવે છે. જ્યારે બીજો અર્ધા ભાગમાંથી જે લોકો માછલા પકડવા આવ્યા હોય છે તેમને સરખે ભાગે વહેંચી દેવામાં આવે છે. આમ હોડીના માલિકને ખલાસી તરીકેનો એક ભાગ મળે છે. તદઉપરાંત ૫૦ ટકા હોડીના માલિક તરીકેનો ભાગ મળે છે. જો હોડી યાંત્રિક હોય તો જે તે વ્યકિતગત માછીમાર હોય તો મશીનનો ભાગ પણ તેને આપવામાં આવે છે.

..૧૪...

ખારવાઓ પાસે યાંત્રિક બોટો પણ છે. માછીમારીનો ધંધો ૮ માસ ચાલે છે. કોઇ એક દિવસે, બે દિવસે કે ત્રણ દિવસે પાછા આવે છે. લાંબો ટ્રીપમાં માછલાં લઇને સાથે જતાં હોય છે. ખાસ કરીને માછલાંનો આધાર પાણી પર રહે છે. બોટમાં ટંડેલ, ખલાસીઓ, ડ્રાઇવર હોય છે. ટ્રોલર બોટમાં એક જાળ હોય છે જેને "હોજુ" કહેવામાં આવે છે. એક હોજુની કિંમત રૂ.૩૦૦૦/- જેટલી થાય છે. હોજુમાં ખાસ કરીને વરામ, વાંજ અને પાપલેટ મચ્છીની જાતો પકડાય છે. હોજુ જાળમાં ઝીણી વસ્તુઓ પણ આવે છે. નાનીબોટમાં જે જાળનો ઉપયોગ કરવામાં આવે છે તેમાં ઝીણી વસ્તુ આવતી નથી. મચ્છીમારી માટે બોટનો માલિક જતો નથી પરંતુ પોતાની જાળ રાખે છે. સાથે બીજા ખલાસીઓ પણ પોતાની જાળ લઇને જાય છે. અને તેની જાળમાં જે કાંઇ આવે તે ખલાસી લઇ લે છે. કેટલાંક ટ્રોલર બોટવાળા ખલાસીઓને પગારના ધોરણે રાખે છે. ખલાસીની આવડત પ્રમાણે પગાર આપવામાં આવે છે. સામાન્યતઃ ખલાસીનો વધુમાં વધુ પગાર રૂ.૭૦૦ માસિક અને ઓછામાં ઓછો રૂ.૪૦૦/-માસિક સુધીનો હોય છે. ૧૯૪૦ ની સાલમાં ખલાસીનો પગાર માત્ર રૂ.૨૫/-માસિક હતો.

હોડીના યાંત્રિકરણ પછી ખારવાઓની સ્થિતિ સુધરી છે. ૧૯૫૦માં સૌરાષ્ટ્ર સરકારે હોડીમાં યાંત્રિકરણની શરૂઆત કરી હતી. પરંતુ ખારવાઓ યાંત્રિકરણ અપનાવ્યુ ન હોતુ. કારણ કે તેઓ માનતા હતાં કે હોડીમાં એન્જીન નાંખીયે તો માછલાં ચાલ્યાં જાય, માણસો ડૂબી જાય. માછીમારોના હિતમાં કેન્દ્ર અને રાજ્ય સરકારે ઘણી યોજનાઓ અમલમાં મૂકી હતી જેને લીધે માછીમારોના ધંધાનો વિકાસ થયો. બીજી યોજનામાં મચ્છી મારવાની પધ્ધતિમાં અદ્યતન અને યાંત્રિકમય માછીમારીની રીતો પર ભાર મૂકવામાં આવ્યો. આમ યાંત્રિકરણના શ્રી ગણેશ ૧૯૫૬ની સાલમાં વેરાવળમાં એક નાની હોડી પર ૬ હોર્સ પાવરનુ એન્જીન બેસાડીને કરવામાં

ચાલ્યું. ત્યાર બાદ યાંત્રિકરણ માટે માછીમારોમાં એક પ્રકારની તીવ્ર ધગશ થઇ અને દરેક મચ્છીમાર પોતે કેવી રીતે રાજ્યનું ઉત્પાદન ઝડપથી વધારે તે માટે મચ્છીમારીની પધ્ધતિને જેમ બને તેમ આધુનિક અને અદ્યતન બનાવવામાં મશગુલ થઇ ગયો. યાંત્રિકરણ પછી ખારવાઓ પણ સુઃખી થયા. ખાસ કરીને માંગરોળ, પોરબંદર અને વેરાવળના બંદરો પર વસતા ખારવાઓ સાધન સંપન્ન હોવાથી તેનો લાભ લીધો. જ્યારે અન્ય વિસ્તારોમાં વસતા ખારવાઓ યાંત્રિકરણનો લાભ જોઇએ તેટલો લઇ શકતાં નહિ.

એક યાંત્રિક ટ્રોલર બોટની માછીમારીની આવક અને તે પાછળ થતા ખર્ચની માહિતી એક વ્યકિતગત અભ્યાસ દ્વારા મેળવી હતી. જેની વિગત નીચે જણાવવામાં આવેલ છે.

<u>નમૂના અભ્યાસ</u> :

વણાકબારાના એક માછીમાર પોરબંદરના ભીડીયા વિસ્તારમાં રહે છે. તેમની પાસે ચાર હોર્સ પાવરની રસ્ટનના એન્જીનવાળી એક ટ્રોલર બોટ છે અને બે મોટી જાળ છે. તેઓ કાયમ માટે માછીમારી કરે છે. કોઇક વખતે તેઓ માછીમારી માટે જાય છે નહિ તો ખાસ કરીને પગારદાર ખલાસીઓ દ્વારા માછીમારીનો ધંધો કરે છે. તેમના કહેવા મુજબ ટ્રોલર બોટ એક માસનો માછીમારીનો ખર્ચ નીચે મુજબ થાય છે અને માછીમારીના ધંધામાંથી સારો એવો ફાયદો થાય છે. નીચે નો ખર્ચ માસિક છે. એક મહિનામાં માછીમારીના ધંધામાં રૂ.૧૦,૦૦૦ સુધીની આવક થાય છે.

## આવક - ખર્ચનું તારણ

| | | | |
|---|---|---|---|
| ૧. | ૫ ખલાસી | ૫ X ૫૦૦<br>માસિક પગાર | ૨૫૦૦-૦૦ |
| ૨. | ડીઝલનો વપરાશ<br>દિવસ દીઠ એક ડ્રમના<br>હિસાબે રૂ.૩૨૦/- | ૩૨૦ X ૩૦ | ૯૬૦૦-૦૦ |
| ૩. | ૫ ખલાસીનો રોજીદો+<br>૧ ભંડારી + ૧ ડ્રાઇવર<br>ખાધા ખોરાકીનો ખર્ચ<br>દૈનિક રૂ.૧૦)-દીઠ | ૧૦ X ૭ = ૭૦<br>૭૦ X ૩૦ | ૨૧૦૦-૦૦ |
| ૪. | ૧ ટન બરફ<br>ટન દીઠ રૂ.૧૦૦ | ૧૦૦ X ૩૦ | ૩૦૦૦-૦૦ |
| ૫. | ભંડારી એક | ૪૦૦ X ૧ | ૪૦૦-૦૦ |
| ૬. | ડ્રાઇવર એક | ૫૦૦ X ૧ | ૫૦૦-૦૦ |
| ૭. | જાળી તેમજ બોટ<br>ઘસારા ખર્ચ | | ૧૦૦૦-૦૦ |
| | | કુલ ખર્ચ... | ૧૯૧૦૦-૦૦ |
| | કેમ: દિવસ દીઠ માછીમારી આશરે રૂ.૧૦૦૦/- | ૧૦૦૦ X ૩૦ | ૩૦૦૦૦-૦૦ |
| | | નફો... | ૧૦૯૦૦-૦૦ |

દક્ષિણના માછીમારો જુદી જુદી ઢબે મચ્છી પકડે છે. મોટી હોડીઓ, સઢવાળી હોડી અને મછવા દ્દારા મચ્છી મકડવાનો ધંધો કરે છે. અને વહાણો વાળા એ કિનારાથી દૂર સુધી મચ્છી ~~XX~~ પકડવા માટે જાય છે. તેમની પાસે ટ્રોલરબોટો નથી. યાંત્રિકરણનો લાભ દક્ષિણના લોકોને ઓછો મળયો છે.

આ લોકો મચ્છીમારનો ધંધો એ મોટેભાગે સહિયારુ ભાગીદારોમાં કરે છે. જેમાં ૨, ૪, ૬, ૮, અને ૧૦ ના જુથમાં માચ્છી પકડવા માટે જાય છે. માછલાંના ઉત્પાદન સરખે ભાગે વેચી દે છે. હોડીવાળાને એક ભાગ વધુ મળે છે.

૨ થી ૩ ના જૂથવાળા એ નાની હોડી દ્દારા દરિયા કાંઠાથી નજીકના ભાગ સુધીમાં પોતાનો ધંધો કરે છે. એટલે કે તેઓ સ્થાનિક ધંધો કરે છે. જયારે ૫ થી ૬ના જૂથવાળા બહાર સૌરાષ્ટ્રના કાંઠા પર પણ જાય છે. અને સ્થાનિક ધંધો પણ કરે છે. જયારે ૮ થી ૧૦ના જૂથવાળા કે જેમની પાસે ટ્રોલર છે તેઓ દક્ષિણ ગુજરાત છોડીને સૌરાષ્ટ્રના દરિયા કાંઠે પોરબંદર, વેરાવળ, ઓખા, દ્દારકા મચ્છી પકડવા જાય છે.

૨ અને ૩ ના જૂથમાં જેઓ નાની હોડી દ્દારા ધંધો કરે છે તેમનો ધંધો સ્થાયી અને વધુ ખર્ચાળ છે. આ જૂથ વાળા મચ્છીમારો દરિયાની ભરતી-ઓટના સમયે જ માછી-મારી કરી શકે છે. મચ્છી પકડી શકે છે. અને તરત જ બજારમાં વેચી દે છે.

મચ્છીમાર પાસે ધંધાને ઉપયોગી એવા પૂરતા સાધનો અને લોનની સગવડ કરી આપવામાં આવે તો નાના-પાયા પર તેઓ સારો ધંધો કરી શકે તેમ છે. તેમને જાળ બનાવવા, સાધન સામગ્રી ખરીદવા તેમજ હોડી માટે અવાર નવાર પૈસાની જરૂર ઉભી થાય છે. અને તેમને જો પોતાના જ સાધનો પર સીધી સહાય આપવામાં આવે તો પોતે ઉત્પાદન વધારી શકે અને જીવન સ્તર સુધારી શકે તેમ છે.

આ ઉપરાંત બોટને લગતા નાના એન્જીન જો

..૧૮..

આપવાની સુવિધા કરવામાં આવે તો પણ સારૂ ફીશીંગ કરી શકે તેમ છે.

૫ થી ૬ કે ૭ માણસોના જૂથમાં એ હોડીમાં (શઢવાળી) જેઓ ધધો કરે છે. જેમનો ધધો સ્થાનિક હોવા છતાં દરિયામાં દૂર સુધી જોખમ ખેડી ઉંડાણના ભાગ સુધી મચ્છી પકડવા જાય છે તેમને જોખમમાંથી નિવારવા તેમજ સઢવાળી હોડીની જગ્યાએ એન્જીનની વ્યવસ્થા કરી આપવામાં આવે તો પણ ફીશીંગ ઉત્પાદન વધી શકે તેમ છે.

એટલુ તો સ્પષ્ટ છે કે જેઓ મછવા અને સઢવાળી હોડીથી ધધો કરે છે. તેની જગ્યાએ મશીનવાળી હોડી હોય તો ઝડપી ક્રિયા થઇ શકે છે.

દક્ષિણના માછીમારો જુદી જુદી ઢબે માછીમારી કરે છે. તેમની પાસે ટ્રોલરોનુ પ્રમાણ ઓછુ છે. તેઓ મોટી હોડીઓ, સઢવાળી હોડીઓ અને નાના મછવા દ્વારા માછીમારીનો ધધો કરે છે. દક્ષિણના મચ્છીમારો વ્યકિતગત અને ધધો ઓછો કરે છે. તેઓ સહિયારી રીતે ભાગીદારીમાં માછી મારવા માટે જતા હોય છે. તેઓ બે, ચાર, છ કે આઠ અને દસના જૂથમાં માછી મારવા માટે જાય છે. જે કંઇ માછલા આવે છે તે સરખે ભાગે વહેચી લે છે. હોડીવાળાને એક ભાગ વધુ મળે છે. નાની હોડી ધરાવતા માછીમારો દરિયાકાંઠાથી નજીકનાં ભાગમાં સુધી માછીમારી xxxx માટે જાય છે. જ્યારે જેમની પાસે સઢવાળી હોડી અને ટ્રોલર કે એન્જીનવાળી હોડી હોય છે તે દક્ષિણના દરિયા-કાંઠા પાસે માછીમારી કરે છે. તદઉપરાંત સોરાષ્ટ્રના દરિયાકાંઠા પર માછી મારવા માટે જાય છે. મોટેભાગે ટ્રોલર અને એન્જીન બોટવાળા સૌરાષ્ટ્રમાં પોરબદર, વેરાવળ, દ્વારકા, ઓખાબેટના દરિયા માં માછીમારી માટે જાય છે.

..૧૯..

દસના જૂથમાં જે ટ્રોલર દ્વારા મચ્છી પકડવા જાય છે તેને તેઓ તાજી મચ્છીના વેપાર તરીકે ઓળખાવે છે. કેટલાંક તેને ડાલ્ડા ફીશીંગ પણ કહે છે. ટ્રોલર દ્વારા મચ્છી પકડવા માટે ટ્રોલર પાછળ જાળને બાંધવામાં આવે છે. ટ્રોલર દ્વારા બે ત્રણ દિવસ સુધી મચ્છીમારીને પાછા ફરે છે. તેઓ જે કંઇ માછલીઓ પકડી લાવે છે તે તરત જ આજુ બાજુના બજારમાં વેચી દે છે. કેટલાંક હરાજીથી પણ વેચે છે.

હોડીમાં યાંત્રિકરણ ::

સૌથી પહેલા હોડીનું યાંત્રિકરણ ૧૯૫૩ માં વેરાવળ નજીક જાલેશ્વરમાં એક હોડીપર ૩ હોર્સ પાવરની શકિત ધરાવતી મોટર મૂકીને કરવામાં આવ્યુ હતું. યાંત્રિક બોટનો સરેરાશ વેગ ચાર ગાઉ સઢ વગર અને ૬ ગાઉ સઢ સાથે થાય છે. યાંત્રિક બોટ માટે જોન્સન, બોકેનેરના ૩ થી ૧૦ હોર્સ પાવરના એન્જીન વપરાય છે. એન્જીન બે પ્રકારના આવે છે. ઇન બોડ અને આઉટ બોડ. ઇનબોડ એન્જીનનો વેગ સઢ વગર ૬ થી ૭ ગાઉનો હોય છે. ઇનબોડ એન્જીન સૌ પ્રથમ ૧૯૫૬માં વેરાવળમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઇનબોડ એન્જીન સેલ, કોયેન્ટ્રી, બ્રુક, લીસ્તર, ગાર્ડનરના ૬ થી ૧૦ હોર્સ પાવર્સના વધારે આપે છે. આજે તેની કિંમત ૪૦૦૦)- થી ૧૫૦૦૦)- જેટલી થાય છે. જો કે આ બધા એન્જીનોનો ઉપયોગ હવે ખાસ પ્રકારે થતો નથી. હવે ભારતીય બનાવટનો ૧૦ હોર્સ પાવર્સના કિર્લોસ્કર એન્જીન અને રસ્ટન એન્જીન ૨૪ થી ૪૯ હોર્સ પાવર્સનો ઉપયોગ વધુ થાય છે.

શરૂઆતમાં યાંત્રિક બોટનો ઉપયોગ ઘણા ઓછા પ્રમાણમાં હતો જે ધીમે ધીમે વધવા લાગ્યો છે. પોરબંદર, વેરાવળ, તેમજ અન્ય બંદરો પર માછીમારનો ધંધો કરતાં હિન્દૂ ખારવાઓની સરખામણીમાં દક્ષિણ ગુજરાતના ખારવાઓ ઘણાજ પાછળ છે. તેમની પાસે યાંત્રિક હોડીઓ જૂજ છે. ટ્રોલરો બે પાંચ માણસો જ ધરાવે છે. મોટે ભાગે હોડી

વગરના તેમજ જાળવગરના લોકો છે. સાધનો માટે બીજાઓ પર આધાર રાખી પોતાનુ ગુજરાન ચલાવે છે.

ગુજરાત રાજ્યમાં યાંત્રિકરણ પહેલાં કુલ મત્સ્ય ઉત્પાદન ૪૦,૦૦૦ મેટ્રિક ટન હતુ જે વધીને આજે ૨ XXX લાખ ટન જેટલુ થઇ ગયુ છે. મત્સ્ય ઉત્પાદન વધવાથી ઉત્તરોત્તર નિકાસની આવક પણ વધતી ગઇ છે. જે નીચે જણાવેલ મત્સ્ય ઉત્પાદન અને નિકાસના આંકડાઓ પરથી સ્પષ્ટપણે જોઇ શકાશે.

## કોઠો - ૪:૩

### રાજ્યમાં વર્ષવાર માછલીનું ઉત્પાદન

| વર્ષ | ઉત્પાદન (ટનમાં) |
|---|---|
| ૧૯૬૯ - ૭૦ | ૧૩૯૯૯૫ |
| ૧૯૭૦ - ૭૧ | ૧૫૧૧૯૦ |
| ૧૯૭૧ - ૭૨ | ૧૪૭૦૨૩ |
| ૧૯૭૨ - ૭૩ | ૧૫૧૨૦૩ |
| ૧૯૭૩ - ૭૪ | ૧૭૭૬૪૭ |
| ૧૯૭૪ - ૭૫ | ૧૯૫૪૩૦ |
| ૧૯૭૫-૭૬ | ૨૮૦૦૦૩ |
| ૧૯૭૬ - ૭૭ | ૨૨૫૩૭૯ |
| ૧૯૭૭ - ૭૮ | ૧૭૬૮૯૫ |

## કોઠો - ૪:૪

### રાજ્યમાં માછલીની નિકાસ

| વર્ષ | નિકાસ (ટનમાં) | કમાણી (લાખ રૂ.) |
|---|---|---|
| ૧૯૭૨ - ૭૩ | ૩૫૨ | ૭૨.૯૮ |
| ૧૯૭૩ - ૭૪ | ૯૫૭ | ૨૩૩.૬૧ |
| ૧૯૭૪ - ૭૫ | ૭૧૮ | ૧૭૭.૪૮ |
| ૧૯૭૫ - ૭૬ | ૧૬૬૭ | ૪૮૨.૪૨ |
| ૧૯૭૬ - ૭૭ | ૩૧૯૭ | ૯૦૫.૨૧ |
| ૧૯૭૭ - ૭૮ | ૩૫૨૪ | ૮૨૨.૯૨ |

પ્રાપ્તિ સ્થાન:- (મત્સ્ય ઉદ્યોગ કમિશ્નરની કચેરી,
-વુમેન્ટલ, અસારવા, અમદાવાદ.) ઉઉ૨૨..

## માછલાં ઉધોગ :: ( હોડીના પ્રકાર )

માછીમારોને તેમના ધંધા માટે હોડી અને જાળની જરૂર પડે છે. સામાન્ય રીતે ગુજરાતમાં માછલીનો ધંધો કરતાં ખારવા લોકો અનેક પ્રકારની હોડી ધરાવે છે.

૧. એક લકડી હોડી ૨. લોઢોયા ૩. મછવા

૪. એક લકડી એન્જીનવાળી હોડી ૫. ટ્રોલરબોટ.

૧. એક લકડી હોડી સાગના લાકડાની એક ટૂકડામાંથી બનાવવામાં આવે છે. તેની સાઇઝ ૨૫ થી ૩૦ ફૂટ લાંબી હોય છે. અને જેની શક્તિ ત્રણ ટન માલ વહન કરવાની હોય છે. તેમાં ત્રણ માણસો બેસી શકે છે. તેનો આકાર સીધો હોય છે.

૨. લોઢોયા બે લાકડાના પટામાંથી બનાવવામાં આવે છે. અને તે પણ ૨૫ થી ૩૦ ફૂટ લાંબી હોય છે. અને તેની શક્તિ પાંચ ટન માલ વહન કરવાની હોય છે. તેમાં પાંચ માણસો બેસી શકે છે. તેનો પાછલો ભાગ અણીદાર હોય છે.

૩. મછવા એ માછલા પકડવા માટે સૌથી મોટી હોડી ગણાય છે. તેમાં ૧૨ ટન માલ વહન કરી શકાય છે. તેની લંબાઇ ૪૫ ફૂટ હોય છે. સામાન્ય રીતે છીછરા પાણીમાં મછવા વાપરી શકાતા નથી તેનો પાછલો ભાગ ચોરસ હોય છે.

એક લકડી હોડી ૩ થી ૪ હજાર રૂપિયામાં બને છે. જ્યારે લોઢીયા હોડી ૪ થી ૫ હજારમાં બને છે અને મછવા પાંચ થી પંદર હજાર રૂપિયામાં બને છે.

૪. એક લકડી એન્જીનવાળી હોડી રૂ.૧૨૦૦૦ થી રૂ. ૧૫૦૦૦ રૂપિયા થાય છે.

ટ્રોલર બોટ :

જહાજવાડાના સુપરવાઇઝર પાસેથી લીધેલી માહિતી અનુસાર બોટના ખર્ચ અંગેની માહિતી:

( અંદાજી ખર્ચની માહિતી )

| | |
|---|---|
| ૧૦૩૦૦૦ | બોટનુ ખોખુ તૈયાર કરતા |
| ૧૨૭૦૦૦ | સારી શકિત ધરાવતા એન્જીનની કિંમત |
| ૧૫૦૦૦ | વીજય વાયરની કિંમત |
| ૫૦૦૦ | નેટની કિંમત |
| ૧૦૦૦ | પાટીયા |
| ૧૦૦૦ | ઓઇલ-ડીઝલની ખરીદી |
| ૧૦૦૦ | પરચૂરણ માલ-સામાન |
| ૮૦૦૦ | વીમા ખર્ચ |
| ૩૦૦૦ | ખલાસીને એડવાન્સ પગાર ખર્ચ |
| ૨૬૦૦૦૦ | કુલ ખર્ચ બોટ ચાલુ થતા સુધીનો. |

"ગુજરાત એગ્રો મરીન જહાજવાડા" ના સુપરવાઇઝર પાસેથી મેળવેલી માહિતી અનુસાર બોટ તૈયાર થતા સુધીનુ ખર્ચ ઉપર મુજબ થાય છે.

ઉપરોકત સંસ્થા બોટો બનાવે છે. બોટની લબાઇ યાર્ડમાં ૪૮ ફૂટ અને પહોળાઇ ૧૨.૫ ફૂટ હોય છે. આ બોટમાં ૮૦ થી ૧૦૨ હોર્સ પાવર સુધીનુ એન્જીન બેસાડવામાં આવે છે. જેની કિંમત સવાલાખ રૂપિયા સુધીની થાય છે.

બોટ બનાવવા માટે ગુજરાત નાણા નિગમ ૮૦ ટકા ધિરાણ કરે છે. ગુજરાત સરકાર મત્સ્ય ઉદ્યોગ ખાતા તરફથી ૨૫૦૦૦ વ્યાજમુકત લોન મળે છે. બાકીની રકમ બોટ બનાવનાર ઇસમે પોતાની જાતે મેળવવાની હોય છે. આ વખતે

માછીવાર જે બોટ તૈયાર કરાવે છે તે વેપારી સાથે માલ આપવાની શરતે તેની પાસેથી ધીરાણ મેળવે છે. બોટ માટે બીલ પાસ કરાવવા જતાં રૂ.૨૫૦૦ થી ૩૦૦૦ સુધીનો ખર્ચ થાય છે. અને બોટ નવી ઉભી કરવા પાછળ લગભગ છથી સાત માસનો સમય લાગે છે.

બોટ :: બે પ્રકારની હોય છે અને એન્જિન પણ બે પ્રકારના હોય છે. અંદરના જે એન્જિન આવે છે તે "રસ્ટન" અને બહારના "જોન્સન" એન્જિન વપરાય છે. બોટમાં ૮૦ થી ૯૦ જાળ લઇ જવામાં આવે છે. તેમાં ૭ થી ૧૦ ટન માછલા ભરી શકાય છે. ટ્રોલનેટ થી પણ માછલાં પકડવામાં આવે છે.

ટ્રોલનેટ ઝીણા નાયલોન તારમાંથી બનાવવામાં આવે છે. ૧૮ મીટર લાંબો છેડાનો ભાગ ખૂબ ગાઢ વણાટ વાળો હોય છે. ઉપરના ભાગમાં આછુ વણાટ હોય છે.

બોટ બનાવવા પાછળ જે અંદાજી ખર્ચ ૨૬૦૦૦૦ બતાવ્યુ છે તેમાં ઓછી શકિતના મશીન વાપરવામાં આવે તો રૂ.૩૦૦૦૦ સુધીનુ ખર્ચ ઘટાડી શકાય છે અને પોતાની રીતે જો બોટ બનાવવામાં આવે તો બીજો ૧૦ થી ૧૨ હજાર રૂપિયાનો ખર્ચ બચી જાય છે. બોટ બનાવીને તેને માછલીના લીવરનુ તેલ લાકડા પર ચોપડવામાં આવે છે. અને તેની મજબૂતાઇમાં વધારો કરવામાં આવે છે. ગુજરાતના બંદરો પર ૧૯૭૮-૭૯ ના વર્ષમાં માછીમારો પાસે જુદા જુદા પ્રકારની બોટોની સંખ્યા નીચે દર્શાવવામાં આવી છે.

## કોઠો - ૪:૫

### ગુજરાતના બંદરો પર જુદી જુદી બોટોનું વર્ગીકરણ ::

(માહિતી વર્ષ ૧૯૭૮-૭૯)

| અ.નં. | કેન્દ્રનું નામ | યાંત્રિક બોટો ટ્રોલર આઇ.બી.એમ | ગીલનેટ આઇ.બી.એમ. | ઓ.બી.એમ. | બિન યાંત્રિક | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | વેરાવળ | ૫૬૪ | ૮૪. | ૧૬૫ | ૧૧૪ | ૯૨૭ |
| ૨. | ધામળેજ | ૪ | -- | ૧૦૭ | ૮૩ | ૧૯૪ |
| ૩. | સુત્રાપાડા | ૪ | -- | ૭૨ | ૮૩ | ૧૫૯ |
| ૪. | હીરાકોટ | -- | -- | ૯૭ | ૨૪ | ૧૨૧ |
| ૫. | ચોરવાડ | ૧૩ | -- | ૫૨ | ૨૮ | ૯૩ |
| ૬. | માંગરોળ | ૧૦૮ | ૪ | ૧૨ | ૮૬ | ૨૧૦ |
| ૭. | માંગરોળ-બારા | -- | -- | ૫૮ | ૧૮ | ૭૬ |
| ૮. | સોલ | -- | -- | ૪ | ૮ | ૧૨ |
| ૯. | પોરબંદર | ૨૫૪ | ૭૮ | ૧૦ | ૪૮ | ૩૯૦ |
| ૧૦. | મોવાણી | -- | -- | ૧૧ | ૧૬ | ૨૭ |
| ૧૧. | ગોસવારા | -- | -- | ૧ | ૨ | ૩ |
| ૧૨. | માધુપુર | -- | -- | ૨૭ | ૧૭ | ૪૪ |
| ૧૩. | નવીબંદર | -- | -- | ૯ | ૧૫ | ૨૪ |
| ૧૪. | માઢવડ | ૧૮ | ૩૬ | ૭૦ | ૫૯ | ૧૮૩ |
| ૧૫. | કોટડા | ૩૦ | -- | ૯ | ૧૨ | ૫૧ |
| ૧૬. | મૂળ દ્વારકા | -- | -- | ૯૦ | ૨૯ | ૧૧૯ |
| ૧૭. | મહીધારી | -- | -- | -- | ૧ | ૧ |
| | કુલ..... | ૯૯૫ | ૨૦૨ | ૭૯૪ | ૬૪૩ | ૨૬૩૪ |

## માછલા પકડવાની જાળો ::

ખાસ કરીને ગુજરાતમાં ઓખાથી દ્દારકા બંદર સુધી નીચેના બે પ્રકારની જાળોનો ઉપયોગ થાય છે.

૧. સપાટ જાળ નામે વણી અથવા તાતી

૨. ગોલ જાળ નામે ઢાકર અથવા કંડારનો ઉપયોગ કરવામાં આવે છે.

### ૧. સપાટ જાળ:

સપાટ જાળની પહોળાઇ ૪ થી ૫ મીટર અને ૨૦૦ થી ૩૦૦ મીટર લાંબો હોય છે. તેમાં ૧૩ થી ૧૪ સેન્ટીમીટરે જાળ બાંધવામાં આવે છે. આ જાળનો ઉપયોગ ખાસ કરીને પોમફ્રેટ, પાલા ચાકસી અને અન્ય સપાટ માછલીઓ પકડવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. આ જાળ ખાસ કરીને સપ્ટેમ્બરથી નવેમ્બર અને એપ્રિલથી જૂનમાં વપરાય છે.

### ૨. ગોલ જાળ :

આ જાળ પણ સપાટજાળ જેવી હોય છે. પરંતુ તેની જાળોનું કદ જુદું હોય છે. તે ૧૫ થી ૧૭ સે.મી.ની લંબાઇએ રાખવામાં આવે છે. આ જાળ તળીયે સુધી ઉતારવા માટે ઉપર દોરડા પર પથ્થર બાંધવામાં આવે છે. આ જાળમાં ખાસ કરીને સફેદ પોમ્ફ્રેટસ, પચીસ, કલ્યુપોઇડ્સ, કેટફીશ અને શાર્ક માછલીઓ પકડવામાં આવે છે. આ જાળ સપ્ટેમ્બરથી માર્ચ માસ સુધી ઉપયોગમાં લેવાય છે.

આ સિવાય અન્ય પ્રકારની જાળોનો ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ મોટે ભાગે ઉપર જણાવેલ બે પ્રકારની જાળનો વપરાશ વધુ પ્રમાણમાં થાય છે.

પહેલાના વખતમાં માછીમારો શણ અને કાપડની જાળો વાપરતા હતા. આ જાળો વધુ ટકાઉ ન હતો. તેથી તેમને ઘણું નુકશાન થતું હતું. હવે તેઓ નાયલોન અને સીન્થેટીક ફાઇબરની જાળો વાપરે છે. પહેલા કાપડ અને શણની જાળો મહિનામાં બે વખત ડાઇ કરવી પડતી હતી. નાયલોન અને ફાઇબરની જાળમાં આ કરવાની જરૂર પડતી નથી. શણ અને કાપડની જાળોમાં ઘસારો વધારે રહયો હતો. જયારે આ જાળો તેની સરખામણીએ વધુ ટકાઉ અને મજબૂત હોય છે. હવે મોટા ભાગના માછીમારો નાયલોન અને ફાઇબરની જાળનો ઉપયોગ કરે છે.

જાળનું નાનુ મોટુ રીપેરીંગ કામ વાઘેર માછીમારો જ કરી લે છે. ખાસ કરીને ચોમાસાના સમયમાં નવરાશના સમયમાં નવી જાળો બનાવવાનું તેમજ રીપેરીંગ કામ કરે છે. ખારવા લોકોની સરખામણીએ વાઘેરમાં નવી જાળો બનાવવાનું કામ ઓછા માણસો કરે છે. સ્ત્રીઓ તો જાળોબનાવતી નથી. જવલ્લે જ સ્ત્રીઓ જાળો બનાવે છે. ખારવાઓ પહેલા પણ જાળ કામ હાથે કરતા હતા. તેમના બાપ દાદાઓ પણ સરખા અને રેંટિયા દ્વારા સૂતર તૈયાર કરતા અને જાળ બનાવતા. દોરી અને માછલાની કાથી પણ હાથે બનાવતા. આ સ્ત્રીઓનો ગૃહઉદ્યોગ હતો. ઘરમાં બેસીને તેઓ વહાણના દોરડા, સીંદર વગેરે બનાવતા. માત્ર મોટા દોરડા અને સઢ હરિજનો બનાવતા અને તેમની પાસેથી તેઓ ખરીદ કરતાં હતા. આજે પણ ઘણી ખારવા સ્ત્રીઓનું રોજીનું સાધન જાળ બનાવવાનું છે. જાળ બનાવવાની કેટલીક માહિતી લીધી હતી. જેની વિગતવાર માહિતી નીચે દર્શાવવામાં આવી છે.

## જુદી જુદી જાળોની માહિતી અને ખર્ચ

### ૧. પાપલોટની જાળ :.

| | | રૂ.-પૈસા |
|---|---|---|
| ૨ કિલો સૂતર નાઇલોન | ૧૧૦ X ૨ | ૨૨૦-૦૦ |
| પ્લાસ્ટીક રોપ્સ ૧$\frac{૧}{૨}$ ઉાળા (૨૭હાથ) | ૨૭ X $\frac{૧૧}{૨}$ | ૪૦-૫૦ |
| બોયા ૨૧ (૧ એક બોયાની કિંમત ૨-૫૦) | ૨૧ X ૨૫૦ | ૫૨-૫૦ |
| પત્થર સીમેન્ટના ૭ નંગ ૧ નગના - ૫૦ પૈસા | | ૩-૫૦ |
| પત્થર બાધવા માટેની રસ્સી ૩/- રૂ. | | ૩-૦૦ |
| જાળ બનાવવાની મજૂરી (૧ કિલોની મજૂરી એક વ્યકિતને રૂ.૬૦/- આપવામાં આવેછે.) | | ૧૨૦-૦૦ |
| | | ૪૩૯-૫૦ |

ઉપર મજુબ પાપલોટ માછલી પકડવાની જાળ બનાવવા પાછળ સરેરાશ ૪૩૯-૫૦ રૂપિયા ખર્ચ થાય છે. જે ૫$\frac{૧}{૨}$" ગાળાની બનાવવામાં આવે છે. આ જાળ એક વ્યકિત એક માસમાં બનાવી શકે છે.

### ૨. તગીની જાળ : (પાપલેટ પણ પકડી શકાય)

| | રૂ.-પૈસા |
|---|---|
| ૧ કિલોની આ જાળ બને | ૧૩૫-૦૦ |
| ૧ કિલો તગી | ૨૦૦-૦૦ |
| મજૂરી | ૫૨-૫૦ |
| બોયા - ૨૧ | ૩-૫૦ |
| પત્થર - ૭ નંગ | ૩-૦૦ |
| પત્થર બાંધવાની દોરી | |
| | ૩૯૪-૦૦ |

ઉપરની જાળ એક માણસ એક માસમાં તૈયાર કરી શકે છે.

૩. <u>મોનોફીલેમેન્ટની જાળ :</u>

પ્લાસ્ટીકની દોરથી બનાવેલી હોય છે. પાપલેટ પકડવા માટે પણ ઉપયોગી નીવડે છે. ૭ ઈંચના ગાળાની હોય છે.

| | | | |
|---|---|---|---|
| જેમાં | ૨ કિલો ૩૫ રૂ.લેખે | ૩૫ X ૨ | ૭૦-૦૦ |
| | બોયા ૨૧ | | |
| | પત્થર ૭ નંગ | | |
| | પત્થરની દોરી | | ૫૯-૦૦ |
| | મજૂરી | | ૧૦૦-૦૦ |
| | | | ૨૨૯-૦૦ |

આ જાળ એક માણસ ૧૫ થી ૧૭ દિવસમાં બનાવી શકે છે.

૪. <u>ઝીણાકણની જાળ :</u>

આ જાળમાં ૩ ઈંચનો ગાળો હોય છે. જેમાં પાલવા, ચાકસી, ખાઘા, ખગરા, કાંટા, બુમલા, દાદરા, દાઇ, સેણી, ગેદરી, ગેદરા, સાંપડી, સગલી, બાંગરા, તોતરા, વામ, ખાગો, બગા, બાવા, બાબર, કિસી, ગુલાલિયા, શતડ, રાજા, આંડર, નેગર, ખરૂ, ટોમરો બોર, ગોવાળા, મિરર, કદર, ધૂમા, અને સર્યુ વિગેરે. આ બધા પ્રકારની માછલીઓ ઝીણાકણની જાળમાં આવે છે.

<u>ખર્ચ ::</u>

| | | |
|---|---|---|
| ૨ કિલો સુતર | ૧૧૦ X ૨ | ૨૨૦-૦૦ |
| મજૂરી રૂ.૫૦/- | ૫૦ X ૨ | ૧૦૦-૦૦ |
| ૧ કિલોના | | |
| બોયા, પત્થર, | | |
| દોરી | ઉપર મુજબ | ૫૯-૦૦ |
| | | ૩૭૯-૦૦ |

આ જાળ બનાવતાં ૧ માસ જેટલો સમય લાગે છે.

૫. <u>જાડીજાળ</u> :

આ જાળ ફિનામેન્ટની ૫ કિલોની બનાવેલી હોય છે. જેમાં ૬ થી ૭" નો ગાળો હોય છે. આ જાળમાં શેરમાઇ, સાપરા, ગોલ, પટાડી, રાવુસ, શેરા, સગ, દારા, ગેદરા, સેરવા, સુડીયા, ખાગા, વિગેરે માછલીઓ પકડી શકાય છે. જેનું ખર્ચ નચી પ્રમાણે થાય છે. (સરેરાશ)

| | | |
|---|---|---|
| ૫ કિલો ફિલામેન્ટ સુતર | કિલોનો ભાવ | રૂા.-પૈસા |
| ૧ કિલોના | રૂા.૪૮X૫ | ૨૪૦-૦૦ |
| બોયા નેગ ૨૫ | નંગ.૨૫X૧.૫૦ | ૩૭-૫૦ |
| રોપ્સ ૩ કિલો | ભાવ .૩૦X૩ | ૯૦-૦૦ |
| ૧ કિલોની મજૂરી રૂા. | ૫X૫ | ૨૫-૦૦ |
| | | ૩૯૨-૫૦ |

આમ ઉપર મુજબ વધુ મળી સરેરાશ રૂા.૩૯૨-૫૦ પૈસાનું ખર્ચ આ જાળ પાછળ થાય છે. અને આ જાળ એક માણસ દસ દિવસમાં તૈયાર કરી શકે છે.

૬. <u>સ્પેશ્યલ જીપાની જાળ</u> ::

જીપાની જાળ ૨ કિલો સુતરની બને છે. અને આ જાળ એક માણસ અઠવાડિયાની અંદર તૈયાર કરી શકે છે.

| | | |
|---|---|---|
| | | રૂા.-પૈસા |
| નાયલોન લુઝ ૨ કિલો | ૨૫ X ૨ | ૫૦-૦૦ |
| ભગાવવા માટેનો ખર્ચ-મજૂરી | ૧૫ X ૨ | ૩૦-૦૦ |
| બોયા નંગ - ૧૫ | ૧૫ X ૧.૫૦ | ૨૨-૫૦ |
| પત્થર નંગ - ૮ | | ૨-૮૦ |
| રોપ્સ (પત્થર બાંધવા) ૧$\frac{1}{2}$ કિલો | | ૪૦-૫૦ |
| | | ૧૪૫-૮૦ |



વેચાણ ::

માછીમારો સામાન્ય રીતે માછલા પકડીને પોતાના ઘેર લઇ જતા નથી. જે કંઇ માછલા પકડે છે તેમાંથી ઘર વપરાશ XXX પૂરતા કાઢીને અમુક એજન્સીને જેમની સાથે કરાર થયો હોય છે, તેમને આપી દે છે. કેટલાક લોકો બો?બેની કેટલીક કંપનીઓ સાથે આખી ઋતુ પ્રમાણે કરાર મુજબ માછલી આપી દે છે. આખા વર્ષ માટે તેમની સાથે જુદા જુદા પ્રકારની માછલીઓના જુદા જુદા ભાવો મુજબ કરાર કરે છે. સામાન્ય રીતે બોમ્બે અને વેરાવળના બજારમાં માછલીઓના જે ભાવો આગળની ઋતુમાં હતા તે ધ્યાનમાં લઇને નવા ભાવો નકકી કરે છે. સામાન્ય રીતે ૧૦૦ નંગના ભાવો નકકી કરવામાં આવે છે. ભાવો માછલીની જુદી જુદી જાતો પર આધાર રાખે છે. સામાન્ય રીતે માછીમારો એ ઋતુ પહેલા જે કંઇ ઉપાડ કંપનીઓ પાસેથી કે જથ્થાબંધ વેપારીઓ પાસેથી કર્યો હોય છે. તેના બદલામાં તેમને માલ વેચી દેવો પડે છે. દરેક બંદર પર કંપનીવાળા તેમજ જથ્થાબંધ વેપારીઓ તેમના માણસો રાખેલા હોય છે. તે દ્વારા બધી માછલીઓ ખરીદી લે છે.

કેટલાક માછીમારો ગુજરાત મત્સ્ય મધ્યસ્થ સહકારી મંડળી જોડે કરાર કરેલો હોય છે અને તે મુજબ મંડળીને માલ આપતા હોય છે. સામાન્ય રીતે ખાનગી વેપારીઓ પોતાનો હિસાબ ત્રણ ત્રણ મહિને કરે છે. એસોશીએસન તેનો હિસાબ મહિને મહિને કરે છે. જયારે એસોશીએસન દરેક માછીમારને ઋતુ પહેલા ૨૦૦૦ થી ૩૦૦૦ રૂપિયાનુ ધીરાણ કરે છે. આ એસોશીએસનની મુખ્ય ઓફિસ વેરાવળમાં આવેલી છે. આ એસોશીએશનમાં ઘણી મત્સ્ય વેપારી X મંડળીઓ જોડાયેલી છે. આ એસોશિયેશનને લીધે માછીમારોને ખાનગી વેપારીઓ કરતા સારા ભાવો મળે છે.

વેપારીઓ દ્વારા તેમનું શોષણ થતું જોવા મળતું હતું. કેટલીક માછલીનો ઇજારો અમુક વેપારીનો હો છે. પાપલેટ માછીલના ત્રણ ચાર વેપારીઓ આખા બજાર પર પ્રભુત્વ ધરાવતા હોય છે. તપાસ સમયે વેપારીઓ પાપલેટ માછલી નંગદીઠ ર ૩/-ના ભાવે લેતા હતા. ઝીંગા (પ્રોન્સ) રૂ.૧૦/-ના ભાવે લેતા હતા. વેપારીઓ માછલીઓના ભાવ નંગ પર ગણે છે. નાની માછલીઓને બેની એક ગણવામાં આવતી હોય છે. પહેલા મોટીમોટી માછલીઓ કાઢીને લઇ લે છે. પછીથી નાની માછલીઓ લે છે. કેટલાંક લોકો હરાજીથી માછલીઓનું વેચાણ કરે છે. જુદા જુદા વિસ્તારમાં માછલીના ભાવ જુદા જુદા હોય છે. પોરબંદર અને વેરાવળના ભાવ સામાન્યતઃ ઉંચા હોય છે. અન્ય સ્થળે ઓછા ભાવો મળે છે. કેટલાક ખારવાઓ સ્ત્રીઓ બજારમાં છૂટક માછલી પણ વેચે છે. આમ નાના ઉત્પાદકો તેમનું ઉત્પાદન જાતે જ બજારમાં વેચતા હોય છે. વેચાણ માટે ખારવાઓની પોતાની કોઇ સહકારી મંડળી નથી. સહકારી મંડળી વેચાણનું કાર્ય કરતી નથી. સૌરાષ્ટ્ર કરતાં દક્ષિણ ગુજરાતમાં વેચાણની વ્યવસ્થા કંઇક અંશે ભિન્ન જોવા મળી હતી.

દક્ષિણ ગુજરાતમાં મત્સ્ય બજારમાં છૂટક અને જથ્થાબંધ એમ બંને પ્રકારના વેપારીઓ જોવા મળે છે. છૂટક વેપારીઓ ઉત્પાદક પાસેથી માછલી ખરીદી, મુંબઇ પાટડી, વાપી, વલસાડ, ધરમપુર તથા નજીકના હાટ-વાડામાં વેચવા જાય છે. બીજી બાજુ જથ્થાબંધ વેપારીઓ બીલીમોરા, ભરૂચ, સુરત, અંકલેશ્વર વગેરે સ્થળેથી આવે છે. અને માલ ખરીદી જાય છે. સ્થાનિક છૂટક વેપારીઓને ઉત્પાદક સાથે કાયમથી પરિચય હોવાથી ઉધાર માલ પણ મળે છે. અને આવા છૂટક વેપારીઓ મત્સ્ય વેચાણ માટે તોલમાપના સાધનોનો ઓછો ઉપયોગ કરે છે. જેમકે હાટવાડામાં ઉત્પાદકો અને વેપારીઓ માછલી વેચવા જાય છે. ત્યારે પોતાના અંદાજ પ્રમાણે માછલીનું પ્રમાણ નક્કી કરીને ભાગ મૂકી દે છે. અને પોતે જે ભાવ નક્કી

કરે. ગ્રાહકને તે ભાવ યોગ્ય લાગે તો ખરીદે છે. નહિ તો વેપારી પોતે જ તેનો ગ્રાહક બને છે.

જથ્થાબંધ વેપારીઓ જે દૂરના બજારમાંથી મચ્છી ખરીદવા અહીં સ્થાનિક બજારમાં આવે છે તેઓ ગામના દલાલોને રોકોને મચ્છી ખરીદવાનું આગ્રહ રાખે છે. અને દલાલને ૫ ટકા જેટલું કમિશન આપે છે. આ રીતે મત્સ્ય બજારમાં વેપારીઓનું કાર્ય ચાલ્યા કરે છે.

બંદરો પર મત્સ્ય ઉદ્યોગ ખાતા દ્વારા પણ માછલીના ભાવો નક્કી કરવામાં આવતાં હોય્ય છે. સૌરાષ્ટ્રના વિસ્તારમાં આવું જોવા મળ્યું હતું. જ્યારે દક્ષિણ ગુજરાતના બંદર પર આવી કોઇ વ્યવસ્થા જોવા મળી ન હોતી. તપાસ દરમ્યાન જુદાજુદા બંદર પર જોવા મળતી માછલીઓનું વજ અને ભાવ નીચે આપવામાં આવ્યાં છે.

## કોઠો - ૪ :૬ અ

### મચ્છીની જાતવાર વજન અને ભાવ

| ક્રમ | મચ્છીની જાત | વજન કિલો | વજન ગ્રામ | કિંમત રૂા.-પૈસા |
|---|---|---|---|---|
| ૧. | વિછુડા (વ્હાઇટ પ્રોમ્ફ્રેટ) | | ૬૦૦ | ૯-૭૫ |
| ૨. | કલવા (બ્લેક પ્રોમ્ફ્રેટ) | | ૧૩૦ | ૩-૫૦ |
| ૩. | બુમલા (બોમ્બે ડક) | ૧ | - | - |
| ૪. | દારા (થ્રેડ ફીન) | ૩ | | - |
| ૫. | ગોલ (જ્યુ ફીશ) | ૧૦ | | - |
| ૬. | પાલવા, ચાકસી (હિલ્સા) | ૧ | | ૪-૫૦ |
| ૭. | પાલવી (અધર ક્યુપોડસ) | | ૫૦૦ | ૩-૦૦ |
| ૮. | મેદલી (કોઇલીયા) | -- | | - |
| ૯. | મઘરા (શાર્ક) | ૧ | | ૧-૫૦ |
| ૧૦. | બોય (મલેટ) | -- | | -- |
| ૧૧. | ખાગા (કેટફીશ) | ૩ | | ૧-૫૦ |
| ૧૨. | વામ (ઇલ) | ૫ | | - |
| ૧૩. | સગ (લેધર જેકેટ) | ૫ | | - |
| ૧૪. | સુરમાઇ (શેરફીશ) | ૧૦ | | ૪-૫૦ |
| ૧૫. | રાવસ (ઇન્ડીઅન સાલમન) | ૫ | | - |
| ૧૬. | પટી (રીબન ફીશ) | | ૫૦૦ | ૧-૦૦ |
| ૧૭. | ડાઇ (સીલ્વર બાંર) | ૧ | | ૧-૨૫ |
| ૧૮. | કોથ કપર્ચ) | ૨ | | - |
| ૧૯. | ધોમા (સ્મોલ સાઇનીડસ) | - | | - |
| ૨૦. | કોલમી (શ્રીમ્પ) | - | | - |
| ૨૧. | જીંગા (મીડીયમ પ્રોન્સ) | - | | - |
| ૨૨. | જીંગા (જમ્બો પ્રોન્સ) | - | | - |
| ૨૩. | ટોટણ (લોબસ્ટર) | - | | ૨૪-૦૦ |
| ૨૪. | કરચલા (ક્રેબ) | - | | - |
| ૨૫. | કટલ ફીશ | - | | - |
| ૨૬. | સ્કવોડ ફીશ | - | | - |
| ૨૭. | પરચુરણ | - | | - |



ઝીંગા ઢેલ



માછલીના નમૂના

## તાજી અને સૂકી માછલીના ભાવ ::

કેટલાક ખારવાઓ તાજી માછલી વેચી દેતા નથી પરંતુ સૂકવીને વેચતા હોય છે. ખાસ કરીને તાજી માછલીઓ સૂકવીને વેચવામાં આવતી હોય છે. કેટલાક વેપારી ધોરણે સૂકવવાનો ધંધો પણ કરતા હોય છે. તાજી અને સૂકી માછલીના ભાવો ૠતુ પ્રમાણે બદલાતા હોય છે. માછલીની કેટલીક જાતાનો ભાવો નીચે જણાવવામાં આવેલછે. ખાસ કરીને સીઝનમાં માછલાના ભાવ ઓછા હોય છે. પરંતુ ચોમાસાની શરૂઆતમાં એટલે કે જુલાઇથી સપ્ટેમ્બર સુધીમાં તાજી માછલીના ભાવ ઉંચા જોવા મળે છે. તપાસ સમયે લીધેલ તાજી અને સૂકી માછલીના ભાવોની વિગત નીચે જણાવવામાં આવી છે.

### કોઠો - ૪:૭

### તાજી માછલીના ભાવ :: ( ૨૦ કિલોના )

| માછલીની જાત | ઓકટોબર નવેમ્બર રૂ. | ડિસેમ્બર થી જૂન રૂ. | જુલાઇથી સપ્ટેમ્બર રૂ. |
|---|---|---|---|
| જીંગા | ૧૦૦ | ૧૨૦ | ૧૪૦ |
| ગોલ-ડારા | ૧૦૦ | ૧૦૦ | ૧૨૦ |
| બુમલા | ૧૨ | ૨૦ | ૩૦ |
| મેદલી | ૧૬ | ૨૪ | ૪૦ |
| પાપલેટ | ૧૦૦ | ૧૦૦ | ૧૪૦ |
| મુશિના | ૪૫ | ૪૫ | ૪૫ |
| શિંગારા | ૪૫ | ૪૫ | ૪૫ |
| બોઇ | ૧૨૦ | ૧૨૦ | ૧૨૦ |
| તાપા-બગા | ૫૦ | ૫૦ | ૫૦ |

## તાજી - સૂકી માછલીના ભાવમાં ફેરફારના કારણો :-

કેટલીક માછલીમાં ૨૦ થી ૯૦ ટકા સુધી પાણીનું પ્રમાણ હોય છે. તેથી માછલી સૂકાતાં તેનું વજન ઘટે છે. અને તોલમાં વધારે ઉતરે છે. એટલે મણ દીઠ ભાવમાં તાજી સૂકી માછલીના ભાવ વચ્ચે મોટો તફાવત જોવા મળે છે.

દા.ત. બુમલા માછલી તાજી હોય ત્યારે તેમાં ૮૦ થી ૯૦ ટકા પાણી હોય છે. અને તેને સૂકવ્યા પછી તેટલું વજન ઓછું થાય છે.

માછલીના સંગ્રહનો અને રૂપાંતર ખર્ચનો સૂકવેલ માછલીના ભાવમાં સમાવેશ થાય છે. તેથી તેનું ઉત્પાદકીય ખર્ચ વધે છે ને ભાવ ફેરફાર થાય છે.

માછલીને સૂકવવામાં આવે ત્યારે તેમાંથી કેટલાક વિશિષ્ટ ભાગ અને અખાદ્ય વસ્તુઓ કાઢી લેવામાં આવે છે. તેથી તેના વજનમાં ઘટાડો થાય છે.

દા.ત. જીગા માછલીમાંથી તેના ઉપરનું કવચ કાઢી લીધા પછી જ સૂકવવામાં આવે છે. ગોલ-ડાટા માછલીમાંથી પોટા કાઢી લીધા પછી જ મીઠામાં ચઢાવવામાં આવે છે.

સૂકી અને તાજી માછલીના તુષ્ટિગુણમાં પણ તફાવત હોય છે.

દા.ત. ગોલ ડાટા - પાપલેટ - બોઇ માછલી તાજી હોય ત્યારે તેમાં તુષ્ટિગુણ વિશેષ હોય છે.

જીગા, બુમલા મેદલીના ભાવ તાજી માછલી કરતાં સૂકી માછલીના ભાવ વધારે છે. જ્યારે ગોલ-ડાટા પાપલેટ બોઇ વગેરે માછલીના ભાવ સૂકી કરતાં તાજીના વધારે છે.

## કોઠો - ૪:૮

### છૂટક બજારમાં તાજી માછલીનો ભાવ (કિલોમાં)

| માછલીની જાત | ઓકટોબર-નવેમ્બરના ભાવ રૂપિયામાં | | ડિસેમ્બર થી જૂનના ભાવ રૂપિયામા | | જુલાઇથી સપ્ટે.ના ભાવ રૂ.માં | |
|---|---|---|---|---|---|---|
| | ઉત્પાદક | વેપારી | ઉત્પાદક | વેપારી | ઉત્પાદક | વેપારી |
| જીંગા | ૫-૦૦ | ૫-૭૫ | ૬-૭૫ | ૭-૨૫ | ૭-૦૦ | ૮-૦૦ |
| ગોલ-ડારા | ૪-૦૦ | ૫-૦૦ | ૪-૦૦ | ૫-૦૦ | ૪-૫૦ | ૫-૫૦ |
| બુમલા | ૦-૫૦ | ૦-૬૦ | ૧-૦૦ | ૧-૫૦ | ૧-૫૦ | ૨-૦૦ |
| મેદલી | ૧-૦૦ | ૧-૨૦ | ૧-૫૦ | ૨-૦૦ | ૨-૦૦ | ૨-૫૦ |
| પાપલેટ | ૫-૦૦ | ૭-૦૦ | ૫-૦૦ | ૭-૦૦ | ૬-૦૦ | ૮-૦૦ |
| મુશીયા | ૨-૦૦ | ૨-૫૦ | ૨-૦૦ | ૨-૫૦ | ૨-૦૦ | ૨-૫૦ |
| સીંગારા | ૨-૦૦ | ૨-૫૦ | ૨-૦૦ | ૨-૫૦ | ૨-૦૦ | ૨-૫૦ |
| બોઇ | ૬-૦૦ | ૭-૦૦ | ૬-૦૦ | ૭-૦૦ | ૬-૦૦ | ૭-૦૦ |
| તાપા-બગા | ૨-૫૦ | ૩-૦૦ | ૨-૫૦ | ૩-૦૦ | ૨-૫૦ | ૩-૦૦ |

કોઠો - ૪:૯

છૂટક બજારમાં સૂકી માછલીનો ભાવ (કિલો દીઠ)

| માછલીની જાત | ઓકટો.-નવેમ્બર ના ભાવ રૂ.માં | | ડિસેમ્બર થી જૂન ના ભાવ રૂ.માં | | જુલાઇ થી સપ્ટેમ્બર ના ભાવ રૂ.માં | |
|---|---|---|---|---|---|---|
| | ઉત્પાદક | વેપારી | ઉત્પાદક | વેપારી | ઉત્પાદક | વેપારી |
| જીંગા | ૮-૦૦ | ૧૦-૦૦ | ૮-૦૦ | ૧૦-૦૦ | ૧૦-૦૦ | ૧૦-૦૦ |
| ગોલ-ડારા | ૫-૦૦ | ૬-૦૦ | ૪-૦૦ | ૪-૫૦ | ૫-૦૦ | ૬-૦૦ |
| બુમલા | ૫-૦૦ | ૫-૭૫ | ૫-૦૦ | ૫-૭૫ | ૮-૦૦ | ૯-૦૦ |
| મેદલી | ૫-૦૦ | ૫-૭૫ | ૬-૦૦ | ૬-૫૦ | ૬-૫૦ | ૭-૦૦ |
| પાપલેટ | ૪-૫૦ | ૫-૦૦ | ૪-૦૦ | ૪-૫૦ | ૫-૦૦ | ૬-૦૦ |
| મુસીથા | ૨-૫૦ | ૩-૦૦ | ૨-૦૦ | ૨-૫૦ | ૨-૫૦ | ૩-૦૦ |
| સીંગારા | ૨-૫૦ | ૩-૦૦ | ૩-૦૦ | ૨-૫૦ | ૨-૫૦ | ૩-૦૦ |
| તાપા-બગા | ૩-૦૦ | ૩-૫૦ | ૩-૦૦ | ૩-૫૦ | ૩-૦૦ | ૩-૫૦ |



સુકવેલી માછલીનું બંદર પરનું દૃશ્ય



ଜାଲେ ଶୁଖଉନା ସାରଣା ପୁରୁଷ

ખારવા જાતિ માટે પસંદ કરેલ કુલ ૩૦૦ કુટુંબોની આર્થિક પરિસ્થિતિ કેવા પ્રકારની હતી, તેમણો વપરાશ કેટલો હતો. તેમણે દેવું હતુ કે નહિ વગેરેની માહિતી મેળવવામાં આવી હતી. જેની વિગતવાર હવે ચર્ચા જોઇશું.

શ્રમ વિભાજન :

ખારવાઓની જીવન પધ્ધતિમાં કેટલાંક કામો પુરૂષો એકલા જ કરે છે. કેટલાંક કામો સ્ત્રીઓ એકલી જ કરે છે. જયારે કેટલાંક કામો બન્ને ભેગાં મળીને પણ કરે છે. કેટલાંક કામો કુટુંબના બધા સભ્યો નાના મોટા સ્ત્રી-પુરૂષો કરતાં હોય છે. ખાસ કરીને પુરૂષો માછી મારવા માટે વહાણ કે હોડીમાં જાય છે. સ્ત્રીઓ ઘરમાં સફાઇનું કામ, રાંધવાનું , ઘરનો વહીવટ, ઘર વપરાશની ચીજ વસ્તુઓની ખરીદી વગેરે કરે છે. કેટલાંક બાળકો ભણવા જાય છે. કેટલાંક બાળકો ભણવા જતાં નથી અને શેરીઓમાં રમે છે. ખાસ કરીને ખારવા સ્ત્રીઓ માછીમારીની ધંધામાં પુરૂષોને મદદ કરે છે. તેઓ તેમને માટે હોડી કે વહાણ સુધી પીવાનું પાણી લઇ જાય છે. હોડીમાં માછલાં ખાલી કરવાનું, માછલાં વેપારીની રાપટી સુધી પહોંચાડવાનું તેમજ કેટલીક સ્ત્રીઓ માછલા વેચવાનો ધંધો કરે છે. સ્ત્રીઓ એક ગામથી બીજે ગામ માછલાં વેચવા માટે પણ જતી હોય છે. તદઉપરાંત કેટલીક સ્ત્રીઓ ઘર બેઠા માછલાંની જુદા જુદા પ્રકારની જાળો ગૂંથવાનું પણ કામ કરે છે. પુરૂષો પણ નવી જાળો બનાવે છે અને તૂટેલીને સમાર કરતાં હોય છે. બાળકો ભણવા જાય છે. કેટલાંક બાળકો માછીમારી માટે પણ જાય છે અને માછલાં છૂટા પાડવામાં તેમજ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જવા માટે મદદ કરતાં હોય છે. આમ સાગ્ર કુટુંબના માણસો એક યા બીજી પ્રવૃત્તિમાં પ્રવૃત જોવા મળે છે.

કામ કરતા વસતા :

ખારવા જાતિમાં (સમાજમાં) દરેક વ્યક્તિ નાની ~~XXXX~~ મોટી, પુરૂષ-સ્ત્રી આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલી જોવા મળે છે. નમૂનાના કુટુંબોમાં કામ કરતી વસતિનું પ્રમાણ નીચે જણાવેલ માહિતી પરથી જોઇ શકાશે.

કોઠો – ૪:૧૦

ધંધાવાર નમૂનાના કુટુંબોમાં કામ કરતી વસતિ ::

| ધંધાનું નામ | કુલ કુટુંબો | કુલ સભ્ય સંખ્યા | | | કમાનાર | | કમાનાર પણ આધારિત | | નહિ કમાનાર | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| માછીમાર | ૧૪૭ | ૬૧૩ | ૫૬૬ | ૧૧૭૯ | ૧૪૭ | – | ૧૫૭ | ૨૮ | ૩૦૯ | ૫૩૮ |
| | | | | | (૨૩.૯) | | (૨૫.૬) | (૪.૯) | (૫૦.૫) | (૯૫.૧) |
| છૂટકમજૂરી | ૨૦ | ૪૬ | ૬૦ | ૧૦૬ | ૧૯ | ૧ | ૪ | ૪ | ૨૩ | ૫૫ |
| | | | | | (૪૧.૩) | (૧.૬) | (૮.૭) | (૬.૬) | (૫૦.૦) | (૯૧.૮) |
| નોકરી | ૨૦ | ૬૪ | ૬૧ | ૧૨૫ | ૨૦ | – | ૧૪ | – | ૩૦ | ૬૧ |
| | | | | | (૩૧.૨) | | (૨૧.૮) | XXXX.XX | (૪૭.૦) | (૧૦૦.૦) |
| વેપારધંધો | ૩ | ૧૨ | ૧૨ | ૨૪ | ૩ | – | –૩ | – | ૬ | ૧૨ |
| | | | | | (૨૫.૦) | | (૨૫.૦) | | (૫૦.૦) | (૧૦૦.૦) |
| ખલાસી | ૧૦ | ૩૪ | ૩૨ | ૬૬ | ૧૦ | – | ૧૦ | – | ૧૪ | ૩૨ |
| | | | | | (૨૯.૪) | | (૨૯.૪) | | (૪૧.૨) | (૧૦૦.૦) |
| કુલ | ૨૦૦ | ૭૬૯ | ૭૩૧ | ૧૫૦૦ | ૧૯૯ | ૧ | ૧૮૮ | ૩૨ | ૩૮૨ | ૬૯૮ |
| | | | | | (૨૫.૮) | (૦.૧) | (૨૪.૪) | (૪.૩) | (૪૯.૮) | (૯૫.૬) |

કોઠા – ૪:૧૦ પરથી જોઇ શકાય છે કે તપાસમાં લીધેલી કુલ ૨૦૦ કુટુંબોની કુલ સભ્ય સંખ્યા ૧૫૦૦ ની હતી. જેમાંથી કુલ કમાનાર વ્યકિતઓની સંખ્યા ૨૦૦ (૧૩.૩૮કા) હતી. કમાનાર પરંતુ આશ્રિત એવા સભ્યોની સંખ્યા ૨૨૦ની (૧૪.૭ ટકા) ની હતી. જયારે કામ નહી કરનાર વ્યકિત- ઓની સંખ્યા ૧૦૮૦ (૭૨ ટકા) ની હતી. આ ઉપરથી જોઇ શકાય છે કે કુલવસતિના માત્ર ૨૮ ટકા વ્યકિતઓ ધંધામાં પ્રવૃત હતી અને ૭૨ ટકા વ્યકિત તેના ઉપર નિર્ભર હતી. જે કામ કરનાર વ્યકિતઓમાં પુરૂષોનું પ્રમાણ વધુ હતું. જયારે સ્ત્રીઓનું પ્રમાણ નહિવત હતું. તેમની સંખ્યા ૭૩૧ માંથી માત્ર ૩૩ ની હતી. એજ પ્રમાણે દક્ષિણ ગુજરાતના માછીમારની આર્થિક દરજ્જાની તપાસ કરીએ તો નીચે પ્રમાણેની પરિસ્થિતિ જોવા મળી હતી.

કોઠો – ૪:૧૧

ધંધાવાર નમૂનાના કુટુંબોમાં કામ કરતી વસતિ.

| ધંધાનું નામ | કુલ કુટુંબ સંખ્યા | કુલ સભ્ય સંખ્યા | | | કમાનાર | | કમાનાર પર આધારિત | | બિનકમાનાર | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| માછીમાર | ૫૭ | ૨૫૦ | ૨૧૯ | ૪૬૯ | ૬૩ | – | ૫૯ | ૮ | ૧૨૮ | ૨૧૧ |
| | | ૫૩.૩૦ | ૪૬.૭૦ | ૧૦૦.૦ | ૨૫.૨૦ | | ૨૩.૬૦ | ૩.૬૫ | ૫૧.૨૦ | ૯૬.૩૫ |
| નોકરી | ૩૨ | ૧૧૧ | ૧૦૭ | ૨૧૮ | ૩૫ | – | ૧૫ | ૨ | ૬૧ | ૧૦૫ |
| | | ૫૦.૯ | ૪૯.૧ | ૧૦૦.૦ | ૩૧.૫ | | ૧૩.૫ | ૧.૯ | ૫૫.૦ | ૯૮.૧ |
| છૂટક મજૂરી | ૮ | ૩૭ | ૨૪ | ૬૧ | ૮ | – | ૨ | – | ૨૭ | ૨૪ |
| | | ૬૦.૭ | ૩૯.૩ | ૧૦૦.૦ | ૨૧.૬ | | ૫.૪ | XXXXX | ૭૩.૦ | ૧૦૦.૦ |
| વેપાર | ૩ | ૮ | ૭ | ૧૫ | ૩ | – | ૧ | – | ૪ | ૭ |
| | | ૫૩.૩ | ૪૬.૭ | ૧૦૦.૦ | ૩૭.૫ | | ૧૨.૫ | | ૫૦.૦ | ૧૦૦.૦ |
| કુલ | ૧૦૦ | ૪૦૬ | ૩૫૭ | ૭૬૩ | ૧૦૯ | – | ૭૭ | ૧૦ | ૨૨૦ | ૩૪૭ |
| | | ૫૩.૨ | ૪૬.૮ | ૧૦૦.૦ | ૨૬.૯ | | ૧૯.૦ | ૨.૮ | ૫૪.૧ | ૯૭.૨ |

દક્ષિણ ગુજરાતની કુલ તપાસેલી ૧૦૦ કુટુંબોની કુલ સભ્ય સંખ્યા ૭૬૩ ની હતી. જેમાંથી કામ કરનાર વ્યકિતઓનું પ્રમાણ ૧૦૯ (     ) અને કામ કરનાર પરંતુ આધારિતની સંખ્યા ૪૭ (     ) ની હતી, અને નહિ કમાનારની સભ્ય સંખ્યા ૫૬૭ (     ) ની હતી. આમ જોઇએ તો કામ કરનાર વ્યકિતઓનું પ્રમાણ વસતીના પ્રમાણમાં ઘણું ઓછું હતું.

આમ તેમનામાં બેરોજગારીનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. એમાંયે ખાસ કરીને સ્ત્રીઓમાં આ પ્રમાણ વધુ હતું. અન્ય ધંધો રોજગાર નહિ હોવાથી તેમનામાંથી ઘણાંને વર્ષનો ઘણો સમય બેકાર રહેવું પડે છે.

ધંધાના સાધનો ::

સૌરાષ્ટ્રના નમૂનાના ૨૦૦ કુટુંબો પાસે ધંધાના સાધનો નીચે પ્રમાણે હતાં. તેમનો ધંધો માછીમારીનો હોવાથી મુખ્યત્વે સાધનોમાં બોટ, હોડી, તેમજ જાળનો સમાવેશ થાય છે.

કોઠો-૪:૧૨

ધંધાવાર માછીમારોના સાધનોની સંખ્યા

| ધંધો | કુલ કુટુંબો | એક લકડી હોડીની સંખ્યા | એન્જિન વાળી હોડીની સંખ્યા | ટ્રોલર બોટ સંખ્યા | જાળની સંખ્યા | કુટુંબદીઠ જાળની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| મચ્છીમાર | ૧૪૭ | ૨૧ | ૪૫ | ૧૯ | ૪૨૩૪ | ૨૯.૦૦ |
| છૂટકમજૂરી | ૨૦ | - | - | - | ૧૦ | ૦.૫૦ |
| નોકરી | ૨૦ | - | - | - | ૯ | ૦.૨૨ |
| વેપારધંધો | ૩ | - | - | - | ૩૭ | ૧૨.૦૩ |
| ખલાસી | ૧૦ | - | - | - | - | - |
| કુલ.. | ૨૦૦ | ૨૧ | ૪૫ | ૧૯ | ૪૨૯૦ | ૨૧.૪૫ |

કોઠા ૪:૧૨ પરથી જોઇ શકાય છે કે નમૂનાના કુટુંબોમાંથી મચ્છીમારનો ધંધો કરતા ૧૪૭ કુટુંબોમાંથી ૨૧ કુટુંબો પાસે એક લકડી હોડી, ૪૫ કુટુંબો પાસે એન્જિનવાળી હોડી અને ૧૯ કુટુંબો પાસે મોટી ટ્રોલરબોટ હતી. જ્યારે ૬૨ કુટુંબો પાસે હોડી ન હતી. ૧૪૭ કુટુંબો પાસે ૪૨૩૪ જાળો (જેમાં નાની મોટી દરેકનો સમાવેશ થાય છે.) હતી. સરેરાશ કુટુંબદીઠ ૨૯ જાળો હતી. જ્યારે બાકોના નોકરી કરતા ૨૦ કુટુંબો પાસે ૧૦ જાળ, નોકરી કરતા ૩ કુટુંબો પાસે ૯ જાળ અને વેપાર ધંધો કરતા કુટુંબો પાસે ૩૭ જાળ હતી. આ બધા કુટુંબોનો માછીમારીનો ગૌણ ધંધો હતો. તેથી તેમાંથી કેટલાક જાળ ધરાવતા હતા. આજ રીતે દક્ષિણ ગુજરાતના માછીમારો પાસે નીચે પ્રમાણે સાધનો હતા.

### કોઠો - ૪:૧૩

### ધંધાવાર માછીમારના સાધનો

| ધંધો | કુલ કુટુંબ સંખ્યા | એક લકડી હોડી | એન્જિન વાળી હોડી | ટ્રોલર | જાળ | કુટુંબદીઠ જાળ |
|---|---|---|---|---|---|---|
| માછીમાર | ૫૭ | ૧૭ | ૫ | ૧ | ૯૩૬ | ૧૭.૯ |
| નોકરી | ૩૨ | - | - | - | ૬૬ | ૨.૦ |
| છૂટકમજૂરી | ૮ | - | - | - | ૭ | XXXX ૦.૮૮ |
| વેપાર | ૩ | - | - | - | - | - |
| કુલ... | ૧૦૦ | ૧૭ | ૫ | ૧ | ૧૦૦૯ | ૧૦.૦૯ |

કોઠા ૪:૧૩ પરથી જોઇ શકાય છે કે દક્ષિણ ગુજરાતમાં માછીમારનો ધંધો કરતા ૫૪ કુટુંબોમાંથી ૧૬ કુટુંબ પાસે એક લકડી હોડી, ૫ ની પાસે એન્જિનવાળી હોડી, ૧ ની પાસે ટ્રોલર બોટ હતી. જયારે ૩૨ કુટુંબો પાસે હોડી ન હતી. માછીમારીનો ધંધો કરતા કુટુંબો સરેરાશ ૧૭ જાળો ધરાવતાં હતાં. બાકીના ધંધાવાળા કુટુંબો પાસે ૭૫ જાળ હતી. જ્યારે તેમની પાસે હોડી કે કોઇ અન્ય સાધન ન હતું, જેઓ બીજાની સાથે ભાગીદારીમાં માછીમારનો ધંધો કરતા હતા. સૌરાષ્ટ્ર કરતાં દક્ષિણના માછીમારો પાસે પૂરતાં સાધનો ન હતાં. એ આંકડાઓની પરથી સ્પષ્ટપણે જણાઇ આવે છે.

આવક ::

નમૂનાના કુટુંબની કયા કયા ધંધામાંથી કેટલી આવક થતી હતી અને તેનુ પ્રમાણ કેટલુ હતુ તે નીચે જણાવેલ માહિતી પરથી જણાશે.

ધંધાવાર જુદા જુદા ધંધાઓમાંથી થતી કુટુંબદીઠ વાર્ષિક આવક ::

| ધંધાનું નામ | કુલ કુટુંબ સંખ્યા | માછલી પકડવા-માંથી થતી આવક | નોકરીની આવક | વેપારધંધાની આવક | છૂટકમજૂરીની આવક | કુલ વાર્ષિક આવક | માથાદીઠ આવક (વાર્ષિક) | માથાદીઠ આવક (માસિક) |
|---|---|---|---|---|---|---|---|---|
| માછીમાર | ૧૪૭ | (૯૭.૯૨) | (૧.૩૫) | (૦.૧૦) | (૦.૬૩) | (૧૦૦.૦૦) | ૧૩૭૭ | ૧૧૫ |
| | | ૧૦૮૧૬.૦ | ૧૪૯.૭ | ૧૦.૨ | ૭૦.૧ | ૧૧૦૪૬.૦ | | |
| છૂટકમજૂરી | ૨૦ | - | - | - | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) | ૭૬૪ | ૬૪ |
| | | | | | ૪૦૫૧.૦ | ૪૦૫૧.૦ | | |
| નોકરી | ૨૦ | (૩.૬૦) | (૯૪.૮૦) | - | (૧.[illegible]૬૦) | (૧૦૦.૦૦) | ૧૧૦૧ | ૫૫ |
| | | ૨૪૭.૫ | ૬૫૨૧.૦ | | ૧૧૦.૦ | ૬૮૭૮.૦ | | |
| વેપારધંધો | ૩ | - | (૬.૮૭) | (૮૭.૯૭) | (૫.૧૬) | (૧૦૦.૦૦) | ૬૦૬ | ૫૧ |
| | | | ૩૩૩.૩ | ૪૨૬૬.૭ | ૨૫૦.૦ | ૪૮૫૦.૦ | | |
| ખલાસી | ૧૦ | (૧૧.૮૮) | (૮૮.૧૨) | - | - | ૭૦૭૧.૦ | ૧૦૭૧ | ૮૯ |
| | | ૮૪૦.૦ | ૬૨૩૧.૦ | | | (૧૦૦.૦૦) | | |
| કુલ | ૨૦૦ | (૮૩.૧૮) | (૧૧.૧૯) | (૦.૭૪) | (૪.૮૯) | (૧૦૦.૦૦) | ૧૨૮૫ | ૧૦૭ |
| | | ૮૦૧૬.૫ | ૧૦૭૮.૭ | ૭૧.૫ | ૪૭૧.૪ | ૯૬૩૮.૦ | | |

(કૌંસમાં જણાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવે છે.)

કોઠા ૪:૧૪ પરથી જોઇ શકાય છે કે નમૂનાના તપાસેલા ખારવા કુટુંબની કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક રૂ.૯૬૩૮ હતી. જ્યારે માથાદીઠ વાર્ષિક આવક રૂ.૧૨૮૫ હતી. અને માથાદીઠ માસિક આવક રૂ.૧૦૭ની હતી. જુદા જુદા વ્યવસાયોમાં રોકાયેલા કુટુંબની આવક જુદી જુદી હતી. સૌથી વધુ આવક માછીમારીના ધધામાં રોકાયેલા ખારવા કુટુંબોની હતી જ્યારે વેપાર અને નોકરી કરતા કુટુંબોની આવક ઓછી હતી. છૂટક મજૂરી અને વેપાર-ધધામાં રોકાયેલા કુટુંબો ગરીબાઇની રેખા નીચે જીવતા હતા.

દક્ષિણ ગુજરાતના ખારવાઓની પરિસ્થિતિ નીચે મુજબ જોવા મળી હતી.

ધંધાવાર અને સાધનવાર કુટુંબદીઠ વાર્ષિક આવક :: (દ.ગુજરાત)

| ધંધાનું નામ | કુલ કુટુંબ સંખ્યા | માછીમારના ધંધામાંથી થતી આવક રૂ. | નોકરીની આવક રૂ. | વેપારધંધાની આવક રૂ. | છૂટકમજૂરીની આવક રૂ. | કુટુંબદીઠ વાર્ષિક આવક રૂ. | માથાદીઠ વાર્ષિક આવક રૂ. | માથદીઠ માસિક આવક રૂ. |
|---|---|---|---|---|---|---|---|---|
| માછીમાર | ૫૭ | ૮૩૧૯.૨ | ૮૬૬.૯ | ૪૪૬.૫ | – | ૯૬૩૨.૫ | ૧૧૭૦.૭ | ૯૭.૬ |
| | | (૮૬.૩૭) | (૯.૦૦) | (૪.૬૩) | | (૧૦૦.૦) | | |
| નોકરી | ૩૨ | ૮૨૮.૧ | ૭૬૫૦.૦ | ૨૬૬.૯ | – | ૮૭૪૫.૦ | ૧૨૮૩.૭ | ૧૦૭.૦ |
| | | (૯.૪૭) | (૮૭.૪૮) | (૩.૫) | | (૧૦૦.૦) | | |
| છૂટકમજૂરી | ૮ | ૧૮૭.૫ | – | ૫૬૨.૫ | ૩૪૬૨.૫ | ૪૨૧૨.૫ | ૫૫૨.૫ | ૪૬.૧ |
| | | (૪.૫) | – | (૧૩.૩૫) | (૮૨.૨૦) | (૧૦૦.૦) | | |
| વેપાર | ૩ | – | – | ૬૯૩૩.૩ | – | ૬૯૩૩.૩ | ૧૩૮૬.૭ | ૧૧૫.૬ |
| | | | | (૧૦૦.૦) | | (૧૦૦.૦) | | |
| કુલ | ૧૦૦ | ૫૦૨૧.૯ | ૨૯૪૨.૧ | ૫૯૨.૯ | ૨૭૭.૦ | ૮૮૩૩.૯ | ૧૧૫૭.૮ | ૯૬.૫ |
| | | (૫૬.૮૫) | (૩૩.૩૦) | (૬.૭૧) | (૩.૧૪) | (૧૦૦.૦) | | |

(કૌંસમાં જણાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવે છે.

કોઠા ૪:૧૫ પરથી જણાય છે કે દક્ષિણના નમૂનાના કુટુંબોની કુટુંબદીઠ વાર્ષિક આવક રૂ.૭૮૮૩૩ ની હતી. જ્યારે માથાદીઠ વાર્ષિક આવક રૂ.૧૧૫૮ની હતી. અને માથાદીઠ XXXXX માસિક આવક રૂ.૯૬-૦૦ હતી. કુલ આવકમાં ૫૭ ટકા આવક માછીમારોના ધંધામાંથી, ૩૩ ટકા આવક નોકરીમાંથી, ૭ ટકા આવક વેપાર ધંધામાંથી અને ૩ ટકા આવક છૂટક મજૂરીની હતી. ધંધાવાર કુટુંબદીઠ વાર્ષિક આવકનું પ્રમાણ જુદું જુદું હતું. નમૂનાના કુટુંબોથી છૂટક મજૂરોમાં રોકાયેલ કુટુંબો દરિદ્ર રેખા નીચે જીવન વ્યતિત કરી રહયાં હતાં. બાકીના X કુટુંબોની સ્થિતિ પણ સાધારણ હતી.

આવક જૂથ પ્રમાણે કુટુંબોનું XX વર્ગીકરણ તપાસીએ તો સૌરાષ્ટ્ર વિસ્તારના ખારવા અને દક્ષિણ ગુજરાતના માછીમારોની સ્થિતિ અનુક્રમે કોઠા-૪:૧૬ અને કોઠા-૪:૧૭ માં દર્શાવ્યા મુજબની જોવા મળી હતી.

<u>કોઠો ૪:૧૬</u>

<u>ધંધાવાર અને આવક જૂથ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ (સૌરાષ્ટ્ર વિસ્તાર)</u>

| ધંધાનું નામ | કુલ કુટુંબો | ૫૦૦૦ રૂ.થી ઓછી | ૫૦૦૧ રૂ.થી ૧૦૦૦૦ | ૧૦૦૦૧ રૂ.થી ૧૫૦૦૦ | ૧૫૦૦૦ રૂ.થી વધુ |
|---|---|---|---|---|---|
| માછીમાર | ૧૪૭ | ૩૦ | ૫૭ | ૩૭ | ૨૩ |
| | XXXX | (૫૧.૭૨) | (૭૩.૦૮) | (૯૦.૨૪) | (૧૦૦.૦૦) |
| છૂટકમજૂરી | ૨૦ | ૧૮ | ૨ | - | - |
| | | (૩૧.૦૩) | (૨.૫૬) | | |
| નોકરી | ૨૦ | ૭ | ૧૦ | ૩ | - |
| | | (૧૨.૦૭) | (૧૨.૮૨) | (૭.૩૨) | - |
| વેપારધંધો | ૩ | ૧ | ૨ | - | - |
| | | (૧.૭૨) | (૨.૫૬) | | |
| ખલાસી | ૧૦ | ૨ | ૭ | ૧ | - |
| | | (૩.૪૬) | (૮.૯૮) | (૨.૪૪) | |
| કુલ | ૨૦૦ | ૫૮ (૧૦૦.૦) | ૭૮ (૧૦૦.૦) | ૪૧ (૧૦૦.૦) | ૨૩ (૧૦૦.૦) |

કોઠા ૪:૧૬ પરથી જોઇ શકાય છે કે તપાસમાં લીધેલા કુલ ૨૦૦ કુટુંબોમાંથી ૫૮ કુટુંબોની આવક રૂ. ૫૦૦૦ થી ઓછી હતી. જ્યારે ૭૮ કુટુંબોની આવક રૂ. ૧૦૦૦૦ સુધીની હતી. જ્યારે ૪૧ કુટુંબોની આવક રૂ. ૧૫૦૦૦ સુધીની હતી, અને ૨૩ કુટુંબોની આવક રૂ.૧૫૦૦૦ થી વધુ હતી. વાર્ષિક દસ હજારથી વધુ આવક વાળા કુટુંબોમાં નોકરી, વેપાર અને ખલાસીના વ્યવસાયના નહિવત હતા.

દક્ષિણ ગુજરાતના તપાસમાં લીધેલ જમૂનાના ૧૦૦ કુટુંબોનું આવક જૂથ પ્રમાણે વર્ગીકરણ કોઠા ૪:૧૭માં દર્શાવવામાં આવ્યું છે.

કોઠો ૪:૧૭

ધંધાવાર અને આવક જૂથ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ:(દ.ગુજરાત)

| ધંધાનું નામ | કુલ કુટુંબો | ૫૦૦૦ થી ઓછી | ૫૦૦૦ થી ૧૦૦૦૦ | ૧૦૦૦૦ થી ૧૫૦૦૦ | ૧૫૦૦૦ થી વધુ |
|---|---|---|---|---|---|
| માછીમાર | ૫૭ | ૮ | ૨૯ | ૧૨ | ૮ |
| | (૫૭.૦) | (૪૦.૦૦) | (૫૬.૮૬) | (૬૩.૧૬) | (૮૦.૦૦ |
| નોકરી | ૩૨ | ૭ | ૧૭ | ૬ | ૨ |
| | (૩૨.૦૦) | (૩૫.૦૦) | (૩૩.૩૩) | (૩૧.૫૮) | (૨૦.૦૦ |
| છૂટકમજૂરી | ૮ | ૪ | ૪ | - | - |
| | (૮.૦૦) | (૨૦.૦૦) | (૭.૮૪) | | |
| વેપાર | ૩ | ૧ | ૧ | ૧ | - |
| | (૩.૦૦) | (૫.૦૦) | (૧.૯૭) | (૫.૨૬) | |
| કુલ | ૧૦૦ | ૨૦ | ૫૧ | ૧૯ | ૧૦ |
| | (૧૦૦.૦) | (૧૦૦.૦) | (૧૦૦.૦) | (૧૦૦.૦) | (૧૦૦.૦ |

(કૌંસમાં જણાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવે છે.)

કોઠા ૪:૧૭ પરથી જોઇ શકાય છે કે કુલ કુટુંબોમાંથી ૨૦ કુટુંબોની આવક રૂ.૫૦૦૦ થી ઓછી હતી. ૫૧ કુટુંબોની આવક રૂ.૫૦૦૦ થી ૧૦૦૦૦ સુધીની હતી. ૧૯ કુટુંબોની આવક રૂ. ૧૦૦૦૦ થી ૧૫૦૦૦ જેટલી હતી, જ્યારે ૧૦ કુટુંબોની આવક ૧૫૦૦૦ થી વધુ હતી.

વપરાશી ખર્ચ ::

નમૂનાના કુટુંબો પાસેથી વપરાશી ખર્ચની માહિતી મેળવવામાં આવી હતી. જુદી જુદી વપરાશની વસ્તુઓ પાછળ વર્ષ દરમ્યાન કેટલો ખર્ચ કરવામાં આવે છે તેની વિગતવાર માહિતી કોઠા-૪:૧૮ અને કોઠા-૪:૧૯માં દર્શાવવામાં આવી છે.

## કોઠો - ૪:૧૮

## ધંધાવાર કુટુંબદીઠ વપરાશી ખર્ચ

(રૂપિયામાં)

| ધંધાનું નામ | મચ્છીમાર | છૂટકમજૂરી | નોકરી | વેપાર ધંધો | ખલાસી | કુલ |
|---|---|---|---|---|---|---|
| કુલ કુટુંબો | ૧૪૭ | ૨૦ | ૨૦ | ૩ | ૧૦ | ૨૦૦ |
| ખોરાક | ૨૧૫૬.૪ | ૧૧૭૪.૮ | ૧૭૬૯.૧ | ૧૩૦૩.૩ | ૧૭૪૦.૦ | ૧૯૮૫.૯ |
| શાકભાજી | ૫૮.૦ | ૧૦૨.૦ | ૫૫.૫ | ૬૩.૩ | ૪૧.૦ | ૬૧.૪ |
| માછલી ઈંડા-માંસ | ૫૪૪.૨ | ૨૪૦.૦ | ૪૪૦.૦ | ૩૨૦.૦ | ૪૪૦.૦ | ૪૯૪.૮ |
| ખાંડ-ગોળ ચ્હા-કોફી ગરમ મસાલા | ૫૪૬.૫ | ૩૩૭.૩ | ૪૨૬.૩ | ૫૦૩.૩ | ૪૮૫.૦ | ૫૦૯.૯ |
| દૂધ-ઘી-તેલ | ૯૧૧.૧ | ૪૯૪.૮ | ૭૫૬.૩ | ૭૫૫.૦ | ૮૭૧.૫ | ૮૪૯.૭ |
| દારૂ | ૧૪૬.૫ | ૯૮.૫ | ૮૩.૦ | - | ૭૫.૦ | ૧૨૪.૬ |
| તમાકુ-બીડી | ૨૫૮.૬ | ૨૦૩.૮ | ૧૯૯.૫ | ૧૩૦ | ૨૦૮.૦ | ૨૪૨.૮ |
| બળતણ-વીજળી | ૩૬૩.૧ | ૩૨૪.૦ | ૩૩૫.૮ | ૨૭૫.૦ | ૩૮૨.૫ | ૩૫૬.૧ |
| મુસાફરી | ૯૭.૮ | ૫૧.૨ | ૧૩૨.૫ | ૯૫.૦ | ૧૦૫.૦ | ૯૬.૯ |
| દવાદારૂ | ૨૨૦.૭ | ૯૪.૦ | ૧૧૮.૦ | ૭૫.૦ | ૧૦૨.૫ | ૧૮૯.૬ |
| કપડાં પગરખાં | ૧૧૩૧.૯ | ૬૫૯.૮ | ૮૯૮.૮ | ૮૨૦.૦ | ૧૦૩૧.૫ | ૧૦૫૧.૭ |
| શિક્ષણ | ૪૫.૯ | ૭.૫ | ૮૦.૦ | ૩૩.૩ | ૩૧.૫ | ૪૪.૬ |
| સામાજીક ધાર્મિક | ૮૪.૯ | ૫૭.૫ | ૭૨.૫ | ૬૦.૦ | ૪૭.૫ | ૭૮.૭ |
| અન્ય | - | - | - | ૧૨૦.૦ | ૧૭૪.૦ | ૩૦૪.૨ |
| કુલ... | ૬૮૭૬.૮ | ૪૦૪૨.૫ | ૫૭૬૯.૮ | ૪૫૫૩.૩ | ૫૭૩૫.૦ | ૬૩૯૦.૮ |

## કોઠો - ૪:૧૯

### ધંધાવાર કુટુંબદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ

(ટકામાં)

| ધંધાનું નામ | મચ્છીમાર | છૂટકમજૂરી | નોકરી | વેપાર | ખલાસી | કુલ |
|---|---|---|---|---|---|---|
| કુલ કુટુંબો | ૧૪૭ | ૨૦ | ૨૦ | ૩ | ૧૦ | ૨૦૦ |
| ખોરાક | ૩૧.૪ | ૨૯.૧ | ૩૦.૬ | ૨૮.૬ | ૩૦.૩ | ૩૦.૯ |
| શાકભાજી | ૦.૯ | ૨.૫ | ૧.૦ | ૧.૪ | ૦.૭ | ૧.૦ |
| માછલી ઈંડા-માંસ | ૭.૯ | ૫.૯ | ૭.૭ | ૭.૧ | ૭.૭ | ૭.૯ |
| ખાંડ-ગોળ ચ્હા-કોફી ગરમમસાલા | ૭.૯ | ૮.૫ | ૭.૪ | ૧૧.૧ | ૮.૫ | ૭.૯ |
| દૂધ-ઘી-તેલ | ૧૩.૨ | ૧૨.૨ | ૧૩.૨ | ૧૬.૬ | ૧૫.૩ | ૧૩.૩ |
| દારૂ | ૨.૧ | ૧.૨ | ૧.૪ | - | ૧.૩ | ૧.૯ |
| તમાકુ-બીડી | ૩.૮ | ૫.૦ | ૩.૫ | ૨.૯ | ૩.૬ | ૩.૮ |
| બળતણ-વીજળી | ૫.૩ | ૮.૦ | XXX ૫.૮ | ૬.૦ | ૬.૭ | ૫.૫ |
| મુસાફરી | ૧.૪ | ૧.૩ | ૨.૩ | ૨.૧ | ૧.૮ | ૧.૫ |
| દવાદારૂ | ૩.૨ | ૨.૩ | ૨.૦ | ૧.૬ | ૧.૮ | ૩.૦ |
| કપડાં-પગરખાં | ૧૬.૪ | ૧૬.૩ | ૧૫.૫ | ૧૮.૦ | ૧૮.૦ | ૧૬.૪ |
| શિક્ષણ | ૦.૭ | ૦.૨ | ૧.૪ | ૦.૭ | ૦.૫ | ૦.૭ |
| સામાજિક ધાર્મિક | ૧.૧ | ૧.૩ | ૧.૨ | ૧.૨ | ૦.૮ | ૧.૫ |
| અન્ય | ૪.૬ | ૬.૨ | ૭.૦ | ૨.૭ | ૩.૦ | ૪.૭ |
| કુલ ... | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦૦ |

કોઠા - ૪:૧૮ પરથી જોઇ શકાય છે કે ખારવા કુટુંબનું વાર્ષિક ખર્ચ રૂ.૬૩૦૦/-નું હતું. જુદા જુદા વ્યવ-સાયમાં રોકાયેલ કુટુંબનું વાર્ષિક ખર્ચ જુદુ જોવા મળતું હતું. સૌથી વધુ વાર્ષિક ખર્ચ માછીમારીના ધંધામાં રોકાયેલ કુટુંબનું હતું. જ્યારે ઓછુ વાર્ષિક ખર્ચ છૂટક મજૂરીમાં રોકા-યેલનું હતું. કુલ વપરાશી ખર્ચના ૧/૩ ભાગ ખોરાક પાછળ થતો હતો. જ્યારે દસ ટકાથી વધુ દૂધ-ઘી-તેલ પાછળ અને ૧૬ ટકા કપડાં અને પગરખાં પાછળ નો હતો. સામાજિક ધાર્મિક ખર્ચ નહિવત હતો. વપરાશી ખર્ચની વિગતે માહિતી જોઇએ તો જણાય છે કે કુટુંબનું માથાદીઠ વાર્ષિક ખર્ચ રૂ.૮૫૨/- હતું અને માથાદીઠ માસિક ખર્ચ રૂ.૭૧/-નું હતું. છૂટક મજૂરી અને વેપાર ધંધો કરતા કુટુંબોનું વપરાશી ખર્ચ દરિદ્ર રેખાની નીચે હતું. આમ નમૂનાના કેટલાંક કુટુંબો ગરીબાઇની રેખા નીચે જીવન વ્યતિત કરતાં હતાં. ધંધાવાર માથાદીઠ વાર્ષિક આવકની માહિતી કોઠા ૪:૧૯માં આપવામાં આવી છે.

## કોઠો - ૪:૧૯

ધંધાવાર કુટુંબદીઠ અને માથાદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ ::

| ધંધાનું નામ | કુલ કુટુંબો | સભ્ય સંખ્યા | કુલખર્ચ | કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | માથાદીઠ વાર્ષિક ખર્ચ |
|---|---|---|---|---|---|
| માછીમાર | ૧૪૭ | ૧૧૭૯ | ૧૦૧૦૮૯૨ | ૬૮૭૭ | ૮૫૭ |
| છૂટકમજૂરી | ૨૦ | ૧૦૬ | ૮૦૮૫૦ | ૪૦૪૨ | ૭૬૩ |
| નોકરી | ૨૦ | ૧૨૫ | ૧૧૫૩૯૭ | ૫૭૭૦ | ૯૨૩ |
| વેપારધંધો | ૩ | ૨૪ | ૧૩૬૬૦ | ૪૫૫૩ | ૫૬૯ |
| ખલાસી | ૧૦ | ૬૬ | ૫૭૩૫૦ | ૫૭૩૫ | ૮૬૯ |
| કુલ... | ૨૦૦ | ૧૫૦૦ | ૧૨૭૮૧૪૯ | ૬૩૯૧ | ૮૫૨ |

કોઠો-૪:૨૦



ધંધાવાર નમૂનાના કુટુંબોનુ વાર્ષિક કુટુંબદીઠ વપરાશીખર્ચ::(દ.ગુજરાત)

(રૂપિયામાં)

| ધાનુનામ | માછીમાર | નોકરી | છૂટક મંજૂરી | વેપાર | કુલ | માથાદીઠ વાષિખર્ચ | માથાદીઠ માસિકખર્ચ |
|---|---|---|---|---|---|---|---|
| લ કુટુંબો | ૫૭ | ૩૨ | ૮ | ૩ | ૧૦૦ | ૭૬૩ | |
| ોરાક | ૧૧૮૯૫૦ | ૫૯૧૯૫ | ૨૭૦૫ | ૯૫૦૦ | ૧૯૦૩૫૦ | ૨૪૯.૫ | ૨૦.૮ |
| | ૨૦૮૬.૮ | ૧૮૪૯.૮ | ૩૩૮.૧ | ૩૧૬૬.૭ | ૧૯૦૩.૫ | | |
| ાકભાજી | ૧૦૦૬૫ | ૫૧૮૫ | ૪૨૫ | ૯૩૫ | ૧૬૬૧૦ | ૨૧.૮ | ૧.૮ |
| | ૧૭૬.૬ | ૧૬૨.૦ | ૫૩.૧ | ૩૧૧.૭ | ૧૬૬.૧ | | |
| ાછલી ાસ ંડા | ૪૪૯૨૦ | ૨૧૭૪૦ | ૧૫૦૦ | ૪૬૦૦ | ૭૨૭૬૦ | ૯૫.૪ | ૮.૦ |
| | ૭૮૮.૧ | ૬૭૯.૪ | ૧૮૭.૫ | ૧૫૩૩.૩ | ૭૨૭.૬ | | |
| ાંડ-ગોળ ાકોકી રમમસાલા | ૩૭૦૩૦ | ૧૮૯૦૫ | ૧૭૪૨ | ૩૯૫૫ | ૬૧૬૩૨ | ૮૦.૮ | ૬.૭ |
| | ૬૪૯.૭ | ૫૯૦.૮ | ૨૧૭.૭ | ૧૩૧૮.૩ | ૬૧૬.૩ | | |
| ધ-ઘી લ | ૫૫૭૮૦ | ૨૮૦૬૫ | ૨૭૮૦ | ૩૯૯૦ | ૯૦૬૧૫ | ૧૧૮.૮ | ૯.૯ |
| | ૯૭૮.૬ | ૮૭૭.૦ | ૩૪૭.૫ | ૧૩૩.૦ | ૯૦૬.૨ | | |
| ાફ | ૭૯૧૦ | ૪૩૪૦ | ૪૫૦ | ૭૦૦ | ૧૩૪૦૦ | ૧૭.૬ | ૧.૫ |
| | ૧૩૮.૮ | ૧૩૫.૬ | ૫૬.૩ | ૨૩૩.૩ | ૧૩૪.૦ | | |
| ાકુ ીડી | ૧૧૪૬૫ | ૬૦૨૦ | ૬૧૦ | ૧૦૦૦ | ૧૯૦૯૫ | ૨૫.૦ | ૨.૧ |
| | ૨૦૧.૧ | ૧૮૮.૧ | ૭૬.૩ | ૩૩૩.૩ | ૧૯૦.૯ | | |
| ાતણ | ૨૮૬૩૧ | ૧૪૦૩૦ | ૮૧૫ | ૨૨૩૫ | ૪૫૭૧૧ | ૫૯.૯ | ૫.૦ |
| | ૫૦૨.૩ | ૪૩૮.૪ | ૧૦૧.૯ | ૭૪૫.૦ | ૪૫૭.૧ | | |
| ાકરી | ૬૦૪૦ | ૩૭૬૦ | ૫૦૦ | ૨૧૫ | ૧૦૫૧૫ | ૧૩.૮ | ૧.૧ |
| | ૧૦૬.૦ | ૧૧૭.૫ | ૬૨.૫ | ૭૧.૭ | ૧૦૫.૨ | | |
| પડાં | ૫૮૬૬૦ | ૩૪૯૧૫ | ૨૦૫૦ | ૫૬૮૦ | ૧૦૧૩૦૫ | ૧૩૨.૭ | ૧૧.૧ |
| | ૧૦૨૯.૧ | ૧૦૯૧.૧ | ૨૫૬.૩ | ૧૮૯૩.૩ | ૧૦૧૩.૧ | | |
| ાદાર | ૨૨૦૦ | ૪૨૨૫ | ૧૨૫ | ૫૨૫ | ૭૦૭૫ | ૯.૩ | ૦.૮ |
| | ૩૮.૬ | ૧૩૨.૦ | ૧૫.૬ | ૧૭૫.૦ | ૭૦.૮ | | |
| ાક્ષણ | ૮૧૨૦ | ૧૦૬૪૫ | ૨૦૦ | ૧૦૦ | ૧૯૦૬૫ | ૨૫.૦ | ૨.૧ |
| | ૧૪૨.૫ | ૩૩૨.૭ | ૨૫.૦ | ૩૩.૩ | ૧૯૦.૭ | | |
| ામાજીક ાર્મિક | ૮૧૬૦ | ૩૫૧૫ | ૨૦૦ | ૪૫૦ | ૧૨૨૮૫ | ૧૬.૧ | ૧.૩ |
| | ૧૪૩.૨ | ૧૦૯.૮ | ૨૫.૦ | ૧૫૦.૦ | ૧૨૨.૯ | | |
| ન્ય | ૫૭૫૫ | ૧૧૬૧૦ | ૧૫૦ | ૩૮૫ | ૧૭૯૦૦ | ૨૩.૪ | ૨.૦ |
| | ૧૦૦.૯ | ૩૬૨.૮ | ૧૮.૮ | ૧૨૮.૩ | ૧૭૯.૦ | | |
| ુ.. | ૪૦૩૬૪૬ | ૨૨૬૧૫૦ | ૧૪૨૫૨ | ૩૪૨૭૦ | ૬૭૮૩૧૮ | ૮૮૯.૦ | ૭૪.૧ |
| | ૭૦૮૧.૫ | ૭૦૬૭.૨ | ૧૭૮૧.૫ | ૧૧૪૨૩.૩ | ૬૭૮૩.૨ | | |

## કોઠો - ૪:૨૧

**ધંધાવાર નમૂનાના કુટુંબોનું વાર્ષિક કુટુંબદીઠ વપરાશી ખર્ચ ::**

(ટકામાં)

| ધંધાનું નામ | માછીમાર | નોકરી | છૂટકમજૂરી | વેપાર | કુલ |
|---|---|---|---|---|---|
| કુલ કુટુંબો | ૫૭ | ૩૨ | ૮ | ૩ | ૧૦૦ |
| ખોરાક | ૨૯.૪૭ | ૨૬.૧૮ | ૧૮.૯૮ | ૨૭.૭૨ | ૨૮.૦૬ |
| શાકભાજી | ૨.૪૯ | ૨.૨૯ | ૨.૯૮ | ૨.૭૩ | ૨.૪૫ |
| માછલી માંસ ઈંડા | ૧૧.૧૩ | ૯.૬૧ | ૧૦.૫૨ | ૧૩.૪૨ | ૧૦.૭૩ |
| ખાંડ-ગોળ ચા-કોફી ગરમમસાલા | ૯.૧૭ | ૮.૩૬ | ૧૨.૨૨ | ૧૧.૫૪ | ૯.૦૯ |
| દૂધ-ઘી-તેલ | ૧૩.૮૨ | ૧૨.૪૧ | ૧૯.૫૧ | ૧૧.૬૪ | ૧૩.૩૬ |
| દારૂ | ૧.૯૬ | ૧.૯૨ | ૩.૧૬ | ૨.૦૪ | ૧.૯૮ |
| તમાકુ-બીડી | ૨.૮૪ | ૨.૬૬ | ૪.૨૮ | ૨.૯૨ | ૨.૮૨ |
| બળતણ | ૭.૦૯ | ૬.૨૦ | ૫.૭૨ | ૬.૫૨ | ૬.૭૪ |
| મુસાફરી | ૧.૫૦ | ૧.૬૬ | ૩.૫૧ | ૦.૬૩ | ૧.૫૫ |
| કપડાં-પગરખાં | ૧૪.૫૩ | ૧૫.૪૪ | ૧૪.૩૮ | ૧૬.૫૭ | ૧૪.૯૩ |
| દવાદારૂ | ૦.૫૫ | ૧.૮૭ | ૦.૮૮ | ૧.૫૩ | ૧.૦૪ |
| શિક્ષણ | ૨.૦૧ | ૪.૭૧ | ૧.૪૦ | ૦.૨૯ | ૨.૮૧ |
| સામાજિક ધાર્મિક | ૨.૦૨ | ૧.૫૫ | ૧.૪૦ | ૧.૩૧ | ૧.૮૧ |
| અન્ય | ૧.૪૨ | ૫.૧૪ | ૧.૦૬ | ૧.૧૪ | ૨.૬૩ |
| કુલ.. | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) |

દક્ષિણ ગુજરાતના પસંદ કરેલ કુટુંબનું વાર્ષિક વપરાશી ખર્ચની માહિતી કોઠા-૪:૨૦માં આપવામાં આવી છે. આ આંકડાઓ પરથી જણાય છે કે તેમનું કુટુંબ-દીઠ વાર્ષિક ખર્ચ રૂ.૬૭૮૩/-.હતું. અને માથાદીઠ વાર્ષિક ખર્ચ રૂ.૮૮૯/-નું હતું અને માથાદીઠ માસિક ખર્ચ રૂ.૭૪/-નું હતું. વપરાશની તરેહની માહિતીનું વિવરણ કરતાં જોવા મળે છે કે કુલ વપરાશમાં ૨૮ ટકા ખર્ચ ખોરાક પાછળ ૧૩ ટકા દૂધ, ઘી પાછળ, કપડાં અને જોડા પાછળ ૧૫ ટકા ખર્ચ થતું હતું. ધાર્મિક અને સામાજિક ખર્ચ નહિવત હતું.

કોઠો - ૪:૨૨

ધંધાવાર અને જૂથવાર નિર્વાહ ખર્ચ પ્રમાણે નમૂનાના કુટુંબોનું વર્ગીકરણ :: (સોરાષ્ટ) ::

| ધંધો | ૧૦૦૦ થી ૩૦૦૦ રૂ. | ૩૦૦૦ થી ૫૦૦૦ રૂ. | ૫૦૦૦ થી ૭૦૦૦ રૂ. | ૭૦૦૦ થી ૧૦૦૦૦ રૂ. | ૧૦૦૦૦ થી વધુ રૂ. | કુલ કુટુંબો રૂ. |
|---|---|---|---|---|---|---|
| માછીમાર | ૨૫ | ૪૮ | ૪૭ | ૨૩ | ૪ | ૧૪૭ |
| | ૧૭.૦૧ | ૩૨.૬૫ | ૩૧.૯૭ | ૧૫.૬૫ | ૨.૭૨ | ૧૦૦.૦૦ |
| છૂટકમજૂરી | ૧૦ | ૧૦ | - | - | - | ૨૦ |
| | ૫૦.૦૦ | ૫૦.૦૦ | | | | ૧૦૦.૦૦ |
| નોકરી | ૪ | ૧૨ | ૩ | ૧ | - | ૨૦ |
| | ૨૦.૦૦ | ૬૦.૦૦ | ૧૫.૦૦ | ૫.૦૦ | | ૧૦૦.૦૦ |
| વેપારધંધો | ૧ | ૨ | - | - | - | -૩ |
| | ૩૩.૩૩ | ૬૬.૬૭ | | | | ૧૦૦.૦૦ |
| ખલાસી | ૨ | ૫ | ૨ | ૧ | - | ૧૦ |
| | ૨૦.૦૦ | ૫૦.૦૦ | ૨૦.૦૦ | ૧૦.૦૦ | | ૧૦૦.૦૦ |
| કુલ... | ૪૨ | ૫૭ | ૫૨ | ૨૫ | ૪ | ૨૦૦ |
| | ૨૧.૦૦ | ૨૮.૫૦ | ૨૬.૦૦ | ૧૨.૫૦ | ૨.૦૦ | ૧૦૦.૦૦ |

સૌરાષ્ટ્ર વિસ્તારના નમૂનાના ૨૦૦ કુટુંબોનું નિર્વાહ ખર્ચનું પ્રમાણ કોઠા ૪:૨૨ માં દર્શાવવામાં આવ્યુ છે. કુલ ૧૪૭ કુટુંબોમાંથી ૪૨ કુટુંબોનું ખર્ચ રૂા.૩૦૦૦/- સુધીનું , ૫૭ કુટુંબોનું રૂા.૫૦૦૦/- સુધીનું, ૫૨ કુટુંબોનું રૂા.૭૦૦૦/- સુધીનું, ૨૫ કુટુંબોનું રૂા.૧૦૦૦૦/- સુધીનું હતુ. જ્યારે માછીમાર ૪ કુટુંબોનું નિર્વાહ ખર્ચ રૂા.૧૦૦૦૦થી વધુ હતું.

જ્યારે દક્ષિણ ગુજરાતના માછીમારોનું જૂથવાર નિર્વાહ ખર્ચ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ કોઠા ૪:૨૩ માં દર્શાવવામાં આવ્યુ છે.

## કોઠો - ૪:૨૩

જૂથવાર નિર્વાહખર્ચ પ્રમાણે નમૂનાના કુટુંબોનું વર્ગીકરણ:(દ.ગુજરાત)

| ધંધાનું નામ | ૧૦૦૦ થી ૩૦૦૦ રૂા. | ૩૦૦૦ થી ૫૦૦૦ રૂા. | ૫૦૦૦ થી ૭૦૦૦ રૂા. | ૭૦૦૦ થી ૧૦૦૦૦ રૂા. | ૧૦૦૦૦ થી ઉપર રૂા. | કુલ કુટુંબો રૂા. |
|---|---|---|---|---|---|---|
| માછીમાર | ૨ | ૨૩ | ૨૪ | ૩ | ૫ | ૫૭ |
| | ૩.૫૧ | ૪૦.૩૫ | ૪૨.૧૧ | ૫.૨૬ | ૮.૭૭ | ૧૦૦.૦૦ |
| નોકરી | ૧ | ૧૮ | ૯ | ૨ | ૨ | ૩૨ |
| | ૩.૧૨ | ૫૬.૨૫ | ૨૮.૧૩ | ૬.૨૫ | ૬.૨૫ | ૧૦૦.૦૦ |
| છૂટકમજૂરી | - | ૮ | - | - | - | ૮ |
| | | ૧૦૦.૦૦ | | | | ૧૦૦.૦૦ |
| વેપાર | ૧ | ૧ | ૧ | - | - | ૧ |
| | ૩૩.૩૩ | ૩૩.૩૩ | ૩૩.૩૩ | | | ૧૦૦.૦૦ |
| કુલ | ૪ | ૫૦ | ૩૪ | ૫ | ૭ | ૧૦૦ |
| | ૪.૦૦ | ૫૦.૦૦ | ૩૪.૦૦ | ૫.૦૦ | ૭.૦૦ | |

કોઠા ૪:૨૩ પરથી જોઇ શકાય છે કે નમૂનાના કુલ ૧૦૦ કુટુંબોમાંથી ૪ કુટુંબોનું વપરાશીખર્ચ રૂ.૩૦૦૦/- સુધીનું હતું, ૫૦ કુટુંબોનું ૫૦૦૦/-રૂ.સુધીનું, ૩૪ કુટુંબોનું રૂ.૭૦૦૦/- સુધીનું, ૫ કુટુંબોનું રૂ.૧૦૦૦૦/- સુધીનું હતું. જ્યારે માત્ર ૭ કુટુંબોનું ૧૦૦૦૦)-થી વધુ હતું.

મિલકત ::

તપાસેલા કુટુંબો કયા પ્રકારની મિલકત ધરાવતા હતા, અને તેનું પ્રમાણ કેટલું હતું તે કોઠા નં.-૪:૨૪ અને ૪:૨૫ માં દર્શાવવામાં આવ્યું છે.

ધંધાવાર અસ્કયામતનું પ્રમાણ :: (સૌરાષ્ટ્ર વિસ્તાર)

| ધંધાનું નામ | કુલ કુટુંબો | મકાન | ધંધાના સાધનો ઢોર, હોડી, જાળ | ઘર વપરાશીના સાધનો | ઘરેણાં | રોકડ | શેર અનામત | કુલ અસ્કયામત |
|---|---|---|---|---|---|---|---|---|
| મચ્છીમારી | ૧૪૭ | ૬૩૨૪.૫ | ૩૮૨૦૧.૪ | ૨૦૭૧.૪ | ૨૫૦૭.૪ | ૮૪.૪૪ | ૭.૪ | ૪૯૧૬૯.૫ |
| | | ૧૨.૮૬ | ૭૭.૬૫ | ૪.૨૧ | ૫.૧૦ | ૦.૧૭ | ૦.૦૧ | ૧૦૦.૦૦ |
| છૂટક મજૂરી | ૨૦ | ૧૫૦૦.૦ | – | ૧૦૩૭.૬ | ૧૦૦૦.૦ | – | ૩.૦ | ૩૫૪૦.૬ |
| | | ૪૨.૩૭ | | ૨૯.૩૧ | ૨૮.૨૪ | | ૦.૦૮ | ૧૦૦.૦૦ |
| નોકરી | ૨૦ | ૨૮૭૫.૦ | ૧૫૦.૦ | ૧૩૦૯.૦ | ૧૦૨૭.૫ | ૭૫.૦ | ૧૪.૦ | ૫૪૫૦.૫ |
| | | ૫૨.૭૫ | ૨.૭૫ | ૨૪.૦૨ | ૧૮.૮૫ | ૧.૩૮ | ૦.૨૫ | ૧૦૦.૦૦ |
| વેપાર ધંધો | ૩ | ૬૦૦૦.૦ | ૧૧૬૬.૭ | ૩૧૫૧.૭ | ૭૩૩.૩ | ચ | ૧૩.૩ | ૧૧૦૬૫.૦ |
| | | ૫૪.૨૩ | ૧૦.૫૪ | ૨૮.૪૮ | ૬.૬૩ | | ૦.૧૨ | ૧૦૦.૦૦ |
| ખલાસી | ૧૦ | ૭૬૫૦.૦ | ૧૩૮૦.૦ | ૧૫૮૬.૩ | ૧૯૩૦.૦ | – | ૭.૦ | ૧૨૫૫૩.૦ |
| | | ૬૦.૯૪ | ૧૦.૯૯ | ૧૨.૬૪ | ૧૫.૩૭ | | ૦.૦૬ | ૧૦૦.૦૦ |
| કુલ | ૨૦૦ | ૫૫૫૫૮.૫ | ૨૮૧૮૦.૩ | ૧૮૮૩.૭ | ૨૧૫૩.૨ | ૬૮.૮ | ૭.૭ | ૩૭૮૫૨.૧<br>૧૦૦.૦૦ |
| ટકા | | ૧૪.૭ | ૭૪.૪ | ૪.૮ | ૫.૭ | ૦.૩ | ૦.૧ | ૧૦૦.૦૦ |

કોઠા નં.-૪.૨૪ ઉપરથી કુટુંબદીઠ મિલકતનું પ્રમાણ જોતાં જણાય છે કે સરેરશ કુટુંબદીઠ મિલકત રૂા.૩૭૮૫૨/- હતી. માથાદીઠ મિલકત રૂા.૫૦૪૭)- હતી. ધંધાવાર મિલકતનું પ્રમાણ જુદું જુદું હતું. સૌથી ઓછી અસ્કયામત છૂટકમજૂરી અને નોકરી કરતાં કુટુંબો ધરાવતાં હતાં. મિલકત, ધંધાના સાધનોના સ્વરૂપમાં વિશેષ હતી. કુલ મિલકતમાં રોકડ-ઘરેણાં અને મકાનનો હિસ્સો નહિંવત હતો.

એજ રીતે દક્ષિણ ગુજરાતના પસંદ કરેલા નમૂનાના ૧૦૦ કુટુંબોની કુલ સ્થાવર મિલકતની માહિતી તપાસતાં જણાય છે કે સરેરાશ કુટુંબદીઠ મિલકતનું પ્રમાણ રૂા.૧૯૩૦૯નું હતું. ધંધાવાર મિલકતનું પ્રમાણ જુદુ જુદુ હતું. મિલકતમાં મહત્વાનો હિસ્સો મકાન તેમજ ધંધાના સાધનોનો હતો. જેની વિગતે નોંધ કોઠા નં:૪:૨૫ માં દર્શાવવામાં આવી છે.

[redacted]

ધંધાવાર કુટુંબદીઠ મિલકતનું પ્રમાણ : (દ.ગુજરાત)

| ધંધાનું નામ | કુલ કુટુંબો | મકાનની કિંમત<br>રૂ. | ધંધાના સાધનો હોડી,ઢોર<br>રૂ. | ઘરવખરી ફર્નિચર<br>રૂ. | સોના-ચાંદી ઘરેણાં<br>રૂ. | રોકડ શેર<br>રૂ. | કુલ<br>રૂ. | માથાદીઠ મિલકત<br>રૂ. |
|---|---|---|---|---|---|---|---|---|
| માછીમાર | ૫૭ | ૩૭૯૬૦૦<br>૬૬૫૯.૭<br>(૨૫.૭૮) | ૮૦૯૪૭૦<br>૧૪૨૦૧.૨<br>(૫૪.૯૬) | ૧૦૩૦૦૮<br>૧૮૦૭.૨<br>(૬.૯૮) | ૧૭૯૩૦૦<br>૩૧૪૫.૬<br>(૧૨.૧૮) | ૧૬૩૫<br>૨૮.૭<br>(૦.૧૦) | ૧૪૭૨૬૩૮<br>૨૫૮૩૫.૮<br>(૧૦૦.૦૦) | ૩૧૩૯.૯ |
| નોકરી | ૩૨ | ૧૬૧૦૦૦<br>૫૦૩૧.૨<br>(૪૫.૭૪) | ૨૨૯૭૦<br>૭૧૭.૮<br>(૬.૫૩) | ૬૯૭૦૮<br>૨૧૭૮.૪<br>(૧૯.૮૦) | ૯૭૮૦૦<br>૩૦૫૬.૩<br>(૨૭.૭૯) | ૧૪૦<br>૪.૪<br>(૦.૦૪) | ૩૫૧૯૯૩<br>૧૦૯૯.૮<br>(૧૦૦.૦૦) | ૧૬૧૪.૭ |
| છૂટક મજૂરી | ૮ | ૨૪૫૦૦<br>૩૦૬૨.૫<br>(૫૪.૧૭) | ૩૫૦૦<br>૪૩૭.૫<br>(૭.૭૪) | ૮૪૮૫<br>૧૦૬૦.૬<br>(૧૮.૭૬) | ૮૭૦૦<br>૧૦૮૭.૫<br>(૧૯.૨૪) | ૪૦<br>૫.૦<br>(૦.૦૯) | ૪૫૨૨૫<br>૫૬૫૩.૧<br>(૧૦૦.૦૦) | ૭૪૧.૪ |
| વેપાર | ૩ | ૪૫૦૦૦<br>૧૫૦૦૦.૦<br>(૭૩.૭૫) | – | ૧૦૭૬૫<br>૩૫૮૮.૩<br>(૧૭.૬૪) | ૫૨૦૦<br>૧૭૩૩.૩<br>(૮.૫૨) | ૫૦<br>૧૬.૭<br>(૦.૦૯) | ૬૧૦૧૫<br>૨૦૩૩૮.૩<br>(૧૦૦.૦૦) | ૪૦૬૭.૭ |
| કુલ... | ૧૦૦ | ૬૧૦૧૦૦<br>૬૧૦૧.૦<br>(૩૧.૬૦) | ૮૩૫૯૪૦<br>૮૩૫૯.૪<br>(૪૩.૨૯) | ૧૯૧૯૬૬<br>૧૯૧૯.૭<br>(૯.૯૪) | ૨૯૧૦૦૦<br>૨૯૧૦.૦<br>(૧૫.૦૦) | ૧૮૬૫<br>૧૮.૬<br>(૦.૧૦) | ૧૯૩૦૮૭૧<br>૧૯૩૦૮.૭<br>(૧૦૦.૦૦) | ૨૫૩૦.૬ |

## મૂડીરોકાણ :-

નમૂનાના કુટુંબોએ xxxxx છેલ્લા વીસ વર્ષ દરમ્યાન કયા ક્ષેત્રોમાં મૂડીરોકાણ કર્યું હતું જેની માહિતી કોઠા ૪:૨૬ માં આપવામાં આવી છે.

[redacted] 

ધધાવાર છેલ્લા વર્ષ દરમ્યાન કરેલ મૂડીરોકાણ ::

| ધધાનું નામ | કુલ કુટુંબ સંખ્યા | નવામકાનનું બાંધકામ | મકાન સમારકામ | જાળ બનાવવી | હોડી બનાવવા | ટ્રોલર બનાવવા | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| મચ્છીમારી | ૧૪૭ | (૮.૪૪) | – | (૧૭.૨૮) | (૧૪.૭૬) | (૫૯.૫૨) | ૧૦૦.૦૦ |
| | | ૨૧૮૦.૩ | | ૪૪૬૪.૩ | ૩૮૧૩.૬ | ૧૫૩૭૪.૨ | ૨૫૮૩૨.૩ |
| છૂટક મજૂરી | ૨૦ | (૮૯.૦૯) | (૧૦.૯૧) | – | – | – | ૧૦૦.૦૦ |
| | | ૧૨૨૫.૦૦ | ૧૫૦.૦૦ | | | | ૧૩૭૫.૦૦ |
| નોકરી | ૨૦ | (૯૫.૩૮) | – | (૪.૬૨) | – | – | ૧૦૦.૦૦ |
| | | ૩૧૦૦.૦૦ | | ૧૫૦.૦૦ | | | ૩૨૫૦.૦૦ |
| વેપાર-ધધો | ૩ | – | – | (૬૩.૬૫) | – | (૩૬.૩૫) | ૧૦૦.૦૦ |
| | | | | ૧૧૬૬.૬૭ | | ૬૬૬.૬૭ | ૧૮૩૩.૩૩ |
| ખલાસી | ૧૦ | (૮૮.૬૪) | – | (૧૧.૩૬) | – | – | ૧૦૦.૦૦ |
| | | ૩૯૦૦.૦ | | ૫૦૦.૦ | | | ૪૦૦૦.૦ |
| કુલ... | ૨૦૦ | (૧૧.૩) | (૦.૧) | (૧૭.૦) | (૧૪.૨) | (૫૭.૪) | (૧૦૦.૦૦) |
| | | ૨૨૩૦.૦ | ૧૫૦.૦ | ૩૩૩૮.૭૫ | ૨૮૦૩.૦૦ | ૧૧૧૧.૦૦ | ૧૯૬૯૬.૭ |

કોઠા નં.-૪:૨૬ ઉપરથી જોઇ શકાય છે કે તપાસમાં લીધેલા કુલ ૨૦૦ કુટુંબોએ છેલ્લા ૨૦ વર્ષ દરમ્યાન કરેલા કુલ મૂડીરોકાણમાં ૧૧.૩ ટકા નવા મકાનો બાંધવા, ૦.૧ ટકા જુના મકાનો સમારકામ પાછળ, ૧૭.૦ ટકા ધંધાને ઉપયોગી સાધનો તેમજ જાળ બનાવવા પાછળ ૧૪.૨ ટકા હોડી બનાવવા અને ૫૭.૪ ટકા મૂડીરોકાણ ટ્રોલર બનાવવા પાછળ કરેલા.

આ જ પ્રમાણે દક્ષિણ ગુજરાતના માછીમારોએ છેલ્લા ૨૦ વર્ષ દરમ્યાન કરેલ મૂડીરોકાણની પરિસ્થિતિ જોઇએ તો આપણને તદ્દન ભિન્નતા જોવા મળે છે. સૌરાષ્ટ્રના ખારવા લોકોએ વધુમાં વધુ મૂડીરોકાણ જેમ ટ્રોલર બનાવવા, ધંધાને વિકસાવવા કરેલ છે. જ્યારે દક્ષિણ ગુજરાતના માછીમારો એ નવામકાનના બાંધકામો પાછળ સૌથી વધુ મૂડીરોકાણ કર્યું હતું. જે નીચેના કોઠા પરથી જોઇ શકાય છે.

કોઠા - ૪:૨૭

ધંધાવાર છેલ્લા ૨૦ વર્ષ દરમ્યાન કરેલ મૂડીરોકાણ:(દ.ગુજરાત)

| ધંધાનું નામ | કુલ કુટુંબો | નવા મકાનનું બાંધકામ | મકાન સમાર-કામ | જાળ બનાવવા | હોડી તેમજ ટ્રોલર | કુલ |
|---|---|---|---|---|---|---|
| માછીમાર | ૫૭ | (૪૧.૫૩) | (૦.૧૯) | (૨૧.૨૭) | (૩૭.૦૧) | (૧૦૦.૦૦) |
| | | ૧૯૩૮.૬ | ૮.૮ | ૯૯૩.૦ | ૧૭૨૮.૧ | ૪૬૬૮.૫ |
| નોકરી | ૩૨ | (૧૦૦.૦૦) | - | - | - | (૧૦૦.૦૦) |
| | | ૩૦૩૧.૩ | | | | ૩૦૩૧.૩ |
| છૂટકમજૂરી | ૮ | (૩૩.૩૩) | (૬૬.૬૭) | - | - | (૧૦૦.૦૦) |
| | | ૧૮૭.૫ | ૩૭૫.૦ | | | ૫૬૨.૫ |
| વેપાર | ૩ | (૧૦૦.૦૦) | - | - | - | (૧૦૦.૦૦) |
| | | ૧૩૮૩૩.૩ | | | | ૧૩૮૩૩.૩ |
| કુલ... | ૧૦૦ | (૬૧.૨૨) | (૦.૮૬) | (૧૩.૮૪) | (૨૪.૦૮) | (૧૦૦.૦૦) |
| | | ૨૫૦૫.૦ | ૩૫.૦ | ૫૬૬.૦ | ૯૮૫.૦ | ,૦૯૧ |

આમ ઉપરોક્ત બને વિસ્તારોમાં છેલ્લા ૨૦ વર્ષ દરમ્યાન કરેલ મૂડીરોકાણ માટેના મૂડી કઇ નાણાંકીય સંસ્થા તરફથી મેળવવામાં આવી હતી તેની માહિતી કોઠા - ૪:૨૮ માં આપવામાં આવી છે.

કોઠો - ૪:૨૮

ઘધાવાર છેલ્લા ૨૦ વર્ષ દરમ્યાન કરેલ કુલ મૂડીરોકાણના સાધનો :: (ટકામાં)

| મૂડીના સાધનો | સૌરાષ્ટ્ર વિસ્તાર | દક્ષિણ ગુજરાત |
|---|---|---|
| કુલ કુટુંબો | ૨૦૦ | ૧૦૦ |
| સ્વયં બચત | ૩૧.૧ | ૫૨.૨ |
| સરકારી લોન | ૫૪.૫ | ૧.૧ |
| સહકારી મંડળી | ૦.૭ | - |
| શાહુકાર વેપારી | ૧૨.૯ | ૧૨.૫ |
| સગાંસબંધી | ૦.૮ | ૩૪.૨ |
| કુલ.... | ૧૦૦.૦ | ૧૦૦.૦ |

કોઠા ૪:૨૮ પરથી જોઇ શકાય છે કે સૌરાષ્ટ્રના ખારવાઓએ જે મૂડીરોકાણ કરેલ છે તેમાંથી ૩૧.૨ ટકા, સ્વબચતમાંથી, જ્યારે દ.ગુજરાતના માછીમારોએ ૫૨.૨ ટકા સ્વબચતમાંથી કરેલ. જ્યારે બાકીનું મૂડીરોકાણ સહકારી લોન વ્દારા કર્યું હતું. સૌરાષ્ટના ખારવાઓએ સરકારીખાતા વ્દારા મળતી લોન તેમજ સાધનોનો લાભ લીધો હતો. જ્યારે દ.ગુજરાતના માછીમારો આથી વંચિત

હોય તેમ લાગે છે. દ.ગુજરાતના માછીમારોએ કુલ ૪૬.૭ ટકા મૂડી શાહુકાર અને સગાસબંધી પાસેથી પ્રાપ્ત કરી હતી જે ઉપરોકત આંકડાઓ પરથી સ્પષ્ટપણે જોઇ શકાય છે.

દેવુ ::

તપાસેલ કુલ કુટુંબોમાંથી ૮૫ ટકા કુટુંબોને દેવુ હતુ, એટલે કે ૧૭૦ કુટુંબો દેવાદાર હતા. જ્યારે ૧૫ ટકા કુટુંબોને દેવુ નહોતુ. માછીમારી કરતા કુટુંબોને અન્ય વ્યવસાયમાં રોકાયેલ કુટુંબ કરતા દેવુ વિશેષ હતુ. દેવાદાર કુટુંબદીઠ દેવુ રૂ.૧૬૪૦૨ નુ હતુ. જેમાંથી ૧૬.૬ ટકા શાહુકારનું, સરકારનુ ૧.૩ ટકા, સહકારીમંડળી ૦.૪ ટકા, અને બેંકનુ ૮૧.૦ ટકા હતુ. આમ સૌથી વધુ ધિરાણ રાષ્ટ્રીકૃત બેંક પાસેથી લેવામાં આવ્યુ હતુ. જુદા જુદા ધંધાવાર દેવાની સ્થિતિ જુદી જુદી હતી. માછીમારના ધંધામાં રોકાયેલાને દેવુ વધુ હતું. છૂટકમજૂરી અને વેપાર ધંધા કુટુંબોને દેવુ ઓછુ હતુ. દેવાની વિગતવાર માહિતી કોઠા ૪:૨૮ માં આપવામાં આવી છે.

દેવાની રકમ પ્રમાણે કુટુંબદીઠ દેવાની પરિસ્થિતિ કોઠા - ૪:૨૯ માં આપવામાં આવી છે.

[redacted]

ધંધાવાર અને સાધનવાર કુટુંબદીઠ દેવું ::

| ધંધો | કુલ કુટુંબ | દેવાદાર કુટુંબ | શાહુકાર વેપારી | સરકાર | સહ.મંડળી | બેન્ક | સગાંસંબંધી | કુલ | દેવાદાર કુટુંબદીઠ દેવું | કુટુંબદીઠ દેવું |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મચ્છીમાર | ૧૪૭ | ૧૨૭ | ૩૩૪૧.૭ | ૧૨૨.૧ | ૮૦.૭ | ૧૭૮૨૭.૯ | ૭૮.૭ | ૨૧૪૫૧.૧ | ૨૧૪૫૧.૧ | ૧૮૫૩૨. |
| | | | (૧૫.૫૮) | (૦.૫૦) | (૦.૩૮) | (૮૩.૧૧) | (૦.૩૪) | (૧૦૦.૦૦) | | |
| છૂટક મજૂરી | ૨૦ | ૧૬ | ૫૯૩.૮ | - | - | ૧૨૫.૦ | ૧૮૧.૩ | ૯૦૦.૧ | ૯૦૦.૧ | ૭૨૦.૦ |
| | | | (૬૫.૯૭) | | | (૧૩.૮૯) | (૨૦.૧૪) | (૧૦૦.૦૦) | | |
| નોકરી | ૨૦ | ૧૭ | ૧૨૨૩.૫ | ૧૧૭૬.૫ | ૫૮.૮૨ | ૧૧૭.૬૫ | ૨૯૪.૧ | ૨૮૭૦.૬ | ૨૮૭૦.૬ | ૨૪૪૦. |
| | | | (૪૨.૬૨) | (૪૦.૯૮) | (૨.૦૫) | (૪.૧૦) | (૧૦.૨૫) | (૧૦૦.૦૦) | | |
| વેપાર-ધંધો | ૩ | ૩ | ૩૦૦.૦ | - | - | ૬૬૬.૭ | - | ૯૬૬.૭ | ૯૬૬.૭ | ૯૬૬.૭ |
| | | | (૩૧.૦૩) | | | (૬૮.૯૭) | | (૧૦૦.૦૦) | | |
| ખલાસી | ૧૦ | ૭ | ૧૨૧૪.૩ | - | - | - | ૪૨૮.૬ | ૧૬૪૨.૯ | ૧૬૪૨.૯ | ૧૧૫૦. |
| | | | (૭૩.૯૧) | | | | (૨૬.૦૯) | (૧૦૦.૦૦) | | |
| કુલ... | ૨૦૦ | ૧૭૦ | ૨૭૩૦.૦ | ૨૦૮.૮ | ૬૬.૨ | ૧૩૩૫૩.૮ | ૧૨૨.૯ | ૧૬૪૮૧.૭ | ૧૬૪૮૧.૭ | ૧૪૦૦૯ |
| | | | (૧૬.૬) | (૪૧.૩) | (૦.૪) | (૮૧.૦) | (૦.૭) | (૧૦૦.૦) | | |

(કૌંસમાં દર્શાવેલા આંકડા ટકામાં છે.

[redacted]

| ધંધાનું નામ | દેવાદાર કુટુંબ | ૧૦૦૦થી ઓછું | ૧૦૦૦થી ૩૦૦૦ | ૩૦૦૦થી ૫૦૦૦ | ૫૦૦૦થી ૧૦૦૦૦ | ૧૦૦૦૦થી ૩૦૦૦૦ | ૩૦૦૦૦ થી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| માછીમાર | ૧૨૭ | ૨૨ | ૩૫ | ૨૦ | ૧૯ | ૧૮ | ૧૩ | ૧૨૭ |
| | | (૧૭.૩૨) | (૨૭.૫૬) | (૧૫.૭૫) | (૧૪.૯૬) | (૧૪.૧૭) | (૧૦.૨૪) | (૧૦૦.૦૦) |
| છૂટકમજૂરી | ૧૬ | ૧૬ | ૧૧ | ૫ | – | – | – | ૩૨ |
| | | (૫૦.૦૦) | (૩૪.૩૮) | (૧૫.૬૨) | | | | (૧૦૦.૦૦) |
| નોકરી | ૧૭ | ૯ | ૫ | ૧ | ૧ | ૧ | – | ૧૭ |
| | | (૫૨.૯૫) | (૨૯.૪૧) | (૫.૮૮) | (૫.૮૮) | (૫.૮૮) | | (૧૦૦.૦૦) |
| વેપાર-ધંધો | ૩ | ૨ | ૧ | – | – | – | – | ૩ |
| | | (૬૬.૬૭) | (૩૩.૩૩) | | | | | (૧૦૦.૦૦) |
| ખલાસી | ૭ | ૩ | ૪ | – | – | – | – | ૭ |
| | | (૪૨.૮૬) | (૫૭.૧૪) | | | | | (૧૦૦.૦૦) |
| કુલ... | ૧૭૦ | ૪૭ | ૫૦ | ૨૧ | ૨૦ | ૧૯ | ૧૩ | ૧૭૦ |
| | | (૨૭.૬૫) | (૨૯.૪૧) | (૧૨.૩૫) | (૧૧.૭૬) | (૧૧.૧૮) | (૭.૬૫) | (૧૦૦.૦૦) |

( કૌંસમાં દર્શાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવે છે.)

કોઠા – ૪:૨૯ પરથી જોઇ શકાય છે કે કુલ તપાસેલ કુટુંબમાંથી ૨૭ ટકાને રૂા.૧૦૦૦/-થી ઓછુ દેવુ હતું. જયારે રૂા.૧૦૦૦ થી ૧૦૦૦૦ દેવુ હોય એવા કુટુંબોની સંખ્યા વિશેષ હતી. ૩૦,૦૦૦ થી ઉપરના દેવાદાર કુટુંબો માત્ર ૧૩ હતાં.

(७२)

કોઠો - ४:३०

હેતુવાર દેવાનું પ્રમાણ ::

| ધંધો | કુલ કુટુંબ | દેવાદાર કુટુંબ | નિર્વાહ માટે | નવા મકાનનું બાંધકામ | જાળ બનાવવા | કોઠી બનાવવા | સામાજિક | કુલ | કુટુંબદીઠ દેવું |
|---|---|---|---|---|---|---|---|---|---|
| માછીમાર | १४७ | १२७ | ८४१.३ (३.६२) | २३.६ (०.११) | २१६७.३ (१०.१०) | १८३५५.६ (८५.५७) | ६३.० (०.३०) | २१४५१.१ (१००.००) | १८५३३.६ |
| છૂટકમજુરી | २० | १६ | ६५०.१ (७२.२२) | १२५.० (१३.८६) | १२५.० (१३.८६) | - | - | ९००.१ (१००.००) | ७२०.० |
| નોકરી | २० | १७ | २५२.६ (८.८१) | २०२६.४ (७०.७०) | १४७.१ (५.१२) | - | ४४१.२ (१५.३७) | २८७०.६ (१००.००) | २४४०.० |
| વેપાર-ધંધો | ३ | ३ | ३००.० (३१.०३) | - | ६६६.७ (६८.९७) | - | - | ९६६.७ (१००.००) | ९६६.७ |
| ખલાસી | १० | ७ | ७५७.२ (४६.०९) | २८५.७ (१७.३९) | ३१४.३ (१९.१३) | - | २८५.७ (१७.३९) | १६४२.९ (१००.००) | ११५०.० |
| કુલ... | २०० | १७० | ७५१.४ [illegible] | २४४.१ [illegible] | १६७०.३ [illegible] | १३७१२.६ (८३.२) | १०२.६ (०.६) | १६४७१.७ (१००.००) | १४००९.५ |

દેવાનું હેતુવાર વિશ્લેષણ કરતાં જણાય છે કે ખારવાઓનું મોટાભાગનું દેવું ઉત્પાદકીય હતું. કુલ દેવામાંથી ૮૩ ટકા દેવું ધંધાના સાધનો હોડી, ટ્રોલર તેમજ જાળ બનાવવા માટે કરવામાં આવ્યું હતું. સામાજિક અને નિર્વાહખર્ચ પાછળનું દેવું નહિવત હતું.

સૌરાષ્ટ્ર વિસ્તારના ખારવા જાતિની દેવા અંગેની માહિતી જોયા પછી દક્ષિણ ગુજરાતના માછીમારોની દેવા અંગેની પરિસ્થિતિ જોતાં જણાય છે કે કુલકુલ તપાસેલ કુટુંબોમાંથી ૫૦ ટકા કુટુંબોને દેવું હતું. અને તેમને સૌરાષ્ટ્રના ખારવાઓની કરતાં ઓછું દેવું હતું. દેવાદાર કુટુંબદીઠ દેવું રૂ.૩૫૫૬/-નું હતું. દેવાદાર કુટુંબોની સંખ્યા માછીમારી અને નોકરીના વ્યવસાયમાં રોકાયેલામાં વિશેષ હતી.

સાધનવાર દેવાનું વિશ્લેષણ કરતાં જણાય છે કે કુલ દેવામાં ૨૦ ટકા દેવું શાહુકારનું અર્થાત વેપારીનું, ૨૪ ટકા રાષ્ટ્રીકૃત બેંક, ૩ ટકા સહકારી મંડળીનું અને ૫૩ ટકા સગાસંબંધીનું હતું. આમ અંદરોઅંદર સગાસંબંધી પાસેથી વધારે રકમ મેળવવામાં આવે છે તે જોઇ શકાય છે. આમ આર્થિક ભીંસમાં સગાવહાલાં એકબીજાની મદદ કરતાં હોય છે.

સાધનવાર દેવાની માહિતી કોઠા - ૪:૩૧ માં આપવામાં આવી છે.

| ધંધાનું નામ | કુલ કુટુંબ સંખ્યા | દેવાદાર કુટુંબ | કુલ કુટુંબના ટકા | શાહુકાર વેપારી | સહ.મંડળી | બેંક | સગાવહાલાં | કુલ દેવું | કુટુંબદીઠ દેવું | દેવાદાર કુટુંબદીઠ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| માછીમાર | ૫૭ | ૩૦ | ૫૨.૬ | ૨૯૫૦૦ | ૬૦૦૦ | ૪૨૦૦૦ | ૬૯૨૦૦ | ૧૪૬૭૦૦ | ૨૫૭૩.૭ | ૪૮૯૦. |
| | | | | ૯૮૩.૩ | ૨૦૦.૦ | ૧૪૦૦.૦ | ૨૩૦૬.૭ | ૪૮૯૦.૦ | | |
| | | | | (૨૦.૧૧) | (૪.૦૯) | (૨૮.૬૩) | (૪૭.૧૭) | (૧૦૦.૦૦) | | |
| નોકરી | ૩૨ | ૧૨ | ૩૭.૫ | ૫૪૦૦ | – | – | ૧૭૮૦૦ | ૨૩૨૦૦ | ૭૨૫.૦ | ૧૯૩૩. |
| | | | XXXXX | ૪૫૦.૦ | | | ૧૪૮૩.૩ | ૧૯૩૩.૩ | | |
| | | | | (૨૩.૨૮) | | | (૭૬.૭૨) | (૧૦૦.૦૦) | | |
| છૂટકમજૂરી | ૮ | ૭ | ૮૭.૫ | ૯૦૦ | – | – | ૪૫૦૦ | ૫૪૦૦ | ૬૭૫.૦ | ૭૭૧.૪ |
| | | | | ૧૨૮.૬ | | | ૬૪૨.૮ | ૭૭૧.૪ | | |
| | | | | (૧૬.૬૭) | | | (૮૩.૩૩) | (૧૦૦.૦૦) | | |
| વેપાર | ૩ | ૧ | ૩૩.૩ | – | – | – | ૨૫૦૦ | ૨૫૦૦ | ૮૩૩.૩ | ૨૫૦૦. |
| | | | | | | | ૨૫૦૦.૦ | ૨૫૦૦.૦ | | |
| | | | | | | | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) | | |
| કુલ... | ૧૦૦ | ૫૦ | ૫૦ | ૩૫૮૦૦ | ૬૦૦૦ | ૪૨૦૦૦ | ૯૪૦૦૦ | ૧૭૭૮૦૦ | | |
| | | | ૫૦.૦ | ૭૧૬.૦ | ૧૨૦.૦ | ૮૪૦.૦ | ૧૮૮૦.૦ | ૩૫૫૬.૦ | ૧૭૭૮.૦ | ૩૫૫૬. |
| | | | | (૨૦.૧) | (૩.૪) | (૨૩.૬) | (૫૨.૯) | (૧૦૦.૦૦) | | |

(કૌંસમાં જણાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવે છે.)

## કોઠો - ૪:૩૨

### દેવા જૂથ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ :: (દક્ષિણ ગુજરાત)

| ધંધો | કુલ કુટુંબ | દેવાદાર કુટુંબ | ૧૦૦૦ થી ઓછુ | ૧૦૦૦ થી ૩૦૦૦ | ૩૦૦૦ થી ૫૦૦૦ | ૫૦૦૦ થી ૧૦૦૦૦ | ૧૦૦૦૦ થી ૩૦૦૦૦ |
|---|---|---|---|---|---|---|---|
| માછીમાર | ૫૭ | ૩૦ | ૭ | ૧૧ | ૫ | ૪ | ૩ |
| | | (૧૦૦.૦) | (૨૩.૩૩) | (૩૬.૬૭) | (૧૬.૬૭) | (૧૩.૩૩) | (૧૦.૦૦) |
| નોકરી | ૩૨ | ૧૨ | ૪ | ૭ | - | ૧ | - |
| | | (૧૦૦.૦) | (૩૩.૩૩) | (૫૮.૩૩) | | (૮.૩૪) | |
| છૂટક મજૂરી | ૮ | ૭ | ૬ | ૧ | - | - | - |
| | | (૧૦૦.૦) | (૮૫.૭૧) | (૧૪.૨૯) | | | |
| વેપાર | ૩ | ૧ | - | ૧ | - | - | - |
| | | (૧૦૦.૦) | | (૧૦૦.૦) | | | |
| કુલ | ૧૦૦ | ૫૦ | ૧૭ | ૨૦ | ૫ | ૫ | ૩ |
| | | (૧૦૦.૦) | (૩૪.૦) | (૪૦.૦) | (૧૦.૦) | (૧૦.૦) | (૬.૦૦) |

(કૌંસમાં દર્શાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.)

કોઠા ૪:૩૨ માં દર્શાવેલા આંકડાઓ પરથી જણાય છે કે ૧૭ કુટુંબોને ૧૦૦૦થી ઓછુ દેવુ હતુ. જ્યારે ૧૦૦૦ થી ૩૦૦૦ સુધી દેવુ હોય તેવા ૨૦ કુટુંબો હતા. ૧૦૦૦૦ થી વધુ દેવુ હોય તેવા કુટુંબોની સંખ્યા માત્ર ૩ ની હતી. હેતુવાર દેવાની પરિસ્થિતિ સૌરાષ્ટ્ર કરતા કંઇક જુદી હતી. તેની વિગતવાર માહિતી કોઠા ૪.૩૩ માં આપવામાં આવી છે.

## કોઠો - ૪:૩૩

### ધંધાવાર અને હેતુવાર દેવાનું પ્રમાણ

| ધંધો | કુલ કુટુંબ | નિર્વાહ ખર્ચ | નવા મકાનનું બાંધકામ | ધંધાકીય સાધનો | સામાજીક ધાર્મિક | કુલ |
|---|---|---|---|---|---|---|
| માછીમાર | ૫૭ | ૨૨૪.૬<br>(૮.૭૩) | ૫૨૬.૩<br>(૨૦.૪૫) | ૧૪૩૮.૬<br>(૫૫.૯૧) | ૩૭૩.૭<br>(૧૪.૫૧) | ૨૫૭૩.૨<br>(૧૦૦.૦૦ |
| નોકરી | ૩૨ | ૧૭૧.૯<br>(૨૩.૭૧) | ૩૧૨.૫<br>(૪૩.૧૦) | - | ૨૪૦.૬<br>(૩૩.૧૯) | ૭૨૫.૦<br>(૧૦૦.૦ |
| છૂટક મજૂરી | ૮ | ૩૦૦<br>(૪૪.૪૪) | ૧૨૫.૦<br>(૧૮.૫૨) | - | ૨૫૦.૦<br>(૩૭.૦૪) | ૬૭૫.૦<br>(૧૦૦.૦૦ |
| વેપાર | ૩ | - | ૮૩૩.૩<br>(૧૦૦.૦) | - | - | ૮૩૩.૩<br>(૧૦૦.૦૦ |
| કુલ.. | ૧૦૦ | ૨૦૭.૦૦<br>(૧૧.૬) | ૪૩૫.૦<br>(૨૪.૫) | ૮૨૬.૦<br>(૪૬.૫) | ૩૧૦.૦<br>(૧૭.૪) | ૧૭૭૮.૦<br>(૧૦૦.૦) |

(કૌંસમાં દર્શાવેલ આંકડા ટકા દર્શાવે છે.)

કોઠા:૩૩ પરથી જોઇ શકાય છે કે સૌરાષ્ટ્રના ખારવાઓની જેમ દક્ષિણના ખારવાઓનું પણ મોટા ભાગનું દેવું ઉત્પાદકીય હતું. કુલ દેવામાં ૪૬ ટકા દેવું ધંધાના સાધનો માટે કરવામાં આવ્યું હતું, ૨૫ ટકા દેવું મકાન બાંધકામ પાછળ, ૧૭ ટકા સામાજિક અને ૧૧ ટકા નિર્વાહ ખર્ચ પાછળ હતું. સામાજિક અને નિર્વાહખર્ચ પાછળનું દેવું પણ ઠીક પ્રમાણમાં જોવા મળતું હતું.

## સહકારી સંસ્થાઓ :

### દક્ષિણ ગુજરાત વહાણવટુ અને મત્સ્યઉદ્યોગ સહકારી સંઘ

### ભાગડાવાડા, વલસાડ.

આ સંસ્થાએ સુરત અને વલસાડ જિલ્લા વચ્ચે સંલગ્ન છે અને તેનું કાર્યક્ષેત્ર આ બે જિલ્લાના માછીમારો પૂરતું જ મર્યાદિત છે. આ બન્ને જિલ્લામાં વસતા મોટાભાગના માછીમારો આ સંસ્થા સાથે જોડાયેલા છે. સંસ્થાનું મુખ્ય ધ્યેય સદીઓથી આર્થિક-સામાજિક તથા શૈક્ષણિક રીતે પછાત રહેલા મત્સ્ય-વ્યવસાય કરતા સમાજના લોકોમાં જાગૃતિ આણી સહકારી માળખા હેઠળ મત્સ્ય ઉદ્યોગનો વૈજ્ઞાનિક ઢબે વિકાસ સાધી તેમની આર્થિક ઉન્નતિ કરવાનો છે.

આ સંસ્થામાં ૩૦-૬-૧૯૭૯ ના રોજ વ્યકિતગત સભાસદોની સંખ્યા ૨૦૫૯ હતી. મંડળી સભાસદ સંખ્યા ૧૫ ની અને સહાયક સભ્ય સંખ્યા ૩૫ ની હતી. આ સંસ્થાએ સરકાર અને બેંક પાસેથી જુદી જુદી લોનો મેળવીને તેને સમયસર ભરપાઇ કરી ઉત્તરોત્તર પ્રગતિ સાધી છે. સંઘ વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. સુકીમચ્છીનું વેચાણ, સુતર, તાજી મચ્છીનું વેચાણ તેમજ ચોખા, જુવાર, કુસકી અને ફીશમીલનું વેચાણ કરે છે. આ સિવાય માછીમારોને માછલાં પકડવાના સાધનોનું વિતરણ તેમજ મોટર ટ્રક દ્વારા ભાડાની સારી આવક મેળવે છે. સંઘના સભ્યો કે જેઓની પાસે ટ્રોલર બોટ છે અને જેઓ ધંધાર્થે માછીમારી માટે દક્ષિણ ગુજરાતમાંથી સૌરાષ્ટ્રના દરિયા કાંઠા પર જઇ માછીમારીનો ધંધો કરે છે તેમને શરૂઆતમાં એડવાન્સ રકમ આપે છે અને તેમની પાસે માલના સ્વરૂપમાં ધિરાણની વસૂલાત મેળવે છે. સંઘ દ્વારા પરદેશમાં મચ્છીની નિકાસ પણ થાય છે. ૧૯૭૭-૭૮ ના વર્ષ દરમ્યાન સંઘે ધી કોઓપરેટીવ હોલસેલ એસ્ટાબ્લીશમેન્ટ સિલોનને રૂ.૯,૬૩૦૦૦/- ની મચ્છી નિકાસ કરી હતી. આ ધંધામાં તેમને ગુણવત્તા અને વજન ઘટના કારણે ૩૯૪૬૮ રૂપિયાની ખોટ સહન કરવી પડી હતી. આ

સંસ્થા જહાજવાડા બાંધકામ યાર્ડ ચલાવે છે. દરેક પ્રકારની અને કદની બોટો બનાવી આપે છે. પરંતુ માછીમારો પાસે નાણાકીય સગવડને અભાવે સારી બોટો બનાવી શકાતા નથી. બોટ બાંધકામ-માંથી પણ સંઘને સારો એવો નફો મળે છે. સંઘે ૧૯૭૮-૭૯ ના વર્ષમાં ૨૪ બોટનું બાંધકામ કર્યું હતું. જેમાં સંઘને રૂપિયા ૩૭,૫૪૧ નો નફો થયો હતો. ૧૯૬૦-૬૧ માં [redacted] સંઘના સભ્યોની સંખ્યા ૭૬ ની હતી જે વધીને ૧૯૭૮-૭૯ માં ૨૧૦૯ ની થઇ હતી. જ્યારે શેરભંડોળ રૂ.૨૨૭૭ ઉપરથી ૭૬૦૯૦ નું હતું. આ આંકડાઓ બતાવે છે સંઘ ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યું છે.

## શ્રી સાગર સર્વોદય સહકારી ધિરાણ મંડળી લી.

શ્રી સાગર સર્વોદય સહકારી ક્રેડીટ સોસાયટી, પોરબંદર છેલ્લા ૨૫ વર્ષથી કામ કરી રહી છે. આ મંડળીમાં મોટાભાગના સભ્યો [redacted] સુભાષનગરના ખારવા લોકો છે. પોરબંદરમાં વસતા ખારવાઓ મંડળીનો લાભ ઓછો લે છે. ૩૦-૬-૧૯૭૮ ના રોજ મંડળીના સભાસદોની સંખ્યા ૧૩૭૨ ની હતી. ૧૯૭૮-૭૯ માં શેરભંડોળ રૂપિયા ૬૫૫૦૦, થાપણ રૂ.૬૬૫૦૧ ની હતી અને થાપણદારોની સંખ્યા ૧૮૯ ની હતી. મંડળીમાં થાપણદારો અને થાપણની રકમમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. ૧૯૭૮-૭૯ના વર્ષમાં ૧૧૪૦ સભાસદોને રૂ.૩,૭૧,૬૮૧=૦૦ ધિરાણ કરવામાં આવેલ. ૧૯૭૭-૭૮ ના બાકીદારોની સંખ્યા ૨૦ની હતી અને મુદ્દત વિતેલ લહેણું રૂ.૬૩૩૧ નું હતું. આમ કુલ ધિરાણમાં માત્ર ૧.૭૦ ટકા મુદ્દત વિતેલ લહેણું હતું. આ રીતે મંડળી સધ્ધર રીતે કામ કરી રહી છે. તે પૂરવાર થાય છે. મંડળી દ્વારા સભાસદોને મંડળીના પેટા નિયમ મુજબ રૂ.૫૦૦૦/- સુધીનું ધિરાણ કરવામાં આવે છે. જે ૫૦ હપ્તામાં સભ્યએ ચૂકવવાનું હોય છે. અને ૫ છૂટના હપ્તા આપવામાં આવે છે. વ્યાજનો દર ૧૦.૮૦ ટકાનો છે. ધિરાણ સમયે રૂ.૧૦૦૦/- સુધીના ધિરાણ પર રૂ.૧/- રૂ.૨૦૦૦

થી રૂ.૪૦૦૦/- સુધી રૂ.૨/- અને રૂ.૪૦૦૦/- થી વધુ ઉપર રૂ.૩/- ફરજીયાત બચત તરીકે કાપવામાં આવે છે. સભ્યોને ૧૯૭૮-૭૯માં ૫ ટકા ડીવીડન્ડ આપવામાં આવ્યું હતું.

ધિરાણ સિવાય મંડળી મત્સ્ય ઉદ્યોગના સાધનો, સીમેન્ટ, ખાતર, જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ વગેરેનું વેચાણ કરે છે. મંડળી સભ્યો પાસેથી માલના રૂપમાં વસૂલાત કરતી નથી. આમ મંડળી વેચાણની પ્રવૃત્તિ કરતી નથી.

સાગર ભુવન ધર્મશાળા ::

ખારવા જ્ઞાતિના બાર ગામની વાડી "સાગર ભુવન ધર્મશાળા દ્વારકામાં બીજા વિશ્વ યુદ્ધ પછી શરૂ કરવામાં આવી હતી. આ ધર્મશાળામાં કુલ ૨૬ ઓરડાઓ છે. આ ધર્મશાળા પાણી, સુખસગવડ, હવાઉજાસ તેમજ સારા મેનેજમેન્ટને લીધે ખ્યાતિ પામેલ છે. અહીં કોઇ પણ ઉતારૂ પાસે રૂમનું ભાડુ લેવામાં આવતું નથી. રૂમનું ભાડુ નક્કી કરવામાં આવતું જ નથી. મુસાફરો ખુશી પ્રમાણે જે કંઇ આપે તે લઇ લેવામાં આવે છે. ૧૯૭૭ ની સાલમાં ૨૬૦૭૨ યાત્રિકોએ આ ધર્મશાળાનો લાભ લીધો હતો.

# પ્રકરણ - ૫

## સામાજિક સંગઠન

### વસવાટ ::

સૌરાષ્ટ્રના દરિયાકાંઠા પર વસતા ખારવાઓનો વસવાટ હજારેક વર્ષ પહેલાનો છે." પોરબંદરનો જન્મ સંવત ૧૪૭૬ના રોજ થયો. જેનું જુનું નામ "સોદામનપુર" હતું અને ધીમે ધીમે સુદામાપુરી થઇ ગયું. પોરબંદરમાં શહેરના મહારાજા તરીકે શ્રી સંગજી સિંહજી જેઠવા રાજપૂત હતા. સંવત ૧૪૭૬ થી ૧૯૪૭ સુધી કાઠિયાવાડમાં જેઠવા વંશના રાજપૂત રાજાઓ રાજ્ય કરતા હતા. સંવત ૧૭૩૫ ની સાલમાં કચ્છની સરહદ ઉપર મોગલ સામ્રાજ્યનું યુધ્ધ શરૂ થયું અને યુધ્ધની અંદર કચ્છના રાજપૂત લોકોની હજારોની સંખ્યામાં હાર થઇ અને હજારો માણસો ઘાયલ થઇ જેસલમેર અને રણુજા છોડી ભાગી નીકળ્યા. જેમાં કનોજીયા રાઠોડ (સૂર્યવંશી કોમ) રાજપૂત કોમ હતી જે મુસ્લિમ લોકોના ત્રાસથી દરિયા કિનારે વસવાટ કર્યો, પોરબંદર, ઓખા, દ્વારકા, માંગરોળ તથા કચ્છના દરિયા કિનારાના વિસ્તારમાં નાના ઓરડા બનાવી રહેવા લાગ્યા અને ગુજરાત કચ્છ અને કાઠિયાવાડમાં જ્યાં કિનારો મળ્યો ત્યાં વસવાટ કર્યો. આ કોમે પેટ ગુજારો માટે સાધન શોધી કાઢ્યું. લાકડાની છાલ કે નાળિયેરના થડ કાપી કોતરી હોડકા બનાવી દરિયામાં તરતી મૂકી. તેના આધારે માછલા પકડી પોતાનો ગુજારો કરવા લાગ્યા. વખત જતા હોડકામાંથી વહાણો બનાવ્યા અને દૂર દૂર સમંદરની સહેલ કરવા લાગ્યા. કહેવાય છે કે ઇ.સ. ૧૯૪૮ ની સાલમાં કચ્છનો ગુજરાતી ખારવો કાનજી માલમ આફ્રિકા બંદરથી હિંદીમહાસાગરમાં ભૂલા પડેલ વાસ્કોડી-ગામાને દરિયાઇ રસ્તો બતાવનાર પ્રથમ હતો.

ધીરે ધીરે સમય પલટાતો ગયો અને ખારવો ઓજસમાં આવ્યો. ખારવાનો અર્થ જેમાં ખાર-કહેતા ખારાશ અને વા-કહેતા વહાણવટુ દરિયો ખેડનાર ખારવો વહાણવટી બન્યો. ઇ.સ.પૂર્વે

૧૨૯૦ ની સાલમાં ઇસ્લામના વડા ઉ-તુઘખાન અલફઅલીએ ગુજરાત અને મધ્યપ્રદેશ વિસ્તારમાં કનોજનગર પર ચડાઇ કરી લૂંટફાટ ચલાવી હજારો હિંદુઓ પર ત્રાસ વરસાવીને ઇસ્લામધર્મ આચરવા અત્યાચારો જૂલમો આદર્યાં. ત્યારે ત્યાની સૂર્યવંશી રાઠોડ કોમ આ સામે ઝઝૂમતી હતી. અત્યાચારો સમી ગયા પછી રાઠોડ કોમ કિનારા પર છૂટી છવાયી વસવા લાગી અને ધીરે ધીરે કચ્છના પ્રથમ વહાણ બનાવનાર કચ્છ-કાઠિયાવાડ-નાજ સુથાર - કારીગરે કે જેણે "કોટિયા" નામનું વહાણ બનાવ્યું. જેના નામની કરોજના સૂર્યવંશી (ખારવા) કોઠીયા નામની શાખાના લોકો પોરબંદર, ઓખા, દ્વારકા, માંગરોળમાં વસ્યાં.

જુદા જુદા સમયે અને સ્થળે તેમનો વસવાટ જુદો જુદો જોવા મળે છે. મુખ્યત્વે તેમનો વસવાટ માંગરોળ, પોરબંદર અને વેરાવળ અને દ્વારકામાં હતો. ત્યાંથી તેઓ જુદા જુદા બંદરો પર જઇને વસ્યાં છે. જેમકે પોરબંદરની બાજુમાં સુભાવનગરમાં વસતાં ખારવાઓ કેટલાંક ખૂબ વણાકબારા અને કેટલાંક નવાબંદરના છે. વણાકબારા દીવમાં આવેલું છે. શરૂઆતમાં વણાકબારાથી બે કુટુંબો આવીને સુભાવેનગરમાં વસ્યાં હતાં. ૧૦૦ વર્ષ પછીના ભાવસિંહ મહારાજના સમયમાં નવીબંદરના ખારવાઓ આવીને વસ્યાં હતાં. રાજાએ પોરબંદરનો વહીવટ ચલાવવા માટે ખારવાઓને સ્ટીમરમાં માલ ચડાવવા માટે અહીં લાવીને વસાવ્યાં હતાં. તે સમયે મહારાજાએ જમીન આપીને ઘર બનાવી આપ્યાં હતાં. પાછળથી તે જમીન આઠઆના વારના ભાવે નગરવાસીઓને વેચાણ આપી દીધી હતી. આ રીતે તેઓ નવીબંદરથી ઘણાં કુટુંબો આવીને વસ્યાં હતાં. સુભાવેનગરમાં વસતાં ખારવાઓનો પોરબંદર અને વેરાવળના ખારવાઓ જોડે માત્ર રોટી વ્યવહાર છે,,બેટી વ્યવહાર નથી. પોરબંદરના ખારવાઓ સુભાવેનગરના ખારવાઓની વિરૂધ્ધમાં બોલે છે. સુભાવેનગર, નવીબંદર, મિયાણી અને ઓખા-મીઠાપુરમાં વસતાં ખારવાઓ વચ્ચે સામાજીક સંબંધો છે. એજ રીતે માઢવાડમાં વસતાં ખારવાઓ માંથી ઘણાં કુટુંબો વણાકબારામાંથી આવીને વસ્યાં છે. વણાકબારા પોર્ટુગીઝના તાબામાં હતું. વણાકબારામાં કોઇ મોટો ઉદ્યોગ નહોતો. માછલાં કોઇ વેપારી લેતો નહોતો. અને વણાકબારાથી બધા રસ્તાઓ બંધ હતા તેથી વેપાર-ધંધા તૂટી ગયાં હતા. આથી વણાકબારાની હિજરત કરીને

પોરબંદર થઇને માઢવાડ બંદર પર આવીને વસ્યા હતા. માઢવાડ અને કોટડા બંદર પર મુખ્યત્વે ખારવા અને કોળી ખારવાની વસતિ છે. તેમની વચ્ચે માત્ર રોટી વ્યવહાર છે. બેટી વ્યવહાર નથી. એજ રીતે સુત્રાપાડા બંદર પર જુદે જુદે સમયે જુદી જુદી જગ્યાથી આવીને ખારવાઓએ વસવાટ શ૨ XXXX કર્યો હતો.

કેટલાક ખારવાઓ ઘોઘલા બંદરેથી પોરબંદર, વેરાવળ અને સુત્રાપાડા બંદરે આવીને વસ્યા છે. તેઓ મૂળે ઘોઘલાના હોવાથી ઘોઘલિયા ખારવાઓ તરીકે ઓળખાય છે. ઘોઘલા એ દીવના પ્રદેશમાં આવેલુ છે. તે પહેલા પોર્ટુગીઝના હાથમાં હતુ. પોર્ટુગીઝ ફ્રેન્ચ વસાહતના જુલમથી ત્રાસીને તેઓ જુદા જુદા બંદરો પર આવીને વસ્યા છે. હવે તેઓ અહીં સારી રીતે માછીમારીનો ધંધો કરે છે. તેથી તેમના વતન જવા ઇચ્છતા નથી.

કેટલાક ખારવાઓ પોર્ટુગીઝના દીવ પ્રદેશના વણાકબારા બંદરેથી આવીને વસ્યા. તેઓ કોળી ખારવા અથવા ગેહિયા કોળી ( ) તરીકે ઓળખાય છે. પોરબંદરના ખારવાઓ વણાકબારાથી આવીને વસેલા, ખારવાઓ તેઓ મોટે-ભાગે ભીડીયા પ્લોટમાં (એક વિસ્તારનુ નામ) વસે છે. અને માછીમારીનો ધંધો કરે છે. તેમને ( ) મોયલા ખારવાઓ કહીને બોલાય છે. મોયલાનો અર્થ ગંદા તેઓ થાય છે. તેઓ માછીમારીનો ધંધો કરે છે. કેટલાક ખલાસીનુ કામ કરે છે. તેઓને પોરબંદરના ખારવાઓ સાથે કે ઘોઘલિયા ખારવા સાથે બેટી-વ્યવહાર નથી.

દક્ષિણ XXX ગુજરાતમાં વસતા માછીમારોનો મુખ્યત્વે વસવાટ વલસાડ, સુરત અને ભરૂચ જિલ્લાના દરિયા કાંઠાના વિસ્તારમાં છે. તેઓ પણ ઘણા વર્ષોથી અહી આવીને વસ્યા છે. મોગલસામ્રાજ્યના રાજાઓના ત્રાસથી ભાગીને સૌરાષ્ટ્રના કાઠિયાવાડમાંથી કેટલાક લોકો અહીં આવીને વસ્યા હતા. અહીં વસતા લોકો પણ પોતે રજપૂત વંશના છે XXXXXXXXXXXX એમ કહેવડાવે છે. અહીં વસતા માછીમારોનો માત્ર ધંધાકીય સંબંધ સૌરાષ્ટ્રના ખારવાઓ સાથે છે. તે સિવાય તેમના વચ્ચે બેટી-વ્યવહાર તેમજ અન્ય સામાજિક સંબંધો જોવા મળતા નથી. પહેલા સૌરાષ્ટ્રના ખારવાઓ દક્ષિણ ગુજરાતના માછીમારોને પોતાની

સાથે ભળવા માટે જણાવેલ પરંતુ તેઓ ભળયા નહિ. ત્યારથી સૌરાષ્ટ્રમાં વસતાં અને દક્ષિણ ગુજરાતના દરિયા કાંઠા પર વસતાં સામાજિક રીતે જુદા છે.

તપાસેલ ગામોમાં તપાસેલ કુટુંબોની વસવાટ અંગેની માહિતી મેળવવામાં આવી હતી. જે કોઠા- માં આપવામાં આવી છે.

## તપાસેલ કુટુંબનો વસવાટનો સમય

| | કુલ કુટુંબો | |
|---|---|---|
| સમયગાળો | સૌરાષ્ટ્ર | દક્ષિણ ગુજરાત |
| પાંચ પેઢી પહેલાં | ૧૨૦ | ૫૪ |
| ચારથી પાંચ પેઢી | ૮ | ૧૬ |
| બેથી ત્રણ પેઢી | ૧૭ | ૨૦ |
| ચાલુ પેઢી | ૫૫ | ૧૦ |
| | ૨૦૦ | ૧૦૦ |

ઉપરના આંકડાઓ પરથી જણાય છે કે મોટાભાગના કુટુંબોનો પાંચ પેઢીથી જે તે ગામમાં વસવાટ હતો. ૬૫ કુટુંબોનો વસવાટ પહેલી પેઢીનો હતો. કુલ તપાસેલ સૌરાષ્ટ્રના ૨૦૦ કુટુંબોમાંથી ૭૫ કુટુંબો દીવના વણાકબારા, ૧૭ કુટુંબો નવીબંદર, ૧૪ કુટુંબો ઘોઘલા અને ૧ કુટુંબ જાફરાબાદ બંદર પરથી આવીને વસ્યુ હતું. દક્ષિણ ગુજરાતમાં સ્થળાંતર કરીને આવીને એકે કુટુંબ વસ્યુ નહોતું. બધા કુટુંબો જે તે ગામમાં ઘણી પેઢીથી રહેતાં હતાં.

## ગોત્ર (ખપસ્થા)

ખારવાઓ મૂળે રાજપૂત જાતિના હોય એમ જાણવા મળે છે. કારણ કે આ ખારવાઓની જુદી જુદી ~~અટકો~~ જાતિ જેવી કે

## ખારવા વસવાટનું ભૌગોલિક વર્ગીકરણ

| વિસ્તાર | જાતિ |
| --- | --- |
| કચ્છ - માંડવી | ખારવા |
| ઓખા બેટ | ખારવા |
| દ્વારકા | ખારવા |
| પોરબંદર | ખારવા |
| સુભાષનગર | કોળી ખારવા |
| માંગરોળ | ખારવા |
| વેરાવળ | ખારવા |
| વેરાવળ/ભીડીયા પ્લોટ | કોળી ખારવા , મોચલાખારવા<br>ઘોઘલીયા ખારવા |
| સુત્રાપાડા | કોળી ખારવા, મોચલા ખારવા<br>ઘોઘલીયા ખારવા |
| મુંબઇ - ચંદનવાડી | ખારવા, કોળી ખારવા |
| મુંબઇ - વર્સોવા/માટુંગા | ખારવા |
| દીવ/ઘોઘલા/વણાકબારા | કોળી ખારવા, ખારવા |
| માઢવાડ | કોળી ખારવા |
| કોટડા | કોળી ખારવા |
| દક્ષિણ ગુજરાત<br>(સુરત, ભરૂચ, વલસાડ) | માછીમાર / ટંડેલ |

પરમાર, ચુડાસમા, ગોહેલ વગેરે આકો રજપૂતોને મળતી આવે છે. દરેક રાજ પૂત કુટુંબને પોતાનું આચાર્ય ગોત્ર હોય છે. તે તેમની વંશાવળી પરથી માલૂમ પડે છે. બારવાઓની વંશાવળી પરથી પણ જણાઇ આવે છે કે ઘણા ખરા કુળો અસંખ્ય શાખામાં વહેંચાયેલા છે. શાખાઓ ઝીણી-ઝીણી ગોત્રજોમાં વહેંચાયેલી છે. થોડાક કુળમાં શાખાઓ પડતી જ નથી. તેવા કુળો એકકા કહેવાય છે. બારવાઓની મૂળ શાખા કયાંથી ઉતરી આવી છે તે જોતાં જણાય છે કે તેમનામાં સૌ પહેલાં માત્ર બે જ શાખાઓ હતી. તેમાં એક હતી સૂર્યવંશી, અને બીજી હતી ચંદ્રવંશી. પાછળથી તેમાં ચાર શાખાઓ ઉમેરાઇ એટલેક કુલ છ શાખાઓ થઇ અને તેની અનેક પેટા શાખાઓ થઇ પડી છે. તેમનામાં લગભગ છાત કુળો જોવા મળે છે. (૧) રાઠોડ, (૨) ચૌહાણ, (૩) પરમાર, (૪) જેઠવા (૫) સોલંકી, (૬) ચાવડા, (૭) ચાલુકયા વગેરે

તેમની મૂળશાખામાંથી અસંખ્ય પેટાશાખા પડી ગઇ છે અને દરેકે શાખાની કુળદેવી હોય છે. મૂળશાખા પ્રમાણે કુળદેવીની વિગત નીચે પ્રમાણે છે.

## કોઠો - ગોત્રજ અને કુળદેવ

| અ.નં. | મૂળશાખા | પેટાશાખા ગોત્રજ | કુળદેવી કુળદેવતા |
|---|---|---|---|
| ૧. | રાઠોડ | માલમ-માલમડી ભૂતીવાલા | માલણઆઇ, વઢવાસીઆઇ, વીજવાસણઆઇ |
| ૨. | " | કોટીયા, કોટીયાવાલા | લુણાવઆઇ, રોણાઇ |
| ૩. | " | દીવેટીયા | થુથાઇ આઇ |
| ૪. | " | કુવારા-કુહાડા | ભાદરઆઇ-ખેતલપાર |
| ૫. | " | લોઢારી | પદમાણી આઇ |
| ૬. | " | પાંજરી | માલણ આઇ - આજી દેવી |
| ૭. | " | શીયાળ શિયાળવાળા | ચોકીયાર આઇ ચૂંડી ચાવંડ |

| અ.નં. | મૂળશાખા | પેટાશાખા ગોત્રેજ | કુળદેવી - કુળદેવતા |
| --- | --- | --- | --- |
| ૮. | રાઠોડ | જુગી-ઝુગીવાળા | પદમાણીઆઇ |
| ૯. | " | મસાણી-ખાપડી | મસાણીયાદેવ |
| ૧૦. | " | ફોફડી ફોફડીવાળા | શીતળાદેવી |
| ૧૧ | " | મજીઠીયા | ચાવંડઆઇ |
| ૧૨ | [redacted] " | હળયળી | ખોડીયાર આઇ |
| ૧૩. | " | કનોજીયા | પીઠડ આઇ |
| ૧૪. | " | હોદાર | વેરાવળીઆઇ |
| ૧૫. | " | ભૂતિયા રિતિવાળા | વઢવાસી આઇ |
| ૧૬. | " | પીઠેળીયા | પીઠડ આઇ |
| ૧૭. | " | કસ્તાવાળા | પીઠડ આઇ |
| ૧૮. | " | દોરીયા-દોરીયાવાળા | માલણ આઇ |
| ૧૯. | " | થાવર-હાલડાવાળા | વિરાતોગીઆઇ, સત્થાઇ |
| ૨૦. | " | જાવરીયા | ગાત્રાર આઇ |
| ૨૧. | " | ચામુડિાય | ચામુડઆઇ |
| ૨૨. | " | વેડાઇ | ભદ્રાઇ |
| ૨૩. | " | ભાદ્રેચા | ભાદર આઇ |
| ૨૪. | " | પવન | ચોરવાડી આઇ |
| ૨૫. | " | દડીવાળા | ચોરવાડી આઇ<br>ભવાની આઇ |

ચૌહાણ :

| | | | |
| --- | --- | --- | --- |
| ૧. | ચૌહાણ | વાડીયા-વાડીયાવાળા | ખોડીયારઆઇ |
| ૨. | " | ધોધલીયા | બાણાઆઇ |
| ૩. | " | શેરાજી | વીજવાસણઆઇ, મમ્માઇ |
| ૪. | " | ભદ્રેશા | રોઝીઆઇ |
| ૫. | " | ચરડી, ચરડીવાલા<br>ચગળીવાળા | દેલવાડી આઇ |
| ૬. | " | ચોમલીયા | ચામુડઆઇ |
| ૭. | " | મૂકાદમ | ચામુડેઆઇ |
| ૮. | " | આજનીવાળા | વેરાવળીઆઇ |
| ૯. | " | ખમણવાળા | વઘરાસી આઇ |
| ૧૦. | " | ગોળીયાવાળા | વઘરાસી આઇ |

| અ.નં. | મૂળશાખા | પેટાશાખા ગોત્રેજ | કુળદેવી - કુળદેવતા |
|---|---|---|---|
| ૧૧. | ચૌહાણ | તળીયાવાળા | વેરાવળી આઇ |
| ૧૨. | " | નૌઘણ | વરૂડી આઇ |
| ૧૩. | " | વાદરવાળા | સીંધતી આઇ<br>વાછડો દાદો |
| ૧૪. | " | બરૂદીન | ભાદર આઇ |
| ૧૫. | " | સીગાતેરા | સીગોત્રી આઇ |
| ૧૬. | " | XXXXXX હળચડી | ખોડીયાર આઇ |
| ૧૭. | " | ચૌહાણ | વેરાવળી આઇ |
| ૧૮. | " | વદુરવાળા | ભાદરેચ આઇ |
| ૧૯. | " | XXXXX કિશોર | મોમ્માઇ |

પરમાર :

| | | | |
|---|---|---|---|
| ૧. | પરમાર | પરમાર | વધરાસીઆઇ, વેરાવળી-આઇ |
| ૨. | " | મોતીવરસ | ચાવડઆઇ, ચામુંડઆઇ |
| ૩. | " | ડાલકીયા | ખોડીયારઆઇ, ખેતલપાર |
| ૪. | " | વણીકવાળા | ભવાનીઆઇ |
| ૫. | " | XXXXXX કર્ણવારીયા | ચાવડઆઇ |
| ૬. | " | સીંધવ | સીંધવીઆઇ |
| ૭. | " | ડાબરીયા | ચાવડઆઇ |
| ૮. | " | વરવાલીયા | ભદ્રકાળી (ટીંબાવાળી) |
| ૯. | " | આગીયાવાળા | ચામુડાઆઇ-ખેતલપાર |
| ૧૦. | " | ખોરાબાવાળા | વેરાવળીઆઇ |

જેઠવા :

| | | | |
|---|---|---|---|
| ૧. | જેઠવા | મઢવી | દેલવાડીઆઇ |
| ૨. | " | વીશાવાળીયા | વેરાવળી આઇ |
| ૩. | " | સુયાણી | વેરાવળીઆઇ |
| ૪. | " | મરુછ | કાળિકાઆઇ, ચોરવાડી-આઇ |
| ૫. | " | કાણીકિયા | કાળિકાઆઇ |
| ૬. | " | ગાલિયા | ડાણવો-ડાલમ દે |

| અ.નં. | મૂળશાખા | પેટાશાખા ગોત્રેજ | કુળદેવી - કુળદેવતા |
|---|---|---|---|
| **ચાવડા :** | | | |
| ૧. | ચાવડા | માલમટાડેર | માલણઆઇ |
| ૨. | " | ળાલાવડીયા<br>બાલાપુરીયા | વધાવીઆઇ |
| ૩. | " | વધાળીવાળા | વધાવીઆઇ |
| ૪. | " | થાપણીયા | વધાવીઆઇ |
| ૫. | " | ખોખરી | પધ્દમાણીઆઇ |
| ૬. | " | મોદી | ચામુંડઆઇ |
| ૭. | " | માલમડી | વહરાસીઆઇ-વધવાશાચી |
| ૮. | " | ભુતીવાલા | વીજવાસણઆઇ<br>વધવાશાચી |
| **ગોહિલ :** | | | |
| ૧. | ગોહિલ | ગોહિલ | માલણઆઇ |
| ૨. | " | પથારીવાલા | " |
| ૩. | " | તળુરાવાળા | " |
| ૪. | " | ગોધાવાળા | " |
| ૫. | " | કોટલીયા | " |
| **ગુડાસમા :** | | | |
| ૧. | ગુડાસમા | ગુડાસમા | ભાદ્રેશો |
| ૨. | " | ચોરવાડી | ભવાનીમાતાજી |
| ૩. | " | ખુદાઇ | માલણઆઇ |
| ૪. | " | ભાદ્રેચા | ભાદરઆઇ |
| ૫. | " | ગીરનાર | ભવાની માતાજી |
| ૬. | " | ખોરાવા | વેરાવળીઆઇ |
| ૭. | " | બાદરશાહી | સાકળીઆઇ |
| ૮. | " | ખેતલપાર | પારીઆઇ-ખેતલપાર<br>ભાદ્રીયા |

| અ.નં. | મૂળશાખા | પેટાશાખા ગોત્રેજ | કુળદેવી - કુળદેવતા |
| --- | --- | --- | --- |
| **વાળા :** | | | |
| ૧. | વાળા | સલેટ | ચામુડમાતા |
| ૨. | " | તોરણીયા | માલઇ |
| ૩. | " | દેલવાડી | દેલવાડીઆઇ |
| ૪. | " | ભરાડા | ચાવડઆઇ |
| ૫. | " | ભારાવાળા | ચાવડઆઇ |
| ૬. | " | ભરાડાવાડા | " |
| **ઝાલા :** | | | |
| ૧. | ઝાલા | જગતીયા | ા મમ્માઆઇ |
| ૨. | " | તાવડીયા | સીગોતસ્રોઝીઆઇ |
| ૩. | " | ભેસલીયા<br>ભેસલાવાળા | ભવાનીઆઇ |
| **વાઘેલા :** | | | |
| ૧. | વાઘેલા | સોનેરી | પોરાવ |
| ૨. | " | ટોડરમલ | વેરાવળીઆઇ |
| ૩. | " | પાંજરીવાલા | માલણઆઇ |
| **સોલંકી :** | | | |
| ૧. | સોલંકી | બરૃદ્દીન | ભાદરઆઇ |
| ૨. | ~~સુખડીઆ~~ " | સુખડીયા | દેલવાડીઆઇ, હરિસિધ્ધઆઇ |
| ૩. | " | વાદરીયા | ચામુડ-મમ્માઇ |
| ૪. | " | વાદરવાલા | સીંધવીઆઇ, વાછડો |

કુટુંબ વ્યવસ્થા ::

ખારવા જ્ઞાતિમાં પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. સામાન્ય રીતે કુટુંબ ૬ થી ૧૦ વ્યક્તિઓનું હોય છે. મોટેભાગે વિભકત કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. સંયુકત કુટુંબમાં ઓછા જોવા મળે છે. આજથી ૨૦ વર્ષ પહેલાં સંયુકત કુટુંબનું પ્રમાણ વધુ હતું. હવે તેમનામાં પણ અન્ય સમાજની જેમ સંયુકત કુટુંબ તૂટતાં જાય છે. છોકરાઓ લગ્ન કરી અલગ રહેવાનું પસંદ કરતાં હોય છે. આ રિ સિવાય પણ સ્ત્રીઓના માંહોમાંહેના ઝધડાને કારણે પણ વિભકત રહેવાનું પસંદ કરતાં હોય છે. ખારવાઓમાં સામાન્ય રીતે ત્રણ કુટુંબ પ્રથા જોવા મળી હતી. (૧) પતિ-પત્ની અને અવિવાહિત સંતાનો સાથે રહેતાં હોય છે. જેને આપણે સીમ્પલ ફેમીલી ( Simple family ) કહી શકીએ. (૨) વિવાહિત પુરૂષ-સ્ત્રી સાથે વિવાહિત સંતાનો, બહેન, ભાઇ અને માતા-પિતામાંથી એકાદ રહેતું હોય તેવું કુટુંબ જેને આપણે ( Intermediate family ) કહી શકીએ. (૩) સંયુકત કુટુંબ કે જેમાં વિવાહિત સ્ત્રી પુરૂષ સાથે વિવાહિત દીકરાઓ, ભાઇઓ, બહેનો અને દીકરીઓ સાથે રહેતી હોય છે. ( Joint family )

કુટુંબ પિતૃસત્તાક હોય છે તેથી કુટુંબમાં પિતાનું પ્રભુત્વ વધુ હોય છે. પિતાના નિર્ણયો સૌને માન્ય રાખવા પડે છે. જો કુટુંબમાં પિતા ન હોય તો વડીલપુરૂષનું અથવા મોટા ભાઇનું મહત્વ રહે છે. કુટુંબમાં વિધવા સ્ત્રી હોય તો તેનું પ્રભુત્વ જોવા મળે છે. કુટુંબના અમુક અગત્યના નિર્ણયોમાં જેમકે પુત્ર, પુત્રીના લગ્ન પ્રસંગે ઘરમાં રહેતી સ્ત્રીઓની પણ સલાહ મેળવવામાં આવતી હોય છે. આ સિવાય તેમના વ્યવસાયમાં સ્ત્રીઓ ઘણો અગત્યનો ભાગ ભજવતી હોય છે. માછલાં વેચાણની પાધડી સ્ત્રીઓના નામે ફાટતી હોય છે. ધંધામાં પણ સ્ત્રીઓની સલાહ સૂચન મેળવવામાં આવતાં હોય છે.

ખારવામાં મોટે ભાગે કેન્દ્રીય કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. ખારવા જાતિમાં પહેલાં દારૂ, જુગાર, જેવી બદીઓ ઘણાં વ્યાપક પ્રમાણમાં હતી આને લીધે કૌટુંબિક ઝધડાઓ

ધણા થતા હતા. તેથી કુટુંબનું વિભાજન થતું. આ સિવાય ઘરમાંથી સ્ત્રીઓના કલહ-કંકાશને કારણે પણ વિભકત રહેવાનું પસંદ કરતા થયા છે. હાલમાં જુગાર, દારૂ વગેરે પર જાતિ પંચ દ્વારા નિયંત્રણ [illegible] મૂકવામાં આવ્યાં છે તેથી કૌટુંબિક ઝઘડાઓ ઓછા થયા છે.

દક્ષિણ ગુજરાતના માછીઓમાં પણ પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. કુટુંબના બધા નિર્ણયો કુટુંબનો વડો લે છે. અમુક બાબતનોમાં કુટુંબના અન્ય સભ્યોની સલાહ લેવામાં આવતી હોય છે. કુટુંબની કમાણી ઘરના વડીલ પુરૂષ પાસે રહે છે અને તે સર્વ બાબતોનું સંચાલન કરતો હોય છે.

દક્ષિણ ગુજરાતના માછીમારોમાં મોટેભાગે સંયુકત કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. તેઓ સંયુકતરીતે વધારે રહેવાનું પસંદ કરે છે. વિભકત કુટુંબ આ સમાજમાં ધણા ઓછા જોવા મળે છે. એકજ કુટુંબમાં માતા-પિતા સાથે ભાઇ-બહેન, પુત્ર-પુત્રી, વિવાહિત દીકરાઓ, દાદા-દાદી વગેરે રહેતા હોય છે. અન્ય સમાજની જેમ લગ્ન થયા પછી છોકરો જુદો રહેવા જતો નથી. તે પોતાના પિતાની સાથે જ રહે છે. અને કામ ધંધામાં પણ મદદ કરે છે. પહેલા દક્ષિણના માછી સમાજમાં સંયુકત કુટુંબનું પ્રમાણ વિશેષ હતું. હવે ધીમે ધીમે તેમનામાં પણ સ્ત્રીઓના આંતરિક ઝઘડાઓને લીધે સંયુકત કુટુંબ તૂટવા લાગ્યા છે. તપાસેલ ૧૦૦ કુટુંબોમાંથી ૪૦ કુટુંબો સંયુકત હતા. જયારે ૬૦ કુટુંબો વિભકત હતા.

તપાસેલ કુટુંબોનું ગોત્ર પ્રમાણે વર્ગીકરણ કોઠા- ૫:૧ પરથી જોઇ શકાય છે કે સૌરાષ્ટ્રના ખારવાઓમાં તપાસેલ કુટુંબોમાં કુલ ૫૬ ગોત્રના કુટુંબોની સંખ્યા હતી. જયારે દક્ષિણ ગુજરાતમાં માત્ર ત્રણ ગોત્રના કુટુંબો હતા. જેમાં ટંડેલ કુટુંબો વિશેષ પ્રમાણમાં હતા.

## કોઠો – ૫:૧ ગોત્ર પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ

:૧: સૌરાષ્ટ્ર

| અ.નં. | ગોત્ર | કુટુંબ સંખ્યા |
|---|---|---|
| ૧. | સોલંકી | ૧૬ |
| ૨. | ગોસીયા | ૯ |
| ૩. | આજણીવાલા | ૭ |
| ૪. | બાકણીયા | ૮ |
| ૫. | બારૈયા | ૮ |
| ૬. | રાઠોડ | ૫ |
| ૭. | ઘોડાવા | ૫ |
| ૮. | ચામુંડીયા | ૬ |
| ૯. | વજર | ૪ |
| ૧૦. | ઓડાર | ૬ |
| ૧૧. | ભડેસા | ૪ |
| ૧૨. | સુખડીયા | ૪ |
| ૧૩. | ગોહેલ | ૭ |
| ૧૪. | મસાણી | ૫ |
| ૧૫. | બેરાઇ | ૨ |
| ૧૬. | થાપણિયા | ૧ |
| ૧૭. | મોટીવરસ | ૩ |
| ૧૮. | પાંજરીવાલા | ૩ |
| ૧૯. | ગઢવી | ૨ |
| ૨૦. | લોઘારી | ૧ |
| ૨૧. | તલવાડીયા | ૧ |
| ૨૨. | કાપડીયા | ૧ |
| ૨૩. | સિકોતરીયા | ૨ |
| ૨૪. | દરી | ૪ |
| ૨૫. | દાલકી | ૬ |
| ૨૬. | મચ્છ | ૨ |
| ૨૭. | ઝીવરીયા | ૧ |
| ૨૮. | કાણેકીયા | ૨ |
| ૨૯. | પવનીવડ | ૧ |

| અ.નં. | ગોત્ર | કુટુંબ સંખ્યા |
|---|---|---|
| ૩૦. | સિંધવ | ૧ |
| ૩૧. | ચોરવાડી | ૨ |
| ૩૨. | ખેતરપાલ | ૧ |
| ૩૩. | માલમ | ૫ |
| ૩૪. | ચૌહાણ | ૪ |
| ૩૫. | સોનેરી | ૪ |
| ૩૬. | ચાવડા | ૨ |
| ૩૭. | સોલેટ | ૧ |
| ૩૮. | લોહારી | ૪ |
| ૩૯. | કળડીયર | ૧ |
| ૪૦. | બટ્ટી | ૧ |
| ૪૧. | કલબારીયા | ૩ |
| ૪૨. | સોરેળી | ૪ |
| ૪૩. | કોટવાડિયા | ૩ |
| ૪૪. | કોટીયાર | ૧૨ |
| ૪૫. | પમલાવાળા | ૨ |
| ૪૬. | ખાનાવાળા | ૧ |
| ૪૭. | પડીયાવાળા | ૨ |
| ૪૮. | પાદરીયા | ૧ |
| ૪૯. | કિશોર | ૪ |
| ૫૦. | સીસાર | ૧ |
| ૫૧. | જાુગી | ૪ |
| ૫૨. | બાદરસાઇ | ૧ |
| ૫૩. | તુલડીયા | ૧ |
| ૫૪. | કોકડી | ૫ |
| ૫૫. | જેબર | ૨ |
| ૫૬. | ટીટરમલ | ૧ |
| ૫૭. | પિઠળ | ૧ |
| | કુલ..... | ૨૦૦ |

## દક્ષિણ ગુજરાત

| | | |
|---|---|---|
| ૧. | ટડેલ | ૮૩ |
| ૨. | માછી | ૧૬ |
| ૩. | માંજરીવાલા | ૧ |
| | કુલ... | ૧૦૦ |

વયજૂથ પ્રમાણે સભ્યોનું વર્ગીકરણ :

વયજૂથ પ્રમાણે કુટુંબના સભ્યોનું વર્ગીકરણ કોઠા-૫:૨ માં આપવામાં આવ્યુ છે.

કોઠા ૫:૨ પરથી જોઇ શકાય છે કે વસતિમાં બાળકોની સંખ્યા એટલે કે ૧ થી ૧૪ વર્ષની વયની વસતિનું પ્રમાણ વધુ હતું. (૩૮.૭ ટકા અને ૪૪.૧ ટકા ) એજ રીતે કામ કરનાર વયની વસતિનું પ્રમાણ પણ વધુ હતું. (૪૭.૮ ટકા અને ૧૭.૫ ટકા) ૬૦ થી વધુ વયના લોકોની સંખ્યા ઘણી જ ઓછી હતી. સૌરાષ્ટ્રના વિસ્તારમાં તપાસેલ કુટુંબનું કદ ૭.૫ અને દક્ષિણ ગુજરાતમાં ૭.૬ ટકાનું હતું. આમ બન્ને વિસ્તારોમાં કુટુંબનું કદ મોટુ હતું. ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યુ હતુ કે ખારવા લોકો કુટુંબ નિયોજનમાં ખાસ રસ લેતા નથી અને કુટુંબ નિયોજન ખાસ કરતાં પણ નથી. તપાસેલ કુટુંબની કુલ વસતિમાં દર હજાર પુરૂષે દક્ષિણ ગુજરાતમાં કુટુંબોમાં ૮૭૯ સ્ત્રીનું પ્રમાણ હતું. જ્યારે સૌરાષ્ટ્રમાં આ પ્રમાણ ૯૫૨ નું હતું.

| વય જૂથ | દક્ષિણ ગુજરાત પુ. | સ્ત્રી | કુલ | સૌરાષ્ટ્ર પુ. | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ થી ૬ | ૫૯ (૧૪.૫) | ૬૦ (૧૬.૭) | ૧૧૯ (૧૫.૬) | ૧૪૦ (૧૮.૩) | ૧૪૬ (૧૯.૯) | ૨૮૬ (૧૯.૧) |
| ૭ થી ૧૪ | ૯૦ (૨૨.૨) | ૮૬ (૨૪.૧) | ૧૭૬ (૨૩.૧) | ૧૯૦ (૨૪.૭) | ૧૮૬ (૨૫.૪) | ૩૭૬ (૨૫.૦) |
| ૧૫ થી ૨૪ | ૯૨ (૨૨.૭) | ૬૨ (૧૭.૪) | ૧૫૪ (૨૦.૦) | ૧૭૬ (૨૨.૯) | ૧૭૦ (૨૩.૩) | ૩૪૬ (૨૩.૧) |
| ૨૫ થી ૩૫ | ૭૪ (૧૮.૨) | ૬૨ (૧૭.૪) | ૧૩૬ (૧૭.૮) | ૧૧૯ (૧૫.૫) | ૯૭ (૧૩.૭) | ૨૧૬ (૧૪.૪) |
| ૩૬ થી ૬૦ | ૬૭ (૧૬.૫) | ૬૧ (૧૭.૧) | ૧૨૮ (૧૬.૬) | ૧૨૨ (૧૫.૯) | ૧૧૬ (૧૫.૯) | ૨૩૮ (૧૫.૯) |
| ૬૦ થી ઉપર | ૨૪ (૫.૯) | ૨૬ (૭.૩) | ૫૦ (૬.૯) | ૨૧ (૨.૭) | ૧૭ (૨.૩) | ૩૮ (૨.૫) |
| કુલ ... | ૪૦૬ (૧૦૦.૦) | ૩૫૭ (૧૦૦.૦) | ૭૬૩ (૧૦૦.૦) | ૭૬૮ (૧૦૦.૦) | ૭૩૨ (૧૦૦.૦) | ૧૫૦૦ (૧૦૦.૦) |

## કુટુંબનું સભ્ય પ્રમાણે વર્ગીકરણ :

તપાસેલ કુટુંબોનું સભ્ય સંખ્યા પ્રમાણે વર્ગીકરણ કોઠા ૫-૩ માં આપવામાં આવ્યું છે.

### કોઠો – ૫:૩

### કુટુંબનું સભ્ય સંખ્યા પ્રમાણે વર્ગીકરણ

| કુટુંબનું કદ | કુટુંબ સંખ્યા | |
|---|---|---|
| | સૌરાષ્ટ્ર | દક્ષિણ ગુજરાત |
| ૧ થી ૩ | ૧૦ (૫.૦) | ૫ (૫.૦) |
| ૪ થી ૬ | ૭૩ (૩૬.૫) | ૪૦ (૪૦.૦) |
| ૭ થી ૧૦ | ૮૨ (૪૧.૦) | ૩૭ (૩૭.૦) |
| ૧૦ થી વધુ | ૩૫ (૧૭:૫) | ૧૮ (૧૮.૦) |
| કુલ ... | ૨૦૦ (૧૦૦.૦) | ૧૦૦ (૧૦૦.૦) |

કૌંસમાં દર્શાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવે છે.

જાતિ પંચ :

ખારવા જાતિમાં જાતિ પંચ ઘણુંજ મજબૂત છે. પહેલાંથી તેમનામાં જાતિ પંચ જોવા મળે છે. દરેક વિસ્તારમાં પોતપોતાનુ જાતિ પંચ જોવા મળે છે. જો કે ખારવાના મુખ્યત્વે બાર ગામો છે. આ બારે ગામોમાં જુદુ જુદુ જાતિ પંચ જોવા મળે છે. પંચમાં ધંધાને લીધે બધા સંકળાયેલા હોય છે. મિલ્કત અને લગ્નની બાબતમાં પંચનો નિર્ણય આખરી રહે છે. જો પંચનુ ન માને તો ધંધો બંધ થઇ જાય. પંચના પટેલને ખારવા લોકો માન અને ઇજ્જતની નજરથી જુએ છે. ખારવા જાતિ સિવાયના બહારની જ્ઞાતિના લોકો પણ કોઇ વ્યવહારની બાબતમાં ઝઘડો થાય તો ન્યાય માટે ખારવા જ્ઞાતિના પંચ પાસે જ જાય છે.

પહેલાં પટેલ અને ચાર ચોવટિયા બેસતાં અને કેટલાંક જ્ઞાતિના વડીલ માણસો બેસતાં આ પંચના માણસો અમાસ અને અગિયારસના દિવસે ભેગાં થતા અને પછી દરેક બેઠકમાંથી (ડાયરા) ગમે તે એક માણસને બોલાવતાં અને ન્યાય આપતાં.

સામાન્ય રીતે ફરિયાદી-ફરિયાદ કરે અને જેની સામે ફરિયાદ હોય (પ્રતિવાદી સભ્યને) બોલાવે અને પછી ન્યાય કરવામાં આવે છે. વારસાઇની બાબતમાં જ્ઞાતિ પંચના માણસો બન્ને પક્ષની કોરા કાગળ પર સહી કરાવે અને વારસાઇ પંચ નક્કી છે. પહેલાં કોઇ પણ ઝઘડા માટે જ્ઞાતિનો માણસ કોર્ટનો આશરો લે તો તેને નાત બહાર કાઢી મૂકતાં. તેમના પંચનો નિર્ણય મોટેભાગે rational હોય છે. આથી પંચના નિર્ણયને મોટેભાગે માથે ચડાવે છે. પહેલાં કોર્ટમાં જવાના ઘણા દાખલાઓ બન્યા હતાં. પરંતુ તેનુ પ્રમાણ ઘણુંજ ઓછુ હતુ. વેરાવળના એક દાખલામાં તો હાઇકોર્ટ સુધી ગયાં હતાં. પરંતુ પાછળથી પંચ દ્વારા ઝઘડાનો નિકાલ થયો હતો.

અમુક ઝઘડામાં જાતિ પંચ વ્યકિતને મારે છે. તેમજ જેલ પણ કરે છે. વેરાવળમાં ખારવા પંચે એક અંધારી ઓરડી રાખી છે. જેમાં સજા થયેલ વ્યકિતને પૂરવામાં આવે છે.

પહેલા પટેલ અને વણોટ માનદ સેવા આપતા હતા. હવે તેમને રૂા.૫૦૦/- થી રૂા.૬૦૦/- માસિક પગાર ચૂકવવામાં આવે છે. દરેક ખારવાઓનુ જેમ કે કોળી, મોથલા, પોરબંદર, વેરાવળ અને માંગરોળનુ જુદુ પંચ છે.

જાતિપંચનુ વહીવટી માળખુ ::

બંધારણનુ કોઇ લેખિત માળખુ નથી. આગળથી જે વ્યવસ્થા ચાલતી આવે છે તેમાં સમયાનુસાર ફેરફાર થતા રહે છે, છતાં પટેલ તે લગભગ સરમુખત્યાર જેવી સ્થિતિના હોય છે. અને ચાર સોવટિયા (પટેલના મદદનીશો કે તેની વહીવટી કમિટીના સભ્યો ) મુખ્ય કામગીરી સંભાળે છે.

આ વહીવટ કર્તાઓના હાથમાં જન્મથી મરણ સુધી જેમાં લગ્ન, વારસાઇ, તકરારો તેમજ નાતના માણસોની અંદરોઅંદરની તમામ તકરારોનો સમાવેશ થઇ જાય તેની પતાવટ કરવાની અબાધિત સત્તાઓ ધરાવતા, હવે તેમાં થોડી છૂટછાટો દેખાય છે.

૦૦ ચૂંટણી કે વહીવટ કર્તાઓની પસંદગી માટે નીચેની વ્યવસ્થા ચાલે છે :-

ખારવાવાડના લત્તામાં નાના નાના જૂથની ગણત્રી તરીકે પ્રથમથી જ "બેઠક" નો રિવાજ છે જે અમુક વ્યકિત અગર તો ફળી કે તેવા કોઇ નામથી ઓળખાય છે. આવી સોળ બેઠક છે. જેમાં દરેકના પટેલ હોય છે. લગ્ન તથા મરણ કે તેવી બીજી કામગીરીઓ આ બેઠકના માણસો પતાવે છે. સભ્ય તો ફકત તેની નિયત રકમનો વેરો ભરી આપે છે.

આ બેઠકોને નાની મોટી સંખ્યા મુજબ બે અગર ચાર પ્રતિનિધિઓ નિયત કરી આપેલા છે. તે મુજબના બધા પ્રતિનિધિઓનુ સમસ્ત નાતનુ જ્ઞાતિનુ "પંચ" બને છે. તેમાં પહેલાં તો જ્ઞાતિના બીજા આગળ પડતા કહી શકાય તેવા માણસોને બોલાવતા, પરંતુ હવે તે બહુ બંધ છે.

તેઓ પટેલની ચૂંટણી કરે છે તથા ચોવટિયાની પણ ચૂંટણી કરે છે. તે સિવાય નાણા સંભાળનાર (ટ્રેજરર) ની પણ ચૂંટણી કરે છે.

આ સઘળાની મુદત એક વર્ષની રહે છે. શ્રાવણ વદ તેરસના કામનાથનો ડાયરો થઇ ગયા પછીથી વાર્ષિક હિસાબ સંભળાવે છે. બે ભણેલ અને હિસાબ સમજી શકે તેવા માણસોને તે સભા હિસાબ જોવા (ઓડીટર) નિયુક્ત કરે છે. તેઓ હિસાબ જોઇ રહે પછીથી ચૂંટણી થાય છે.

નાતના દરેક ઝઘડાની પ્રથમ પતાવટ પટેલ તથા ચોવટિયા પાસે જાય છે. તેમને જો યોગ્ય લાગે અગર તો ફરિયાદી કે કોઇપણ "વેરો" ભરી પંચ સમક્ષ મૂકી પંચના ચુકાદાની માગણી કરે તો તે પંચ સમક્ષ મૂકાય છે. આવા ફેસલા સાધારણ રીતે ચોમાસા દરમ્યાન બંધ મોસમમાં અપાય છે. તે વખતે તમામ પંચોની હાજરી હોય છે. અને તેને "મોટી પંચ" તેમ પણ કહે છે.

પંચનો નિર્ણય આખરી નિર્ણય હોય છે. જે પંચ જ ફેરવી શકે છે. પંચના નિર્ણયનો ભંગ કરે તેનો દંડ પણ થાય છે. અને ન્યાત બહાર (out caste) મૂકવાના કિસ્સા પણ બને છે.

વેરાવળ જાતિપંચ :

વેરાવળમાં ખારવાઓમાં કુલ ૧૪ ડાયરા છે. જેમાં ૬ મોટા ડાયરા અને ૮ નાના ડાયરા છે. ડાયરા એટલે અમુક વિસ્તારના લોકોનો સમૂહ, ડાયરાને બેઠક તરીકે પણ ઓળખવામાં આવે છે. વેરાવળમાં જાતિપંચમાં કુલ ૬૪ માણસોની કાર્યવાહક સમિતિ છે. જેની રચના નીચે મુજબ કરવામાં આવે છે. મોટા ડાયરામાંથી ચાર અને નાના ડાયરામાંથી બે પ્રતિનિધિઓ પસંદ કરવામાં આવે છે. મોટા અને નાના ડાયરાઓ નીચે મુજબ છે.

| મોટા ડાયરા (બેઠક) | નાના ડાયરા (બેઠક) |
| --- | --- |
| ૧. માલમડી બેઠક | ૧. ભૂરિયા |
| ૨. ઉકલા ગોઠાવાળી | ૨. ભેસલા |
| ૩. દાણા | ૩. મસાણી |
| ૪. પાનખાઇ | ૪. ઢેલા |
| ૫. ખાનખાઇ | ૫. ઘેલા માલમડી |
| ૬. બાથડી | ૬. ખાપડી |
| | ૭. ચોમર |
| | ૮. બિલાહથાન |

## સામાન્ય કાર્યવાહક સમિતિની રચના :

| | | | | |
| --- | --- | --- | --- | --- |
| ૧. | મોટી બેઠકના દરેકના ચાર પ્રતિનિધિ | ૬ X ૪ | = | ૨૪ |
| ૨. | નાની બેઠક : દરેકના બે પ્રતિનિધિ | ૮ X ૨ | = | ૧૬ |
| ૩. | ખજાનચી | | | ૨ |
| ૪. | દ્રોસર બોટ મડળીનો પ્રતિનિધી | | | ૧ |
| ૫. | લોઢી સમાજનો એક પ્રતિનિધિ | | | ૧ |
| ૬. | વહાણ મડળીનો એક પ્રતિનિધિ | | | ૧ |
| ૭. | દલાલો (વહાણોના) | | | ૧૯ |
| | | કુલ ... | | ૬૪ |

આ ૬૪ સભ્યોમાથી દર વર્ષે પટેલને ચૂટી કાઢવામા આવે છે. દર વર્ષે કાર્યવાહક સમિતિની સભા બોલાવવામા XXX આવે છે. પહેલા સભાનો પ્રમુખ નિમવામા આવે છે. પછી સભાની માર્યવાહી શરૂ થાય છે. સભામા પચનો આવક-જાવકનો હિસાબ રજૂ કરવામા આવે છે અને પાછલા વર્ષના વહીવટ અંગે પૂછપરછ

કરવામાં આવે છે. પછી પટેલની ચૂંટણી કરવામાં આવે છે. ૬૪ સભ્યો ગુપ્ત રીતે ચીઠ્ઠી દ્વારા મત આપે છે. જેમાં જૂનો અથવા નવો લખે છે જો જૂના પટેલને ચાલુ રાખવા માટે બહુમતી આવે તો તેજ પટેલ ચાલુ રહે છે. જો નવો પટેલ નીમવામાં બહુમતી આવે તો નામનું સૂચન કરવામાં આવે છે. પછી બહુમતીએ પટેલની વરણી થાય છે. નવા પટેલનું નામ સામાન્ય કાર્યવાહક સમિતિના સભ્ય સિવાય જ્ઞાતિના અન્ય માણસનું હોય તો તેને પસંદ કરવામાં આવે છે. ત્યાર પછી નવ સભ્યોની એક કાર્યવાહક સમિતિ નીમવામાં આવે છે. પટેલ સામાન્ય કાર્યવાહક સમિતિમાંથી ત્રણ ચોવટિયા પસંદ કરે છે અને ત્રણ ચોવટિયા અને બે ખજાનચી સામાન્ય કાર્યવાહક સમિતિ નક્કી કરે છે. આમ કુલ પટેલ સહિત નવ માણસોની સમિતિ નીમવામાં આવે છે. તે પંચનું કાર્ય કરે છે.

પટેલને ચૂંટી કાઢયા પછી પાઘડી પહેરાવવામાં આવે છે. પછી પટેલ કામનાથ મહાદેવના દર્શન કર્યા પછી પ્રભાસ પાટણ દર્શન માટે જાય છે.

પંચની કાર્યવાહક સમિતિની સવાર-સાંજ દરરોજ સવારે ૯ થી ૧૨ અને સાંજે ૫ થી ૧૦.બેઠક મળે છે. આ બેઠકમાં ઝઘડાનું નિરાકરણ કરવામાં આવે છે. ઝઘડો થાય ત્યારે (દંડ) લેવામાં આવે છે. અને દરરોજ પંચના સભ્યો કસુંબો (કાવો) પીએ છે. ગંભીર કિસ્સામાં સમગ્ર ૬૪ માણસોની સભા બોલાવીને ન્યાય આપવામાં આવે છે. સામાન્ય ઝઘડાઓમાં કાર્યવાહી સમિતિના સભ્યો પતાવે છે. પંચનો નિર્ણય આખરી ગણવામાં આવે છે.

જ્ઞાતિ પંચની આવક જોઇએ તો સામાન્ય રીતે જે કંઇ દંડ કરવામાં આવે છે અને લગ્ન સમયે અમુક ફાળો જેમને આપવાનો હોય છે તેમાંથી થાય છે. આ સિવાય જ્ઞાતિના માણસોએ કરેલ દાનમાંથી વેરાવળના ખારવાપંચે અમુક મકાનો ખરીદ કર્યા છે તેની ભાડાની આવક થાય છે.

વેરાવળ ખારવા જાતિપંચ ~~આ~~ ૩૧૭ માં એક શાળા ચલાવે છે. જે ૧૯૩૬ માં શરૂ કરવામાં આવી હતી. ખારવા યુવક મંડળ ૧૯૨૩ માં શરૂ થયું હતું તે હાલમાં ગ્રંથાલય ચલાવે છે.

તપાસ સમયે પંચની બેઠક સમયે પ્રત્યક્ષ રીતે બેસીને તેમની અમુક કાર્યવાહી નિહાળી હતી અને કેટલાક ઝઘડાના કિસ્સાઓમાં ન્યાય કઇ રીતે આપવામાં આવે છે તે જાણવા મળ્યુ હતુ.

(૧) એક ખારવા યુવક તેની માતાને કાયમ કારતો હતો અને પોતાની માતાથી અલગ થઇ રહેવા માટે ઘરમાંથી બહાર કાઢી મૂકી હતી. માતાએ પંચને આ બાબતમાં ફરિયાદ કરી હતી. પંચે તે છોકરા અને તેની માને બોલાવ્યાં બન્ને પક્ષની વાત સાંભળી એ રીતે ન્યાય આપ્યો કે છોકરાને માથી અલગ રહેવુ હોય તો છોકરો નવુ ઘર XXXX વસાવે અને રહે. પરંતુ હાલમાં જે મકાનમાં માતા રહે છે તેમાં તેને રહેવા દેવાની અને હવે પછી માને મારશે તો ઓરડીમાં પૂરી દેવાની ધમકી પંચે તે છોકરાને આપી.

એવી જ રીતે એક બીજા દાખલામાં એક પરજ્ઞાતિના માણસે એક ખારવાને અમુક રકમ ધીરાણ આપી હતી. પરંતુ તે વ્યકિત તેને પૈસા આપતો નહોતો તેથી તેને ખારવા પંચ પાસે આ અંગે ફરિયાદ કરી. પંચે બન્નેને બોલાવ્યા. તેમની વાત સાંભળ્યા પછી પેલી વ્યકિતને હપ્તા બાંધી આપ્યા અને આ હપ્તો દેણદારે પંચની ઓફિસમાં આપી જવો અને પંચ લેણદારને એ રકમ આપશે એવી રીતે નકકી કરવામાં આવ્યુ.

અમારી તપાસ સમયે રાજ્યમાં ડીઝલ અને કેરોસીનની તંગી હતી. તે સમયે વેરાવળના મામલતદારશ્રીએ ખારવા જાતિ-પંચના પટેલને ફોન પર કહ્યુ કે ખારવા જ્ઞાતિના લોકોએ અમુક દુકાન પર ધમાલ કરી છે તો લોકોને ત્યાં ધમાલ નહિ કરવા તેમજ કેરોસીન આવેથી આપવામાં આવશે એવી સૂચના આપવાનુ કહ્યુ. જ્ઞાતિપંચના પટેલે આ અંગે ખારવાવાડમાં દરેક લોકોને શાંત રહેવા માટેનો આદેશ આપ્યો અને તે પછી લોકો શાંત થઇ ગયાં. આ સાચી બીના જોવા મળી હતી. આમ આ દાખલા પરથી જાતિપંચનુ પ્રભુત્વ લોકો પર કેટલુ છે તેનો સ્પષ્ટ નિર્દેશ મળે છે.

પોરબંદર જાતિપંચ :

પોરબંદર ખારવા સમાજમાં કુલ ૯ બેઠકો (ડાયરા) છે. જે નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. કાજીયાર | ૨. મઢીનો | ૩. ગોવાનો |
| ૪. દેલવાડી | ૫. રામદેવજી | ૬. હરદાસ |
| ૭. મજીભુવન | ૮. મકનો | ૯. કાંઠાનો |

દરેક ડાયરામાંથી બે વ્યકિતને ચૂંટી કાઢવામાં આવે છે. આમ કુલ ૧૮ વ્યકિતને ચૂંટી કાઢવામાં આવે છે. પછી જ્ઞાતિમાંથી ત્રણ ચાર પ્રતિષ્ઠિત વ્યકિતઓને પસંદ કરવામાં આવે છે. ૧૮ સભ્યોમાંથી એકને પ્રમુખ બનાવવામાં આવે છે. પ્રમુખને તેઓ વણોટ કહે છે. બાકીના ૧૭ પટેલ કહેવાય છે. આગળ પડતા પછી એક સલાહકાર સમિતિ નીમવામાં આવે છે. જેમાં એક વણોટ, ત્રણ XXXXXXX પ્રતિષ્ઠિત વ્યકિતઓ અને ત્રણ વ્યકિતઓ સામાન્ય સભ્યોમાંથી પસંદ કરવામાં આવે છે. દરરોજ સવારે વણોટ પંચની ઓફિસે હાજરી આપે છે. વણોટ ભણેલ હોય છે. ખાસ કરીને ભણેલને પસંદ કરવામાં આવે છે જેથી પ્રશ્નોને સારી રીતે સમજી શકે અને ન્યાય આપે. ચોમાસામાં ત્રણ માસ સવારે ૭ વાગે બેઠક મળે છે. ત્રણ માસ પટેલને હાજર રહેવું પડે છે. જુદા જુદા ડાયરાના બધા સભ્યો હાજર રહે છે. સવારે ૭ વાગે કસુંબો પીએ છે. દરેક પ્રશ્નોનું નિરાકરણ પંચ દ્વારા જ કરવામાં આવે છે. સામાજિક રીતરિવાજોની બાબતમાં પણ કાયદા પંચ દ્વારા નકકી કરવામાં આવે છે. લગ્ન પ્રસંગે જ્ઞાતિના કાયદાઓને અનુસરવું પડે છે. જ્ઞાતિ તરફથી સામાજિક રીતરિવાજો બાબતમાં અવારનવાર કાયદાઓમાં જરૂરી ફેરફાર કરવામાં આવે છે જેનો અમલ ચુસ્તપણે પોરબંદર જ્ઞાતિના લોકોને કરવો પડે છે. કાયદાનો ભંગ કરનારને જ્ઞાતિપંચ દ્વારા શિક્ષા કરવામાં આવે છે. લગ્ન ખર્ચ ઘટાડવા માટે ન્યાત માટે મરજીઆત સમૂહ લગ્ન પ્રથા એક વર્ષથી શરૂ કરવામાં આવી છે. ખર્ચ માટે વરપક્ષ તરફથી જ્ઞાતિને રૂ.૩૧/- તથા કન્યાપક્ષ પાસેથી

રૂ.૨૦/- લેવામાં આવે છે. તદઉપરાંત તાજેતરમાં જ્ઞાતિ પંચ તરફથી ખોટા ખર્ચ ઓછા કરવા માટે બેંડવાજા અને ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂકયો છે. તદઉપરાંત કન્યાપક્ષ તરફથી વરરાજાના મા-બાપને પહેરામણી આપવાની સખ્ત મનાઇ કરવામાં આવી છે. પહેરામણીના નાતની રૂબરૂમાં માત્ર રૂ.૧૦૧/- આપવાનું નકકી કરવામાં આવ્યુ છે. ખાનગીમાં પહેરામણી આપનાર તથા લેનાર બન્ને પક્ષોને નાતના ગુનેગાર ગણવામાં આવેછે. ખાનગી રીતે પહેરામણીની આપનારની બાતમી આપનારને જ્ઞાતિપંચ તરફથી યોગ્ય ઇનામ આપવામાં આવે છે. આમ દરેક પ્રશ્નોનું સમાધાન નાતમાં જ કરવામાં આવે છે.

જ્ઞાતિપંચના પ્રમુખને માસિક રૂ.૫૫૦/- પગાર આપવામાં આવે છે. આ સિવાય અન્ય સભ્યોને પગાર આપવામાં આવતો નથી. પોરબંદર ખારવા મંદિર કે જયાં ન્યાય કરવામાં આવે છે ત્યાં નીચેના મુખ્ય વાકયો લખવામાં આવ્યાં છે.

પોરબંદર ખારવા મંદિર કે જયાં જ્ઞાતિના ઝઘડાનું નિરાકરણ કરવામાં આવેછે ત્યાં નીચેના વાકયો લખવામાં આવ્યાં છે.

(૧) નિર્દોષ પર રહેમ કર.

(૨) ગુનાહિત કૃત્યને દંડ.

(૩) પક્ષપાતથી દૂર રહેવું

(૪) જ્ઞાતિ સેવા માટે જીવવું એ પણ જીવનનો લ્હાવો છે.

(૫) સત્ય, ધર્મ, ન્યાય, નીતિ દયા અને સદ્વિચાર રાખો.

(૬) ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઇ જા.

જાતિ કેસ ::

પોરબંદર ખારવા નાત પંચાયતમાં એક કેસ સાંભળયો તેની વિગત નીચે મુજબ છે.

એક માણસની ફરિયાદ એવી હતી કે તેની બહેન તેના ઘરે આવીને તેની પત્ની તેમજ સાસુને ગમે તેમ ગાળો બાધે છે. આ માણસ મંદિર પર હાજર હતો. તેની બહેનને બોલાવવામાં આવી. તેનું કહેવું એક હતું કે હું મારી બેનને રૂ.૭૫/- આપું છું. જો તેને મકાનમાં ભાગ જોઇતો હોય તો આપવા તૈયાર છું. પરંતુ તેને કહે દો કે તે મારે ઘરે ન આવે.

તેની બહેનને બોલાવીને એવી રજુઆત કરી હતી કે મે મારા મા બાપની ચાકરી કરી છે તેના બદલામાં તેમને મને એક ઘર લખી આપું છું. પરંતુ મારું કબાટ તેની પાસે છે તે મને જોઇએ છે. ભાઇનું કહેવું એવું હતું કે તેને કબાટ રૂ.૭૫ માં ૨૦ વર્ષ પહેલા ખરીદેલું. કબાટની માલિકી મારી છે.

પટેલે બન્નેને સમજાવ્યા. ભાઇને કહ્યું કે આ કબાટ તમે રૂ. ૭૫ માં ખરીદ્યું તેની સાબિતી આપવી પડશે. આમ બન્ને વચ્ચે કબાટનો ઝઘડો રહ્યો છે. બહેનનું કહેવું એવું પણ હતું કે તેનો ભાઇ તેને "બહેનચોદ" વગેરે જેવી ગાળો આપે છે અને ગમે તેમ બોલે છે. આ ગાળ શબ્દનો પ્રયોગ ખારવા સ્ત્રી બાઇએ પટેલની સમક્ષ પણ કર્યો હતો. ત્યાં અમે પણ હાજર હતાં. પછી થોડા દિવસ પછી મળવા જણાવ્યું હતું.

(૨) એક કેસમાં એક બાઇએ તેના સંબંધીઓ સામે મિલકત છૂટી XX કરી હતા અને ઘર પોતાની પાસે રાખ્યું હતું. અને ઘરના પૈસા ૬ માસમાં સંબંધીને ભરપાઇ કરવાની ખાત્રી આપી હતી.

આ બાઇને ચાર પુત્રો છે. દરેક જુદો જુદો ધંધો કરે છે. હવે બાઇના પુત્રો તેને પૈસા આપતા નથી. પૈસા ન હોવાને કારણે તે સામાવાળાના પૈસા કઇ રીતે ભરી શકે. છોકરાની માએ આ અંગે પંચમાં છોકરાઓ સામે ફરિયાદ કરી કે છોકરાઓ મને પૈસા આપતો નથી તો હું કયાંથી પૈસા ભરું. આ માટે પટેલે ચારે છોકરાઓને સાથે લાવવા માટે કહ્યું અને પછી ચારે જણ ભેગાં થાય પછી ન્યાય આપવાની વાત કરી. પટેલે ચારે છોકરાને તેની માને જેમ બને તેમ જલદી પૈસા આપવા માટે હુકમ કર્યો જેથી તેની મા તેના સંબંધીને ભરપાઇ કરી દે.

કોળી ખારવા પંચ :

કોળી ખારવા પંચના પટેલને આખો કોળી સમાજ પસંદ કરે છે. કોઇ પ્રતિષ્ઠિત આગેવાન અને ભણેલાની પસંદગી કરવામાં આવે છે. પટેલ સમાજમાંથી પાંચ માણસો એવા કે જે પ્રતિષ્ઠિત હોય તેમજ સારી રીતે કામ કરી શકે તેવા હોય તેને પસંદ કરે છે. આમ કુલ ૬ માણસોની સમિતિ સમાજમાં અંદરોઅંદર જે કંઇ તકરાર કે ઝઘડા ઊભા થાય તેનું નિરાકરણ કરે છે. પટેલને પગાર આપવામાં આવતો નથી. પંચને જો જરૂર જણાય તો હોડી દીઠ વાર્ષિક રૂા.૨૦/- કે રૂા.૨૫/- ઉઘરાવે છે. કોળી સમાજમાં જો કોઇને છૂટાછેડા જોઇતા હોય તો રૂા.૫૫૦૧/- મંદિરમાં ભરવા પડે છે. અને એ પૈસા મંદિરમાં જાય છે.

જ્ઞાતિપંચ સિવાયમાં ખારવા સમાજમાં જુદા જુદા સ્થળે જુદી જુદી પ્રવૃત્તિ ચાલે છે. જેની વિગત નીચે આપી છે.

દક્ષિણ ગુજરાતના માછીમારોના સમાજમાં પણ સુંદર ને વ્યવસ્થિત સ્વરૂપે પંચરચના જોવા મળે છે. પંચ માટે ગામના પ્રતિષ્ઠિત વ્યક્તિઓની પસંદગી થાય છે. પંચ ૧૦, ૧૫, ૧૭, ૧૯ કે ૨૧ વ્યક્તિઓનું બનેલું હોય છે. પંચ પાસે વાદી અને પ્રતિવાદી બને પક્ષની ફરિયાદો રજૂ થાય છે. પંચ તટસ્થ રહીને બને પક્ષો સાથે સાચી હકીકત જાણવા પ્રશ્નોતરી કરે છે. કેટલીકવાર ઝઘડાનું નિરાકરણ XXXXXXXXX ન થાય તો પંચ ૫ કે ૭ સભ્યોનું લવાદ પણ નિમે છે. પંચ આખરે જે ન્યાય આપે તે લોકો (બને પક્ષો) માન્ય રાખે છે. પંચના ન્યાય પર લોકોને પૂરેપૂરો વિશ્વાસ હોય છે. તેથી ગામના લોકોના નાના મોટા ઝઘડાઓના નિકાલ આ પંચ દ્વારા જ થતો હોય છે. પંચના સભ્યોની સમાજમાં પ્રતિષ્ઠા રહે છે. બધા લોકો તેના તરફ માનની દૃષ્ટિએ જોતા હોય છે.

નવી બંદર ધજા ધારી યુવક મંડળ :

આ મંડળમાં કુલ ૨૮ સભ્યો છે. એક વડીલ પુરૂષને મંડળના સલાહકાર તરીકે નીમવામાં આવે છે. આ મંડળ જુન માસમાં બોટ માલિકને પોતાની બોટ સલામત જગ્યાએ ચડાવવામાં મદદ કરે છે. તે બદલ તેમને મહેનતાણું આપવામાં આવે છે. આ રીતે મંડળનું ભંડોળ

એકઠું કરવામાં આવે છે. તદઉપરાંત દરેક સભ્ય પાસેથી માસિક રૂ. ૫/- લવાજમ લેવામાં આવે છે. ગયાં વર્ષે આ મંડળના ૨૮ સભ્યોએ બોટ માલિક પાસેથી મહેનતાણા પેટે રૂ.૨૦,૦૦૦/- ભેગાં કર્યાં હતાં તેમાંથી રામદેવ પીર પર ચાંદીનો ઘોડો બનાવ્યો હતો. આ મંડળ મુખ્યત્વે XXXX સભા તથા ધાર્મિક પ્રસંગે વ્યવસ્થા જાળવવાનું કાર્ય કરે છે. તદઉપરાંત દર વર્ષે મંદિર પરની ધજા નવી બનાવે છે. અને દરેક મંદિર પર નવી ધજા ફરકાવે છે.

વિદ્યાર્થી મંડળ ::

નવી બંદરમાં ખારવા વિદ્યાર્થી મંડળ ચાલે છે. આ મંડળ જ્ઞાતિના બાળકોને કોલેજ સુધીના પુસ્તકો આપે છે. આ મંડળ લગ્ન પ્રસંગે ઢોલ-બેન્ડવાજાં વગાડીને કમાણી કરે છે અને બાળકોને સહાય કરે છે. આ જાતના મંડળો લગભગ દરેક ખારવાની વસતિ વાળા વિસ્તારોમાં ચાલે છે. તેઓ તેમના જ્ઞાતિના બાળકોને મદદ કરે છે.

બાર ગામ ખારવા સમાજનું મર્યાદિત મુખ પત્ર ::

બાર ગામ ખારવા સમાજ દ્વારા "દરિયા છોરુ" નામનું માસિક મુખ પત્ર પ્રસિધ્ધ થાય છે. આ મુખપત્ર દરિયાછોરુ સંસ્થા તરફથી પ્રગટ કરવામાં આવે છે. આ પહેલાં તેમનાં સમાજના પ્રશ્નો XXX ને વાચા આપતા મુખપત્રો નીકળતા. પરંતુ ભંડોળને અભાવે નિયમિત પ્રગટ થતું ન હોતું. ૧૯૪૧-૪૮ માં મુંબઈમાં સ્વશ્રી ચાંપસી ગોવિંદ ઝાલાના નેતૃત્વ હેઠળ "વહાણવટી" પ્રગટ થયેલ હતું. પણ એજ વર્ષમાં સમાજનો સહકાર ન મળતાં બંધ કરવું પડયું. ત્યાર બાદ ૧૯૬૨-૬૩ માં બીજી વખત મુંબઈ ખારવા સમાજના યુવાનોએ "દરિયા છોરું" મુંબઈથી નવા લેબાસમાં પ્રગટ કર્યું હતું. આ બે પ્રયત્નો કર્યા બાદ ૧૯૭૫-૭૬ માં ઇંગ્લેન્ડમાંથી આફ્રિકા તથા યુરોપમાં વસતા ભાઈઓએ રાજ્યને હસ્ત લેખન પ્રગટ કર્યું અને સમાજની સેવામાં અર્પણ કર્યું. પરંતુ તેને પણ એક વર્ષમાં બંધ કરવું પડયું. અપવાદ રૂપે પોરબંદરમાંથી ત્યાંના યુવાનોએ "કામધેનુ" એક પ્રગટ કરવા ધારેલું પરંતુ હજુ સુધી તેમને સફળતા મળી નથી. ફરીથી ખારવા સમાજના પ્રગતિશીલ અને શિક્ષિત યુવાનોએ "દરિયા છોરું" પ્રસિધ્ધ કરવાનું નક્કી કર્યું અને હાલમાં તે પ્રગટ થાય છે.

આ મુખપત્રમાં મુખ્યત્વે ખારવા સમાજના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક પ્રશ્નો, સમસ્યાની ચર્ચા કરવામાં આવે છે. આમ ખારવા સમાજનું આ મુખપત્ર તેમના માટે ગૌરવ સમાન છે.

મિલકતમાં હકક :

ખારવા જાતિમાં બાપની મિલકત સરખે ભાગે દરેક છોકરાને વહેંચવામાં આવે છે. છોકરીને કઇ ભાગ આપવામાં આવતો નથી. લગ્ન સમયે છોકરીને શકિત પ્રમાણે આપી દીધુ હોય છે. તેથી છોકરીઓને ભાગ આપતા નથી. તેમ છતાં છોકરી સાસરામાં સુખી ન હોય તો જ્ઞાતિ પંચવાળાના કહેવાથી ભાઇઓ થોડી ઘણી રકમ બહેનોને આપે છે. દીકરો ન હોય તો બાપની મિલકતનો હકક બહેનોને આપવામાં આવે છે. બાપની હયાતીમાં છોકરો ગુજરી જાય તો તેનો હકક કાયદેસર રીતે તેના બાળકો અને પત્નીને મળે છે. કારણ કે તેના બાળકો અને પત્નીની સંભાળની જવાબદારી ઘરના અન્ય માણસોના હાથમાં આવે છે. જો ભાઇની પત્ની તેના પતિના મૃત્યુ પછી બીજા લગ્ન કરે તો તેને કઇ આપતા નથી. પરંતુ જો નાના છોકરાઓને સાથે લઇને થાય તો મોટા થાય ત્યારે તેમને હકક આપવામાં આવે છે. કોઇ વ્યકિતને સંતાન ન હોય અને તેની પત્ની હયાત ન હોય તો બધી મિલકત ભાઇઓને જાય છે. ભાઇ ન હોય તો ભાઇના છોકરાઓ વારસદાર બને છે. જો ભાઇ ન હોય તો બહેનને હકક મળે છે. જો પત્ની હયાત નો મરનારની બધી મિલકતની વારસદાર તેની પત્ની જ બને છે. મરનારના ભાઇ કે બહેનને કોઇ હિસ્સો આપવામાં આવતો નથી.

ખારવાઓનું બીજી જાતિમાં સ્થાન :

ખારવાઓ બીજા અનેક સમુદાયો સાથે રહે છે. ખાસ કરીને હિન્દુ સમુદાય સાથે તેમના સંબંધો સારા જોવા મળે છે. પોરબંદર અને વેરાવળમાં વસતા ખારવાઓના મુસલમાનો જોડે સારા સંબંધો નથી. તેમની વચ્ચે વારંવાર નાનીમોટી વાતોમાં અથડામણો થાય છે. એક બાજુ તેઓ મુસ્લિમ વેપારી જોડે

સંબંધ રાખતા હોય છે. પરંતુ તેમની વચ્ચે ભૂતકાળમાં પણ અનેકવાર અથડામણો થઇ છે અને હાલમાં પણ થાય છે.

ઇ.સ. ૧૯૧૨માં પોરબંદરમાં ખારવા અને મુસલમાનો વચ્ચે અથડામણ થઇ હતી. જેમાં બન્ને પક્ષે ઘણી ખુવારી થઇ હતી. તે સમયે સ્થાનિક સત્તાને સહાય માટે જેતલસરથી એક પોલિસ ટુકડી મોકલવામાં આવી હતી અને તેમના આવ્યા પછી વિસ્તારમાં શાંતિ સ્થાપાઇ હતી. આ સ્વાતંત્ર્ય પહેલા અને તે પછી પણ આ બન્ને કોમો વચ્ચેનું અંતર ઘણું નથી. આ સિવાય અન્ય કોમો સાથે તેમના સારા સંબંધો છે. તાજેતરમાં પોરબંદરમાં રાજકીય પક્ષોને કારણે ગુંડાગીરી વધી પડી છે અને આ ગુંડાગીરીમાં પૈસાવાળા માણસો ખારવા સમાજના લોકોને હાથો બનાવી પોતાનું કામ કઢાવે છે.

સગાઇ સંબંધો :

ખારવામાં સગાઇ સંબંધો મુખ્યત્વે બે પ્રકારના જોવા મળે છે.

(૧) ~~લોકો~~ લોહી પર આધારિત અને બીજા
(૨) લગ્ન પર આધારિત

લોહી પર આધારિત સંબંધોમાં પિતા, માતા, પુત્ર, બહેન, કાકા, દાદા, દાદી, પિતાના ગોત્રની વ્યક્તિઓને એકજ પિતાના સંતાનો માને છે. તે બધા સાથે સામાજિક સંબંધો નિકટના હોય છે. એકજ ગોત્રના એક લોહી સંબંધીઓ માને છે. અને તેમની સાથે સામાજિક સંબંધો હોય છે. પણ ખાસ કરીને એક બે પેઢી સુધીના સંબંધીઓ સાથે વધુ નિકટના સંબંધો રાખે છે. આ સિવાય ગામમાં વસતા અન્ય ગોત્રો સાથે પણ સામાજિક સંબંધો રાખે છે.

બીજા પ્રકારના લગ્ન પર આધારિત સંબંધો છે. ખારવામાં મામા-ફોઇના સંતાનોમાં લગ્નની પ્રથા છે, એટલે લગ્ન વર્તુળ નજીકના

સબધીઓમાં જ ગુથાયેલુ જોવા મળે છે. લોકો પર આધારિતમાં લગ્ન કરવાની પતિ-પત્ની, સાસુ, સસરો, નણંદ, ભોજાઇ, સાળા-સાળી, બનેવી વગેરે અનેક પ્રકારના નવા લગ્ન પર આધારિત સબધીઓના જાળામાં સબધો ગુથાય છે. અહી આગલી પેઢીના લગ્નના સબધો તો હોય છે જ કારણ કે મામા-ફોઇના સંતાનોમાં લગ્નો થતા હોવાથી પહેલા પિતાના લગ્ન પર આધારિત સબધીઓ સાથે પુત્રના લગ્ન પર આધારિત સબધીઓ એક વર્તુળ-માંથી બનતા પોતાના પિતા અને માતા માટેના એજ દ્વિક સબધીઓ તૃતિયક સબધીઓ બની જાય છે. જેમ કે પત્નીનો ભાઇ બીજા વર્તુળમાં પોતાના પુત્ર વની પત્નીનો પિતા (વેવાઇ) બને છે. આ રીતે મુખ્યત્વે લગ્ન પર આધારિત સબધોમાં એક વર્તુળપર બીજુ વર્તુળ સબધ દોરાતુ જાય છે.

બારવામાં વપરાતા કેટલાક સગાઇ સબધ ઉપરના સગાઇ સબધોના વપરાતા શબ્દોમાં કેટલાક શબ્દો એક કરતા અનેક વ્યકિતઓને લાગુ પડે છે. જેમકે પત્નીનો પિતા, પતિનો પિતા આ બધા માટે "મામો" શબ્દ વપરાય છે. મામા-ફોઇના સંતાનોમાં લગ્ન થતા હોવાથી સસરા માટે બીજો કોઇ શબ્દ નથી. તેજ રીતે "ફોઇ" શબ્દ પણ એક કરતા વધારે માટે વપરાય છે. આવી જ રીતે વપરાતા શબ્દ સમૂહોમાં કાકા, ભાઇ, વગેરે એક કરતા વધુ વ્યકિતઓ માટે એક શબ્દ અમુક સાથે પ્રયોજવામાં આવે છે. જયારે બીજી બાજુ કેટલાક શબ્દ સમૂહો ચોકકસ વ્યકિતઓ માટે જ વપરાય છે. જયારે જે વર્તુળમાં લગ્ન થવાના છે કે જે ભાવિમાં પતિ-પત્ની બનવાના છે તે માટે સગાઇ સબધ સૂચક શબ્દોમાં કોઇ પણ પ્રકારના સગાઇ સબધ XXXXX સૂચક શબ્દ ન વપરાતા માત્ર નામ લેવામાં આવે છે.

બારવાઓમાં કેટલાક સગાઇસબધો માટે વપરાતા શબ્દોની યાદી નીચે જણાવેલ છે.

જેને માટેની શબ્દાવલી તૈયાર કરવાની છે તે સગા ::

| સગા | સગાઇ સબંધિત શબ્દ | સગાઇ સંદર્ભ શબ્દ |
|---|---|---|
| પિતા | બાપ, કાકા | કાકા |
| માતા | મા | બા |
| પુત્ર | છોકરા | નામથી |
| પુત્રી | છોકરી | " |
| પતિ | ધણી | (એ)અત્યારે નામ લે છે. |
| પત્ની | ઘરવાળી | છોકરાનું નામ દઇને બોલાવે |
| ભાઇ (પુબો) | ભાઇ | નામ દઇને |
| બેન (પુબો) | બેન | " |
| ભાઇ (સ્ત્રીબો) | ભાઇ | " |
| બેન (સ્ત્રીબો) | બેન | " |
| ભાઇ (પોતાના પિતાનો પણ સ્વમાતા સિવાય બીજી સ્ત્રીનો પુત્ર) | -- | ભાઇ |
| ભાઇ (પોતાની માતાનો પણ સ્વપિતા સિવાય બીજા પુરૂષનો પુત્ર) | -- | ભાઇ |
| બેન (પોતાના પિતાની પણ સગી માતા સિવાય બીજી સ્ત્રીની) | -- | બેન |
| બેન (પોતાની માતાની પણ સ્વપિતા સિવાય બીજા પુરૂષની પુત્રી) | -- | બેન |
| મોટોભાઇ (પુબો) | મોટાભાઇ | - |
| મોટોભાઇ (સ્ત્રીબો) | મોટાભાઇ | - |
| નાનોભાઇ (પુબો) | ભાઇ | નામ દઇને |
| નાનોભાઇ (સ્ત્રીબો) | ભાઇ | " |
| મોટીબહેન (પુબો) | બહેન | - |
| મોટીબહેન(સ્ત્રીબો) | બહેન | - |
| નાનીબહેન (પુબો) | બહેન | નામ દઇને |
| નાનીબહેન (સ્ત્રીબો) | બહેન | " |
| પિતાનો ભાઇ | કાકા | કાકા |
| ભાઇનો પુત્ર (પુબો) | છોકરો | નામ દઇને |

| સગા | સગાઇ સંબોધન શબ્દ | સગાઇ સંદર્ભ શબ્દ |
|---|---|---|
| પિતાનો પિતાથી નાનોભાઇ | કાકો | કાકો |
| પિતાનો પિતાથી મોટોભાઇ | મોટાબાપા | મોટાબાપા |
| મોટાભાઇનો પુત્ર (પુબો) | ભત્રીજો | નામદઇને |
| મોટાભાઇની પુત્રી (પુબો) | ભત્રીજી | " |
| નાનાભાઇનો પુત્ર (પુબો) | ભત્રીજો | " |
| નાનાભાઇની પુત્રી (પુબો) | ભત્રીજી | " |
| પિતાના મોટાભાઇની પત્ની | ભાભી | ભાભી |
| પિતાના નાનાભાઇની પત્ની | કાકી | કાકી |
| પિતાના મોટાભાઇનો પુત્ર | ભાઇ | ભાઇ |
| પિતાના મોટાભાઇની પુત્રી | બેન | બેન |
| પિતાના નાનાભાઇનો પુત્ર | ભાઇ | ભાઇ |
| પિતાના નાનાભાઇની પુત્રી | બેન | બેન |
| ભાઇનો પુત્ર (સ્ત્રીબો) | ભત્રીજો | નામથી |
| ભાઇની પુત્રી (સ્ત્રીબો) | ભત્રીજી | " |
| પિતાની પિતાથી મોટી બહેન | ફઇબા | ફઇબા |
| પિતાની પિતાથી નાનીબહેન | " | " |
| પિતાની બહેનનો પતિ | ફૂઆ | ફૂઆ |
| પિતાની બહેનનો પુત્ર | ભાઇ | ભાઇ |
| પિતાની બહેનાની પુત્રી | બેન | બેન |
| પિતાની બહેનના પુત્રની પત્ની | ભાભી | ભાભી |
| પિતાની બહેનની પુત્રીનો પતિ | બનેવી | નામથી |
| પિતાની બહેનના પુત્રની પત્ની | ભાભી | ભાભી |
| પિતાની બહેનની પુત્રીનો પતિ | બનેવી | નામથી |
| પિતાની બહેનના પુત્રનો પુત્ર | છોકરો | " |
| પિતાની બહેનની પુત્રીની પુત્રી | છોકરી | " |
| માતાનો માતાથી મોટોભાઇ | મામા | મામા |
| માતાનો માતાથી નાનોભાઇ | મામા | મામા |
| માતાના મોટાભાઇની પત્ની | મામી | મામી |
| માતાના નાનાભાઇની પત્ની | મામી | મામી |
| પત્નીના ભાઇનો પુત્ર | નામથી | નામથી |
| પત્નીના ભાઇની પુત્રી | " | " |
| માતાના મોટાભાઇનો પુત્ર | ભાઇ | નામથી |
| માતાના મોટાભાઇની પુત્રી | બેન | નામથી |

| સગાં | સગાઇ સંબોધન શબ્દ | સગાઇ સંદર્ભ શબ્દ |
|---|---|---|
| માતાના નાનાભાઇનો પુત્ર | ભાઇ | નામથી |
| માંતાના નાનભાઇની પુત્રી | બેન | " |
| બહેનનો પુત્ર (પુ્બો) | ભાણેજ | " |
| બહેનની પુત્રી(પુ્બો) | ભાણેજ | " |
| બહેનના મોટાભાઇનો પુત્ર | છોકરો | " |
| બહેનના નાનાભાઇની પુત્રી | છોકરી | " |
| માતાની મોટીબહેન | માસી,મોટી બા | " |
| માતાની નાનીબહેન | માસી | માસી, મોટીમાસી |
| બહેનનો પુત્ર (સ્ત્રીબો) | ભાણેજ | નામથી |
| બહેનની પુત્રી (સ્ત્રીબો) | ભાણેજ | નામથી |
| માતાની મોટીબહેનનો પતિ | માસો | માસો |
| માતાની નાનીબહેનનો પતિ | માસો | માસા |
| પત્નીની મોટીબહેનનો પુત્ર | સાળીનો છોકરો | નામથી |
| પત્નીની નાનીબહેનનો પુત્ર | " | " |
| પત્નીની નાનીબહેનની પુત્રી | છોકરી | " |
| XXXX માતાની મોટીબહેનનોપુત્ર | છોકરો | " |
| માતાની નાનીબહેનનો પુત્ર | ભાઇ | ભાઇ |
| માતાની મોટીબહેનની પુત્રી | બેન | બેન |
| માતાની નાનીબહેનની પુત્રી | બેન | બેન |
| XXXX પિતાનો પિતા | મોટાબાપુ | મોટા બાપુ |
| પુત્રનો પુત્ર (પુબો) | પુત્ર | પુત્ર |
| પુત્રીની પુત્રી (સ્ત્રીબો) | પુત્રી | નામથી |
| પિતાની માતા | દાદીમા | દાદીમા |
| પુત્રનો પુત્ર (સ્ત્રીબો) | પુત્ર | નામથી |
| પુત્રની પુત્રી (સ્ત્રીબો) | પુત્રી | " |
| પુત્રીનો પુત્ર (સ્ત્રીબો) | પુત્ર | " |
| પુત્રીની પુત્રી (સ્ત્રીબો) | પુત્રી | " |
| પુત્રીનો પુત્ર (સ્ત્રીબો) | પુત્ર | " |
| પુત્રીની પુત્રી (સ્ત્રીબો) | પુત્રી | " |
| પત્નીનો પિતા | સસરો | બાપુ |
| પત્નીનો XXXX માતા | સાસુ | બા |
| પુત્રીનો પતિ (પુબો) | જમાઇ | નામથી |

| સગા | સગાઇ સંબોધન શબ્દ | સગાઇ સંદર્ભ શબ્દ |
|---|---|---|
| પુત્રીનો પતિ (સ્ત્રીઓ) | જમાઇ | નામથી |
| પતિનો પિતા | સસરો | બાપુ |
| પતિની માતા | સાસુ | બા |
| પુત્રની પત્ની (પુરુષો) | પુત્રી | નામ દઇને |
| પુત્રની પત્ની (સ્ત્રીઓ) | " | " |
| પત્નીનો મોટાભાઇ | સાળો | " |
| પત્નીનો નાનોભાઇ | " | " |
| મોટી બહેનનો પતિ (પુરુષો) | બનેવી | " |
| મોટી બહેનનો પતિ (સ્ત્રીઓ) | " | " |
| પત્નીના મોટાભાઇની પત્ની | સાળાની ઘરવાળી | " |
| પત્નીના નાનાભાઇની પત્ની | " " | " |
| નાનીબહેનનો પતિ (પુરુષો) | બનેવી | " |
| નાનીબહેનનો પતિ (સ્ત્રીઓ) | " | " |
| પત્નીની મોટીબહેન | સાળી | નામથી |
| પત્નીની નાનીબહેન | " | " |
| પત્નીની મોટીબહેનનો પતિ | સાઢુ | " |
| પત્નીની નાનીબહેનો પતિ | " | " |
| પતિનો મોટોભાઇ | જેઠ | " |
| પતિનો નાનોભાઇ | દિયર | " |
| પતિની મોટીબહેનનો પતિ | બનેવી | " |
| પતિની નાનીબહેનનો પતિ | " | " |
| પતિની મોટીબહેન | ~~સાળી~~ નણંદ | " |
| પતિની નાની બહેન | " " | " |
| મોટાભાઇ પત્ની (પુરુષો) | ભાભી | ભાભી |
| નાનાભાઇની પત્ની (~~xxxx~~ પુરુષો) | " | " |
| મોટાભાઇની પત્ની (સ્ત્રીઓ) | જેઠાણી | નામથી |
| નાનાભાઇની પત્ની (સ્ત્રીઓ) | દેરાણી | " |
| પત્નીની બહેનનો પતિ | સાઢુ | " |
| પતિના મોટાભાઇની પત્ની | જેઠાણી | " |
| પતિના નાનાભાઇની પત્ની | દેરાણી | " |
| પુત્રની પત્નીનો પિતા | વેવાઇ | વેવાઇ |
| પુત્રની પત્નીની માતા | વેવાણ | વેવાણ |


બારૈયા
સોલંકી
કરમણ કાથાભાઇ
બારૈયા/અભણ/૫૮/નથી
૦ ચવાણ / ૫૫/ અભણ
કાપડીયા
નારણ
૩૬ રજુ
હારણ
રણછોડ
૬ થુ
૩૫ વર્ષ
સોલંકી
જશુબેન
૬ થુ
૨૫
હોલ્લામા
કૂલબારિયા
વેણી વજે
૨૦
પાસે
સો
૧૮
અભણ
સોલંકી
(ચૂડાપાડામા)
૧૨
અભણ
૧૭
નવમુ
ભણે છે
૧૪
૬ થુ
ભણે છે
૧૧
૩જુ
ભણે છે
૮
૨જુ
ભણે છે
૫
૧

## શ્રી પ્રધાનભાઇ XXX એમ. ગોહિલ

= ૦

ગોહિલ ઉંમર - ૪૯
૭ મું પાસ
દહેજ આપ્યુ નથી

જશોદાબેન શેરાજી ૪૫ વર્ષ
૫ મું પાસ
દહેજ આપ્યુ નથી

અશોક
૧૭
ભણે છે

અર્જુન
૧૨
ભણે છે

કનૈયાલાલ
૧૦
ભણે છે

શાંતિલાલ
૬
ભણે છે

સુમિત્રા = મોજા
૨૨ વરસ
૪ થું પોરબંદર

લીલાવતી
૧૯
૩જું પાસ

મર્યાદાના સંબંધો :

બારવા સમાજમાં જ્યારે પુરૂષો અને સ્ત્રીઓ એકબીજાને ભેગા મળે છે ત્યારે "જયકૃષ્ણ" કરે છે. સ્ત્રીઓ વડીલ માણસની સાથે ~~XXXXX~~ બેસે નહિ. સ્ત્રીઓ રસ્તામાં પણ લાજ કાઢે છે. સાસુ-સસરાની હાજરીમાં ઘરની વહુ બેસી શકે નહિ. એક-બીજાની મશ્કરી મઝાક કરી શકે નહિ. રસ્તા પર કોઇને મશ્કરી ન થાય. નાના માણસો વડીલ માણસની મશ્કરી કરતા નથી. પોતાના સમોવડિયાની પુરૂષ-સ્ત્રીઓ મશ્કરી કરે છે. સરખી ઉંમરના પુરૂષ-સ્ત્રીઓ અંદરોઅંદર મઝાક કરે છે. પરંતુ-વડીલની સામે મશ્કરી કરતા નથી.

XXXXXXXXXXXXX
XXXXXXXXXXX
XXXXXXXXX
XXXXXXX
XXXXX
XXX
X

## પ્રકરણ - ૬

## સામાજિક રીતરિવાજો

## સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત
## ના ના
## ખારવા માછીમારો

દરેક કોમ-જ્ઞાતિને પોતાના આગવા સામાજિક રીતરિવાજો અને ધાર્મિક વિધિઓ હોય છે. સમાજના લોકો આ સામાજિક-રીતરિવાજોનુ પાલન કરતા હોય છે. સામાજિક રીતરિવાજોમાં જીવન ચક્રના કેટલાક પ્રસંગો જેવા કે જન્મ, લગ્ન, મૃત્યુના પ્રસંગો ગણાવી શકાય. ખારવા જાતિના અભ્યાસમાં સૌરાષ્ટ્રમાં વસતા ખારવાઓ અને દક્ષિણ ગુજરાતમાં વસતા ખારવાઓ (માછીમારો) ના સામાજિક રીપરિવાજો જુદા જુદા હોવાને લીધે તેની માહિતી અહીં જુદી આપવામાં આવી છે.

## સામાજિક રીતરિવાજ : ( સૌરાષ્ટ્ર વિસ્તાર )

### રજસ્વલા સ્ત્રી :-

ખારવા જાતિમાં સ્ત્રીઓ રજસ્ત્રાવ દરમ્યાન અન્ય હિન્દુ વર્ગની સ્ત્રીઓની જેમ કેટલાક આચાર-વિચારના નિયમોનુ પાલન કરે છે. ખારવા જાતિમાં રજસ્વલા સ્ત્રીને "બહારપેઠો" છે, અથવા "અટકાવમાં છે" હવે સુધરેલી ભાષામાં ધર્મમાં છે. "અધૂન" છે. વગેરે નામથી ઓળખવામાં આવે છે. રજસ્વલા સ્ત્રી આ દિવસોમાં રસોડામાં અગર રસોડાના ભાગમાં જઇ શકતી નથી, તેમજ ઘરમાં પાણીયારુ હોય તેને પણ અડકી શકે નહીં. રજસ્વલા સ્ત્રી ઘરના એક ખૂણામાં અથવા બહારની ઓસુરીમાં બેસે છે. તે ઘરમાં રાંધવાનુ કામ, પાણી ભરવાનુ કામ, તેમજ અન્ય રસોઇને લગતા કામો કરી શકતી નથી. તેને મોટી વયના પુરૂષો, ૧૦ વર્ષથી ઉપરના બાળકો પણ અડકતા નથી. ૧૦ વર્ષથી નાના છોકરા અડકે તો તેનો કોઇ વિરોધ કરતુ નથી. તે ઘરમાં માટીના

વાસણો સિવાય, તાંબાના, પિત્તળના, કાંસાના વાસણો સાફ કરવા, ઘરમાં ઝાડુ વાળવાનું કામ કરી શકે છે. તે રાત્રે ખાટલામાં સૂઇ શકતી નથી. તેને ગાદલાં સિવાય જમીન પર કંતાનથી બનાવેલ ગાદલા ઉપર સૂવે છે. અને ચાર દિવસ સુધી આમ સૂવે છે. રસોઇ-પાણી અને તેને લગતા અન્ય કામો ન કરી શકવાનું કારણ હાથ ચોખ્ખો નહિ હોવાનું મનાય છે. તેની સાથે આભડ છેટ જેવું રાખવામાં આવે છે. આ માન્યતા વર્ષોથી ચાલી આવી છે. અને વર્તમાનમાં પણ ચાલુ છે. આને લઇને સ્વચ્છતા જળવાય, તેમજ આ સમય દરમ્યાન સ્ત્રીને પુરતો આરામ મળે તેવું મનાય છે.

રજસ્વલા સ્ત્રી આ સમય દરમ્યાન પોષાક પણ નવો પહેરતી નથી અને જૂના કપડાં પહેરે છે. રજસ્વલા સ્ત્રી ચાર દિવસ પછી પાંચમાં દિવસે માથું ધુવે છે. ત્યાર-બાદ તેની રાબેતા મુજબની પ્રવૃત્તિ કરે છે.

રજસ્વલા સ્ત્રી "અટકાવમાં" આવે ત્યારથી તે પાંચમા દિવસે જયાં સુધી માથું ન ધુવે ત્યાં સુધી ભગવાનનો દીવો પણ કરી શકે નહી. તેમજ દેવમંદિરે જઇ શકતી નથી. આ સમય દરમ્યાન જાતીય સંબંધ XXXXXXXXXXXXX પણ બાંધી શકાતો નથી, જાતિય સંબંધ ન બાંધવા પાછળનું કારણ "પાપ" લાગે તેવું માનવામાં આવે છે. સંભોગ કરનાર ભગવાનનો ગુનેગાર બને છે એવું મનાય છે.

રજસ્વલા સ્ત્રીને રજસ્ત્રાવ બંધ થાય તો ગર્ભ રહે છે તેમ છે અને આ ગર્ભ રહયો તેનીજાણ પણ પુરૂષને એક માસ પછી થાય છે. તેના કારણો જોઇએ તો સ્ત્રીને ગર્ભ રહયો હોય તો અટકાવમાં આવે તે દિવસો દરમ્યાન - "અટકાવ" માં બેસતી નથી. સ્ત્રીના ચહેરાના ચિહનો બદલાય છે. સ્ત્રીને ઉલટી થાય તબિયત બગડે, શારીરિક તંદુરસ્તી ઉપર તેની અસર થાય છે. તાવ આવે, માથું દુઃખે, બેચેની લાગે વિગેરે લક્ષણો પરથી સ્ત્રીને ખ્યાલ આવી જાય છે કે મને "અટકાવ" બંધ થયું છે અને ગર્ભ રહયો છે. પરંતુ પુરૂષ પૂરા એક માસ પછી સ્ત્રી તેને વાત કરતી નથી ત્યાં સુધી અજ્ઞાત રહે છે. અને ગર્ભ રહયો તેની ખાત્રી ઉપરોકત લક્ષણો પરથી થઇ જાય છે.

ગર્ભ રહેવા પાછળનુ કારણ સ્ત્રી અને પુરૂષના જાતીય સંબંધથી રહે છે તેમ મનાય છે. ગર્ભ ઇશ્વરની કૃપાથી જ થાય છે એવુ સ્પષ્ટપણે માને છે. ખારવા જાતિમાં કોઇ સ્ત્રીને ગર્ભ ન રહે તો તેને માટે કોઇ ખાસ ધાર્મિક-વિધિ કે ભગત-ભૂવા પાસે બાધા રાખવામાં આવતી નથી. અને આ જાતિમાં આવું ઘણું ઓછુ જોવા મળે છે. ગર્ભ ન રહે તો "ભગત-ભૂવા કરતા ડોકટરની સલાહ વર્તમાન પરિસ્થિતિમાં લેતા થયાં છે. ગર્ભ રહયો હોય તો તરત જ થોડા સમય બાદ કોઇ ધાર્મિક વિધિ (ગર્ભ ન રહે તો) રામદેવ પીરની તેમજ પોતાની કુળદેવીની માનતા લે. કોઇ નાળિયેર, સોનાનો ચાંદલો, રૂપાનું છત્ર, ભાતની અને ધાત્રીની બાધા લે છે. કેટલાંક ભાવના પ્રમાણે દેવ-દેવીની માનતા માને છે, કોઇ ભવાનીની, રામદેવપીરની તેમજ ભૂવનેશ્વરીની માનતા માને છે. અને માનતા પ્રમાણે ચડાવો ચડાવે છે. કેટલાંક મુસ્લિમ પીરની દરગાહના દોરા ધાગા પણ કરે છે. આ વસ્તુનું પ્રમાણ ઘણું ઓછુ જોવા મળે છે.

## સીમંત ::

ગર્ભ રહયા પછી તરત જ કોઇ વિધિ કરવામાં આવતી નથી પરંતુ પાંચમાં કે સાતમા માસે ખોળો ભરવામાં આવે છે. કુટુંબમાં કોઇનું મૃત્યુ થયું હોય તો આ વિધિ નવમાં માસે પણ કરે છે. દક્ષિણ ગુજરાતના ખારવાઓ ખોળો ભરવાની વિધિને આણું કરવું તેમ પણ કહે છે. સૌ પ્રથમ આ વખતે સાસરી પક્ષ તરફથી કન્યાના (વહુના) માવતરમાં સંદેશો મોકલવામાં આવે છે, અને પછી નકકી કરેલ સમયે તેમને બોલાવવામાં આવે વે, અને ત્યારબાદ ખોળો ભરવાની વિધિ કરવામાં આવે છે. આ સમયે "માવતર" પક્ષ તરફથી "નાળિયેર" ચોખા વિગેરે લાવવામાં આવે છે. કેટલાંક પોતાની આર્થિક સ્થિતિ પ્રમાણે કપડાં પણ લાવે છે.

આ દિવસે ખારવા જાતિના બધા કુટુંબીઓ સગોત્ર તેમજ અન્ય ગોત્રના સંબંધ ધરાવતા ભાઇઓ બહેનો ભેગા મળે છે.

સ્ત્રીઓ ગાણાં ગાય છે અને ખોળાનો વિધિ થાય છે. આ વિધિ સ્ત્રીઓ કરે છે. આ સમયે ગર્ભ રહેલી સ્ત્રીના ખોળામાં ચોખા, નાળિયેર, કંકુ ઘઉંના દાણા વિગેરે મૂકવામાં આવે છે. અને કંકુનો ચાંલ્લો આ સ્ત્રીને કરવામાં આવે છે. ગર્ભ રહેલી સ્ત્રીને તેનો દિયર કંકુ વડે હાથ રંગી તેને થાપો મારે છે. ત્યાર બાદ આ સ્ત્રી કુટુંબની સ્ત્રીઓને મળે છે. અને સગોત્રના ઘેર ઘેર મળવા જાય છે. આ સમય દરમ્યાન અન્ય સ્ત્રીઓ તેને યથાશકિત ભેટ પણ આપે છે.

આમ આ વિધિ પૂર્ણ થયા પછી જમણવાર થાય છે.જેમાં નાના બાળકો અને કુટુંબના સભ્યો તેમજ આવેલા મહેમાનોને જમાડવામાં આવે છે. અને સ્ત્રીને સાસરીમાંથી પિયર લઇ જતા પહેલાં તેના હાથે રાખડી બાંધવામાં આવે છે. જે પિયરમાંથી આવેલ તેની બહેન બાંધે છે. ત્યાર બાદ પિયરમાં વળાવે છે. અને આ રીતે "ખોળા" નો વિધિ કરવામાં આવે છે.

સુવાવડ : (પ્રસવ)

સુવાવડ ખારવા જાતિની દાયણ અથવા મુસલમાન દાયણ કરે છે. દાયણને રૂ.૧૦/- રોકડા, ચોખા અને નાળિયેર આપવામાં આવે છે. સમગ્ર ખારવા જાતિમાં ૯૦ ટકા લોકો ઘરમાં જ સુવાવડ કરાવે છે અને બાકીની ૧૦ ટકા સુવાવડ દવાખાને થાય છે. પ્રથમ સુવાવડ માવતરના ઘેર કરાવવામાં આવે છે. ગંભીર કેસોમાં ડોકટર અથવા ટ્રેઇન્ડ નર્સ પાસે પ્રસવ માટે લઇ જાય છે. દક્ષિણમાં વસતા ખારવાઓ પ્રસવ વખતે જો વધુ પીડા થતી હોય તો પતિના જમણા પગના અંગૂઠાને ધોઇને પાણી પત્નીને પીવડાવવામાં આવે તો પીડા બંધ થઇ જાય છે. અને પ્રસવ જલ્દી થાય છે. એવું માનેલ છે:

પ્રથમ સુવાવડ પિયરમાં કરવામાં આવે છે. ખોળો ભર્યા પછી સ્ત્રીને તેની બહેન તેના ઘેર તેડી જાય છે. આમ પ્રથમ પ્રસવ મોટેભાગે પિયરમાં જ થાય છે. પ્રસવ વખતે પુરૂષો હાજર રહી શકતા નથી. આ સમયે ઘરની તેમજ નજીકના કુટુંબીજનોની વડીલ સ્ત્રીઓ હાજર રહે છે.

પ્રસવ બાદ સ્ત્રીને ઘરના અંદરના ભાગમાં (અંધારાવાળા ઓરડામાં કે જ્યાં અવર-જવર ઓછી હોયત્યાં) રાખવામાં આવે છે. સુવાવડી સ્ત્રીને બાજરીનો રોટલો, કાળામરી, બાજરાના લોટનો શીરો, ("ઘી"માં બનાવેલ) તેમજ આ લોટમાં ગોળ-ઘી નાંખી રાબડી પણ બનાવી આપે છે. આ સમાજમાં સ્ત્રીઓને સુવાવડ અથવા પ્રસવના સમયે ઘઉંનો ખોરાક આપવામાં આવતો નથી. કારણ કે આ ખોરાક ભારે હોવાથી જન્મેલા બાળકની તંદુરસ્તીને અસર પહોંચાડે છે. બાળક બિમાર પડે એવી માન્યતા છે. પ્રસવ બાદ છ થી સાત દિવસે સુકવેલી માછલી આપવામાં આવે છે, અને માછલી ખાધા બાદ જે ચુલાની રાખ નહિવત ખાય છે. જેથી બાળક બિમાર પડે નહીં.

પ્રસવ થયા બાદ ધાર્મિક વિધિ કેટલાક કરાવે છે. જેમાં બ્રાહ્મણને બોલાવી, ગોત્રના દેવ-દેવીની વિધિ કરાવી છોકરાઓને મીઠાઇ વહેંચવામાં આવે છે. પોતાની કુળદેવીને નાળિયેર ચઢાવે છે. બ્રાહ્મણને ચોખા-દાળ-સીધુ-સામાન દાન કરે છે.

છઠ્ઠીનો વિધિ ::

પ્રસવ થયા બાદ બાળક છ દિવસનું થાય ત્યારે છઠ્ઠીનો વિધિ કરવામાં આવે છે. જેને તેઓ "છ તમાઇ ઢાંકવી" એમ કહે છે. આ વખતે સુયાણીનો ખાટલો જ્યાં હોય ત્યાં ઘીનો દીવો કરવામાં આવે છે, છાણાં, મેશ, વાળ (સુવાવડી સ્ત્રીના) વિગેરે સામગ્રી રાખવામાં આવે છે અને તેની વિધિ સુયાણી-દાયણ કરે છે. છઠ્ઠીની વિધિ પછી જ બાળકને કપડાં પહેરાવવામાં આવે છે. આ વખતે દાયણ છોકરાને "જૈમ માય બકની" જેમ બોલે છે. તેનો

અર્થ છોકરાને બાપ જેવો થજે અને છોકરી હોય તો મા જેવી થજે; તેવી આશિષ આપવામાં આવે છે.

બાળકનો જન્મ થયા પછી સવા માસ કે ૪૫ દિવસ સુધી આભડછેટ રાખવામાં આવે છે. આ સમય દરમિયાન અલગ જમવાનું આપવામાં આવે છે. ગૃહકાર્ય કરવા દેવામાં કે મંદિરમાં પણ જવા દેવામાં આવતી નથી. સવા માસે કે ૪૫ દિવસે બાઇ માથુ ધુવે-નાહી લે ત્યારબાદ ઘરનું બધુ જ કામકાજ કરી શકે છે. દેવના સ્થાને પણ જઇ શકે છે.

નામકરણ વિધિ ::

જન્મ બાદ બાળકને ત્રીજા, ચોથા અથવા છઠ્ઠા દિવસે નામકરણની વિધિ કરવામાં આવે છે. છોકરાની ફોઇ બ્રાહ્મણને આ અંગે પૂછાવે છે. સવા રૂપિયાથી બે રૂપિયા સુધી બ્રાહ્મણને આપવામાં આવે છે. છઠ્ઠા દિવસે સવારે આ વિધિ થાય છે. આ સમયે બાળકની ફોઇ, કુટુંબની સ્ત્રીઓ હાજર હોય છે. પુરૂષો હોતા નથી, ફોઇ બાળકને છીંટ (કાપડ) અથવા ચાંદીનો કંદોરો (છોકરી આય તો ચાંદીની જાંજર) આપે છે. આ પહેરામણી ફોઇની આર્થિક શકિત ઉપર આધાર રાખે છે. આર્થિક સ્થિતિ બરાબર ન હોય તો પણ છીંટ તો આપવી જ પડે છે. (છીંટ એટલે કાપડનો ટૂકડો) બાળકના પિતા આ પ્રસંગે પોતાની બહેનને શકિત પ્રમાણે સાડી અથવા એક જોડ કપડાં આપે છે.

વાળ ઉતરાવવાનો વિધિ ::

આ વિધિ બાળકની ઉંમર છોકરો કે છોકરીની દોઢેક વર્ષની થાય ત્યાર બાદ માહ માસ અને અષાઢ માસમાં થાય છે. આ વિધિ છોકરાની ફોઇ-વાળંદને બોલાવીને, ઘઉંની પુરી, થેપલા, અડદ અને મગની દાળના પૂડા, તલ અને ગોળ, શ્રીફળ, માતાજીના હાર તોરા, દિવેલ વગેરે લઇને જાય છે. છોકરાની ફોઇ વાળંદ બાલ કાપે ત્યારે વાળને ખોળામાં જાળવી લે છે. અને આ વાળને સમુદ્રમાં

પધરાવી દે છે. આ પછી છોકરાને દૂધ અને પાણીથી નવરાવી દેવામાં આવે છે. માતાજીની પૂજા કરી, ઉપરોકત બનાવેલી વસ્તુઓમાંથી અમુકભાગ કોઇને આપવામાં આવે છે. થોડો બ્રાહ્મણને અને વાળંદને પણ આપવામાં આવે છે. મામાને પણ અમુક ભાગ આપે છે. બાકીનો સગોત્ર કુટુંબીઓના બાળકોને વહેંચી દેવામાં આવે છે.

લગ્ન પહેલાં અને પછીના સંબંધો ::

લગ્ન પહેલાં ભાવિ પતિ-પત્ની જાતીય સંબંધ રાખી શકતા નથી કે માણી શકતા નથી. લગભગ એક બીજાને ઓળખતા પણ હોતા નથી. હવે ઓળખાણનો યુગ આવેલ છે.

લગ્ન પછીની બેવફાઇ લગભગ વ્યકિતગત બાબત તરીકે ગણાય છે. છતાં તે જો પંચના ધ્યાન પર મૂકવામાં આવે તો પગલાં લેવાય છે. સાધારણ રીતે પુરૂષની બેવફાઇને વ્યકિતગત બાબત વધારે ગણાય છે. સ્ત્રી માટેની બેવફાઇ અંગે પહેલાં મારકૂટ પણ થતો, બહિષ્કાર થતો, હાલ -યાત તરફથી કાયદાનો કદાચ આશરો હવે તે માટે મારકૂટ થતો નથી. પરંતુ આબરૂ હલકી પડે છે.

છોકરી લગ્ન પહેલાં સગર્ભા થાય તેને બહુ ઘૃણાની નજરે જોવાય છે. પહેલાં ઝેર આપવાના દાખલા બન્યા છે. પરંતુ છેલ્લા બે દશકામાં બદલાતા મૂલ્યોથી તેના માતા-પિતાને શિક્ષા થાય, ગર્ભપાત થાય કે બાળક થાય તો તેનો નિકાલ કરે અને તે બહુ છાનું થાય તો લગ્નની ઉતાવળ કરી ગમે તેવો મુરતીયો શોધી અને પરણાવી દે છે.

લગ્ન ::

ખારવાઓમાં મુખ્યત્વે બે જાતિ છે. ખારવા અને કોળી ખારવા. બન્નેમાં એક જ ગોત્રમાં લગ્ન નિષેધ છે. ખારવાઓમાં મામા-ફોઇના સંતાનો એકબીજાને વરે છે. પરંતુ આવા દાખલાઓ પણ જૂજ જોવા મળે છે. ઓખામંડળ

અને માંગરોળમાં મામાની દીકરી સાથે લગ્ન થાય છે એટલે મામાની દીકરી ફોઇ પાછળ ભત્રીજી જાય છે. કારણ કે અહીંયા લગ્નનું વર્તુળ નાનું છે. જ્યારે પોરબંદર-વેરાવળમાં મામા-ફોઇમાં લગ્ન થતાં નથી. જ્યારે કોળી ખારવામાં મામા-ફોઇના સંતાનોમાં લગ્ન બિલકુલ થતાં નથી. ખારવાઓની વસતી જુદી જુદી જગ્યાએ હોવાથી તેમનું લગ્નનું વર્તુળ પણ જુદું જુદું ગોઠવાયેલું જોવા મળે છે. નવી બંદર અને સુભાષનગરમાં વસતા ખારવાઓનો વેરાવળ અને પોરબંદરના ખારવાઓ જોડે બેટી વ્યવહાર નથી. સુભાષનાગર, મિયાણી, નવીબંદર અને ઓખા-મીઠાપુરમાં વસતા ખારવાઓનો આ ચાર ગામ પૂરતો બેટી વ્યવહાર છે. સુભાષનગર પોરબંદરમાં આવેલું છે. પરંતુ સુભાષનગર અને પોરબંદરમાં વસતા ખારવાઓ જોડે ખાસ મેળ નથી તેથી બેટી વ્યવહાર નથી. પોરબંદરના ખારવાઓએ સુભાષનગરના ખારવાઓ જોડે બેટી વ્યવહારની માંગણી કરી હતી. પરંતુ તેમને સ્વીકારી નહોતી. સુભાષનગરમાંથી એક પણ છોકરી પોરબંદરના ખારવાઓ જોડે લગ્નસંબંધથી જોડાઇ નથી. જ્યારે પોરબંદરની બે છોકરીઓ સુભાષનગરમાં ખારવા સાથે લગ્ન કર્યાં છે. પોરબંદરમાં છોકરીઓની વસતી વધુ છે. તેમનો સંબંધ માત્ર માંગરોળ અને દ્વારકામાં વસતા ખારવાઓ જોડે જ છે. પોરબંદરના ખારવાઓનો બેટી વ્યવહાર વેરાવળ જોડે પણ નથી. આ અંગે એવું જાણવા મળતું હતું કે પહેલાં વેરાવળ અને પોરબંદર જોડે બેટી વ્યવહાર હતો પરંતુ પોરબંદરવાળા છોકરીઓને વારેઘડીએ છૂટાછેડા આપી દેતા હતા તેથી આવો વ્યવહાર બંધ કરવો પડયો.

સૌરાષ્ટ્રના ખારવાઓને દક્ષિણમાં વસતા ખારવાઓ (માછીમારો) જોડે કાંઇ પણ પ્રકારનો બેટી વ્યવહારનો સંબંધ નથી. દક્ષિણ ગુજરાતમાં વસતા માછીમારોનો વિસ્તાર પ્રમાણે લગ્નના ગામ (લગ્નના નિશ્ચિત ગામો) નક્કી કરેલા છે. આ લગ્નના વર્તુળમાં જ લગ્ન ગોઠવાય છે.

કન્યા વિક્રય ::

અત્યાર સુધી લગ્નમાં કન્યા વિક્રયનો પ્રશ્ન નહોતો. આજથી ૫૦ વર્ષ પહેલાં તેમની જ્ઞાતિમાં દહેજ આપવામાં આવતું હતું. છોકરાવાળા કન્યાને રૂ.૭-૫૦ દેજ આપતાં સાથે કપડાં પગમાં પહેરવાની ચાંદીની કલ્લી, સોનાની નાકની નથણી, અને હાથીદાંતનો હાથનો ચૂડો આપવામાં આવતો હતો. તે સમયમાં રૂ.૨૦-૦૦ ના ભાવે તોલો સોનું મળતું હતું. અને સાડાચાર આના ભાવે ચાંદી મળતી હતી. હમણાં દેજમાં વધારો થયો છે. રૂ.૪૦/- દેજ આપવામાં આવે છે અને ઉપર મુજબના દાગીના આપે છે.

પહેલાં સસરા પક્ષવાળા છોકરાને એક પાઘડી બંધાવતાં હમણાં પણ પાઘડી બંધાવવામાં આવે છે. સસરા પક્ષવાળાની આર્થિક સ્થિતિ સારી હોય તો સોનાની વીંટી આપે છે.

હાલમાં કન્યા વિક્રય નથી પરંતુ છોકરીઓની વસતી વધુ હોવાથી વરના મા-બાપને ખાનગીમાં કન્યાના મા-બાપ પૈસા આપી લગ્ન કરાવતા હોય છે. જો કે નાત તરફથી તેની સખ્ત મનાઇ છે.

વેવિશાળ ::

પહેલાં છોકરાવાળા છોકરીને ત્યાં સગાઇ માટે કહેણ મોકલતા હતાં હવે છોકરીવાળા છોકરાવાળાને ત્યાં કહેણ મોકલે છે. છેલ્લા કેટલાક વર્ષોથી તેમનામાં છોકરીઓનું પ્રમાણ વધવાથી આ પરિવર્તન આવ્યું છે એમ તેઓ કહે છે. વેવિશાળ નક્કી કરતાં પહેલાં પરસ્પર એક બીજા સાથે ચર્ચા-વિચારણા થાય છે.

આમ વેવિશાળની ચર્ચાવિચારણા બાદ માતા-પિતાની પસંદગી, ઘર સાથે કુટુંબના માણસોનો સ્વભાવ, છોકરો કમાતો છે કે નહીં, તેની ચાલચલગત, તેમજ છોકરી

ભણેલી હોય તો અભ્યાસ પણ જુએ છે. અત્યારે છોકરા-છોકરીની સ્વપસંદગીને ધ્યાનમાં લઇ ઉપરોકત બાબતોને જોવામાં આવે છે.

સગાઇ ૧૭ થી ૨૦ વર્ષની મોટી ઉંમરે કરવામાં આવે છે અને આ વિધિ જાતિના મહારાજ કરાવે છે. વર પક્ષને ત્યાં કુટુંબીજનો ભેગા થાય, સગાસંબંધીઓ આવે છે. ઘરના આંગણામાં બેસી ચા-પાણી કરવામાં આવે છે. સ્ત્રીઓ ગીતો ગાય છે. સમાજના પટેલ તેમજ પ્રતિનિધિઓ મળી સગાઇનું કરારનામું કરે છે. સમાજના પટેલની સહી થાય,ત્યાર પછી જ સગાઇ મંજૂર ગણાય છે. આ દિવસે વરરાજા સ્વચ્છ અને સારાં કપડાં પહેરે છે. મહારાજ તેને પૂજા વિધિ કરાવે છે. આ પ્રસંગે સગાસંબંધીઓને જમાડવામાં આવે છે. કન્યાને ત્યાં પણ આ રીતે જ વિધિ કરવામાં આવે છે.

ચાંદલો ::

વેવિશાળ નકકી થયા પછી છોકરા તરફથી સાલ્લો પગમાં પહેરવાનાં સાંકળાં, ખાંડનું પડીકું અને નાળિયેર મોક-લવામાં આવે છે. છોકરીવાળા છોકરાવાળાને પાઘડી, કમડાં, નાળિયેર અને સાકર મોકલાવે છે. વેવિશાળ કોઇ હિસાબે ફોક થતું નથી. આમ ખારવા સમાજમાં સામાજિક જીવન અને તેમની નાતની સમાજ પર ઘણીજ પકડ જોવા મળે છે. જો સગાઇ થયા પછી પુરૂષ કે સ્ત્રી બેમાંથી કોઇ પણ એક કોઇ જીવલેણ રોગમાં સપડાઇ કે અકસ્માતનો ભોગ બને તો પણ તેમને લગ્ન કરવા જ પડે છે. તેમની સગાઇ કોઇ પણ કારણસર તોડવામાં આવતી નથી. આવા ઘણાં દાખલાઓ ખારવાઓમાં જોવા મળયાં હતાં કે જેમાં સગાઇ તોડી શકાઇ નહોતી.

લગ્નની ઉંમર સામાન્ય રીતે ૧૮ થી ૨૩ વર્ષની હોય છે. તેમનામાં બાળ લગ્ન થતાં નથી. પહેલાં પણ નાની ઉંમરે લગ્ન થતા નહોતાં. લગ્ન માટે છોકરીવાળા છોકરા-

વાળાને અથવા છોકરાવાળા છોકરીવાળાને કહેણ મોકલે છે. પછી નકકી થાય છે. લગ્નની તીથિ રાજગોર નકકી કરે છે. રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ પંચને તિથિ નકકી કરાવી આપે છે. લગભગ બધા લગ્નોની તિથિ અષાડ માસમાં નકકી થાય છે અને પછી દરેક ડાવરામાં જોહેર કરે છે અને એ રીતે લગ્ન નકકી થાય છે. બારવાઓ ચૂસ્તપણે એક પત્નીત્વમાં માને છે. તપાસેલ કુટુંબમાંથી એકે બે પત્ની ધરાવતા દાખલા જોવા મળયાં નથી. મોટેભાગે એક પત્ની રાખવામાં આવે છે. જો આગળથી પત્નીને છોકરા ન થતાં હોય તો પહેલા પત્નીની સંમતિથી બીજી પત્ની કરવામાં આવે છે. કેટલાંક સંજોગોમાં છોકરો યુવાન હોય ને પત્ની અવસાન પામે તો બીજા લગ્ન કરે છે.

લગ્નમાં પહેલાં કંકોત્રીઓ છપાવતાં ન હતાં પરંતુ હમણાં હમણાં કેટલાંક સુધરેલા અને સમાજમાં આગળ પડતાં લોકો અંગત માણસોને આમંત્રણ આપવા માટે મર્યાદિત સંખ્યામાં કંકોત્રીઓ છપાવે છે. પરંતુ મોટે ભાગે કંકોત્રીઓ છપાવવામાં આવતી નથી.

લગ્નની તિથિના આગલા દિવસે ગોપણી (જમણવાર) થાય છે. છોકરીના ઘેરથી ૧૦ ભાણા (થાળ) આવે પછી વરરાજાને જમાડે અને કુટુંબીઓ તેમજ સગાંસબંધીઓને જમાડે છે. જમણમાં દાળ, ભાત, શાક, મોહનથાળ અને મીઠાઇ બનાવવામાં આવે છે.

ગોપણીના દિવસે અથવા બીજા દિવસે વરઘોડો કાઢવામાં આવે છે. વરઘોડામાં સાથે ડાવરાના માણસો તેમજ કુટુંબીજનો અને સગાઓ હોય છે. બૈરાઓ ગીતો ગાય છે. વરરાજા ઘોડાપર હોય છે. આ સમયે વરરાજા કોટ, પાટલુન અને સાફો પહેરે છે.

બારવામાં વરરાજા ઘરમાંથી નીકળી ઘોડે ચડે છે ત્યારે તેના જમણા હાથમાં તલવાર, ડાબા હાથમાં નાળિયેર, બેટમાં જમૈયો ને માથે સાફો બાંધેલો હોય છે. આ દેખાવ જાણે કે કોઇ યોધ્ધો રણ મેદાને યુધ્ધ લડવા જતો

હોય તેવો હોય છે. તેમના હાથની તલવાર અને ભેટનો જમૈયો અસલ રજપૂતની પ્રતિતિ કરાવે છે અને તેમની નસે નસમાં રજપૂતોનું ખૂન અને ખમીર છે તેનો નિર્દેશ કરે છે. XXX એવું માને છે. ખારવા રજપૂત છે અને રજપૂતની શકિત તલવાર છે તે એ શકિતના પૂરાવારૂપે તલવારને સાથે રાખી ઘોડે ચડે છે.

વરરાજા ઘોડા પર બેસે તે પહેલા બપોરે મામા મામેરુ લઇને આવે છે. મામાના ઘેરથી બેત્રણ સ્ત્રીઓ ઢોલ વગાડતા મામેરુ લઇને આવે છે. જો મામાની આર્થિક સ્થિતિ સારી હોય તો ભાણેજને સોનાની વીંટી કપડા વગેરે આપે છે. મામેરુ લઇને આવનાર માંડવાના નીચે વરરાજાના હાથમાં શ્રીફળ, સોપારી, મૂકે છે અને પછી જે કંઇ પહેરામણી હોય તે આપે છે. આ જ રીતે કન્યાનો મામો પણ કન્યાને ત્યાં ઢોલ વગાડતા મામેરુ લઇને જાય છે અને યોગ્ય યથાશકિત પ્રમાણે પહેરામણી કરે છે.

લગ્નમાં ઢોલ વગાડવા માટે મીરને બોલાવવામાં આવે છે. જેને વરરાજાદીઠ રૂ.૧૨-૦૦ જ્ઞાતિ પચવાળા આપે છે. પછી વરપક્ષ તરફથી વસૂલ લઇ લે છે. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં જ જેવા કે માંગરોળમાં મીરને બોલાવવામાં આવે છે. પોરબંદરમાં મીરને બોલાવવામાં આવતા નથી. મીરને મુકરર રકમ સિવાય રૂપિયા સોથી રૂપિયા બસો મૂથના મળે છે.

પોંકવાની વિધિ ::

૪ પીંડ હોય છે જેમાં એક માટીનું, એક રાખનું અને બે ભાતના અને થાળીમાં નાળિયેર ચાંદલાની શીશી, ચોખા અને ચાર સોપારી હોય છે. માટી, રાખ અને ભાતના પીંડ વરરાજા માથા પરથી ઉતારીને ચારે દિશામાં ફેંકી દે છે. આ વિધિ વરરાજાની માતા કરે અથવા મોટા ભાઇની ઘરવાળી (ભાભી) કરે છે. નહીં તો કુટુંબની વડીલ સ્ત્રી કરે છે. વરરાજાને ચાંદલો તલવાર પર કરવામાં આવે છે. વરરાજાને ફૂલનો હાર પહેરાવવામાં આવે છે.

વરઘોડો વાજતે ગાજતે શરૂ થાય છે રસ્તામાં આજુબાજુના પાડોશીઓ અને કુટુંબીઓ વરરાજાને શ્રીફળ આપે છે. બધા ઘેર ભેગા કરીને વરરાજાના માવતર લઇ લે છે. વરઘોડામાં મા-બાપ, કુટુંબ-કબીલા, મિત્રો, ડાયરાના માણસો હોય છે.

વરઘોડો ફરતો ફરતો કન્યાના ઘર પાસે જાય છે. સાસુ વરરાજાને પોંકવાની વિધિ કરે છે. એક થાળીમાં નાળિયેર, કુમકુમ ભરેલી કંકાવટી, પીંડ વગેરે લઇ અગાઉ બતાવ્યું તે પ્રમાણે ચારે દિશામાં પીંડ ફેંકીને સાસુ ઘાતરીનો છેડો (સાલ્લા પર ઓઢેલું કોરું કપડું) અત્તરવાળો હોય તે વરરાજાના નાક પર સૂંઘાડે અને પછી ઘોડા પરથી નીચે ઉતારે અને એક બાજઠ (લાકડાના સ્ટેન્ડ) પર ઊભો રાખી બંને પગની પાસે .૨૫ પૈસા મૂકે છે: ઘરની અંદર જતી વખતે તેનો સાળો પગે લાગીને પૈસા લઇ લે અને પછી રૂમમાં લઇ જાય છે. પછી માહેરામાં XXXXXXXX (શણગારેલો ઓરડો) લઇ જાય અને ત્યાં બેસાડે પછી બ્રાહ્મણ આવે. બ્રાહ્મણ કન્યાને બોલાવવાની બૂમ પાડે. કન્યા તેની સહેલીઓ સાથે ઘૂંઘટ ખેંચીને આવે પછી વરરાજાની સામે કન્યાને બેસાડવામાં આવે છે. બ્રાહ્મણ સામસામે બંનેના હસ્તમેળાપ કરાવે. હસ્તમેળાપ વખતે બ્રાહ્મણ એકબાજાને સૂતરની આંટ પહેરાવે છે.

આ હસ્તમેળાપ પછી કન્યાના કુટુંબીનો આખા દિવસનો ઉપવાસ હોય તેનો ઉપવાસ છોડાવવામાં આવે છે. આ ઉપવાસને "વછવાર" કહેવામાં આવે છે. વછવાર રહેલા કુટુંબીઓને કન્યાના માવતરના ઘરમાં જમાડવામાં આવે છે: વછવાર કરવાનું કારણ આજે ગામ છોડીને કન્યા જાય છે તેનું પૂણ્ય અર્પણ કરવા ખાતર જ ઉપવાસ કરે છે. ઉપવાસ કરવાથી છોકરી સુખી રહેશે એવું માને છે. વરઘોડા સાથે આવેલ માણસોને કન્યાવાળા જમાડતા નથી. જમવા બોલાવે ખરા પરંતુ વર પક્ષવાળા જમતા નથી.

ચોળી ::

વછનાર છૂટયા પછી છોકરા અને છોકરીને ચોળી બાંધી હોય ત્યાં લઇ જાય. બ્રાહ્મણ મંગળફેરાની વિધિ કરે છે. મંગળફેરા ચાર થાય છે. ચાર ફેરા ફરે. આ ફેરા ફર્યા પછી બન્ને પક્ષના માણસો ત્યાં જ બેસે છે. કન્યાના કુટુંબીઓ થાળીમાં દાન નાખે છે. કોઇ ૧ રૂપિયો, બે રૂપિયા, પાંચ રૂપિયા એમ શકિત મુજબ બ્રાહ્મણ વિધિ બોલે અને થાળીમાં પૈસા નાખતા જાય છે. છોકરાના સાસુ-સસરા કોઇ દાગીનો અથવા પૈસા થાળીમાં જ નાખે. પોતપોતાની શકિત મુજબ પૈસા આપે.

આ પછી કન્યા પક્ષવાળા ભાઇ અથવા માવતર આ બધા પૈસા લઇ લે. પછી એ પૈસા અને વસ્તુઓ છોકરીને જ દાનના રૂપમાં આપે. આ પૈસા છોકરીના છે માટે ખવાય નહી એવી માન્યતા પ્રવર્તે છે.

છોકરાનુ દાન ::

આજ રીતે છોકરાનુ દાન થાય. વરના મિત્રો, સબંધીઓ, તેમજ કુટુંબીજનો પૈસા નાખે છે. આ પૈસા વરરાજાનો બાપ લઇ લે છે.

કંસારની વિધિ ::

કન્યાના ઘરમાં કંસાર બનાવે છે. ઘીનો બનાવેલો કંસાર છોકરા-છોકરી પાસે લાવવામાં આવે છે. વરરાજા કન્યાને ચાર વાર ખવરાવે તેવી જ રીતે છોકરી વરરાજાને ચાર વાર ખવરાવે છે. કંસાર કોઇ પણ કન્યાના ઘરની સ્ત્રી કે પુરૂષ લાવે છે. કંસાર ખાઇ લીધા પછી બને જણાને ચાંદીનો વેઢ (કડલો) હોય તેનાથી ધ્રુવ મહારાજના દર્શન કરાવે. પછી વરરાજાને વેઢ પહેરાવી દે છે.

આ વિધિ પછી વરરાજા અને કન્યા એક બીજાના મા-બાપને પગે લાગે છે. છોકરીના માવતર છોકરાના માવતરને પહેરામણી કરે. છોકરાના માવતર પહેરામણીમાં એક સાડી, અને પાઘડી આપે છે. આ પછી છોકરાના મા-બાપ ચાલ્યા જાય છે. પછી સૌ સૌની કુળદેવીમાં એકબીજા પગે લાગે છે.

પછી વરરાજાના મિત્રો છોકરી-છોકરીને મિત્રો અને સહેલીઓ સાથે છોકરાને ઘેર લઇ જાય. લગભગ આ વિધિમાં આખી રાત જાય છે. પછી સવાર પડી જાય છે. છોકરી સાસુ - સસરાને પગે લાગી જાય છે. પછી તરત જ તેની સહેલીઓ છોકરીને પાછી ઘેર લઇ જાય છે. છોકરીના ઘેરથી વરરાજાને બોલાવીને લઇ જાય. ત્યાં એક રૂમમાં બંને જણ ખીર બનાવેલી હોય તે સાથે બેસીને એક બીજાને ખવડાવે છે. આ એમની પહેલી મુલાકાત ગણાય છે.

આ પછી જે વરરાજાએ વેદ પહેરેલો તેનાથી સૂર્યનારાયણના દર્શન કરે પછી વરરાજા ભાઇ અને મિત્રો સાથે ઘેર પાછો ફરે છે. દોસ્તોને ત્રણ ટાઇમ જમાડવામાં આવે છે.

લગ્નના બે ત્રણ દિવસ પછી સારો દિવસ જોઇ (રવિવાર, સોમવાર કે ગુરુવાર) દાદા ખેતરપાળ (નાગદેવ) ના સ્થાનકે જાય છે. કન્યાની સહેલીઓ અને વરરાજાના મિત્રો પણ સાથે હોય છે. નાગદેવતાને ફેરાફરે અને નાળિયેર, સિંદૂર, હાર, વગેરે ચડાવે છે અને ત્યાં છેડા XXXXXXXXX છોડવામાં આવે છે. ત્યાર પછી સાંજે વરરાજાના ગોગજમાં છોકરો અને છોકરી જાય છે અને ત્યાં બ્રાહ્મણ વિધિ કરાવે છે. ત્યાર પછી કુળદેવીને પગે લાગે. આ પછી તેમનો ઘર સંસાર શરૂ થાય કહેવાય.

પૈસા પાત્ર સસરો દહેજમાં સોનાની ગળામાં પહેરવાની ચેઇન અને વીંટી આપે છે. સામાન્ય માણસને ઓછામાં ઓછા ૫૦૦૦/- ખર્ચ થાય. તવંગરને રૂ.૧૦૦૦૦/- ખર્ચ થાય છે.

## વૈવાહિક દરજ્જાની માહિતી ::

સૌરાષ્ટ્રના ખારવા જાતિમાંથી તપાસેલ કુલ ૨૦૦ કુટુંબોમાં ૭૬૯ પુરૂષો હતા અને ૭૩૨ સ્ત્રીઓ હતી. કુલ ૭૬૯ પુરૂષોમાંથી ૨૭૮ (૩૬.૨ ટકા) પુરૂષો પરિણીત હતા જ્યારે સ્ત્રીઓની કુલ વસતીમાંથી ૨૭૮ (૩૮.૦ ટકા) સ્ત્રીઓ પરિણીત હતી. વિધવાની સંખ્યા વૈવાહિક દરજ્જાની માહિતી કોઠા ૬:૧ માં આપવામાં આવી છે.

તેમના સમાજમાં કઇ ઉંમરે લગ્ન થાય છે. તેની વિગતવાર માહિતી પસંદ કરેલ કુટુંબો પાસેથી લેવામાં આવી હતી. જેની વિગતવાર માહિતી કોઠા ૬:૨ માં આપવામાં આવી છે. કોઠામાં જણાવેલ માહિતી પરથી જણાય છે કે મોટાભાગના પુરૂષોના લગ્ન ૧૯ થી ૨૨ વર્ષની ઉંમરે થયાં હતાં. જ્યારે સ્ત્રીઓના લગ્ન ૧૫ થી ૧૮ વર્ષની ઉંમરે થયા હતાં. ૨૩ થી વધુ ઉંમરે લગ્ન કરનારાઓની સંખ્યા ઘણી જ ઓછી હતી.

નમૂનાના કુટુંબોમાં વૈવાહિક દરજ્જો : (સારણી૯)

| ધંધો | કુલ કુટુંબો | પરણિત | | અપરણિત | | વિધવા | વિધુર | છુટાછેડા | | લગ્ન સમયની ઉંમર | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | | | પુ. | સ્ત્રી | ૧૦થી૧૪ | | ૧૫થી૧૮ | | ૧૯ થી ૨૨ | | ૨૩ થી | |
| | | | | | | | | | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| મજૂરી | ૧૪૭ | ૨૧૮ | ૨૧૭ | ૩૮૮ | ૩૩૦ | ૧૮ | ૭ | – | – | – | ૧ | ૭ | ૨૦૪ | ૨૦૫ | ૩૦ | ૧૩ | |
| | | (૩૫.૬) | (૩૮.૫) | (૬૩.૩) | (૫૮.૮) | (૨.૭) | (૧.૧) | | | | | | | | | | |
| છૂટક મજૂરી | ૨૦ | ૨૧ | ૨૧ | ૨૫ | ૩૪ | ૫ | – | – | – | – | ૨ | ૧ | ૧૭ | ૨૦ | ૭ | – | |
| | | (૪૫.૭) | (૩૫.૦) | (૫૪.૩) | (૫૬.૭) | (૮.૩) | (૩.૧) | | | | | | | | | | |
| નોકરી | ૨૦ | ૨૧ | ૨૧ | ૪૧ | ૩૯ | ૨ | ૨ | – | – | – | ૨ | ૩ | ૧૭ | ૧૪ | ૩ | ૬ | |
| | | (૩૨.૮) | (૩૪.૪) | (૬૪.૧) | (૬૨.૩) | (૩.૩) | | | | | | | | | | | |
| વેપાર ધંધો | ૩ | ૫ | ૫ | ૭ | ૭ | – | – | – | – | – | ૧ | ૧ | ૪ | ૪ | – | – | |
| | | (૪૧.૭) | (૪૧.૭) | (૫૮.૩) | (૫૮.૩) | | | | | | | | | | | | |
| ખલાસી | ૧૦ | ૧૩ | ૧૩ | ૨૧ | ૧૯ | – | – | – | – | – | ૧ | ૪ | ૯ | ૯ | ૩ | – | |
| | | (૩૮.૨) | (૪૦.૬) | (૬૧.૮) | (૫૯.૪) | | | | | | | | | | | | |
| કુલ... | ૨૦૦ | ૨૭૮ | ૨૭૮ | ૪૮૨ | ૪૨૯ | ૨૫ | ૯ | – | – | – | ૭ | ૧૬ | ૨૫૧ | ૨૫૨ | ૪૩ | ૧૯ | |
| | | (૩૬.૨) | (૩૮.૦) | (૬૨.૭) | (૫૮.૬) | (૩.૪) | (૧.૧) | | | | (૨.૩) | (૫.૬) | (૮૨.૮) | (૮૭.૮) | (૧૪.૨) | (૫૬.૬) | |

(કૌસમાં જણાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવે છે.)

છૂટાછેડા ::

પારવા જાતિમાં છૂટાછેડાના પ્રસંગો ખૂબ જ ઓછા બને છે. છૂટાછેડા આપવાના કારણોમાં જોઇએ તો, સંતાન ન થતું હોય, પતિ-પત્નીના ઝઘડાઓ વારંવાર બનતા હોય અને તેનું સમાધાન અશક્ય બને ત્યારે, છૂટાછેડા લેવાનો પ્રસંગ ઉભો થાય છે.

છૂટાછેડા જેને લેવા હોય તેને પ્રથમ તો સમાજને જાણ કરવી પડે છે. અને પ્રથમ તે માટે છોકરા અને છોકરી પક્ષની સહીવાળો દસ્તાવેજ કરવામાં આવે છે. પરંતુ આમાં જો એક પક્ષની સંમતિ ન હોય તો છૂટછેડા ન થઇ શકે અને કેવળ જ્ઞાતિપંચ અને પટેલની સહીથી પણ છૂટાછેડા ન થઇ શકે તે માટે બધા સગાઓ (બંને પક્ષના) બોલાવી મંજૂરી માગવી પડે અને મંજૂરી આપે તો જ છૂટાછેડા થાય છે. છૂટાછેડાની જ્ઞાતિમાં સખ્ત મનાઇ છે. છૂટાછેડાના દાખલાઓ ઓછા જોવા મળે છે. એક વખતનો સંબંધ જન્મભરનો છે. ગમે તે પ્રકારે નિભાવવું પડે છે.

પુનઃલગ્ન ::

સ્ત્રીનું મૃત્યુ થતાં પુરૂષની ઉંમર ૪૦ નો અંદર હોય તો બીજી સ્ત્રી કરી શકાય છે. વિધવા હોય તો બીજા ઘેર બેસાડી શકાય છે. આ વખતે ચારથી પાંચ માણસો સ્ત્રીને ઘેર જઇ પૂછપરછ કરે અને તે માટે હા પાડે તો કરાર થાય અને તેની પાછળના બાળકો થાય તેને મિલકતમાં ભાગ આપવો પડે છે. પત્નીને પણ જૂની પત્ની જેટલા હકક મળે. આ રીતે સમાજ દ્વારા નકકી થયા પછી પુનઃલગ્ન નકકી થાય છે.

આ વખતે એક વખત જમણવાર આપવામાં આવે છે અને રાત્રિના સમયે આ વિધિ પૂર્ણ કરવામાં આવે છે.

વિધુર કે છૂટાછેડા લીધેલ પુરૂષ કુંવારી છોકરી સાથે લગ્ન કરી શકે નહી પરંતુ તેવા છૂટા પડેલા પાત્ર સાથે જ બીજા લગ્ન કરી શકે છે.

દિયર વહુ થાય છે પરંતુ જેઠની સાથે વહુ ન જાય.

સાળીવહુ થાય છે. પરંતુ બંને પક્ષની રાજીખુશીથી આ શકય બને છે.

મૃત્યુ ::

મૃત્યુ થાય ત્યારે કુટુંબીઓને ખબર આપવામાં આવે છે. મૃતદેહને પાણીથી નવડાવવામાં આવે છે. ત્યારબાદ સફેદ કપડુ (ધોતિયું) તેને પહેરાવવામાં આવે છે. તેને પાઘડી પણ બાંધવામાં આવે છે. ગજરો નાખે, હાર પહેરાવે છે. સ્ત્રીઓને ગજરો નાખવામાં આવતો નથી. પરંતુ હાર પહેરાવવામાં આવે છે. પુરૂષજો મૃત્યુ પામ્યો હોય તો પુરૂષો પ્રથમ તેને સ્નાન કરાવે છે. સ્ત્રી હોય તો સ્ત્રીઓ આ વિધિ કરે છે. સગર્ભા સ્ત્રી મૃત્યુ પામે તો પ્રથમ તેના પેટમાંથી ગર્ભ કાઢી દફનાવવામાં આવે છે. નાની ઉંમરના કે જન્મેલા બાળકના મૃતદેહને દાટી દેવામાં આવે છે. બાળવામાં આવતો નથી. સાતથી વધુ ઉંમરના બાળકને જ બાળવામાં આવે છે. નાના બાળકના મૃતદેહને પણ નવડાવવી, હાર પહેરાવી, નવા કપડાં પહેરાવી શણગારીને દાટે છે. નાનું બાળક મરી જાય ત્યારે કુટુંબીઓ એક અથવા અડધા મીટરની છીંત (કાપડ) આપે છે.

ઠાઠડી તૈયાર મંગાવવામાં આવે છે. જે શહેરી વિસ્તાર હોય તો તૈયાર - વેચાતી લાવે છે. ગ્રામ વિસ્તારમાં તે હાથે બનાવવામાં આવે છે. ઠાઠડી પર મૃતદેહને સુવડાવે છે. અને પોતાના નજીકના કુટુંબીઓ આ ઠાઠડી ઉઠાવે છે. લગ્ન સમયે આપેલી પિતાંબરી (જે રૂ.૪૦/-ની કિંમતની હોય છે. જે લાલરંગનો ધોતી હોય છે.) એવી જ

રીતે છોકરીને ચૂંદડી (ડીઝાઇનવાળી લાલરંગની બાંધણી) જે સસરા પક્ષેથી આપેલી હોય તે ઓઢાડવામાં આવે છે.

ત્યાર બાદ મૃતદેહને ખભે ઉપાડી ગામ બહાર નીકળીને રામ-રામના શબ્દો બોલતા જાય છે. અને મોટે ભાગે પ્રભાસ પાટણ - ત્રિવેણી સંગમ પર મૃતદેહને લઇ જવામાં આવે છે. આ વખતે પુરૂષો સાથે જાય છે. બૈરાઓ ગામના ઝાંપા સુધી જ સાથે જાય છે. અને ત્યાંથી પાછા વળે છે.

ત્રિવેણી સંગમ પર મૃતદેહને લઇ ગયા પછી પ્રથમ તેને નવરાવી નીચે મૂકવામાં આવે છે. બાજુમાં પાણી એક ડોલમાં ભરેલુ રાખે છે. જેટલા સ્મશાનમાં સાથે ગયા હોય તેટલા તેના (મૃતદેહ) મોંમા પાણી મૂકે છે. ચિતા ખડકવામાં આવે છે. ચિતા ઉપર મૃતદેહને ઠાઠરી ઉપરથી સવસ્ત્ર ખુલ્લો કરી એટલે કે ઠાઠરી સાથે બાંધેલ હોય તો છોડીને ઉપર મૂકવામાં આવે છે. ત્યારબાદ જે વ્યકિતએ હાંડલો લઇ ગયો હોય તે માણસ સ્નાન (હાંડલો નજીકનો કુટુંબી ઉપાડે છે. અને તે ઉંમર લાયક હોવો જોઇએ.) કરીને બહાર આવે છે. તેના હાથમાં બળતાં ચાર લાકડાં આપવામાં આવે છે. સળગતાં લાકડાં પાછળ રહે તે રીતે હાથમાં લઇ આ વ્યકિત ચિતાની ફરતે ચાર આંટા ફરે છે. અને મૃતદેહને જમણા અંગૂઠે દામ દેતો જાય છે. ચાર આંટા ફરી ગયા પછી એક એક લાકડુ (સળગતું) ચારે ખૂણે મૂકી દેવામાં આવે છે અને ચિતા સળગાવે છે. મૃતદેહને જ્યારે ચિતા ઉપર સુવડાવે છે ત્યારે તેનુ માથુ ઉત્તરમાં અને પગ દક્ષિણ તરફ રાખવામાં ચિતા સળગી રહે ત્યાં સુધી બધા ત્યાં જ બેસી રહે છે. બેઠા બેઠા કેટલાક ગપ્પાં મારે તો કેટલાક રામાયણનો પાઠ કરે છે. ચિતા ઠરી ગયા પછી મૃતદેહની રાખને (ફૂલાંજલા) લાલકપડામાં લઇ નદીમાં પધરાવી દે છે. ચિતા પૂરેપૂરી ઠરી ગયા બાદ મૃતદેહ બાળેલી જગાખરની રાખને ધોઇ નાખવામાં આવે છે ત્યારબાદ ગાયના છાણથી લીપીને

તે જગાને પવિત્ર કરવામાં આવે છે. ત્યારબાદ સ્મશાને સાથે ગયેલા દરેક પુરૂષો સ્નાન કરી ઘેર આવે છે.

ઘરમાંથી મૃતદેહ નીકળી ગયા પછી બૈરાંઓ પણ સ્નાન કરવા સમુદ્રમાં જાય છે. અને સ્નાન કરી ઘેર આવીને મૃતદેહને બાળવા ગયેલા પુરૂષોની રાહ જોવાય છે.

સ્મશાને ગયેલ બધા માણસો ઘેર આવે છે અને કુટુંબના માણસો પોક મૂકીને રડે છે. ત્યારે પાણી નાખીને આ માણસોને શાંત કરવામાં આવે છે. ત્યારબાદ સૌ સૌના ઘેર જાય છે.

ઘરે આવીને સ્મશાને જનાર દરેક વ્યક્તિ ફરીથી ઘરમાં નહાય છે. ત્યારબાદ મરનારને ઘેર દરેક કુટુંબી ફરીથી ભેગા થાય છે. જેઓ સફેદ વસ્ત્રો, સફેદ ટોપી પહેરીને આવે છે. ત્યાં કાવો તેમજ બીડી આપવામાં આવે. કાવો તો અવશ્ય હોય જ, અને આ રીતે બે દિવસ સુધી બધા સવાર-સાંજ ત્યાં (મરનાર વ્યક્તિને ઘેર) બેસે છે.

બીજે દિવસે કરસાણ અને મીઠાઇ મંગાવવામાં આવે છે. નાના બાળકોને વહેંચવામાં આવે છે તે દિવસે સાથે કસુંબો અને કાવો ચાલુ હોય છે. પહેલાં ~~કસુ~~ કસુંબાની જગ્યાએ અફીણ હતું. (પહેલાં કસુંબો અફીણનો બનાવવામાં આવતો હવે કેરાનો બનાવવામાં આવે છે.) પછી ખારવા જાતિના માણસો ભેગા મળી બેઠકમાંથી ઉઠીને મરનારના ડાઘરામાં જઇ ત્યાં પાંચ-દસ મિનિટ પોતે બેસે અને પછી સૌ સૌને ઘેર પાછા વળે છે.

ખારવા સમાજમાં સ્ત્રીઓ પોતાનો પતિ મરી ગયો હોય તો પત્ની ઓછામાં ઓછો બે માસનો શોક રાખે છે. મા-બાપ અને કુટુંબીજનો પણ શોક રાખે છે. (ઉંમર પ્રમાણે શોક રાખવામાં આવે છે.) સ્ત્રીઓ સારા વસ્ત્રો શોકના સમયે પહેરતી નથી. બહાર ફરવા પણ જતી નથી. મરનારના કપડાં ઘરમાં તેના સાથેનો પહેરનાર હોય તો રાખે છે. નહિતર ગરીબને આપી દે છે.

## ૮ માં દિવસે ઉઠમણું ::

આ દિવસે મરનારને ઘેર પુરૂષ સ્ત્રીઓ ભેગાં થાય છે. ત્યારબાદ સમુદ્ર કિનારે આવીને બૈરા અને પુરૂષો અલગ-અલગ બેસે છે. નજીકના કુટુંબીઓ પાવરિયા પાસે એના (મૃતદેહના) નામની ખાંભી બેસાડવામાં આવે. પાવરિયા દરિયા કિનારે હોઇ બૈરાઓની ખાંભીઓનું સ્થાપન કરવામાં આવતું નથી. ખાંભી ~~xxx~~ થયા પછી વાળંદ તેના કુટુંબીઓના વાળ ઉતારે છે. સમુદ્ર પાસે બ્રાહ્મણ પણ આવે, ત્યાં કિનારા પર દરેક માણસ મરનારનું નામ લઇને પાણી પીવડાવે છે. પાંચ-સાત ખોબા પાણી નાખે, પછી બ્રાહ્મણ શાસ્ત્રના શ્લોક બોલે છે. આમ થોડીવાર પછી બધા માણસો ઉઠી જાય છે. બૈરાં પણ આજ રીતે કરે છે. બ્રાહ્મણને આ વખતે ૧૦ થી ૧૫ રૂા. દક્ષિણા આપવામાં આવે છે.

<u>૧૨ મા દિવસે ઘેર પાણી પીવડાવે. પરોહિતની વિધિ નારાયણ કરે.</u>

આ દિવસે કુટુંબીઓના ત્યાંથી મરનારને ત્યાં સીધું આવે છે. સીધામાં દાળ, ભાત, ફળો વગેરે આવે છે. બ્રાહ્મણ એક માટલામાં ચોખ્ખું પાણી રાખી દૂધ રાખી, વિધિ કરતો જાય છે. લાકડાના પાટીયા (પાટલા) પર ચોખા, સોપારી અને ચાર આના રાખે. પછી મરનારના કુટુંબીઓ દરેક પુરૂષ અને સ્ત્રી દૂધ અને પાણી સોપારી ચાંપાને પીવડાવે છે. બાકી સીધું બધું બ્રાહ્મણ લઇ જાય છે. મરનારના કુટુંબીઓ બ્રાહ્મણને આ સીધા ઉપરાંત રૂા.૧૫/- આપે છે.

## અગિયારસ ::

કુટુંબના માણસો મરનાર વ્યકિતના નામની બે અગિયારસ કરે કે જેથી તેનું પુણ્ય મરનારને મળે.

## છમાસી ::

આ દિવસે મરનારના કુટુંબભાઇઓ છ બ્રાહ્મણને તેમજ

તેનજ કુટુંબીઓને જમાડે આ વખતે લગભગ રૂ.૩૦૦/-નો ખર્ચ થાય છે અને કુટુંબીઓને જમવામાં દાળ ભાત લાડુ વગેરે જમાડે છે.

<u>બારમાસી :: (વરસી) ::</u>

આ સમયે બાર બ્રાહ્મણને જમાડવામાં આવે છે સાથે સાથે કુટુંબીઓને પણ જમાડે છે. જેને વ્યક્તિ અગ્નિદાહ દેવામાં આવ્યો હોય તેને માટે આ **વિધિ** કરવામાં આવે છે.

ભાગ :: ૨ દક્ષિણ ગુજરાત

રજસ્વલા સ્ત્રી ::

રજસ્વલા સ્ત્રીને રજસ્ત્રાવ વખતે તેના નિયમો પાળવા પડે છે. આ સ્ત્રીને "બહાર બેઠી" તેમ કહેવામાં આવે છે. અથવા "હાથ ચોખો નથી" તેમ પણ કહે છે.

રજસ્વલા સ્ત્રી ઘરમાં પણીયારુ ભગવાનનું સ્થાનક, માટીનાં વાસણો, ચૂલો વગેરે ને અડકી શકતી નથી. અમુક પ્રકારના કામો કરવા કે ન કરવા તેવી માન્યતા પહેલેથી ચાલતી આવી છે. તેમજ આ સ્ત્રીને રજસ્ત્રાવ વખતે અપવિત્ર ગણવામાં આવે છે. જેથી બીજા મહેમાન કે અન્યને પાણી પણ આપી શકતી નથી. આ સમાજમાં ધાર્મિક રીતે અમુક પ્રકારના કામો આ બહેનોથી ન થાય એ જાતની માન્યતા પ્રવર્તે છે.

રજસ્વલા સ્ત્રી સાથે જાતિય સંબંધ બાંધવામાં આવતો નથી. તેનો પથારો અને સુવા માટેનું કંતાનનું ગાદલુ અલગ હોય છે. તેની સાથે જાતિય સંબંધ ન બાંધવાનું કારણ પાપ લાગે તેમ મનાય છે. અને બીજુ કે આ સમયે જાતિય સંબંધ બાંધવામાં આવે અને ગર્ભ રહે તો તેની વિકૃત અસર બાળક પર થાય તેવી માન્યતા છે.

રજસ્વાલા સ્ત્રી ત્રીજા કે ચોથા દિવસે માથુ ધુએ છે અને ત્યાર પછી યથાવત કામો કરી શકે છે.

રજસ્વાલા સ્ત્રી અટકમાં આવતી બંધ થાય ત્યારે ગર્ભ રહ્યો છે તેની ખબર પુરુષને એક.માસ પછી સ્ત્રી રજસ્વલા ન થાય તો પડે છે. સ્ત્રી તેના પતિને પોતે ગર્ભવતી થઇ છે તેમ કહે ત્યારે પુરુષને ખબર પડે છે.

ગર્ભ જાતિય સંબંધથી જ રહે છે તેવું માને છે. પરંતુ કોઇક વખત જાતિય સંબંધ બાંધવા છતાં ગર્ભ ન રહે તો હોય તો, સત્યનારાયણ ભગવાનની કથા કરાવવાની, અને રામ-

દેવપોરની પૂજાવિધિની માન્યતા પણ રાખે છે. અને ત્યાર પછી ગર્ભ રહે તો અમુક કુદરતી બળો જવાબદાર ગણે છે. કોઇ સ્ત્રીને ગર્ભ ન રહે તો છોયતો ભૂવા પાસે, જયોતિષ પાસે જાય છે. અને ત્યારબાદ ફાયદો થાય તો તેને ભૂવા પાસે લાવવામાં આવે છે અને નૈવેદ્ય કરાવે છે. ભૂવો જે માગે તે આપવું પડે છે. આ સિવાય દેવ-દેવીઓની બાધા અને ટેક પણ રાખે છે.

ખોળો ભરવાની વિધિ :: (સિમંત)

ગર્ભ રહયા પછી તરત જ કોઇ વિધિ કરવામાં આવતી નથી. પરંતુ પાંચમા કે સાતમા માસે આ વિધિ કરવામાં આવે છે. આ માસ દરમ્યાન જો કોઇ ખરાબ બનાવ કુટુંબમાં કોઇનું અવસાન થાય તો ૯ માસ માસે પણ આ વિધિ કરાવે છે. આને "આણું કરવું" તેમ પણ કહે છે. આ વખતે છોકરીના મા-બાપ અને તેની સાસુ હાજર રહે છે. અન્ય કુટુંબીજનો તેમજ સગાઓને તેડાવે છે. આ વખતે ગર્ભવતી સ્ત્રીના ખોળામાં નાળિયેર, ચોખા અને સવા રૂપિયો મૂકવામાં આવે છે. અને સ્ત્રીને કંકુનો ચાંદલો કરવામાં આવે છે. આ વિધિ વખતે જમણવાર પાછળ કોઇ ખર્ચ કરવામાં આવતો નથી. પરંતુ મહેમાનો અને કુટુંબીઓ ૧૦ થી ૧૫ માણસોનું જમવાનું બનાવવું પડે છે. આ ઉપરાંત ગોળ ધાણા પણ વહેંચે છે. આ વિધિ પતિને ઘેર કરવામાં આવે છે.

પ્રસવની વિધિ ::

પ્રસવ પહેલાં સ્ત્રીને ખાસ કંઇ વિશેષ પ્રકારનો ખોરાક આપવામાં આવતો નથી. પરંતુ આવી સ્ત્રીને હલકો અને પચી શકે તેવો ખોરાક આપવામાં આવે છે. છેલ્લા માસમાં છોકરાનો બાંધો સારી રીતે બંધાય તે માટે ઘી અને ગુંદર પણ કેટલાક આપે છે.

પ્રસવ સમયે પુરુષો હાજર રહેતા નથી, પરંતુ સ્ત્રીઓ જ હાજર રહે છે. જેમાં સાસુ, કાકી, દાયણ અને પડોશી સ્ત્રીઓ હાજર રહે છે.

પ્રસવ મોટે ભાગે દાયણ પાસે કરાવવામાં આવે છે. મોટેભાગે દાયણ પોતાની જાતિની જ હોય છે. સ્ત્રીને પ્રસવ વખતે વધુ પીડા થતી હોય ત્યારે તાલીમ લીધેલ દાયણ અથવા ડોકટર પાસે લઇ જવામાં આવે છે.

પ્રસવ વખતે જો વધુ પીડા થાય તો તેવા સમયે પતિના જમણા પગના અંગૂઠાને ધોઇ તે પાણી પત્નીને પીવડાવવામાં આવે છે. આથી સુવાવડ જલ્દી થાય તેવી માન્યતા છે.

પ્રસવ બાદ બાળકનો જન્મ થવા પછી બાળકની નાળ શેરડી કે જુવારના સાંઠાની ચીપથી કાપવામાં આવે છે. આ રીત પહેલેથી જ ચાલતી આવેલી છે. ચાકુ કે બીજા તીક્ષ્ણ ધારવાળા સાધનથી કાપવામાં આવતી નથી. તેની પાછળ વૈજ્ઞાનિક કારણ જેવું છે તે પણ આ લોકો જાણે છે. કે ધાટવાળી વસ્તુને કાટ લાગેલો હોય અને તેને બરાબર સાફ ન કરતાં નાળ કાપવામાં આવે તો ઘણીવાર પાકવાનો સંભવ રહે છે. જ્યારે સાંઠાની ચીપોથી કોઇ ભય રહેતો નથી.

નાળ એ ખાડામાં કે ઉકરડામાં દાટવામાં આવે છે. ત્યાર બાદ તેના ઉપર કુંડો ઢાંકી દેવામાં આવે છે. સ્ત્રીને પ્રસવબાદ ઘરમાં અલગ ખૂણામાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવે છે. જો અલગ રૂમની વ્યવસ્થા XXXXXXXXX હોય તો ત્યાં રાખવામાં આવે છે અને આવી સગવડ ન હોય તો પડદા બાંધીને અલગતા ઊભી કરવામાં આવે છે. સુવાવડમાં તેને રજસ્વલાની જેમ જ નિયમો પાળવાના હોય છે. અને આ નિયમો ૩૦ થી ૪૫ દિવસ સુધી પાળવાના હોય છે. પ્રસવબાદ છોકરી જન્મે તો દાયણને રૂા.૫/- આપેછે. છોકરાનો જન્મ થાય તો બમણી રકમ પણ આપે છે. અને ચાર પાંચ છોકરી પછી છોકરો થાય તો વધુ રકમ બક્ષીસમાં આપે છે. કેટલાંક સાડી પણ ઘણીવાર આપે છે.

પ્રસવ પછી તેને ગરમ ખોરાક આપવામાં આવે છે. ખોરાકમાં ગોળ-ઘી બાજરાના રોટલા, ગુંદર-સાકર-ઘીનું મિશ્ર, સુંઠ, સવા, મેથી પણ આપે છે.

છઠ્ઠીની વિધિ ::

સામાન્ય રીતે બાળકના જન્મ પછી છઠ્ઠા દિવસે આ વિધિ કરવામાં આવે છે. આ વિધિ બાળકની ફુઇ કરાવે છે.

આ દિવસે સુવાવડી સ્ત્રીની પથારી નજીક પાટલો મૂકી તેના ઉપર નાનું સરખુ સફેદ કપડુ પાથરીને તેના ઉપર કોરો કાગળ, પેન, કંકુના છાંટા નાખી મૂકવામાં આવે છે. તેને આખી રાત એજ સ્થિતિમાં મૂકી રાખી બીજે દિવસે સવારે તેને ઉપાડી લેવામાં આવે છે.

નામકરણ વિધિ ::

કોઇક સારા ઘરના જ આ વિધિ વ્યવસ્થિત રીતે કરાવે છે. જેમાં બાળકનો જન્મ થયા પછી એકાદ માસમાં બ્રાહ્મણ પાસે તારીખ, વાર આપીને જોવરાવવામાં આવે છે. બ્રાહ્મણ તેની રાશિ નક્કી કરી અક્ષરો આપે છે. અને આ અક્ષરો પરથી ઘરના પોતાની મેળે નામ નક્કી કરે છે. જ્યારે કોઇકવાર બ્રાહ્મણના કહેવા મુજબનું પણ નામ રાખતા હોય છે. કેટલાક "વાર" ના નામ પરથી પણ નામ રાખતા હોય છે. જે વારે બાળકનો જન્મ થયો હોય તેને અનુરૂપ તેનું નામ જોવા મળે છે. હાલમાં આધુનિક નામો ઘણાં જોવા મળે છે. અન્ય જાતિના સંસ્કૃતિમાં આવવાથી તેમના નામોમાં પરિવર્તન આવતુ જોવા મળે છે.

બાબરી :: વાળ ઉતરાવવાની વિધિ ::

બાબરી ઉતરાવવી એ ફરજીઆત જેવું નથી. પરંતુ કોઇકે બાધા રાખી હોય, છોકરું ન થતું હોય અને માનતા રાખી હોય તો આ વિધિ કરાવે છે. આમાં જે દેવની બાધા યા માનતા હોય ત્યાં બાળકને લઇ જવામાં આવે છે. અને મૂંડન કરાવે છે. ત્યાં ગોળ-ધાણા વહેંચવામાં આવે છે. વાળ ઉતારનારને સવા પાંચ રૂપિયા આપવામાં આવે છે.

જન્મ બાદ બાળકો જીવતા નહોય તો જે સ્ત્રીને એક પણ બાળક મૃત્યુ ન પામ્યુ હોય તે સ્ત્રીને ખોળે મૂકે છે.

છૂટાછેડા ::

આ જાતિમાં છૂટાછેડા એ નહિવત પ્રમાણમાં થાય છે. છૂટછેડા જો લેવા હોય તો છોકરાવાળાએ પંચના કહેવા પ્રમાણેની રકમ ભરવી પડે છે. ને છોકરી પતિથી છૂટછેડા લેવા હોય તો પંચ જે કહે તે રકમ છોકરી વાળાએ આપવી પડે છે. (આ રકમનો ઉપયોગ ધાર્મિક-ક્રિયાઓ કે દાન પેટે ઉપયોગ થાય છે.)

છૂટાછેડા લીધેલ સ્ત્રીનું લગ્ન ફરીવાર થઇ શકતું નથી. પરંતુ નાતરૂ કરવામાં આવે છે. જ્યારે પુરૂષે જો છૂટાછેડા આપ્યા હોય તો તે ફરીવાર લગ્નવિધિથી જોડાઇ શકે છે.

પુનઃ લગ્ન ::

પુનઃ લગ્નમાં પુરૂષ કુંવારી છોકરી સાથે લગ્ન કરી શકે છે. વિધુર પણ કરી શકે છે. પરંતુ વિધવા કે છૂટાછેડા લીધેલ સ્ત્રી કુંવારા પુરૂષ સાથે પરણતી નથી. પરંતુ નાતરૂ કરી બીજા જગ્યાએ બેસે છે.

કુંવારો છોકરો હોય અને યુવાન છોકરી વિધવા થયેલી હોય તેની સાથે જો સબંધ બંધાયો હોય તો પ્રથમ કુંવારા છોકરને સમડોના ઝાડ સાથે લગ્ન વિધિ કર્યા પછી નાતરૂ થઇ શકે છે.

ઘરમાં વિધવાનું સ્થાન પણ સારૂ રાખે છે. કેટલાક સંજોગોમાં દિયરવટાની પ્રથા જોવા મળે છે. દિયર ઉંમર લાયક હોય તો લગ્ન થઇ શકે છે. પતિ મરી ગયા પછી જેઠ સાથે લગ્ન થતા નથી. સાળી વહુ જોવા મળે છે.

લગ્ન ::

લગ્ન એટલે સ્ત્રી અને પુરૂષે સામાજીક નીતિ નિયમો દ્વારા, સ્ત્રી અને પુરૂષે વિધિસર હસ્તમેળાપ દ્વારા જોડાવુ સાથે રહેવુ અને સૃષ્ટિના વિકાસક્રમમાં પોતાનાથી બનતો હિસ્સો આપવો. એટલુ જ નહીં પરંતુ તેની સાથે એક બીજી પણ પવિત્ર ભાવના એ છે કે એક બીજાની આજીવન સેવા કરવી અને જીવનના વિકાસમાં બન્ને એ પોત પોતાથી બનતો હિસ્સો આપવો, આથી જ કહેવાય છે કે પવિત્ર-લગ્ન જીવનથી બંધાયેલી સ્ત્રી પુરૂષની સહચરી છે અને પુરૂષ સ્ત્રીનો સહચર છે. એટલા માટે જ હિંદુ સમાજમાં સ્ત્રીને પુરૂષની અર્ધાંગના કહી છે. એટલે કે સ્ત્રીએ પુરૂષનું અર્ધાંગ છે. એટલે કે પરણિત સ્ત્રી અને પુરૂષે પોતાના સાથીની સાથે કેવી રીતે વર્તવુ જોઇએ, અથવા તો બન્નેનો એકબીજા પ્રત્યે શી ફરજ છે તે સમજી શકાશે, એટલા માટે જ કેટલાક સમાજશાસ્ત્રીઓ પરણવુ એને એક પવિત્ર સંસ્કાર માને છે. અને "પરણવુ એટલે પ્રભુતાના પગલાં માંડવા" આ વાક્યની હિંદુસમાજમાં ઘણી જ અગત્યતા છે, પછી ભલે ને પશ્ચિમના દેશોમાં એની અગત્યતા ન હોય.

પશ્ચિમની સંસ્કૃતિ પામેલા અને પશ્ચિમના લોકો એમ માને છે કે લગ્ન સંસ્કાર એ હિંદુસમાજ માને એટલો પવિત્ર સંસ્કાર નથી. પરંતુ એ તો સૃષ્ટિ પર સ્ત્રી અને પુરૂષે પોતાની વાસનાની તૃપ્તિ માટે ઉભી કરેલી એક વિધિ છે. એટલે સ્ત્રીને પુરૂષે ફકત પોતાની વાસના સંતોષવા માટે

એકબીજા સાથે આખું જીવન સાથે રહેવાની જરૂર નથી, પરંતુ જ્યારે જેની સાથે વાસના સંતોષવાની ઇચ્છા થાય ત્યારે તે તેની સાથે રહી શકે છે. આ રીતે જોડાતાં જોડામાં એકબીજાનાં સુખદુખમાં સાથી રહેવાની આશા જ કેમ રાખી શકાય ? આથી જ પશ્ચિમના લોકો પોતાના જીવનમાં અનેક વખત પરણે છે અને અનેક વખતે છૂટાછેડા લે છે. આવી રીતની માન્યતાવાળા લોકો પાસે લગ્નજીવન એ પવિત્ર અને નૈતિક ધોરણ પર xxx રચાયેલી પવિત્ર વિધિ છે. એમ આપણે એ લોકોને કહેવા જોઇએ તો એ xx લોકો માને પણ શી રીતે? આ રીતે પશ્ચિમની સંસ્કૃતિ અનૈતિક પાયા ઉપર રચાયેલી હોય એવું લાગ્યા વિના રહેતું નથી.

પશ્ચિમના લોકો ભલે એને પવિત્ર અને નૈતિક ધોરણ ઉપર રચાયેલી સાંસ્કારિક વિધિ ન માનતા હોય, પરંતુ ભારતીય સંસ્કૃતિ એને આદિકાળથી પવિત્ર અને નૈતિક સંસ્કારિક વિધિ માનતી આવી છે અને ભવિષ્યમાં પણ માનતી xxx જ રહેશે. અને એજ નૈતિકતાના પાયા ઉપર રચાયેલી સાચી સંસ્કૃતિ છે. લગ્નની વિધિ સાચે જ પવિત્ર અને નૈતિક છે. આમ હિંદુ સમાજની સાથે સાથે માછી સમાજની પણ આજ માન્યતા છે. જેથી માછી સમાજ પણ લગ્નની વિધિને પવિત્ર માને છે.

માછી કોમાં "શારદા એક્ટ" પહેલાં બાળલગ્ન થતાં હતાં અને ત્યાર પછી પણ છાનાં છપનાં બાળ લગ્ન થતાં. પરંતુ હવે આ બાબતમાં ઘણો જ સુધારો થયો છે હવે તો મુંબઇ સરકારનો પણ કાયદો છે કે ૧૮ વર્ષની નીચેની છોકરીઓ અને ૨૦ વર્ષથી નીચેના છોકરાથી લગ્ન થઇ શકતાં નથી અને આવો રીતના જો લગ્ન દક્ષિણના ખારવાઓમાં પહેલા બાળ લગ્ન બહુ થતા હતા. પરંતુ હવે કાયદો થયા પછી બાળલગ્ન બિલકુલ થતા નથી હવે તેમનામાં ૧૮-૨૨ નો ગાળો જ પરણવા લાયક ગણાય છે. આ વિવાહ આગળથી ગોઠવવામાં આવતો નથી. પહેલાં મા-બાપ જ છોકરા છોકરીના લગ્ન ગોઠવતાં, અને પછી તે જેવાં પાત્રો હોય તેવાં, તેનાથી ચલાવી લેવું પડતું. આજે અન્ય સમાજમાં આવેલ પરિવર્તનની જેમ તેમનામાં

પણ આ દિશામાં પરિવર્તન આવ્યુ છે. હવે યુવાન યુવતી પોતાનને મનપસંદ સાથી શોધી લે છે. હવે મા-બાપ પણ પોતાના છોકરા-છોકરીના વિવાહ ગોઠવતા પહેલા તેઓની સંમતિ લઇ લે છે. અને પોતાના સમાજમાં પોતાની પાસે જેટલા માગા આવેલા હોય તેમાંથી તેને જે પસંદ હોય તેની સાથે યોગ્ય વિચાર કરીને લગ્ન કરવાની છૂટ આપે છે. આમ લગ્નની પસંદગીની બાબતમાં પરિવર્તન જોવા મળે છે. પરંતુ હજુયે ઘણા લોકો પસંદગીના લગ્નને મહત્વ આપતા નથી અને પહેલાંની જેમ વડીલોની પસંદગી પ્રમાણે લગ્ન કરે છે. પરતુ જે છોકરા-છોકરી પોતાના મા-બાપના કહ્યા પ્રમાણે ચાલતી હોય તો જ આ જૂની પધ્ધતિ પ્રમાણે લગ્ન ગોઠવાય છે નહિ તો બન્નેની પસંદગીથી જ લગ્ન ગોઠવાય છે.

વિવાહની બાબતમાં ખાસ એવુ જોવા મળે છે કે આ સમાજમાં ગામમાં ને ગામમાં જ પરગોત્રમાં વિવાહ થાય છે. ગામમાં યોગ્ય પાત્ર ન મળતાં બાજુના ગામમાં સામાજીક સંબંધો બાંધે છે. પરતુ પોતાના સમાજે જે ગામો નક્કી કર્યા હોય તે ગામોમાં જ લગ્ન ગોઠવાય છે. જેથી કરીને સામાજીક સંબંધો વિકસે છે. પરતુ મોટેભાગે આ સમાજમાં ગામમાં ને ગામમાં જ લગ્ન ગોઠવાતા હોય છે. તપાસ દરમ્યાન લીધેલા ચાર ગામોમાં મોટાભાગના કુટુંબોના લગ્ન ગામમાં જ થયા હતાં. આમ લગ્નનુ વર્તુળ સીમિત રહે છે.

સગાઇ ::

માછી સમાજમાં ઉંમરલાયક છોકરા-છોકરીના પક્ષ-વાળા બંનેમાંથી ગમે તે પક્ષવાળા પૂછવા જઇ શકે છે અને અનુકૂળ આવે તો પછી વિવાહ સંબંધની આગળ વાતચીત કહે છે. વિવાહ અંગેની વાતચીત પાકી થયા બાદ છોકરાવાળા પ્રથમ છોકરીને ત્યાં જાય છે અને ત્યાં આપલેની બાબતમાં કેવી નીતિ રાખવી તે નક્કી થાય છે. છોકરાપક્ષવાળાએ છોકરીને લગ્ન વખતે પહેરામણીમાં અમૂક કપડાં આપવાના હોય છે અને છોકરીવાળાએ

વરને એક વીંટી આપવાની હોય છે. સામાન્ય રીતે છોકરાપક્ષની આર્થિક સ્થિતિ પ્રમાણે અમૂક ઘરેણાં છોકરીને પહેરાવવાના હોય છે. વિવાહ ગોઠવતી વખતે જો છોકરી-વાળા સાથે વાંકડો આપવાની વાત થઇ હોય તો છોકરીવાળાએ છોકરાપક્ષને લગ્ન સમયે આપવો પડે છે. વાંકડો રૂપિયા ૫૦ થી ૧૦૦ જેટલો હોય છે. આથી વધુ આપવામાં આવતો નથી. પહેલાં વાંકડો લેવામાં આવતો ન હતો. આ વાંકડો બોજારૂપ હોતો નથી. આમ વાંકડો નક્કી થયા પછી લગ્નની વિધિ નક્કી થાય છે.

## સગાઇ પછીની વિધિ ::

સગાઇ થઇ ગયા પછી પોતાના કુળના બ્રાહ્મણને ત્યાં જઇને પરણનાર વ્યક્તિની રાશિ પ્રમાણે મુહૂર્ત જોવડાવવામાં આવે છે. બંને પક્ષને એ મુહૂર્ત જો અનુકૂળ આવે તો તે દિવસ લગ્નની મિતિ કહેવાય. તે દિવસે લગ્ન કરવામાં આવે છે. અમૂક મીતિએ લગ્ન થશે તેની જાણ સગાં સબંધીઓને કંકોત્રી મારફતે જાણ કરવામાં આવે છે. આર્થિક પરિસ્થિતિ સારી હોય તેમજ સમાજમાં આગળ પડતાં કંકોત્રી છપાવે છે. જ્યારે બીજા હાથથી લખીને સગા સબંધીને કહેણ મોકલાવે છે.

પછી લગ્નનો જે દિવસ નક્કી થયો હોય તે પહેલાં સુરત જિલ્લાના નવસારી તાલુકામાં આવેલ કાંકરા (કૃષ્ણપુર) અને આજુબાજુના દરિયાની અંદરના ગામોમાં ૩, ૫ કે ૭ દિવસ અગાઉ પીઠી ચોળવામાં આવે છે. જ્યારે વલસાડ, પારડી અને ઉમરગામ તાલુકાના દરિયાકાંઠાના ગામોમાં લગ્નની મીતિના દિવસે જ પીઠી ચોળવામાં આવે છે. એ આ વિભાગની ખાસ વિશેષતા છે. તેમના સમાજમાં લગ્નના ગામ જુદા જુદા હોવાને લીધે વિધિઓમાં તફાવત જોવા મળે છે.

## ગોત્રેજ બેસાડવું ::

લગ્નના ત્રણ દિવસ પહેલાં વર અને કન્યા બંનેના ઘરમાં પોતપોતાના ગોત્રેજની સ્થાપના કરવામાં આવે છે. ગોત્રેજની સ્થાપનામાં બે માટલાં અને એક પાણીથી ભરેલો ઘડો બે માટલામાંથી એકમાં ઘઉં અને બીજામાં ભાત (ચોખા) મૂકે છે. ત્યારબાદ વરની ફોઇ (કન્યાની પણ) કંકુવાળા હાથ કરી પંજા મારે છે. ને ત્યારબાદ ગોત્રેજની પ્રતિષ્ઠાની વિધિ કરવામાં આવે છે. જ્યાં લગ્ન લેવાના હોય ત્યાં સરસ મંડપ પણ બનાવવામાં આવે છે. સામાન્ય રીતે લગ્નનો મંડપ જે તે પક્ષવાળાના ઘરે જ બાંધવામાં આવે છે. છોકરી પક્ષવાળાને ઘેર જાન આવતી હોવાથી મંડપની શોભા તેઓ વધુ કરે છે. મંડપ બાંધવાની શરૂઆતનો પહેલો થાંભલો હોય તેના ખાડામાં પૂજા કર્યા બાદ, (કંકુ,સોપારી, પૈસા, મૂકી) થાંભલાને રોપવામાં આવે છે અને પૂજન પણ કરે છે. અને થાંભલાની ટોચ ઉપર નાડાછડી બાંધી નાળિયેર ટાંગવામાં આવે છે. ત્યારબાદ બીજા થાંભલા રોપવામાં આવે છે અને તેની ઉપર મંડપ તૈયાર કરવામાં આવે છે. મંડપ બનાવવામાં કુટુંબના સગાસંબંધીઓ મદદ કરે છે. મંડપ તૈયાર થયા પછી ગામના સમાજે મુકરર કરેલી જગ્યાએથી પૂજા કરીને માટી લઇ આવવામાં આવે છે. આ માટી લઇ આવવાની ક્રિયા કરતી વખતે સ્ત્રીઓ ગીતો ગાય છે અને ખુશાલી મનાવે છે. આ ક્રિયાને "ગોરમટી" લાવવાની ક્રિયા પણ કહેવામાં આવે છે. આ માટીનો ઉપયોગ ચોળી બનાવવામાં થાય છે
XXXXXXXXXXXXXXXXXXXXXXXXXXXXXXXXXXXXXXXX
અને આ ચોળી ઉપર યજ્ઞવિધિ કરાવવામાં આવે છે.

## જાન :: (વરઘોડો)

નક્કી કરેલી મીતિ પ્રમાણે વરપક્ષવાળા પોતપોતાનાં સગાંસંબંધીઓને સાથે લઇને કન્યાપક્ષવાળાને ત્યાં જાય છે. આ રીતે સમૂહમાં જવાની ક્રિયાને "જાન" કહેવામાં આવે છે. જાનૈયાઓ વાજતે ગાજતે જાય છે. ઢોલપીપી, લાંકડિયાં

ઢોલ વગેરે લઇ જાય છે. આર્થિક સ્થિતિ સારી હોય તો બેન્ડવાજા પણ લઇ જાય છે.

વરપક્ષવાળાને ત્યાંથી જાન નીકળે ત્યારે વરરાજાના કપડાંને તેની દરેક બહેનો અડકીને ચોખાનો છટકાવ કરે છે. ત્યારે તેના બદલામાં ભાઇ શક્તિ પ્રમાણે રૂપિયા બે અથવા ત્રણ કે પાંચ સુધીની રકમ દરેક બહેનને આપે છે. તેની બહેન ચોખાના દાણા અને કંકુ લઇને ઓવારણા લે છે. અને પછી દશે દિશાઓનું પૂજન કરે છે. આવી જ રીતે પોતાના નજદીકના બધાં જ સગાં વહાલાં ઓવારણા લે છે. પછી જાન કાઢવામાં આવે છે.

પહેલાના વખતમાં તો વરરાજા માફામાં (બળદગાડું) બેસીને નીકળતો અને જો ગામમાં જ જાન જવાની હોય તો બીજા બધા ચાલતા જ તેની પાછળ, વાજતે-ગાજતે ગીતોના ગુંજરવ સાથે કન્યાપક્ષને ત્યાં પહોંચી જાય છે. અને પરગામમાં જાન જવાની હોય તો વરરાજા માફામાં જ બેસે. અને લોકો ગાડામાં બેસીને જાય છે. હવે કેટલાક "માફા" ને બદલે "મોટરકાર" નો ઉપયોગ કરે છે. જાનૈયા માટે પણ બસ અથવા ખટારાની વ્યવસ્થા કરવામાં આવે છે.

જાન વેવાઇને ત્યાં જતાં પહેલાં ગામને પાદરે થોભે છે. ત્યારબાદ કન્યાપક્ષવાળા વરપક્ષવાળાને પાદરે લેવા જાય છે અને જે મહોલ્લામાં લગ્ન હોય તેના તોરણની બહાર xxx જાનૈયાઓ માટે ઉતારો એટલે કે કોઇના ઘરે બધાને આરામ કરવાની જગ્યા નક્કી કરેલી હોય છે ત્યાં બધા જાનૈયાઓને બેસાડવામાં આવે છે. ઉતારામાં બધા આવે તે પહેલા કન્યા પક્ષવાળા તરફથી સ્વાગત કરવામાં આવે છે. આ પ્રસંગ પણ જોવા જેવા હોય છે. વરપક્ષવાળા બધા જ સામ સામે લાઇનમાં ઉભા રહે છે અને કન્યા પક્ષવાળાના બધા જ સબંધીઓ જાનૈયાઓને વારા ફરતી ભેટે છે અને જુવાનીયાઓને બે હાથ જોડી જય જય કરે છે. એને ભેટવાની ક્રિયા પણ કહેવામાં આવે છે. બહેનો પણ વરપક્ષની બહેનોને ભેટે છે. આ ભેટની ક્રિયા પૂરી થતાં બધા જાનૈયા ઉતારામાં આવીને બેસે છે. ત્યાં ચા-પાણી

વગેરે આપવામાં આવે છે. ત્યારબાદ બધા જાનૈયાઓ આરામ કરે છે.

વરપક્ષના કન્યા માટે સાડી, ચોળી, ચપલ, ઘરેણાં વગેરે લઇ ગયા હોય છે તે જે કન્યા પક્ષવાળાને આપવામાં આવે છે. તેને "ધૂધરીની રીત" કહેવામાં આવે છે. અને ઉપરની બધી વસ્તુઓ કન્યાપક્ષવાળા ઘેર લઇ જઇ કન્યાને આપે છે. આ વિધિને "વેરિયાં" કહેવામાં આવે છે.

લગ્નને દિવસે કન્યાની જો કોઇ બાધા માનતા રહી ગઇ હોય તો બે-ચાર સ્ત્રીઓ મંદિરમાં જઇ પૂરી કરી આવે છે. તેને "રન્નાદેવીની બાધા" કહેવામાં આવે છે. આ વિધિ પત્યા પછી જ વરરાજા કન્યાના મહોલ્લાનું તોરણ ઓળંગી શકે. વરરાજા કન્યાને માંડવે જવા નીકળે છે ત્યારે વરપક્ષના લોકો નીચેનું ગીત ગાય છે.

માંડવે લીલાં તોરણ, માંડવે લીલાં તોરણ,
રાજા જમરખને માંડવે, તોરણે હસી રહયા મોર
રાજા જમરખને માંડવે.
ત્યાંથી રઘુવીર સંચર્યા રે રાય
માંડવા બજાર,
માંડવે માંડવા કપટાય, માંડવે માંડવા કપટાય
રાજા જમરખને માંડવે."

આજ વખતે કન્યા પક્ષવાળા નીચેનું ગીત ગાય છે.

"આવો આવો કન્યાને માંડવે રે
તારો આવતી જાનેળી પાણો મીશેરે રઘુવર
આવો કન્યાને માંડવે."

વરરાજા જ્યારે માંડવે પહોંચે છે ત્યારે કન્યાનો ભાઇ (નાનો) મંડપના દ્વાર આગળ સીઢીપર પાણી અને દહીં લઇને ઉભો હોય છે. તે વરપર પાણી અને દહીંના છાંટા નાખે છે. આ વખતે વરપક્ષ તરફથી એક નાળિયેર અને સવા રૂપિયાનું દાપું કન્યાના નાનાભાઇને આપવું પડે છે. આ

ઉપરાંત મંડપના દ્વાર પર કન્યાની બહેન (મોટી) પાણીથી ભરેલુ બેડુ લઇ ઊભી હોય છે, વરપક્ષનો કોઇ એક માણસ તેમાં પૈસા મૂકે છે. આ વિધિને "વરઘોડા પૂજનની વિધિ" કહેવામાં આવે છે.

ઉપરની બધી વિધિ પત્યા પછી વર માંડવામાં દાખલ થાય છે. કન્યા પક્ષનો બ્રાહ્મણ લગ્ન લે છે. બ્રાહ્મણ અમૂક મંત્રોચ્ચાર કરે છે શ્લોકો બોલે છે. ત્યારબાદ વરને ચાંલ્લો કરી હાથમાં નાળિયેર અને સવા રૂપિયો આપી વીંટી પહેરાવે છે અને ચોળીમાં દોરી જાય છે. ચોળીમાં એક તરફ વર અને અનવર (સાથી) ઊભા રહે છે. એટલે છોકરી પક્ષવાળા કન્યાને લઇને આવે છે. વરની બાજુમાં તેને ઊભી રાખે છે. કન્યાની પડખે તેની ભાભી ઊભી રહે છે. જ્યારે લગ્નની વિધિની શરૂઆત થાય છે ત્યારે કન્યાની ભાભી કે બહેન છોકરીના ગળામાં ગાંઠો પહેડે છે. અને કન્યાની ભાભી વરના હાથમાં મીંઢોરાં બાંધે છે. આ વખતે વરના ખભે નાખેલી ખેસ અને છોકરીની સાડી (પાનેતર) સાથે કન્યાની ભાભી અથવા બ્રાહ્મણ ગાંઠ બાંધે છે અને એકબીજાના હાથ પકડાવે છે. વરનો ડાબો પગ છોકરીના જમણા પગપર મૂકવામાં આવે છે. ગોર મહારાજ શ્લોકો બોલતા જાય છે. લગ્નની વિધિ પૂર્ણ થતાં કન્યાદાન દેવાય છે. જેમાં યથાશક્તિ પ્રમાણે કન્યા અને વરપક્ષના સગાંસબંધીઓ કન્યાને રૂપિયો બે રૂપિયા કે પાંચ રૂપિયા આપે છે. નજીકના સંબંધીઓ વાસણો પણ આપે છે. આમ કન્યાદાન પુરૂ થયા પછી ગોત્રેજ પગે લાગવાની ક્રિયા કરવામાં આવે છે. જેમાં વર અને કન્યા બંને લગ્ન સબંધથી જોડાયા છે તેની સાક્ષીરૂપે ગોત્રેજને પગે લાગે છે. ત્યાર પછી સગા સબંધીઓને પણ પગે લાગે છે. ત્યાર બાદ બધાને જમાડવામાં આવે છે.

લગ્નના જમણવારમાં ખાસ કરીને દાળ, ભાત અને લાપસી હોય છે. આર્થિક સ્થિતિ સારી હોય તો સારા મિષ્ટાન પણ પીરસવામાં આવે છે. લગ્નના જમણવારનો ખર્ચ લગભગ રૂ.૧૦૦૦/- સુધી થાય છે.

આ પછી જાનૈયા પોતપોતાને ઘેરં જતા રહે છે. જો પરગામના જાનૈયા હોય તો સવારમાં વિદાય લે છે. પરંતુ સામાન્ય રીતે ગામમાં ને ગામમાં વિવાહ ગોઠવાતા હોવાથી બધી વિધિ પતી ગયા પછી બધા પોતપોતાના ઘેર જતા રહે છે. અને જાનને વિદાય આપે છે. ત્યારબાદ ગામમાં મુખ્ય દેવ-દેવીઓને પગે લગાડવા (વર-કન્યાને) લઇ જવામાં આવે છે. બીજે દિવસે સાંજ સુધી વર કન્યાને ઘેર રહે છે. બીજે દિવસે સાંજે વરપક્ષવાળા ગીતો ગાતાગાતા વર અને કન્યાને લેવા માટે આવે છે. ત્યારબાદ કન્યા પક્ષવાળા કન્યાને સાસરે મોકલે છે. આ ને "ઓવરણી" કહેવામાં આવે છે.

પહેલાં કન્યાપક્ષને ત્યાં ત્રણ દિવસ સુધી જાન રહેતી અને બધી ક્રિયા નિશ્ચિત રીતે પતાવતો. પરંતુ આજે તો લગ્ન પત્યા પછી જાન ઝાઝો વખત ટકતી નથી. અને વિધિ પણ ઘણી જ જલદી પતાવી નાખવામાં આવે છે. હવે તો જાન સાંજે જાય છે. અને સવારમાં પાછી ફરે છે.

કન્યા પાંચ દિવસ સુધી વરને ત્યાં રહે છે. પાંચ દિવસ પછી કન્યાના ઘરવાળા કન્યાને બોલાવી જાય છે. ત્યારબાદ અમુક દિવસ પછી તેનો પતિ પત્નીને બોલાવવા માટે સાસરે જાય છે. જ્યારે ફરીવાર છોકરીને વળાવવામાં આવે છે ત્યારે કન્યાના ઘર પાસે કેળ કાપવાની વિધિ કરવામાં આવે છે. આ વિધિમાં મંડપ પાસે એક લૂમવાળી કેળ દાટવામાં આવે છે. એ કેળને કન્યાનો પતિ તલવારના ઘાથી કાપી નાંખે છે. આ વિધિ પોતે રજપૂતના વંશજો છે XXXXX તેના પ્રતિકરૂપે કરે છે. અને આ વિધિ બહુ જ શ્રદ્ધાપૂર્વક કરવામાં આવે છે.

દક્ષિણ ગુજરાતના માછીમારોના તપાસેલ કુટુંબોનો પણ ઉપર મુજબ વિગતવાર માહિતી મેળવવામાં આવી હતી. તપાસેલ કુલ ૧૦૦ કુટુંબમાંથી કુલ ૪૦૬ પુરૂષોમાંથી ૧૫૯ પુરૂષો (૩૯.૨ ટકા) પરિણિત હતા. જ્યારે કુલ ૩૫૭ સ્ત્રીઓમાંથી ૧૫૯ સ્ત્રીઓ (૪૪.૫) ટકા પરિણિત હતી. ૧૭ સ્ત્રીઓ વિધવા, ૯ વિધુર અને એક સ્ત્રી છૂટાછેડા લીધેલા.

લગ્ન સમયની ઉંમરનું વર્ગીકરણ કરતાં જોવા મળ્યું હતું કે કુલ પરિણિત પુરૂષોમાંથી ૬૭ ટકા પુરૂષોએ ૧૯ થી ૨૨ વર્ષની ઉંમરે લગ્ન કર્યા હતા. જ્યારે સ્ત્રીઓની લગ્ન ઉંમર ૧૫ થી ૧૮ વર્ષની (૬૨ ટકા) હતી. ૨૩ થી વધુ ઉંમરે લગ્ન કરનારા સ્ત્રીઓ અને પુરૂષોની સંખ્યા નહિવત હતી. આમ બારવા સમાજમાં મોટે ભાગે લગ્ન સમયની ઉંમર ૧૫ થી ૨૨ વર્ષની જોઇ શકાય છે. ઘણાવાર વૈવાહિક દરજ્જાની માહિતી અને લગ્ન સમયની ઉંમરની માહિતી અનુક્રમે કોઠા-૬:૩ અને ૬:૪ માં દર્શાવવામાં આવી છે.

નમૂનાના કુટુંબોમાં વૈવાહિક દરજ્જો અને ...

| ધંધાનું નામ | કુલ કુટુંબો | પરિણિત | | અપરિણિત | | વિધવા | વિધુર | છૂટાછેડા | | લગ્ન સમયની ઉંમર | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | ૧૦ થી ૧૪ | | ૧૫થી ૧૮ | | ૧૯ થી ૨૨ | | ૨૩ થી | |
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | સ્ત્રી | પુ. | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | |
| માછીમાર | ૫૪ | ૯૪ | ૯૪ | ૧૩૦ | ૧૦૨ | ૬ | ૪ | – | ૧ | – | ૯ | ૧૪ | ૫૦ | ૫૮ | ૨૯ | ૨૨ | |
| | | (૪૧.૨૭) | (૪૬.૩૧) | (૫૭.૦૨) | (૫૦.૨૫) | (૨.૯૬) | (૧.૭૫) | | (૦.૪૮) | | | | | | | | |
| માછીમાર નોકરી | ૩ | ૮ | ૮ | ૧૪ | ૮ | – | – | – | – | – | – | ૪ | ૫ | ૪ | ૩ | – | |
| | | (૩૬.૩૬) | (૫૦.૦૦) | (૬૩.૬૪) | (૫૦.૦૦) | | | | | | | | | | | | |
| નોકરી | ૩૨ | ૪૪ | ૪૪ | ૬૩ | ૫૭ | ૬ | ૪ | – | – | – | – | ૯ | ૩૧ | ૩૩ | ૧૩ | ૨ | |
| | | (૩૯.૬૪) | (૪૧.૧૦) | (૫૬.૭૬) | (૫૩.૨૭) | (૫.૬૧) | (૩.૬૦) | | | | | | | | | | |
| સુથારીકામ | ૨ | ૨ | ૨ | ૫ | ૩ | ૧ | – | – | – | – | – | – | ૨ | ૨ | – | – | |
| | | (૨૮.૫૭) | (૩૩.૩૩) | (૭૧.૪૩) | (૫૦.૦૦) | (૧૬.૬૭) | | | | | | | | | | | |
| છૂટક મજૂરી | ૮ | ૧૦ | ૧૦ | ૨૬ | [illegible] | ૪ | ૧ | – | ૧ | – | – | ૨ | ૯ | ૮ | ૧ | – | |
| | | (૨૭.૦૩) | (૪૧.૬૭) | (૭૦.૨૭) | (૩૭.૫૦) | (૧૬.૬૭) | (૨.૭૦) | | (૪.૧૬) | | | | | | | | |
| વેપાર | ૧ | ૧ | ૧ | – | – | – | – | – | – | – | – | – | ૧ | ૧ | – | – | |
| | | (૧૦૦.૦) | (૧૦૦.૦૦) | | | | | | | | | | | | | | |
| કુલ.. | ૧૦૦ | ૧૫૯ | ૧૫૦ | ૨૩૮ | ૧૦૯ | ૧૭ | ૯ | – | ૨ | – | ૯ | ૨૯ | ૯૮ | ૧૦૬ | ૪૬ | ૨૪ | |
| | | (૩૯.૨) | (૪૪.૫) | (૫૮.૬) | (૫૦.૧) | (૪.૮) | (૨.૨) | | (૦.૬) | | (૫.૭) | (૧૮.૨) | (૬૧.૬) | (૬૬.૭) | (૨૮.૬) | (૧૫.[illegible]૧) | (૩ |

( કૌંસમાં જણાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવે છે.)

## મૃત્યુની વિધિ ::

માછીમારો મૃત્યુને દેવી પ્રકોપનું કારણ માને છે. XXXX આ માનવા પાછળ એ કારણ રહેલુ છે કે તેમની કોમમાં પહેલા ઘણા માણસો અને બાળકો ગંભીર બિમારીને લીધે મરી ગયા હતા. મૃત્યુની અંતિમ પળે, જ્યારે છેલ્લો શ્વાસ હોય તે વખતે ગાયના છાણવડે થોડી જમીન લીપવામાં આવે છે. આ લીપેલી જમીનને "ચોકો કહે છે. ચોકા ઉપર દાભની સળી મૂકે, અને પછી માણસને સૂવાડે છે. તેના મોઢામાં ગંગાજળના બે ટીપા પાડવામાં આવે છે.

મરનાર વ્યકિતના સગાઓને ખબર આપવા માટે એકાદ માણસને મોકલવામાં આવે છે. ખબર મળતા જ એના સંબંધીઓ રોતા કૂટતા મરનાર વ્યકિતના ઘરે જાય છે. આ વખતે XXXXXX ગ્રામજનો અને કુટુંબીજનો પણ મરનારને ઘેર જાય છે.

મરનાર વ્યકિતને સ્મશાન લઇ જતા પહેલા સ્નાન કરાવવામાં આવે છે. નવા વસ્ત્રો પણ પહેરાવવામાં આવે છે. ગળામાં હાર અને કપાળમાં કંકુનો ચાંદલો કરવામાં આવતો હોય છે. આ ઉપરાંત મૃતદેહને ખુરસી ઉપર બેસાડી તેની આરતી ઉતારવામાં આવે છે. અને તેને પ્રણામ કરવામાં આવે છે ઠાઠડી બનાવી તેના ઉપર એકાદ નવું વસ્ત્ર પાથરી મૃતદેહને સુવાડવામાં આવે છે. પુરુષના શબ ઉપર સફેદ કપડુ, બાળકના શબ ઉપર લાલ રૂમાલ ઓઢાડે છે. સુવાડતી વેળાએ મોમા સવા રૂપિયો અને થોડુ સોનું (ટુચકા તરીકે) મૂકવામાં આવે છે. ઉપર કપડુ ઓઢાડી સૂતરથી બાંધવામાં આવે છે. મરનારના નજીકના ચાર સંબંધીઓ સ્નાન કરીને મૃતદેહને ઉપાડે છે. સ્ત્રીઓ અને નિકટના સંબંધીઓ રડતા કૂટવાનું શરૂ કરી દે છે. બે ત્રણ વર્ષ સુધીના નાના બાળકોને દાટવામાં આવે છે. જ્યારે મોટી ઉંમરના માણસોનું અગ્નિદાહ દેવામાં આવે છે. જો કુવારો છોકરો મરણ પામે તો,

તેને પોઠો પણ ચોળવામાં આવે છે. નાના છોકરા મૃત્યુ પામે તો તેમાં ભજન મંડળી હોતી નથી. ફકત ગણ્યાં ગાંઠ્યાં માણસો જ તેને દફનાવવા આવતા હોય છે. સ્મશાન જતી વખતે ભજન મંડળી પણ ભજન ગાતા ગાતા સ્મશાન સુધી જાય છે. જ્યાં આગળ તેને બાળવામાં આવે ત્યાં એક ગુઠો મૂકવામાં આવે છે.

સૂતક કાઢવું ::

મૃત્યુ થયું હોય તેને ઘેર લગભગ ૫-૧૦ દિવસ સુધી રોવા-કૂટવાનું ચાલે છે. આ ક્રિયાને શ્રધ્ધા દિવસ કહેવામાં આવે છે. દસમાં દિવસે "મેલાણાંધિયા" કરવામાં આવે છે. આ દિવસે ઘરને છાણથી લીંપવામાં આવે છે. ઘરમાં દૂધ અને ગાયના મૂત્રનો છંટકાવ પણ કરવામાં આવે છે. ઘરના છાપરા ઉપર થાળીમાં રસોઇ પીરસી (ભાણા) મૂકવામાં આવે છે. કાગડા ખાઇ જતા હોય છે. જો આ ભાણું કાગડાઓ સારી રીતે ખાઇ જાય તો મૃતઆત્માને પવેરવું એમ સમજે છે. અને સારી રીતે ખાય ન હોય તો મૃતઆત્મા રિસાય છે એમ માને છે. અગિયારમાં દિવસે "ખાંજલા" કાઢવામાં આવે છે. મરનાર પાછળ જમણવાર પણ "ખાંજલાં"ના દિવસે રાતે કરવામાં આવતો હોય છે. જમણવારમાં લાપસી કે માલપૂડા બનાવવામાં આવે છે. તાડી અને દારૂ પણ પીરસવામાં આવે છે. આર્થિક સ્થિતિ સારી ન હોય તો આ ક્રિયા જો તે જ વર્ષમાં થઇ શકે એમ હોય તો બે ત્રણ વર્ષ પછી કરવામાં આવે છે. બારમાં દિવસે નદી કિનારે જઇ બ્રાહ્મણ મૃતાત્માના નામના પિંડ બનાવડાવે છે અને તેને દાભથી (તીક્ષ્ણ ઘાસ) કાપવામાં આવે છે. આ પ્રકારની ક્રિયા તેરમાં દિવસે પણ કરવામાં આવે છે. આ વિધિ કરવા પાછળ માછીમાર લોકોનો એવી માન્યતા છે કે, જો ક્રિયા કરવામાં ન આવે તો મરનાર વ્યક્તિનો આત્મા મોક્ષને ન પામે, પરંતુ રખડતો રહી જાય છે.

કોઇ માણસ વહાણની સફરમાં મરણ પામે તો તેને કોયળામાં બાંધી દરિયામાં નાંખી દેવામાં આવે છે. પણ જો વહાણ સમયસર બંદરે આવી પહોંચે તો મૃતાત્માને બંદરે લાવી અગ્નિદાહ કરવામાં આવે છે.

**મૃતાત્મા અંગે માન્યતા ::**

આ લોકોમાં કંઇક એવી માન્યતા થયેલી જોવા મળે છે કે મરતી વેળા મરનાર વ્યકિતની ઇચ્છા કોઇ વસ્તુમાં રહી જાય તો તે ભૂત બને છે. આમ એ લોકો ભૂતપ્રેતમાં પણ માને છે.

# પ્રકરણ - ૭

## સૌરાષ્ટ્રની ખારવા જાતિ
## અને
## દક્ષિણ ગુજરાતના માછીમારોનું
## ધાર્મિક જીવન

**ધાર્મિક જીવન ::**

હિંદુ સંસ્કૃતિનો પાયો જ ધર્મ છે. આપણી સંસ્કૃતિ ધર્મના પાયા પર રચાયેલી છે અને લોકો ધર્મમાં માનતા આવ્યા છે અને માને છે તેમ હિંદુ ખારવાઓ પણ હિંદુ સનાતન ધર્મનું જ પાલન કરે છે. બીજું કે ખારવાઓનું સમગ્ર જીવન દરિયા ઉપર જ આધારિત હોવાથી ક્યારે તોફાન આવશે અને જીવન જોખમમાં મૂકાશે તે નક્કી હોતું નથી. જેથી અનેક અનિશ્ચિતતાઓ સામે રક્ષણ મેળવવા આ લોકોમાં ધાર્મિક શ્રધ્ધા ઘણી જોવા મળે છે. દરિયામાં કોઇપણ જાતનું કામ-કાજ કરતા પહેલા દરેક માણસ પોતપોતાના દેવનું સ્મરણ કરે છે અને એ સ્મરણ કરવાનું ચૂકતો નથી. દુઃખમાં પ્રભુનું સ્મરણ અનેક ઘણું વધી જાય છે. માત્ર સ્મરણ કરે છે એવું હોતું નથી. પરંતુ શ્રધ્ધા પૂર્વક આ કામ ફળશે તો આ પૂજા કરાવીશ એવી રીતના વ્રતો અને બાધા, આખડી વગેરે પણ કરે છે. ખારવાઓ ઘણા જ આસ્તિક અને પ્રભુમાં શ્રધ્ધાવાળા હોય છે અને એજ શ્રધ્ધાને પ્રતાપે તેઓ દરિયામાં ગમે તેટલા તોફાનો હોય, છતાં ઝંપલાવે છે. અને ધારેલું કાર્ય પાર પાડે છે. અને ધારેલા કાર્યની સફળતા પ્રભુએ જ પાર પાડી છે તેમ માને છે. ધર્મના નામે ગમે તેવો ભોગ આપવા પણ તૈયાર થઇ જાય છે. ધર્મના નામે યથાશક્તિ ફાળો-ફંડ પણ આપેછે. આ સમાજમાં ધર્મના નામે ઘણી અંધશ્રધ્ધા પણ જોવા મળે છે. અને એવી અંધશ્રધ્ધામાં ઘણી વખતે લૂંટાઇ પણ જતા હોય છે.

ખારવા અને દક્ષિણ ગુજરાતના મચ્છીમારોનો સમગ્ર સમાજ સંપૂર્ણપણે હિંદુ તથા હિંદુ રીત-રિવાજોને અનુસરે છે. પણ

સાથોસાથ અન્ય બીજા ધર્મો ઉપર પણ શ્રધ્ધા રાખી ઘણા પ્રકારની માનતા-બાધા રાખે છે. પીરની દરગાહો, મુજાવરો તથા બાપુઓ પાસે જઇ પોતે રાખેલી માનતા પાછળ ઇચ્છા મુજબ "ધરમાદો" કરી આવે છે. પીરની દરગાહ ઉપર જઇ "માનતા" પ્રમાણે બકરાં, મરઘાં વગેરેનો બલિ પણ ચડાવે છે. દરગાહના મુજાવર જે સૂચના આપે છે તેનુ ચુસ્તપણે પાલન પણ કરે છે.

જન્મથી જ તેઓ હિંદુ ધર્મને અનુસરે છે. લગ્નપ્રથા સગાઇ, મરણ વખતે, દહાડા વખતે પણ હિંદુ ધાર્મિક ક્રિયા પ્રમાણે જ વિધિ કરાવે છે. દરેક મચ્છીમાર પોતાની હોડીમાં કે ઘરમાં વરસે એક વખત તો અચૂક "સત્યનારાયણ" ની કથા કરાવે છે. આ મચ્છીમારોની ધર્મ પ્રત્યેની માન્યતામાં "સત્યાનારાયણ ભગવાન","રામચંદ્રજી","રામદેવજી પીર" તથા "દરિયાસાગર" ને પોતાના સર્વેસર્વા ઇષ્ટ દેવ માને છે. આ દેવોના આવતા ઉત્સવો વખતે તેઓ આનંદ વિભોર થઇ આનંદ માણે છે. હુતાસણી તથા ધૂળેટીનો તહેવાર ઘણો જ ઉલ્લાહસ પૂર્વક મનાવે છે. આ બને તહેવારો આખા વર્ષના શ્રેષ્ઠ તહેવારો ગણાય છે.

હિંદુ ધર્મ પ્રત્યે તેઓ સંપૂર્ણ વફાદાર છે. સૂર્ય, ચંદ્ર, તારા, પૃથ્વી વગેરેને દેવી તત્વ તરીકે માને છે.

હિન્દુ ખારવા અને દક્ષિણ ગુજરાતના મચ્છીમારો હિન્દુ ધર્મપ્રેમી પ્રજા હોઇ રામ, લક્ષ્મણ, શંકર, કૃષ્ણ વગેરેમાં વિશ્વાસ ધરાવે છે. આમાં વિશેષ કરીને તેઓ રામદેવપીરને માને છે. કેટલાક વિષ્ણુ ભગવાનને પણ માને છે. જેથી તેઓ "વૈષ્ણવપંથી" પણ કહેવાય છે. ઉપરોકત જુદા જુદા દેવો ઉપરાંત "ખોડીયાર મા," "ચામુંડા" અને રાંદલમા વગેરે દેવીઓને પણ માને છે. ખારવા સમાજમાં જે અલગ અલગ કુળો (ગોત્ર) હોય છે તેમની કુળદેવી જુદી જુદી હોય છે, અને તેની તેઓ પ્રસંગોપાત પૂજા કરે છે. આ દેવીઓના જુદા જુદા

સ્થાનકો પણ બનાવેલ હોય છે જે કોઇકનાં કોઇકના ઘરમાં નજરે પડે છે. તપાસમાં લીધેલા દરિયાકિનારાના ગામો કે જેમાં પોરબંદર અને વેરાવળ સિવાયના, સૂત્રાપાડા, માઢવાડ તેમજ સુભાષનગર જેવા ગામોમાં આવા સ્થાનકો અમને જોવા મળયા હતા. દરેક ગામોમાં આ સમાજે બંધાવેલ અલગ-અલગ દેવ-દેવીઓના મંદિરો પણ જોવા લાયક છે. દા.ત.

પોરબંદરમાં ખારવાવાડમાં શ્રી કામનાથ મહાદેવનું મંદિર છે. XXXXX વેરાવળમાં પશ્ચિમ દિશામાં સમુદ્ર કિનારે ભેખડ ઉપર બંધાવેલ રામદેવજી મહારાજનું મંદિર પણ છે. તેમજ દક્ષિણ ગુજરાતના કેન્દ્રશાસિત વિસ્તાર "દમણ" અને સૌરાષ્ટ્રમાં આવેલ "દીવ" માં પણ શંકરભગવાન અને અન્ય દેવ-દેવીઓના મંદિરો કે જે આ સમાજે બંધાવેલા જોવા મળયા છે. તપાસના સમય દરમ્યાન તપાસેલ જુદા જુદા ગામોમાં તેમના ઘરોમાં ઉપરોકત દેવદેવીઓની છબી સરસ રીતે મઢેલી જોવા મળી હતી.

નવરાત્રિના દિવસે XXXXXXX લગ્નના દિવસે, બાળકના જન્મપ્રસંગે અને કોઇ સારા પ્રસંગે કુળદેવીની પૂજા કરે છે. વાછરદાદાની અને બાથીજીની પૂજા દરરોજ કરે છે. સહી સલામતી માટે કુળદેવીને નાળિયેર ચડાવાય છે. કેટલાક નિત્ય સાંજે દરિયામાં ફળ પધરાવે છે ગંગા અગરબત્તી કરે છે.

ખારવા તેમજ મચ્છીમાર (ટંડેલ) જ્ઞાતિમાં ધર્મનું સ્થાન એ તેમના આર્થિક અને સામાજીક જીવનમાં અગત્યનું પ્રતિક ગણાય છે. આ લોકો જીવનમાં ધાર્મિક બાબતોને વધુ મહત્વ આપેછે. અને મહિનામાં ત્રણ દિવસ તેઓ પોતાનો ધંધો બંધ રાખે છે. બે અગિયારસ અને અમાસના દિવસે સમગ્ર ખારવા જાતિના પુરૂષો (ધંધા સાથે સંકળાયેલ તેમજ યુવાનવર્ગ) જુદી જુદી ઉપાસનામાં તલ્લીન થઇ જાય છે. વળી કેટલાક ગામોમાં (દા.ત. માઢવાડમાં) પુરૂષો દારૂ તેમજ અન્ય

પીણામાં ચકચૂર બની ગયેલા જોવા મળે છે. પોરબંદર, વેરાવળ તેમજ-બીડીયા પ્લોટમાં કેટલાક શિવ ઉપાસક પણ છે. જયારે બીજા રામદેવ પીરની સેવા પૂજાને ખૂબ મહત્વ આપે છે.

આ સમાજમાં ધર્મને આગવું સ્થાન આપેલુ જોઇ શકાય છે. તહેવાર પર્વના દિવસે મોટાભાગનો ખારવા સમાજ ધર્મની માનતામાં ડૂબી જાય છે. અને સંપૂર્ણ પૂજા વિધિ બાદ પોતાની પ્રવૃત્તિમાં પરોવાય છે.

ઉત્સવો ::

સામાન્ય રીતે આ પ્રજા ધાર્મિક ઉત્સવ પ્રિય કહી શકાય ઉત્સવોમાં મુખ્યત્વે હિન્દુ ધાર્મિક દિવસો મહત્વના છે.

વર્ષની શરૂઆતથી લઇએ તો હિન્દુના બેસતા વર્ષના પર્વનું મહત્વ અને ઉજવણી ખારવા સમાજમાં એક સરખી જોવા મળે છે.

માગસર માસ ::

જેટલા સોમવાર આવે તે દિવસે ઠંડી રસોઇ જમવાનો રિવાજ છે અને તે "શિતલાઆઇ" ને મનાવવા તથા તેની માનતા માટે છે. તે દિવસે વેરાવળ-ઉના રસ્તા ઉપર હિરણ નદી ઉપર "શિતળા માતાજી"નું મંદિર છે. ત્યાં ઉજાણી કરે છે. હાર, ફૂલ, સિંદૂર માતાજીને ચઢાવે છે.

ભુવા ધુણાવવાનો ત્યાં રિવાજ હતો તે હવે નષ્ટ પ્રાય થઇ ગયેલ છે.

પોષ ::

સંક્રાંતની ઉજવણી સામાન્ય - સૌના જેવી છે. કોઇ વિશિષ્ટતા નથી. પરંતુ એ દિવસે બહેન-દીકરીને "કાચુભાણું" મોકલવાનો રિવાજ છે.

આ દિવસે ગરીબ તથા બાવા-સાધુ માગણ તમામને અનાજ વગેરે આપે છે.

મહા ::

માહ સુદ ૨

"રામાપીર" રામદેવજી કે રામદેપીરના પ્રાગટ્યનો દિવસ માને છે.

વેરાવળમાં દરિયાકિનારે દાણીબારા પાસે જવા દેવકા નદી હિરણને મળે છે. તે જગ્યા પાસે "જાળેશ્વર" નામની જગ્યા છે અને ત્યાં "જનળેશ્વર મહાદેવનું મંદિર છે તથા રામદેવપીરનું મંદિર છે. ત્યાં રાત્રે પાઠ થાય છે. તેમજ માલપુઆનો પ્રસાદ વેચે છે. આખી રાત ભજન થાય છે. ખારવા જ્ઞાતિની તે જગ્યા છે.

મહાશિવરાત્રી ::

મહત્તા વધારે માને છે. ખારવાવાડમાં ખારવા જ્ઞાતિની વેડીમાં જ "શ્રી કામનાથ મહાદેવ" નું મંદિર છે. સામાન્ય રીતે "દેવળ" તરીકે પ્રચલિત છે તેમાં પૂજા, ભજન અંભિષેક વિગેરે કરે છે.

ફાગણ ::

હોળીનો તહેવાર બધાની રીતે ઉજવે છે. પરંતુ વિશિષ્ટતાઓમાં :-

-ખારવાવાડમાં સરઘસો કાઢે છે. જેને "ઘેર" કહે છે. બધા લોકો પાસેથી ઉઘરાણું કરે છે. અને પછી જે તે જૂથ પોતા પાસે ઉઘરાવવા રાખે છે. સાધારણ દારૂની બદી તે સમયે ચાલે છે.

-નવી રચનાને અનુલક્ષીને સામાજિક જૂથો પણ આવી "ઘેર" કાઢે છે. જેમાં મળેલ રકમ સામાજિક કાર્યો જેવા કે ભણવા માટેના પુસ્તકો, દવાની વ્યવસ્થા વિગેરેમાં ખર્ચે છે.

ચૈત્ર ::

"રામનવમી"

સામાન્ય રીતે હિંદુ સમાજની જેમ ઉજવાય છે તે રીતે ઉજવે છે કોઇ વિશિષ્ટતા નથી.

ચૈત્ર સુદ ૩ ત્રીજ ::

ગોળ માંવડીનો મેળો

બધી જ કુળદેવીના લોકોનો આ દિવસે "વણાકબારા" માં મેળો ભરાય છે. આ લોકો બધી જ કુળદેવીઓને જુદા જુદા વસ્ત્રો તેમજ ફૂલોથી શણગારે છે, અને મોટું સરઘસ કાઢે છે. અને કૂવા પર માતાજીને બેસાડવાની બેઠક હોય તો માતાજીને બેસાડે, કોઇક કૂવા પર બે, ત્રણ કે ચાર બેસાડે, દેવીની પાસે નૈવેદ કરે અને મીઠું (ભાત + ખાંડ) બનાવી તેમજ નાળિયેર ચઢાવી બાકીનું છોકરાઓને વહેંચી દે છે. આ સરઘસ દિવસના બે-ત્રણ વાગે નીકળે છે. સરઘસમાં હિન્દુ ખારવા તેમજ આજુબાજુમાં વસવાટ કરતા અન્ય સમાજના લોકો પણ જોડાય છે. (લગભગ ૧૦ થી ૧૫ હજાર જેટલા (વેરાવળ-પોરબંદર તેમજ અન્ય સ્થળોનું) ખારવા ભાઇ-બહેનો થાય છે. આ વખતે બધા ગોત્રના માણસો એકઠા થાય છે. મુંબઇ અને માટુંગામાં વસતા ખારવા લોકો પણ આ રીતે સરઘસ કાઢે છે.

વૈશાખ ::

હિંદુ સમાજ અને ખારવા તેમજ મચ્છીમાર સમાજમાં કોઇ વિશિષ્ટતા જોવા મળતી નથી, સિવાય કે પૂરી થતી દરિયાઇ મોસમ અને દરિયાની અનિશ્ચતતા વિષે ગંભીરતા જણાય છે.

જેઠ ::

"ભીમ અગિયારસ" નુ મહત્વ પણ તેમનામાં જોવા મળે છે. પરંતુ સામાન્ય રીતે દરેક તહેવાર વખતે જેવુ આનંદમય વાતાવરણ હોય છે તેવુ આપણને અહીં જોવા મળે છે. આ પછીથી ખારવાઓના ઉત્સવોની મોસમ શરૂ થાય છે.

અષાઢ સુદ૨ બીજ ::

આગળ ઉપર જોયા પ્રમાણે મહાસુદ૨ બીજ વખતે "રામદેપીર" ના પ્રાગટ્યના દિવસની જેમ આ દિવસે પણ ખારવાઓ "રામદેપીર" જાળેશ્વરના ઠેકાણે પાઠ થાય છે. ભજન કિર્તન થાય છે અને પ્રસાદ વહેંચાય છે.

શ્રાવણ માસ ::

રથયાત્રા

શ્રી કૃષ્ણ જયંતિ પછી બરાબર બીજે દિવસે રથયાત્રા નો અવસર આવે છે. ખારવા વહુઓ તેને "રવાળી તરીકે ઓળખે છે. આ રથયાત્રાનુ નામ "રવાળી" કેમ પડ્યુ તે તો જાણી શકાયુ નથી પણ અનુમાન કરી શકાય કે "રવ" એટલે "જુસ્સો" અને તે ઉપરથી "રવવાળી" એટલે "જુસ્સાવાળી" આ રથયાત્રા ખુબ જુસ્સાવાળી છે. તેમ કહી શકાય.

આ દરિયાવટીનો ઉત્સવ છે. છતાં તે જાહેર તહેવાર છે. સર્વે ખારવાઓ પોતાના દુઃખોને ભૂલી જઇ સુખની મઝા આ ઉત્સવમાં લૂટે છે. જાહેર જનતા પણ આ ઉત્સવને વધાવે છે. ખારવો અપૂર્વ આનંદમાં હોય છે. વહાણવટીનો "રવાળી" નો તહેવાર છે. તેમનો સ્વતંત્ર ઉત્સવ દિન છે.

વહેલી સવારે કોટવાળની હાકલ ખારવાના લત્તામાં સંભળાય છે કે "બપોરના ત્રણ વાગે રવાળીનુ મુહૂર્ત છે તો વખતસર વેળા આવી જજો ભાઇ !" દરેક તે હાકલને ધ્યાનથી સાંભળે છે. દરેકને ઘેર આ ઉત્સવે ભોજનીયાં મનભાવતાં બનાવે છે. ખારવા લત્તામાં જયાં જુઓ ત્યાં ઢોલના રણકાર

સભળાય છે. દરેક ઢોલ પ્રેમીએ , પોતાના ઢોલને શણગારે છે
અને કુમારો રાસ લે છે.

બરાબર ત્રણ વાગે "મુરલી મનોહર" ની જયઘોષણા કરે છે. "રવાળી" નુ યથાવિધિ પૂજન થાય છે ને પૂજાવિધિ કરે છે. ફરી જય ઘોષણા બોલીને રવાળીનુ પૈડુ ફર્યુ રથમા ઉપરના ભાગમા બ્રાહ્મણો અને કુમારો તુલસી પાન આમ જનતાને આપે છે. શંખ ધ્વનિXX પણ ખરો જ. રથના અગ્રસ્થાને ગરૂડ પક્ષી બિરાજમાન હોય છે તેના એક હાથમા લાકડાનો બનાવેલ સાપ અને બીજા હાથમા વ્રજદંડ આપવામા આવે છે. રવાળીના કડીમા આગળ પડખે બે શટવા હોય છે. તેના છેડાને આમવર્ગ પકડી રાખી રથને આગળ ખેંચે છે. સ્ત્રીઓ પુરૂષો રંગબેરંગી વસ્ત્રો પહેરે છે. જનતા નાચ-ગાન-આનંદ ઉલ્લાસમા આવે છે.

બારવા યુવક પાટી આગળ ત્રિરંગી ધ્વજો લહેરાવે છે. બસરી ઢોલ ઝાંઝ ને ખંજરીના તાલબધ્ધ સંગીત સાથે આગળ વધે છે. પાછળ પાલખી હોય છે જેમા "શ્રીકૃષ્ણપ્રભુ"ની મૂર્તિ હોય છે. મોખરે બે ઘોડેસ્વારો ધાર્મિક ઝંડાને લઇ આવે છે. ઠેરઠેર પાણીની સગવડો રાખવામા આવે છે. દરેક મકાનની અગાસી-ઝરૂખાને ઓટલા જનમેદનીથી ચિકકાર થઇ જાય છે. સ્ત્રીઓના રક્ષણાર્થે સમાજના યુવકોની XXXXXX સ્વયંસેવિકાની વ્યવસ્થા પણ કરવામા આવે છે. અને "યુવક-પાટી" નો પ્રમુખ દરેક ઠેકાણે XX લટાર લગાવીને યોગ્ય બંદોબસ્ત કરે છે.

આમ ત્રણ વાગ્યે ઉપડેલુ સરઘસ રાત્રે આઠ વાગે XX તળાવપર પહોંચે છે. અહીં પણ યોગ્ય પૂજનવિધિ થાય છે. બાદ એક કલાકની વિશ્રાંતિ દરેકને મળે છે. પછી સરઘસ પાછુ ફરે છે. ઢોલ-દાંડિયાની રમઝટ થાય છે. "યુવકપાટી" ના દરેક સભ્યો અને સ્વયંસેવકો તેમા જોડાય છે. બધાજ નાચતા-કૂદતા લગભગ રાતના બે વાગે ફરી મંદિરે આવે છે. અને મંદિરના ચોગાનમા છેલ્લે દાંડિયા-રાસ ખેલે છે. "મુરલી મનોહર" ની જય ઘોષણા થાય છે ને બધાય એક સામટા

અવાજે "ગરૂડ પખી ? રામ રામ...... બારે મહિને આવજો!" શબ્દોચ્ચારથી વિદાયગિરિ લે છે.

રથયાત્રા - રવાળીનો ઉત્સવ એ ખારવા સમસ્ત જ્ઞાતિ દરેક જગ્યાએ જ્યાં-જ્યાં આ જ્ઞાતિ વસવાટ કરે છે ત્યાં તેઓ બહુ ધામધૂમથી ઉજવે છે અને આવા મહાન જાહેર ઉત્સવને ઉજવવા માટે ખારવા જ્ઞાતિ ગૌરવ લે છે.

જન્માષ્ટમીનો ઉત્સવ ખારવા બધુઓ પણ ધામ-ધૂમથી ઉજવે છે.

<u>સાગર પૂજન</u> ::

"સાગર પૂજન" ખારવા સમાજનો મહત્વનો પ્રસંગ છે. શ્રાવણ સુદી પૂર્ણિમા તે જ નાળિયેરી પૂર્ણિમાને દિને શ્રીફળ સાગરદેવને ધરવામાં આવે છે અને રક્ષાબંધન સાગરદેવ સાથે બાંધતા મૈત્રીભાવ જગાડે છીએ.

એવા પવિત્ર દિને કાંઠા ઉપર શુભમેળો જામ્યો હોય છે. અઢારે વર્ણ સાગર દેવતાની પૂજા માટે મેદની ઉમટે છે. આ શુભ પ્રસંગે કોઇ એક સ્થળે ખારવા સમાજના લોકોની એક મૈત્રી સભા થાય છે. શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો પણ તેમાં ભાગ લે છે. સભાને સમાજના વાણીટશ્રી પધારેલ સદ્ગૃહસ્થોને આજના દિનની ઝાંખી કરાવતાં સંબોધે છે. સમુદર પૂજનનો દિવસ આવે છે ને જાય છે. આથી જ નિરંતર એની મહત્તા વધતી જાય છે. ખારવાઓ સફરની શરૂઆત પહેલાં દરિયા-લાલનું પૂજન, અર્ચના કરી પવિત્ર આશીર્વાદ પામે છે. માતાનો ખોળો ખુંદી દરિયાદેવનો ખોળો ખુંદવા અધીરા બની સાગર પટ પર નાવને હંકારતા નીડરપણે સફરની શરૂઆત કરે છે.

ભયંકર તોફાન થતાં સાગરરાણો રૂદ્ર સ્વરૂપે તાંડવ-નૃત્ય કરે છે. ખારવા તેમના જીવનને હોડમાં મૂકી આવા તોફાનો સામે બાથ ભીડે છે. કેટલીક વાર સમુદ્રના અથાગ જલ અને મોજાઓની હાડમારથી જળ-સમાધિ લઇ જીવન સમર્પણ

કરે છે. છતાંય ખારવા જ્ઞાતિના મનથી રત્નાકરનું રટણ અળગું થતું નથી. તેમની પ્રમાણિકતાને દાગ ન લાગે તેવી સાવચેતીથી માલ અને વહાણની સલામતી જાળવતા પ્રાણ ન્યોછાવર કરી દીધા છે. તેવા પુરાવા ખારવા સમાજ પાસે ઘણા છે.

આ સાગર પૂજનને દિવસે પ્રત્યેક માનવ જાત પોતાના આત્મ સાથે રાખડી બાંધતા સમાજ સેવાના પ્રયાસ કરવા માટે સભાઓ પણ યોજે છે. જેનાથી કાર્ય સિધ્ધિ પામે છે.

વારાની દેવી સીગોતરા માતા ::

સફરની શરૂઆત પહેલા સીગોતરામાતાની પૂજા કરે છે. જેમાં માટલામાં હળદર, મીઠાઇ, મગ, ઘઉં અને આઠ આના અને નાળિયેર દરિયામાં વધેરે છે.

ગોત્રજ પ્રમાણે દેવદેવીઓ ::

ખારવા સમાજમાં તેમના જુદા જુદા ગોત્રો પ્રમાણે જુદી જુદી કુળદેવીઓ પણ હોય છે અને તેમની પૂજા તેમજ માનતા રાખતા હોય છે. ગોત્રવાર કુળદેવીની માહિતી નીચે આપવામાં આવી છે.

ગોત્ર પ્રમાણે કુળદેવીઓ

| | |
|---|---|
| ગોહીલ | દાણવો દાદે |
| હોદાર | વેરાવળી આઇ |
| ચામોડિયા | ચામુંડિયા માતા |
| મચ્છ | સાગરઆઇ |
| મોતીવરસ | ચામુંડાઆઇ |
| ગોહેલ | માલણઆઇ |
| ખોડાવા | વેરાવળીઆઇ |
| વેકર+ભાદરેચા | ભાદરઆઇ |

| | |
|---|---|
| ઝાવરિયા | જાવડીમા |
| ચોરવાડી | ભવાનીમા |
| ખેતરપાર | પારીમા |
| પાજડી | આજાઆઇ |
| સિંધવ | સિંધવ આઇ |
| મસાણી | મસાણીયો દાદે |
| કામડિયા | ખોડિયાર આઇ |
| માઢવાડ | માઢવ આઇ |

| ગોત્ર | કુળદેવી |
|---|---|
| ગોહેલ | માલેરાઇ |
| મસાણી | મસાણીયા |
| ખાપડી | " |
| કોકડી | શીતળાંમાતા |
| જુગી | પદમાણી |
| ભેસલા | ભવાની |
| ચોરવાડી | " |
| વશિક | " |
| પરમાર | ચામુંડા |
| કરવરીયા | " |
| કસ્તાવાળા | " |
| લોધાણી | " |
| વધાવી | " |
| ગનારી | " |
| શિયાળ | " |
| થાવળ | " |
| ખાપરા | " |
| વાડીયા | " |
| દોરીયા | " |
| પીઠળ | " |
| વરીડુ | " |

| | |
|---|---|
| માલમડી | ચામુંડા |
| ખોરાખા | " |
| કોટિયા | " |
| બાદરશાહી | " |
| સોનેરી | " |
| ભાળવાળા | " |
| દડી | " |
| મોતીવરસ | " |
| બોટી | " |

આ ઉપરાંત તેઓ પોતાના અન્ય તહેવારો ઉજવે છે.

કામનાથનો ડાયરો ::

"શ્રી કામનાથ" ના મંદિરમાં અષાડ વદ ૧૩(તેરસ) ના દિવસે બધા ભેગા મળે છે. "ઘુઘરી" બાફેલા ઘઉં તથા ચણાના લોટની સેવ અને નાળિયેરનું ખમણ મેળવી બધાને પ્રસાદ આપવામાં આવે છે. આ પણ આ સમાજમાં એક જાતનો મેળાવડો છે.

નવાના રોજ ::

દરિયાઇ વર્ષના દિવસો "ના રોજ" તરીકે ગણાય છે. અને તે પ્રમાણે દરિયામાં જવાની મોસમની શરૂઆત થાય છે. તેના પહેલા દિવસને "xxxxxx "નવાના રોજે" તરીકે માને છે. આ દિવસે "દરિયાપીર" ની પૂજા કરે છે. ખાસ કરીને વહાણવટુ ખેડતા ભાઇઓ આ ઉત્સવ વિશેષ મનાવે છે.

વારાપૂજા ::

ભાદરવા સુદ બારસના દિવસે આ પૂજા-વિધિ કરે છે. વેરાવળમાંનું આ બંદર તે ખાડી છે. તેમજ બારા તરીકે

પણ મૂળથી ઓળખાતું. દરિયામાંથી બંદરમાં પ્રવેશ કરતાં સાધારણ રીતે દરિયો તોફાની લાગે છે. તેમાં ચોમાસાની શરૂઆત થતાં કોઇ સફર કરી શકતું નથી, તેમાં નાની હોડીઓ કે જે "લૈલ" નું મચ્છીમારીનું કામ કરે છે. તેઓ જઇ ન શકે આવી પરિસ્થિતિ ભાદરવા માસ સુધી ચાલે છે. અને ત્યારપછીથી હળવું થાય છે. એટલે "બારા" ની (દરિયામાં બંદરમાંથી પ્રવેશ કરવાનું કલ્પિત દ્વાર) તે દિવસે પૂજા થાય છે.

હોડીઓને શણગારે છે. લીલાછમ છોડના નાના ટૂકડાઓ સામા-સામા ફેંકે છે અને પછી હોડીની શરત ચાલે છે. જે પ્રથમ આવે તેને ઇનામ પણ મળે છે. નવાબી વખતમાં રાજ્ય તરફથી આ માટે ખર્ચ પણ મળતું. ગુજરાત રાજ્ય થયા પછીથી મદદ બંધ થયેલ છે. અને છેલ્લા ચારેક વરસથી આ ઉત્સવ ઉજવાતો નથી. ફક્ત તે દિવસે જે જે હોડી દરિયામાં જાય તે પૂજા કરી જાય છે.

<u>ધજાગરો</u> ::

<u>ભાદરવા સુદ અગીયારસ</u>

રામદેપીરનો ઉત્સવ છે. રામદેવપીરની ધજા બનાવવામાં આવે છે અને તે સાથે મોટું સરઘસ નીકળે છે. વેરાવળના મુખ્ય રસ્તાઓ પર ફરે છે. બીજી પ્રજા પણ તેમાં ભાગ લે છે અને બધા જાળેશ્વર જાય છે. જયાં ધજા ફરકાવવામાં આવે છે. આખો દિવસ મેળા જેવું વાતાવરણ લાગે છે. ગોળ ઘીમાં બનાવેલ ચોખાના લોટનો પ્રસાદ બનાવી દરેકને વહેંચવામાં આવે છે. રાત્રે ભજન-કિર્તન થાય છે.

<u>મેળા</u> ::

ખારવા ભાઇઓ આ ઉપરાંત બે મેળા પણ કરે છે. પ્રથમ શ્રાવણવદ તેરસના રોજ વેરાવળ પાસે આવેલા આજોઠા ગામ પાસે સરસ્વતી નદીના તટ પર બધા જાય છે. જયાં

મોટો મેળો ભરાય છે. આ મેળો પિતૃતર્પણનો મુખ્યત્વે છે. અને પોતાના ગોત્રના સંબંધીઓને આ દિવસે ખારવાઓ લાડુ વગેરેનું જમણ આપે છે. પૂજા કરી સરસ્વતીમાં "દિવા" મૂકે છે. આ પ્રસંગને "પ્રાચી દિવી મૂકવાનો"પ્રસંગ તરીકે ઓળખે છે. આની વિધિ સૌ સૌના ગોર કરાવે છે.

"ચોરીવાડી" આઇ ભવાની ઝુંડનો ચોરવાડનો મેળો ::

ચોરવાડથી ત્રણ માઇલ દૂર દરિયાકિનારે ઝુંડ માતાજી ભવાનીનું મંદિર છે. (તેમજ જગ્યા છે.) જેને ચોર-વાડી આઇ તરીકે ઓળખે છે, અને કુળદેવી માને છે. અહીં શ્રાવણવદ પૂનમ અને ભાદરવા સુદ એકમના રોજ મેળો ભરાય છે. લગભગ ખારવા કુટુંબો અહીં આવે છે. (ગુજરાત રાજ્ય - માર્ગ વાહન વ્યવહાર તરફથી હવે બસની પણ સુવિધા છે.) લોકો આ પહેલાં બળદગાડા તેમજ પગે ચાલીને અહીં આવતા. ભાદરવા સુદ એકમના દિવસે જે પૂજનવિધિ થાય છે તેનો "પૂજાપો ચડાવવો" તેમ કહેવામાં આવે છે. સાધારણ રીતે કપરા કાર્યો કે મુશ્કેલીમાં આ "ભવાની-આઇ" ની માનતા માને છે.

ખારવા સમાજ સૂર્ય, ચંદ્ર તારા અને સમુદ્ર બધાને દૈવી તત્વ માને છે. તે તમામને ઇશ્વરના અંશ ગણી પૂજા અર્ચના પણ આપે છે. તેની અવગણના થાય નહીં, ખાસ કરીને સૂર્ય તથા સમુદ્ર તરફની શ્રધ્ધા વિશેષ જોવા મળે છે.

જનનસા પીર :

માઢવાડના દરેક વ્યક્તિ આ પીરની માનતા કરે છે. મચ્છીના ઉત્પાદનમાં અસર, રાગચાળો અથવા કોઇ આર્થિક-સામાજીક મુશ્કેલી વખતે તેને બલિ ચઢાવવામાં આવે છે.

મચ્છીની પડતર બરાબર ન હોય તો આ લોકો અંધશ્રધ્ધામાં પણ માને છે. બ્રાહ્મણ જોડે દોરા-ધાગા કરાવે છે. શ્રીફળ વધેરે વગેરે માનતા માને છે.

<u>સવાઇપીર</u> ::

જાફરાબાદની નજીક આવેલ છે. ત્યાં જઇને નાળિયેર તેમજ બકરાનું બલિ ચઢાવવામાં આવે છે. ખાસ કરીને સપ્ટેમ્બર, ઓકટોબર માસમાં આ વિધિ કરવામાં આવે છે.

આ ઉપરાંત ખારવા સમાજ "ગોરમાતા" ની પૂજાવિધિ કરે છે આ ઉત્સવ ત્રણ દિવસનો હોય છે. આ વખતે આ સમાજ "વણાકબારા" જઇ નિવેધ ધરાવે છે. દારૂ તાડી ધ્રૂમપાન કરી નાચગાન પણ કરે છે.

<u>ભૂતપ્રેત</u> ::

ખારવા તેમજ મચ્છીમાર સમાજમાં આ અંગે ખૂબ જ અંધ શ્રધ્ધા જેવા મળી છે. કંઇપણ દુઃખ થાય શરીર દુઃખે, માથુ દુઃખે નુકશાન થાય અથવા તો મુશ્કેલી આવે તો ભૂવાને બોલાવી દાખલા બોલાવે છે, નિવેધ ધરાવે છે અને ભૂવાને મોં માંગ્યુ વળતર આપે છે. આ સમાજ આવી અંધશ્રધ્ધા તરફ ઢળતો જતો હોય તેમ લાગે છે. કોઇ તાત્કાલિક બિમાર પડે તો ડાકણે કર્યું હશે અથવા વળગાડ વળગ્યુ હશે તેમ માની ભૂવાની પાસે જાય છે. અને ભૂવો દારૂ-પૈસા, લીંબુ અને મચ્છી જે વસ્તુ માગે તે પૂરી પાડવામાં આવે છે.

દક્ષિણ ગુજરાતના મચ્છીમારોમાં ભગત-ભૂવાનું મહત્વ જૂજ જ જોવા મળે છે. પ્રથમ તેઓ અંધશ્રધ્ધામાં ખૂબ માનતા. ભૂતપ્રેતની માન્યતા હાલમાં ખાસ જોવા મળતી નથી. પરંતુ જે કોઇક માને છે તે ગામમાં જ કે પોતાના સંબંધી ને જ માને છે કે આ વસ્તુ આ વ્યકિતએ જ કરી.

ભૂતપ્રેતમાં માનનાર વર્તમાન સમયમાં ખૂબ જ ઓછા જોવા મળે છે. પહેલાં ભૂતપ્રેત જેવી અંધશ્રધ્ધામાં આ લોકો પુષ્કળ ખર્ચ કરતા. ધંધામાં ખોટ આવે, કંઇક થાય એટલે

ભૂવાને બોલાવી વિધિ કરાવતા પરંતુ આજે આ ખાસ જોવા મળતું નથી.

ભૂત કે પ્રેતની માન્યતા એવી છે કે માણસનું અકસ્માતે કે અકુદરતી મોત થાય તો તેવા થાય છે.

"ઢેઢડા" કે "ખવીશ" ની માન્યતા વિશેષ રહે છે.

અવાવરૂ જગ્યા, ક્યાંક દરિયાની અવાવરૂ ખાડી દરિયામાં અકસ્માતે મૃત્યુ થયેલ હોય તેવી જગ્યા વિગેરેમાં ભૂત હોય તેમ માને છે. તે માનવીના શરીરમાં પ્રવેશ કરી તેને હેરાન કરે, તેનું મરણ નીપજાવે તેવું માને છે.

માઢવાડ અને કોટડામાં તેમજ વણાબારા, દીવ, પોપલામાં વસતાં ખારવાઓ ભૂત-પ્રેતમાં હાલમાં પણ ખૂબ માને છે અને આવી અંધશ્રધ્ધા પાછળ ખૂબ જ ખર્ચ કરે છે.

તપાસના સમય દરમ્યાન માઢવાડ પ્રાથમિક શાળાની મુલાકાતમાં પણ એ સ્પષ્ટ દેખાઇ આવતું કે ભૂત-પ્રેત અંગેની આ લોકોની કેટલી અંધશ્રધ્ધા છે. જેનો આપણને પ્રત્યક્ષ મુલાકાતથી ખ્યાલ આવી જાય છે. સ્કૂલમાં આવતા મોટા ભાગના બાળકોને હાથે ધાગા-દોરા જોવા મળે છે. વિદ્યાર્થીને પૂછતાં જાણવા મળયું કે આ દોરા-ધાગા બાંધવાનું કારણ એ માતાની ઝપટ લાગી છે અથવા ખરાબ સ્ત્રીની નજર લાગી છે. તેવી અંધશ્રધ્ધામાં દોરાઇને બાળકો પણ ચાર-ચાર, પાંચ-પાંચ દિવસની સ્કૂલમાં રજા રાખે છે. સૌરાષ્ટ્રના ખારવા કરતાં દક્ષિણ ગુજરાતના ખારવાઓમાં અંધશ્રધ્ધાનું પ્રમાણ ઘણું જ ઓછું છે.

આ લોકો ભૂતમાં કેટલા માને છે અને તેને વશ કઇ રીતે કરી શકાય તે હકીકતને આ દંતકથાથી ઘણી પુષ્ટિ મળે છે.

## ભૂતીવાલા એક દંતકથા

(વહાણવટી વર્ષ-૧લુ અંક
૧લો સપ્ટેમ્બર ૧૯૪૭)

મધ્યરાત્રિનો સુમાર... ઘનઘોર અંધારું. કાળરાત્રિનો ઝભો વેરાવળ બંદર ઉપર આચ્છાદિત થયો હતો. સારૂયે શહેર નિદ્રાદેવીને શરણે હતું. વચ્ચે-વચ્ચે શ્વાનનો ભસવાનો અવાજ રાત્રિની શાંતિમાં ભંગ પાડતો હતો.

બાવનમાલમને આજે ચેન પડતું ન હતું ઉંઘવા માટે ઘણાંય ફાંફાં માર્યાં પણ કેમે કરી આજે ઉંઘ આવતી જ ન હતી. સહેજ દૂર દરિયો ગાજતો હતો. બાવન માલમ ઉઠયો બારીમાંથી ડોકીયું કર્યું તો અંધારૂં ઘોર... આકાશમાં તારલા ચમકતા હતા અને તેનો આછો પ્રકાશ અંધકારને ભેદવા પ્રયત્ન કરતો હતો. માલમે આસ પાસ જોયું સર્વત્ર શાંતિ... સાગરનો ઘેરો અવાજ.... થોડીવાર ધ્યાન દઇને તે અવાજ સાંભળી રહયો.

• ચાલ જીવ આમ પાસાં ઘસ્યે રાત નહિ ખૂટે... લાવને જાળી લઇ કિનારે જાઉ... કલાક બે કલાક જાળ નાખીને પડયો રહીશ કિનારે... રાત્રે માછલાં પણ ઠીક ઠીક પકડાશે ને રાત પણ નીકળી જશે.

એ તો ખારવો । એને રાત્રિ શું ને મધ્યરાત્રિ શું ? અંધારૂં શું અને અજવાળું શું ? જમીન શું અને દરિયો શું ? ધૂન લાગી કે તરત જ ગમે તેવું કામ કરી નાખે ગમે તેવા સાહસો ખેડી નાખે.

ખભે જાળ લીધી જે બાવન માલમ ચાલ્યો કિનારા તરફ કોઇ માણસ સામું ન મળે. રસ્તો પણ માંડ સૂઝે. જરાવારમાં તો તે કિનારે આવી પહોંચ્યો. છાતીમાં જરા પણ થડકાટ નહિ... કેડ કેડ પાણીમાં ઉભો, જાળ હાથમાં લઇ એક છેડો મજબૂત હાથે પકડીને એણે...પાણીમાં જાળ નાખી.

થોડીવાર એમને એમ તે ઊભો રહ્યો, ઠંડીનું જોર પણ બહુ જ, છતાં તે પ્રસન્ન ચહેરે ઊભો રહ્યો. તેને આવી શાંતિ ગમતી, આવું એકલવાયું જીવન ગમતું. દૂર-સામે મીટ માંડી એક હાથમાં જાળનો છેડો પકડી તે ઊભો રહ્યો હતો. અચાનક આંચકો આવ્યો. તે પડતાં પડતાં માંડ રહી ગયો. "હે રામાપીરા" મોંમાંથી ઉદ્ગાર સરી પડયાં જાળમાં કંઇક બાઝયું હતું ને ખૂબ જોર કરતું હતું. આમ તો બાવનમાલો કંઇક વાર જાળ નાખી હશે, પણ આટલો આંચકો આટલી તાણ તો કોઇ દિવસ આવી ન હતી.

શું ભરાયું હશે એ ? તેણે જાળને સંકેલવા માંડી પણ ઓહ...? ખૂબ જોર કરવું પડતું હતું. એવું તે શું બાઝયું હશે ? સમાલી-સમાલી તેણે મજબૂત હાથે જાળને સંકેલવા માંડી. તેનું સમસ્ત ચિત્ત તેમાં જ લાગી ગયું હતું.

જાળ સંકેલવા આવી....અંધારામાં સ્પષ્ટ જોવાને ટેવાયેલી માલમની આંખે એ શું જોયું ? ઓહ ? શું મનુષ્ય જેવું કંઇક ? પણ મનુષ્ય આવો ? "હે રામાપીર ! હે દરિયા-લાલ ! માલમની છાતીના ધબકારા વધી ગયા. તે ખૂબ હોંફવા લાગ્યો, ચકળવકળ નેત્રે તે જોઇ રહ્યો...

"અરે ? આ તો ચિત્ર વિચિત્ર ચીસો પાડે છે ?" એક ક્ષણ તો બાવનમાલમ ના હાથમાંથી દોર છટકવા લાગી, આંખે અંધારા આવવા લાગ્યાં..."માણસ તો આવો ન હોય? ત્યારે શું ભૂત ? કે ભગવાન ? શું જાળ ફેંકી દેવી ? નાસી જવું ?" જાણે કોઇક કહેતું હોય, "અરે વાહરે મારા દરિયા બેડું ! ભૂતથી તું...તું ખલાસી ડરે છે ? શું તે દરિયામાં ભૂત નથી જોયા ? તે શું ભૂતનો સામનો નથી કર્યો ? અને આ તો વળી તારી જાળમાં સપડાયો છે ?" બીજી જ ક્ષણે માલમના કાંડામાં જોર આવ્યું. સરી જતી જાળને [illegible] મજબૂત કાંડે પકડી... "ભૂત હોય કે ભૂતનો બાપ ? આજે તો તને [illegible] જ છોડું."

જાળને કિનારે લઇ ગયો, કમરે ભરવેલી હુકમાંથી છરી કાઢી કંઇક નાના માછલા પણ જાળમાં સપડાયા હતા. પણ આજે માલમને માછલાની પડી ન હતી. "કાંઇક વાર સાંભળ્યુ છે ને દુનિયા પણ કહે છે કે ચોટલી કાપવાથી ભૂત કબજે થાય છે. અને પોતાનુ "ભૂતિયાપણુ" છોડી દે છે. બસ અજમાવવા દે એ રીત ? અત્યાર સુધી તો કાને સાંભળ્યુ હતુ પણ આજે આંખને એ લ્હાવો લેવા દે ?માળા વાયલા લોકો ભૂત ? ભૂત ? કરીને છળી મરે છે. જોવા દે આજે એનુ જોર ?" એને ધારવાળી છરીથી તરત જ તેણે ગળચીથી એ આકારને પકડીને ચોટલી કાપી લીધી. પણ આ શું ? ક્યાં ગયુ રાક્ષસી બળ ? ક્યાં ગઇ તેની શકિત ?... પણ આ તો મનુષ્યના આકારમાં આવતો જાય છે.

"હા...સાચે જ માણસ જેવા ?"

" શું કરું હવે ?"

"હું એજ ઠીક છે."

માલમે મનુષ્યના આકારમાં આવેલા ભૂતને જાળી-માંથી બહાર કાઢ્યો. બે હાથ જોડી તે મનુષ્ય ઉભો રહ્યો. આજીજી કરતો...જાણે કહેતો હોય" ચોટલી આપ ને ?"

પણ માલમ એમ ચોટલી આંપે ખરો ? "એ ય ? મારી સાથે ચાલ્યો આવ, ને ઉપાડ ખભે આ જાળ ?" બાવન માલમે હુકમ છોડયો. આજ્ઞાધારી સેવક માફક તે ભૂતે જાળ ઉપાડી લીધી ને માલમની પાછળ પાછળ ચાલવા લાગ્યો. બાવને કોઇને પણ આ વાત કહી નહિ. કોઇ સાંભળે તો છળી પડે. વાત માને પણ નંહિ. કદી ભૂત આ કળી કાળમાં કાળા માથાના માનવીને કબજે રહે ? સાચવીને મોતી નીચે એક દાબડીમાં તેણે ચોટલી સંતાડી દીધી.

"એલા ? બાવન ? આ માણસ ક્યાંથી લાવ્યો ? લાગે છે તો જબરો ? કામનો જબ્બર છે હો ? પણ છે કોણ તે તો બોલ ?" લોકો માલમને પૂછતા..."બિચારો કાંઠે ટાઢમાં ધ્રુજતો હતો. ગરીબ જેવો લાગ્યો એટલે મને થયુ લાવ બિચારાને રાખી લઉ." માલમે ખુલાસો કર્યો.

પણ છે બહુ ઓછા બોલો." તે હોય જ ને"?

હવે તો તે ભૂત માલમના ઘરનો જ માણસ થઇ ગયો હતો. નિયમિત દરિયે જાળ નાખી માછલાં પકડવાનું, બજારેથી વસ્તુઓ લાવવાનું. ગામ પરગામેથી ચીજો લાવવાનું વગેરે કામ તે ભૂતને સોંપાયું... અને ખૂબ જ વફાદારીથી ભૂત કામ કરી પોતાના માલિકને ખુશ કરતો. મેળા-મલાખામાં જવું હોય, નાતને ડાયરે જવું હોય - હરવા ફરવા જવું હોય તે દરેક પ્રસંગે માલમની સાથે તે ભૂત પણ હોય જ. માલમ ઉપરથી કામનો બોજો ઓછો થયો ને તેને રાહત પણ ખૂબ મળી. ભૂત તેને આશીર્વાદ સમ થઇ પડયો.

આમને આમ કંઇક વર્ષો વીતે છે... હવે તો ભૂત માલમના દીકરા જેવા થઇને રહે છે. માલમને તે "બાપા" કહે છે. માલમ તેને "બેટા" કહે છે. આમ ભૂતને માનવી વચ્ચે પ્રેમ બંધાય છે.

માલમ કોઇકવાર એકાંતમાં તેને પૂછતો, "બેટા ? તને ભૂત કેમ થવું પડયુ ? તું જનળમાં કેમ ભરાયો ? મને બધી વાત નહી કહે ?" જવાબમાં ભૂતનું મોઢું પડી જતું..આંખમાંથી આંસુ સારતો ને કાંઇ પણ જવાબ આપતો નહી. પછી તો માલમ પણ તેને પૂછવાનું માંડી વાળતો. "હશે બિચારો કોઇ અવગતિયો જીવ ? દિલ દુઃખાવીને વાત જાણવાથી શું ફાયદો ?"

અને આમ માલમ મન વાળતો. મેળા તો કંઇક ભરાતા પણ વેરાવળમાં "શીતળામાતા" નો મેળો ખારવાને મન મહા ઉત્સવ હતો, કોઇને માતા નીકળી હોય, ઓરી-અછબડા થયા હોય તેઓ સર્વ "શીતળા માતા"ની "માનતા" કરતા અને "શીતળામાતા" પોતાના છૈયા ને હંમેશાં ખમૈયા કરે છે. એવી શ્રધ્ધા સેવતા, આમ "શીતળા માતા " ના મેળામાં ગીર્દી ભરાતી ને શું ગીર્દી? હિંદુ-મુસલમાન ઉચ્ચ-નીચ બધુય વર્ણ "માતા"ના મેળામાં જતું અને પોતાની માનતા પૂરી કરતા. એ મહાન મેળો આવી પહોંચ્યો. ખારવા તો આજે હર્ષમાં હતા અવનવાં વસ્ત્રો પહેરી દરેક જણ સ્ત્રીઓ શું કે પુરૂષો શું. બધાય ય મેળે જવા નીકળી પડયા હતા. ત્યાં જ

રાંધવું ને ત્યાં જ ખાવું ત્યાં જંડાપરા ભરતા ને ત્યાં જ અલક મલકની વાતો કરી મન મોકળા કરતા.

માલમ ને તેનો "બેટો પણ મેળે જવાના જ હતા જીંદગીની જંજાળથી તે ભૂત અકળાયો હતો. તે દરેક કામ કરતો યત્ન પૂર્વક પણ તેનો જીવતો ક્યારે ચોટલી મળે ને ક્યારે નાસી જાઉં એ જ વિચારોમાં રહેતો.

"અરે બેટા ! મેળે હવે આવ્યાં. પણ ઘી તો ઘેર રહી ગયું. જાને ભાઇ જરા જલ્દી જઇને ઘી લાવ ને!" માલમે ભૂતને કહ્યું.

ભૂતને આ ગમ્યું હાશ ! ઘેર કોઇ નહીં હોય. આજે તો ગમે તેમ કરીને પણ ચોટલી તો શોધી જ લઉં. થાવનું હોય તે ભલે થાય ! ઘેર આવી તેણે ખૂબ શોધ ચલાવી આખું ઘર ફેંદી વળ્યો. ખૂણે ખૂણો ને તસુએ તસુ જગામાં શોધ કરી પણ નિરાશા ? નિરાશા ?

"હવે તો નળીયાં ઉખેડું તો છે.! કંટાળીને તે બોલી ઉઠ્યો અને ખરે જ કંટાળીમાં ને કંટાળામાં પાગલની જેમ તે નળિયાં ઉખેડવા લાગ્યો ધૂનીની જેમ તે નળિયાં ભાંગવાં લાગ્યો ને ફેંકવા માંડ્યો. આજે તેનું ભેનું જાણે ખસી ગયું હતું. આખરે મોભનીચેની ડાબડી તેને મળી. કુતૂહલને વશ થઇ તેણે દાબડી ઉઘાડી શું હતું ? જેને માટે તે આટલો બધો પરિશ્રમ લેતો હતો. જેને ખોયાથી પોતે ગુલામ બન્યો હતો તે માયાવી વસ્તુ તેને આજે મળી ગઇ.

બધાં નળીયાં પાછાં ગોઠવી દીધાં. આજે તેનો પણ મેળો હતો, તેનો મુકિતદિન હતો. આજે તે કોઇના ઋણમાંથી મૂકત થતો હતો. ઘીનું તપેલું હાથમાં લઇ તે ઉપાડ્યો પોતાના "બાપા" પાસે "શીતળામાતા" ના મેળા તરફ-

"લ્યો બાપા ? આ ઘી ?" માલમે આ ઘી લીધું, સહસા ઉંચે જોયું. જોયું તો બદલાયેલો ચહેરો ? સદાય નિરાશ રહેતા ચહેરાને બદલે આનંદથી ફાટફાટ થતો ચહેરો.

બાવન માલમ હજી તો વિચાર કરે છે ત્યાં જ એ ભૂત બોલી ઉઠયો, "બાપા, રામ રામ છે હવે આપણી લેણાદેણી પૂરી થઇ હવે. અવાજ બદલાયેલા ને ઘોઘરો હતો. આજુબાજુ લોકો ભેગા જવા લાગ્યા.

"બાપા ? રજા છે ને હવે ? હુ જાઉ ને ?"

બાવન માલમ મામલો સમજી ગયો. માનો કે ન માનો પણ ભૂતને ચોટલી હાથ લાગી ગઇ લાગે છે. તેથી જ તે આમ બોલે છે. એકલો તેને ઘર મોકલવા બદલ માલમને પસ્તાવો થવા લાગ્યો. આજે પોતે એક વીર પુરૂષને ખોઇ નાખે છે. પણ હવે શું થાય ?

"સારુ બાપા ! તમે તો રજા નહિ આપો. મારે હવે જવુ જોઇએ. ચાલો બોલાચાલી માફ કરજો. રામરામ છે સૌને ?" કહી ભૂતે પીઠ ફેરવી ?

લોકોએ હવામાં કઇક પીગળતુ જોયુ. એ ભૂત એ આકાર હવામાં અદ્રશ્ય થયો.

બધાય હેબતાઇ ગયા. બધાય ફાટી આંખે જોઇ રહયા. સૌની છાતીના ધબકારા વધી ગયા હતા. બાવન માલમે ખુલાસો કર્યો. એક બે આંસુ પણ આર્યા ને સર્વના હૈયા ત્યારે જ હેઠે બેઠા.

આજે પણ બાવન માલમના વંશજો ભૂતીવાલાના નામે ઓળખાય છે.

(વહાણવટી વર્ષ ૧લુ સપ્ટેમ્બર ૧૯૪૭ અંક-૧ લો)

ડાકણ ::

સ્ત્રીઓ ડાકણો હોય છે. ડાકણમાં બીજાનું બુરું કરવાની શકિત હોય છે તેમ માનવામાં આવે છે. પુરૂષ ડાકણો હોવાનું બહુ મનાતું નથી. છેલ્લા બે દશકાથી ભૂત પ્રેત ડાકણ વિગેરેની માન્યતાઓ તેમનામાં ઓછી થતી જાય છે. દવાખાનાઓની વધતી જતી સગવડોએ આ માન્યતાઓને લગભગ નષ્ટ પ્રાય કરી દીધી છે. છતાં મનની શંકાનું આતુત છે. એટલે હજુ ઓછાવત્તા પ્રમાણમાં જોવા મળે છે.

ભૂવો ::

ભૂવો "માતા" ને મનાવે છે. બારવા સમાજના જુદા જુદા ગોત્રોની કુળદેવીઓની પૂજાવિધિ ભૂવા દ્વારા જ થાય તેમ માને છે. ભૂવો મુખ્યત્વે ધૂણી દાણા જુએ છે. હાલમાં ભૂવાનું મહત્વ ફકત લગ્નમાં "રાંદેલ" માંડવાના પ્રસંગે તેમ પિતૃતર્પણ વખતે જોવામાં આવે છે તે સિવાય ખાસ રહયું નથી.

ભૂવો ભૂત-પ્રેત અને વળગેલ ચૂડેલ તેમજ અન્ય પ્રેતને દૂર કરવા શ્રીફળ, ધઉં, ચોખા, નાડાછડી, તેમજ દીવાની વસ્તુઓ અને તળેલાં ઢેબરાં, મરચી તેમજ લીંબુ આવી અનેક પ્રકારની ચીજ વસ્તુઓ એકઠી કરાવીને પોતાની મેલી વિદ્યાથી આ વળગાડને દૂર પણ કરી શકે છે, અને મો માંગ્યા પૈસા પણ મેળવે છે. આ બધી વસ્તુ કરવા છતાં પાંચ થી છ દિવસની શાંતિ બાદ વ્યકિત પીડાતાં ફરી આ વિધિને અનુસરે છે અને છેવટે થાકી દવાખાનાનો સહારો લે છે.

આમ બારવા સમાજમાં તેમાંય માઢવાડ અને કોટડામાં વસતા બારવાઓ જ અને બાજુના ગામડાઓમાં

વસતી અન્ય પ્રજા પણ આવી અંધશ્રધ્ધામાં ખૂબ માને છે અને આને દૂર કરનારા ભૂવા લોકો પણ સારી એવી કમાણી આ જ્ઞાતિ પાસેથી મેળવે છે. અને પોતાઓનું સમગ્ર જીવન તેના પર નભે પણ છે.

<u>ભોગ - બલિદાન ::</u>

"લોધી" -જાત વરસે માતાજીને "બકરા" નો ભોગ ધરાવે છે અને તેનાથી પોતાને માછલીના ધંધામાં વધારે લાભ થાય તેમ માને છે.

"રાધો રાઇ" તથા "હિરણ" નદીમાં સવની ગામ પાસે ધોધ પડે છે ત્યાં "ધાધરીયા" સ્થાન નજીક માતાજીનું સ્થાનક છે. વરસમાં આ લોકો એક વખત ભોગ ધરે છે. તે સિવાય અન્ય પ્રથા તપાસના સમય દરમ્યાન જોવા મળી નથી. લગભગ માગશર કે પોષના એક રવિવારે આ પ્રસંગ બને છે.

આપણે અગાઉ જોયુ તે પ્રમાણે ખારવા લોકો અને દક્ષિણ ગુજરાતના માછીના સમાજના લોકોની ધાર્મિક ભાવનાઓ એક સરખા દૃષ્ટિપાત થાય છે. તેમાં કોઇ ખાસ તફાવત જોવા મળયો નથી.

<u>ભૂતપ્રેત ::</u>

"મચ્છીમાર" ના સમાજમાં હાલમાં ભૂત-પ્રેતની માન્યતા નહિવત જોવા મળે છે. પહેલા ભૂતપ્રેતમાં ખૂબ માનતા, માંદગી આવી હોય, કંઇ નુકસાન થયુ હોય, કોઇની વસ્તુ ગુમ થઇ હોય તો અમૂક પ્રેતના કારણે જ થઇ છે તેવુ માનતા. પરંતુ વર્તમાનમાં આ પ્રત્યેનું વલણ ખૂબ જ બદલાયેલુ જોવા મળે છે.

ભગત - ભૂવા ::

દક્ષિણ ગુજરાતના જુદા જુદા ગામોમાં તપાસમાં લીધેલા માછીમારોની જાતિમાં અને અન્ય જાતિઓમાં ભૂવા જોવા મળયા છે. કોઇ માણસ બિમાર પડે અથવા મગજની અસ્થિરતા વિગેરે બિમારીઓમાં તેમને સારવાર આપતાં ફેર ન પડે તો ભગત-ભૂવા પાસે દોરા-ધાગા કરાવવામાં આવે છે. બાધાઓ પણ રાખે છે. આનાથી ફેર પડે તો ભૂવા પાસે દાણા જોવડાવવામાં આવે છે અને તેને માટે ભૂવો જે વિધિ બતાવે તે કરવી-કરાવવી પડે છે.

ભગત-ભૂવા એ દરેક માતાના અલગ અલગ હોય છે અને પ્રસંગોપાત તેઓ ધૂણે છે. જો કે આ ભૂવાઓનું પ્રમાણ દિવસે દિવસે ઘટતું જાય છે. તેમનામાંથી સૌનો વિશ્વાસ ઓછો થતો જાય છે. માંદગી અથવા નડતર ના સમયે જ ભૂવાઓ પાસે દાણા જોવડાવવામાં આવે છે અને આ વિધિથી લાભ થાય તો અગાઉ નકકી કર્યા મુજબ માતાને નૈવેદ્ય ધરાવવામાં આવે છે. હાલમાં આ પ્રથા ધીમે ધીમે નષ્ટ થતી જાય છે.

શુકન અપશુકન ::

શુકન અપશુકનમાં પણ માને છે. દા.ત. છીંક આવવી, બિલાડી આડી ઉતરે, વિધવા રસ્તામાં મળે વગેરેને અપશુકન ગણે છે. ગાય, પાણીના બેડાંવાળી બાઇ, બ્રાહ્મણ સાધુ, કુંવારી કન્યા, સૌભાગ્યવંતી રસ્તામાં મળે તો શુકન માને છે.

વ્રતો ::

માછી લોકો દરિયામાં માછલાં પકડવા જાય છે ત્યારે જો અચાનક તોફાન કે આફત આવે તો પ્રભુનું સ્મરણ કરે છે. પરંતુ સાથોસાથ કેટલાક મચ્છીમારો "સત્યનારાયણની-કથા" વંચાવવાનું, હનુમાનજીને તેલ ચઢાવવાનું તેમજ નાળિયેર, સોપારી, પૈસા અને ફૂલનો હાર ચઢાવવાના વ્રતો લે છે.

વ્રતોમાં એકાદશીનું, સાવિત્રીવ્રત, સોમવાર, મંગળવાર, શનિવાર, પૂનમ, અમાસ વગેરે વ્રતો લે છે. તદ્ ઉપરાંત અમુક સમય સુધી પ્રિય વસ્તુ નહિ ખાવી, એવા વ્રત લે છે. એટલું જ નહી પરંતુ તેનું પાલન પણ કરે છે.

આવા વ્રતો પુરૂષો જ પાળે છે એવું નથી પરંતુ સ્ત્રીઆને પણ એવું લાગે કે પોતાને પતિ કે કોઇ નજીકના સગા દરિયો ખેડવા ગયા હોય અને તે તોફાનમાં સપડાય જાય તો તેની ખબર પડતાં સ્ત્રી ઘરમાં કે નજીકના મંદિરમાં જઇ ઉપરોકત જણાવેલ વ્રતોમાંથી તેને જેમાં વધુ શ્રધ્ધા હોય તેનું વ્રત લે છે, અને તેનું શ્રધ્ધાપૂર્વક પાલન કરવા માટેના પ્રયત્નો કરે છે.

બાધા આખડી ::

"બાધા આખડી" પણ માછીમારો લે છે. હનુમાનજીને જાતે જઇ તેલ ચઢાવવાની અમુક મંદિરે જઇ પૂજા-વિધિ કરાવવાની, વગેરે બાધા લે છે. જયારે બળિયાદેવ (શીતળા) આવ્યા હોય ત્યારે તાવનો ધાગો, લોઢાનો ધાગો, સોનાનો ધાગો વગેરે બાધા લે છે. આફત કે અનિશ્ચિતતા સામે રક્ષણ મેળવવા રખાતા વ્રતોની જેમ જ બાધા આખડી રાખે છે.

પહેલાં તો બાધા આખડી ચડાવતી વખતે લોકો મંદિરોમાં ભગવાનને ખુશ કરવા માટે બકરાનું અથવા મરઘાનું બલિદાન અપાતું અને ત્યારબાદ બધાને શેષ વહેંચતા તેમજ ખાતા આજે પણ કેટલાક અંધશ્રધ્ધાળુ લોકો આવું કરે છે. પરંતુ ધાર્મિક પરિવર્તન, ધર્મ સુધારણા વિગેરે બાબતોને ધ્યાનમાં લેતાં હવે ઘણા સુધારા વધારા આપણને જોવા મળે છે.

## ધાર્મિક ઉત્સવો

ધાર્મિક ઉત્સવોમાં હિંદુ સનાતન ધર્મના બધાં જ તહેવારો માછીમારો પાળે છે. દિવાળી, હોળી, રામનવમી, દેવસૂતી અગિયારસ, ગોકુળઆઠમ, ગણપતિ ચોથ, બળેવ, શીળીસાતમ, નોળીનોમ, દશેરા, પૌઆ પૂનમ વગેરે બધા જ ઉત્સવો સારી રીતે અને ધામધૂમથી ઉજવે છે. આવા ઉત્સવો વખતે કેટલીકવાર સામૂહિક ભોજન પણ રાખવામાં આવે છે અને મનોરંજન કાર્યક્રમો પણ રાખે છે. સામાન્ય રીતે ધાર્મિક ઉત્સવોના દિવસે અને લોકો મત્સ્ય હાર કરતા નથી તેવું કહે છે છતાં કેટલાક વિસ્તારોમાં ધાર્મિક ઉત્સવ ઉજવતી વખતે મત્સ્યાહાર કરતા જોવા મળે છે.

માછીમારો દેખાદેખીથી ધાર્મિક ઉત્સવો ઉજવે છે પરંતુ તેનું પુરેપુરુ મહત્વ તેઓ સમજી શકતા નથી અને સમજાવનારું પણ નથી. ધાર્મિક ઉત્સવોનું મહત્વ સમજાવીને ઉજવવામાં આવે તો ઘણો લાભ થાય તેમ છે.

## કથાવાર્તા

કથાવાર્તામાં આ માછી લોકો શ્રાવણમાસમાં રામાયણ, મહાભારત તથા ગીતાનું વાંચન મહોલ્લામાં કરવામાં આવે છે. બધા ખારવા લોકો આ જગ્યાએ ભેગા મળે છે અને એ રીતે કથા-વાર્તા પૂરી કર્યા પછી પ્રસાદ વહેંચે છે. "સત્યનારાયણ" ભગવાનની કથા પણ જે લોકોએ માનતા રાખી હોય તે વંચાવે છે. ખારવા લોકો ભજનોના પણ શોખીન છે. ઘણા લોકોને રામદે'માં રાજનું ભજન આજે પણ કંઠસ્થ છે. શ્રી રામદે'માં રાજનું ભજન નીચે પ્રમાણે છે.

(૨૮)

## શ્રી રામદે ’મા’રાજનું ભજન

હળવે રેવત રાજ હાંકો સિધ્ધ રામદેવ ।
    ખારીવાણીનો સાંભળજો સાદ ।
દરિયા વટીના રાજ દાતાર કે "વાણા;
    વહાણવટીના છો વિશ્રામ..........(૧)
રોઝે ઘોડે રાજ કરી અસવારી,
    નાગરવેલનો જેનો છે આહાર;
વનવગડામાં વે’ની લુંટાણી,
    ચોર બાદશાહને કીધાં બંદીવાન.....(૨)
હસલે ઘોડે રાજ કરી અસવારી,
    સાચા મોતીડાંનો જેનો છે આહાર,
મોતીડાં ચુગતાં શાયર ઉલંઘ્યો,
    ધન માંગરોળ-મંગળાપુરી ગામ ।.....(૩)
લીલે ઘોડે રાજ કરી અસવારી,
    કસ્તુરી કેવડાંનો જેનો છે આહાર;
અધવચ્ચમાં હરભુજીને મલીયા,
    સુતા સમાધિમાંથી કીર જાગ.......(૪)
મારવાડમાં પીર દેશડાં તમારા,
    નવે ખંડમાં તમારે નામ ;
જાુની મઢીની ઝુંડમાં ઝળકો,
    ધન માંગરોળ મંગળાપુરી નામ.......(૫)
મકકામદીનાથી પીર આવીયાં આલીયા,
    એક લાખ ને પીર લલલલ એંસી હજાર,
સવા હાથ અંચલા પર એમને બેસાડયા,
    હિંદવા પીરની છાપ બેસાડ........(૬)
ધોબી તળાવ જે દિ’ધણી પધાર્યાં,
    ધોળાં વસ્ત્ર પહેરી સાંજ સવાર;
બાદરભાઇને આપી નિશાની,
    ગુરૂ કાલીદાસ નામ પુકાર.........(૭)

(વહાણવટી, વર્ષ ૧લુ, ઓકટોબર-૧૯૪૭ અંક બીજો.)

xxxxxxxxxx
xxxxxxxx
xxxxx

## ઉપસંહાર અને આયોજન

આગાઉના પ્રકરણોમાં ખારવા જાતિના લોકોની આર્થિક-સામાજિક સ્થિતિ જોઇ. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ખારવાઓની સ્થિતિ ભિન્ન જોવા મળે છે અને તેમના પ્રશ્નો પણ કંઇક અંશે જુદા છે. પરંતુ એકંદરે બન્ને વિસ્તારના ખારવાઓની આર્થિક સ્થિતિ નબળી દેખાય છે. તેમનામાં મુખ્યત્વે બે પ્રશ્નો તરી આવે છે. (૧) બેરોજગારી અને (૨) અજ્ઞાનતા. તેમનામાંના મોટાભાગના લોકોને વર્ષ દરમ્યાન કામ મળતું નથી અને સતત બેકાર રહેવું પડે છે. માછલાં પકડવાં સિવાય તેઓ ખાસ અન્ય ધંધામાં નહિ રોકાયેલાં હોવાને કારણે રોજગારી મેળવી શકતાં નથી. એટલું જ નહિ પણ તેઓ નિરક્ષર અને અન્ય પ્રકારની આવડતને અભાવે નવાં ધંધાઓમાં જોડાઇ શકતા નથી. આ કારણે તેમના સમાજના લોકોનું જીવનધોરણ ઘણુંજ નીચું જોવા મળે છે. તેમનામાં કેળવણીનો પણ અભાવ છે. તેમજ તેમના મકાનોની સ્થિતિ પણ ઘણીજ ખરાબ છે. શિક્ષણનું નીચું સ્તર, ધંધાનો અલ્પવિકાસ તેમજ સામાજિક મૂલ્યવ્યવસ્થાની સંયુક્ત અસરોને કારણે તેમનામાં ગરીબી અને બેકારીનું પ્રમાણ જોવા મળે છે. તેમની આર્થિક સ્થિતિ સુધારવા માટે તેમના ધંધાનો પૂરતો વિકાસ થાય તેમજ તેમનામાં કેળવણીનું પ્રમાણ વધે તે માટેના પગલાંઓ લેવાં જોઇએ.

### (૧) મત્સ્ય ઉદ્યોગનો વિકાસ ::

(૧) ભારતના દરિયા કાંઠાના રાજ્યોમાં ગુજરાતના કચ્છ જિલ્લાના લખપતથી માંડીને વલસાડ જિલ્લાના ઉમરગાવ સુધીનો ૧,૬૬૩ કિલોમીટરનો વિસ્તાર સૌથી લાંબો દરિયા કિનારો છે. ભારતના દરિયાકાંઠાનો લગભગ ૧/૩ ભાગ ગુજરાતમાં છે. આટલો મોટો દરિયા કિનારો માછીમારી માટે સૌથી ઉત્તમ ગણાવી શકાય. સૌરાષ્ટ્રના ખારવાઓ અને દક્ષિણ ગુજરાતના ખારવાઓ મુખ્યત્વે માછીમારીનો ધંધો કરે છે. દક્ષિણ ગુજરાત

કરતા સૌરાષ્ટ્રના માછીમારો અને ઉદ્યોગ સાહસિકો એમની હોડીમાં યાંત્રિકરણ માટે સ્વેચ્છાએ આગળ આવ્યા છે અને રાજ્ય સરકારે લાંબાગાળાની લોન અને આર્થિક સહાય મારફત માછીમારોને પ્રોત્સાહન પણ આપ્યુ છે. પરંતુ દક્ષિણ ગુજરાતના માછીમારો હજુ પણ મોટેભાગે બિનયાંત્રિક હોડી દ્વારા ધંધો કરે છે. આમ નાના માછીમારોને ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં વસતા ઉદ્યોગ સાહસિકોને યાંત્રિક હોડીઓ માટે સહાય આપવી જોઇએ.

પાંચમી પંચવર્ષીય યોજના શરૂ થતા પહેલા માછીમારોને વાહણોને યાંત્રિકરણ માટે સરકાર લોન અને આર્થિક સહાય આપતી હતી. પરંતુ આ બંધ કરવામાં આવ્યુ છે. નવી નીતિ અનુસાર સરકાર માત્ર આર્થિક સહાય આપે છે. જ્યારે રોકાણનો મોટોભાગ ગુજરાત રાજ્ય નાણા કોર્પોરેશન, રાષ્ટ્રીયકૃત બેંકો, રાષ્ટ્રીય સહકારી વિકાસ કોર્પોરેશન દ્વારા મેળવાય છે. આ બધા લાભો મોટા સાહસિકોને મળે છે. પરંતુ નાના પાયા પર ધંધો કરનારને પ્રાપ્ત થતા નથી. માટે નાના પાયા પર ધંધો કરનાર માછીમારોને લાભ મળે તે દિશામાં પ્રયત્નો કરવા જોઇએ. આ બધા કોર્પોરેશનમાંથી લોન મેળવવા માટેની વિધિ પણ લાંબી અને અટપટી હોય છે. તેને કારણે પણ ઘણા લાભ લેતા નથી. આ માટે સરળતા પૂર્વક જલ્દીથી લોન મળે તે માટે વ્યવસ્થા ગોઠવવી જોઇએ. માછીમારોને મત્સ્ય ઉદ્યોગના સાધનો જેવા કે ગીયર, જાળ વગેરે માટે પણ સહાય આપવી જોઇએ.

(૨) માછીમારો સારી રીતે માછલા પકડી શકે તે માટે તેમને ટેકનિકલ જ્ઞાન આપવુ જોઇએ. આ અંગેની તાલીમ આપવામાં આવે તો મત્સ્ય ઉત્પાદન વધારી શકાય. માછલા પકડવાની આધુનિક પધ્ધતિઓ વિશે જાણકારી આપવી જોઇએ અને પોતાના વિસ્તારોમાં મચ્છીમારીની આધુનિક પધ્ધતિઓ અપનાવે તે માટે જરૂરી માર્ગદર્શન આપવુ જોઇએ. સાથોસાથ જળ મોજણી અને દરિયાઇ સંપત્તિનો સંશોધન હાથ ધરવા જોઇએ. જેથી કયા પ્રકારની માછલીઓ કયા વિસ્તારમાં પકડવાની શકયતાઓ

રહેલી છે અને દરિયામાં કેટલા મીટરની ઊંડાઇમાં મળી આવે છે જેથી આવા પ્રકારની માહિતી માછીમારોનો ધંધો કરતા સાહસિકોને આપી શકાય. દરિયાઇ મત્સ્ય ઉદ્યોગના વિવિધ પાસાંઓનો પણ અભ્યાસ થવો જોઇએ.

(૩) ગુજરાતના બંદરો પર માછીમારોની સંખ્યા વધતી જાય છે અને સાથોસાથ યંત્રકૃત કરેલ માછલાં પકડવાની હોડીઓની માંગ જોતાં કેટલાંક બંદરોને બારાં તરીકે વિકસાવવાં જોઇએ. ગુજરાતનું માઢવાડ બંદર એટલું સુરક્ષિત અને સારું બંદર છે કે જ્યારે જ્યારે દરિયાઇ તોફાન કે વાવાઝોડું થાય છે ત્યારે આજુબાજુથી આવતા જતાં વહાણો હોડી-હોડકાંઓ આ બંદરનો સહારો લઇ સુરક્ષિત થઇ શકે છે. કારણ કે બંદરની નજીકનો દરિયો ઊંડા પાણી વાળો છે. પરંતુ બંદરમાં પ્રવેશ કરવાનો બારાનો પ્રવેશ દ્વાર રેતથી છવાયેલો છે. જેથી કરી હોડી-હોડકાંનો બંદરના બારામાં પ્રવેશ થઇ શકતો નથી. આના કારણે સ્થાનિક મચ્છી-મારોને દરિયાના પાણીના ભરતી-ઓટ ઉપર આધાર રાખવો પડે છે. ખાડીમાં પ્રવેશવા બાદ બોટ ભરતી સિવાય બહાર નીકળી શકતી નથી. જ્યારે દરિયામાંથી આવેલી બોટ કે હોડી ઓટના સમયે ખાડીમાં પાણીના અભાવે પ્રવેશી શકતી નથી. જેથી સ્થાનિક માછીમારોને ખાડીના બારાના કારણે પોતાના ધંધામાં ઘણું ગુમાવવું પડે છે. આ ખાડીના બારાની સુધારણાં કરવી જોઇએ. અને જે જગ્યાએ આવી પરિસ્થિતિ હોય ત્યાં તાત્કાલિક સુધારણ કરવી જોઇએ. બંદરો પર હોડીઓ નાંગરવાની સગવડ માછી-મારોને આપવી જોઇએ.

(૪) માછલાં પકડ્યા પછી મોટા માછીમારો કરાર મુજબ વેપારીઓને વેચી દેતાં હોય છે. જ્યારે નાના માછીમારો વેચી શકતા નથી. જેથી ઘણીવાર માછલાં બગડી જવાનો મોટો ભય રહે છે. દક્ષિણ ગુજરાતમાં વસતા માછીમારોને નજીકના વિસ્તારમાં બરફ મળતો નથી તેથી વાપી, ઉદવાડાં, વલસાડ, નવસારી વગેરે સ્થળે જવું પડતું હોય છે. તેથી ખર્ચ વધુ આવે છે. તેમની આ પ્રકારની મુશ્કેલી દૂર કરવા માટે તેમના વિસ્તારોમાં ઠારણ પ્લાન્ટો અને શીતાગાર ઊભાં કરવા જોઇએ.

(૫) ગુજરાત રાજ્યમાંથી મોટા પ્રમાણમાં માછલીની નિકાસ થવા લાગી છે. આમ વિદેશી હુંડિયામણ કમાવાની દ્રષ્ટિએ વિચારીએ તો પણ મત્સ્ય ઉત્પાદન વધારવાની સાથે માછીમારોને રોજગારી પૂરી પાડવા માટે મત્સ્ય ઉદ્યોગો વિકસાવવા જોઇએ. એમાંયે ખાસ કરીને હોડી બાંધવાનો, ગીયર અને સીન્થેટીક દોરીઓ બનાવવાનો, બરફના કારખાના, વગેરે સહાયક ઉદ્યોગો વિકસાવવા જોઇએ.

(૬) માછલામાંથી ઘણી આડપેદાશો ઉત્પાદિત કરતા કારખાનાઓ વેરાવળ અને પોરબંદરના વિસ્તારમાં ચાલે છે. આ કારખાનાઓમાં કેરાળા રાજ્યની બહેનો કામ કરે છે. ખારવાઓ છોકરીઓ ઘણી ઓછી કામ કરે છે. ખારવા બહેનોને આ અંગેની યોગ્ય તાલીમ આપી રોજગારી આપી શકાય છે.

(૭) દક્ષિણ ગુજરાતના કેટલાક બંદરો પર સરકાર તરફથી માછલીના ચોકકસ ભાવ બાંધેલા નથી. આ બંદરો પર દૂર દૂરના વેપારીઓ માછલા લેવા આવે છે. ત્યારે અંદરોઅંદર સમજુતીથી ભાવ નકકી કરી લે છે અને ગામના દલાલોને રોકી એકી સાથે બધી માછલીઓ ખરીદી જાય છે. આથી નાના ઉત્પાદકોને નાણાની ભીડ અને સંગ્રહની અગવડતાને કારણે વેપારીઓ નકકી કરેલા ભાવે માલ વેચી દેવો પડે છે. માછલીનુ વર્ગીકરણ પણ ઉત્પાદકો પોતાને યોગ્ય લાગે એ રીતે કરે છે. તેથી ભાવ નકકી કરવાની મુશ્કેલી રહે છે. આવા નાના બંદરો પર સરકાર દ્વારા માછલીના ભાવો નકકી કરવા જોઇએ.

સૌરાષ્ટ્રના ખારવાઓ પણ બધો માલ વેપારીને આપી દેતા હોય છે. આથી તેમનુ શોષણ થાય છે. તેમના વિસ્તારની પ્રવૃત્તિઓમાં સભ્યોને આંકણી લઇ તેમની આવકમાં વધારો થાય તેવા પ્રયત્નો કરવા જોઇએ. દક્ષિણ ગુજરાતમાં મત્સ્ય બજારમાં તોલમાપના સાધનોનો અભાવ છે. ઉચ્ચક માછલાઓ વેચી દેવામાં આવતા હોય છે. તેથી માછલી કયા પ્રકારની છે અને કેટલી વજનની છે તે જાણી શકાતુ નથી. આને લીધે માછલા પાણીના ભાવે વેચી દેવા પડે છે. તેમની સહકારી મંડળી વેચાણની પ્રવૃત્તિઓ ચલાવે તો તેમને સારી આવક થાય. સૌરાષ્ટ્રના ખારવાઓમાં

જ્ઞાતિ પંચ ઘણુ મજબૂત હોય છે. જો તે આ દિશામાં લોકોને સમજાવી સહકારી મંડળી દ્વારા માલના વેચાણનું કાર્ય ઉપાડે તો ઘણો લાભ થાય.

(૮) હોડીમાં યાંત્રિકરણ વધતાં કુશળ કારીગરોની જરૂર ઊભી થશે. ખારવા યુવક-યુવતીઓને આધુનિક સુધારેલી સાધન સામગ્રી પ્રક્રિયા જાળવણી અને હેરફેરની ટેકનિકોની તાલીમ આપવી જોઇએ.

(૯) ગુજરાતનો દરિયા કિનારો ઘણોજ મોટો છે અને તેમાં ઘણા પ્રકારની માછલીઓ મળે છે. મત્સ્ય ઉત્પાદન વધારવા માટે ગુજરાતના યુવાનોને પણ માછીમારીની તાલીમ આપવી જોઇએ. જેથી રોજગારીનો પ્રશ્ન થોડે અંશે દૂર કરી શકાય.

(૧૦) ખાસ કરીને નાના માછીમારો સાધનના અભાવે પોતાનો ધંધો સારી રીતે કરી શકતા નથી. કેટલાકની પાસે તો હોડીઓ પણ નથી. હોડીઓનું યાંત્રિકરણ અને માછલાં પકડવાની સુધારેલી ડિઝાઇનની હોડીઓ માટે તેમને સહાય આપવી જોઇએ.

(૧૧) દરિયા કિનારે વૃક્ષરોપણી ::

ગુજરાતનો દરિયા કિનારો લાંબો હોઇ અને એમની સાથે ક્ષાર લઇ જતા દરિયા કિનારેથી વાતાં પવન ફળદ્રુપ જમીન પર માઠી અસર પહોંચાડે છે. એથી દરિયાકિનારા પર વૃક્ષારોપણી કરવી જોઇએ.

(૧૨) સામાન્યરીતે દરિયામાં માછીમારો માત્ર ૨૫ ફેધમ અને કેટલાક વિસ્તારમાં ૪૦ ફેધમ સુધીના દરિયા કિનારા સુધી માછીમારી કરે છે. તેઓ Deep-sea-fishing કરી શકતા નથી. આ દિશામાં હજુ ઘણું કામ કરવાનું બાકી છે. તેઓ Deep-sea-fishing કરતા થાય તે માટેનાં પગલાંઓ લેવા જોઇએ.

(૧૩) ખારવા લોકો માછીમારીના ધંધા માટે લોનો મેળવે છે. પરંતુ ફીશીંગમાંથી સારી ઉપજના અભાવે રાજ્યની સહકારી સંસ્થા દ્વારા મેળવેલી લોનો સમયસર ભરી શકતા નથી. તેથી તેમને લોનના હપ્તા ભરવામાં રાહત મળે તેવું ખારવા આગેવાનોની લાગણી છે.

(૨) પીવાના પાણીનો પ્રશ્ન ::

આ એક અતિ મહત્વનો અને ગંભીર પ્રશ્ન છે. માછીમારોના કેટલાંક ગામોમાં પીવાના પાણીની ઘણી જ તકલીફ છે. અમુક બંદરો પર તો પાણીની ઘણીજ મુશ્કેલી છે. જેમકે માઢવાડમાં વસતાં ખારવાઓને સામે કિનારે ખાડી પાર કરી ત્યાંથી પાણી લાવવાનું રહે છે. જરૂરિયાત કરતાં પણ ઘણું જ ઓછું પીવાનું પાણી મળે છે. નહાવા-ધોવાનાં પાણીનો પ્રશ્ન તો અધ્ધર જ લટકે છે. દરરોજ સવારના ચાર વાગ્યાથી માછીમારોની સ્ત્રીઓ જાગૃત થઇ કચ્છા મારી જાણે કે દરિયાની સફરે નીકળી હોય તેવી તૈયારી કરી પોતાના નાના મોટા બાળ-બચ્ચાંઓને રોતાં કકળતા મૂકી પાણી મેળવવા સામે કાંઠે તૈયાર થઇ જાય છે. આ ક્રિયા બપોરના ૧૨ વાગ્યા સુધી ચાલે છે. કોઇ કોઇવાર તો દરિયાઇ તોફાન વખતે પાણી મેળવી શકાતું નથી. આ એક ન વર્ણવી શકાય તેવું મહાન દુઃખ છે. જે તાત્કાલિક દૂર થવું જોઇએ. આવા વિસ્તારમાં યુધ્ધના ધોરણે આવી અત્યંત જરૂરી સગવડ પૂરી પાડવી જોઇએ.

(૩) મકાનનો પ્રશ્ન ::

ખારવાઓના મકાનોની સ્થિતિ પણ ઘણીજ ખરાબ છે. વેરાવળ અને પોરબંદર જેવાં શહેરોમાં ખારવાઓ ઘણાં ગીચોગીચ રહે છે. એક મકાનમાં પાંચ-સાત કુટુંબો રહે છે અને બંદરોની નજીક વસતાં ખારવાઓને [illegible] દરિયાઇ તોફાનને લીધે પારાવાર નુકશાન ભોગવવું

પડે છે. વારવાર આવા દરિયાઇ તોફાનોને કારણે મકાનો પડી જાય છે. આર્થિક સ્થિતિ સારી ન હોવાથી સારા મકાનો બનાવી શકતા નથી. શહેરોમા વસતા ખારવા લોકોની લાગણી છે કે જો સરકાર રાહતના ભાવે મકાન બાધકામ માટે જમીન આપે તો તેઓ સહકારી મડળી રચી જવા મકાનો બાધી રહેવા જાય. વેરાવળ, પોરબદર અને માગરોળ જેવા શહેરોમા આ અગે યોગ્ય વિચાર કરવો જોઇએ. સરકાર રાહતદરે જમીન આપે તો તેઓ ખારવાવાડમાથી બહાર રહેવા જવા માટે તૈયાર છે. એવુ ખારવા આગેવાનોનુ મતવ્ય ધરાવે છે. બદરની નજીક વસતા માછીમારોના મકાન માટે કોઇ લાબાગાળાની યોજના ઘડી કાઢવી જોઇએ. ખારવા લોકો દરિયા કિનારે વસતા હોવાથી વારવાર તેમના ઘરો પડી જાય છે. વળી એ લોકો એ જગ્યા છોડતા પણ નથી. કેટલાકને મદદ મળે છે અને કેટલાકને મદદ મળતી નથી. તેમના ઘરો માટે કોઇ રેશનલ ઉપાય શોધી કાઢી જરૂરિયાતવાળા બધાને ઘર મળે અથવા મદદ મળે એવુ ગોઠવવુ જોઇએ.

માઢવાડ અને કોટડા બદર પર કેટલીક માછીમારો ૧૯૫૪-૫૫ મા હિજરત કરીને આવીને વસ્યા છે. તેઓને વસવાટ માટે તે જગ્યા ફકત કાચુ ઝૂપડુ-નારિયેળીના પાનના વાસ ગૂથી બનેલુ હોવુ જોઇએ અને વર્ષે દહાડે ગમે ત્યારે ખાલી કરાવવાની સત્તા સત્તાવાળાઓની છે તેવુ મુખ્યતારનામુ લખાવી જગ્યા કસ્ટમ-ખાતાવાળા તરફથી આપવામા આવી છે. આ જમીનનુ ભાડુ કસ્ટમખાતાવાળા ઉઘરાવે છે. આ જમીન પર કાચા પથ્થર કે ગાર માટીનુ કામ પણ કરવા દેવામા આવતુ નથી. જેથી આ ઓચીતીય જગ્યામા આગ લાગવાના ઘણા બનાવો બનતા રહે છે. કાચા ઝૂપડા હોવાને લીધે દર વર્ષે ઝૂપડાના સમારકામમા ઘણો મોટો ખર્ચ માછીમારોને ભોગવવો પડે છે. આ જમીન અગે યોગ્ય નિર્ણય કરી સરકારે તેમને તેની પર પાકા મકાન બાધવાની પરવાનગી આપવી જોઇએ.

:: ૮ ::

(૪) <u>શિક્ષણ</u> ::

ખારવા લોકોમાં શિક્ષણ ઘણું જ ઓછું છે. સામાન્ય રીતે બાળકોને ચાર પાંચ વર્ષ માટે જ ભણાવવા મોકલે છે. તે પછી ધંધાના કામમાં જોતરી દે છે. સ્ત્રીઓમાં તો શિક્ષણ ઘણું જ ઓછું છે. ઘણા લોકો તેમના બાળકોને વધુ ભણાવવા માટે ઇચ્છીએ છીએ. પરંતુ આર્થિક રીતે પોષાતુ ન હોવાથી આગળ ભણાવતા નથી. ખારવાની વસતિવાળા કેટલાક વિસ્તારોમાં શાળાઓની સ્થિતિ પણ નબળી જોવા મળી હતી. શાળાઓ કાચા મકાનમાં બેસે છે. બાલમંદિરની વ્યવસ્થા પણ ન હતી. આથી તેમના બાળકો વધુને વધુ પ્રમાણમાં શિક્ષણ લેતા થાય તે માટે બાલમંદિરો, તેમજ પ્રાથમિક શાળાઓ વ્યવસ્થિત રીતે ચાલે તે માટેના સાધનો પૂરા પાડવા જોઇએ. તેમના બાળકો માટે અલગ આશ્રમશાળા અને છાત્રાલયની વ્યવસ્થા પણ કરવી જોઇએ. હાલમાં પછાતવર્ગના બાળકોને શિક્ષણ માટે ઘણી સવલતો સરકાર દ્વારા આપવામાં આવી રહી છે આમ છતા બહેનોના શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું જોવા મળે છે. છોકરીઓને ભણાવવાનું આકર્ષણ વધુ રહે તે માટે હાલમાં જે બહેનો માટે શિષ્યવૃત્તિ આપવા માટે ટકાવારીનું જે ધોરણ છે તે નીચુ લાવવુ જોઇએ.

કેળવણી સાથે તેમણે વ્યવસાયમાં મદદરૂપ થાય તે જાતના ઉદ્યોગોને લગતું શિક્ષણ આપવું જોઇએ. એમાંયે ખાસ કરીને ખારવાના નાના બાળકો જાળ ગૂંથણીનું કામ સારી રીતે કરતા હોય છે. આ અંગે તેમને વ્યવસ્થિત રીતે અને વૈજ્ઞાનિક ઢબે શિક્ષણ આપવું જોઇએ. જેથી તેઓ સ્વતંત્ર રીતે રોજી મેળવી શકે.

આ બધા વિસ્તારોમાં વધુમાં વધુ મત્સ્ય ઉદ્યોગનું શિક્ષણ આપતી શાળાઓ ખોલવી જોઇએ.. જેથી તેમને વ્યવસાયિક શિક્ષણ આપી શકાય. શિક્ષણ ક્ષેત્રે ખારવા જાતિ પંચ પણ ઘણું કરી શકે એમ છે તેમને પણ આ લોકો શિક્ષણ લેતા થાય તે માટે અમુક નિયમો ઘડી કાઢવા જોઇએ.

(૫) <u>સંશોધન સંસ્થા</u> ::

ગુજરાતમાં દરિયાખેડુ જાતિઓનું પ્રમાણ ઠીક ઠીક પ્રમાણમાં છે. તેથી રાજ્યમાં એક દરિયાખેડુ સંશોધન સંસ્થાની સ્થાપના કરવી જોઇએ. ગુજરાતના યુવકો સમુદ્રાભિમુખ બને એ પણ આ સંસ્થાનું કામ હોવું જોઇએ. દરિયાપરજથી આર્થિક, સામાજિક મનોવૈજ્ઞાનિક, લોક સાહિત્યિક વિકાસ વિષયક વાતોનું સંશોધન અહીં થવું જોઇએ.

(૬) <u>આરોગ્યની સુવિધા</u> ::

